શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

શ્રી કચ્છી સમાજ
અમદાવાદ

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
ફેબ્રુઆરી : ૨૦૧૭ ● અંક : ૮
પાના નં. ૧ ● (કુલ પેજ : ૮૪)

૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૨-૨૦૧૭ કિંમત : રૂા. ૧૮/-




જેના આગમનના સમાચાર સાંભળતા જ
અંતરાત્માની ડાળી-ડાળી મુશ્કરાતી હોય છે - તે છે ઋતુઓના રાજા એટલે - વસંત ઋતુ

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road, C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

- FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
- વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર

આપકા સ્વાદ... હર પલ યાદ...

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.

Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.

Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.

★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV
GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૧ ● અંક - ૮
૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૭

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ

● અંગદાન ઝુંબેશ – એક ઉમદા કાર્ય.................................. **અશોક મહેતા...૫**
● શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : આગામી કાર્યક્રમોની ઝલક ....................... ...૬

### કચ્છ

● ઢાઈ અક્ષર પ્રેમ કા "કચ્છ" – અસાંજો કચ્છ ..**અતુલ ઉપાધ્યાય, સિવિલ એન્જિ....૮**
● આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે – (૨) ................ **જયંતી જોષી 'શબાબ'...૧૦**
● ભુજપુરના ખેડૂતે સાધેલી અનોખી પ્રગતિ
કૃષિ પેદાશ માટે નવતર પહેલ.................. **અશ્વિન ઝિંઝુવાડિયા, પત્રકાર...૧૨**

### રાજકારણના રંગ

● પ્રચાર કેવળ ચૂંટણીલક્ષી ન હોવો જોઈએ .................. **ડૉ. યાસીન દલાલ....૧૩**

### સ્વચ્છતા અભિયાન

● આપણાં ધાર્મિક સ્થળો ગંદા કેમ છે? ..........................**ભીમજી નાકરાણી....૧૫**

### સંસ્થા / વ્યક્તિ વિશેષ

● ગુજરાત વિદ્યાપીઠના ગ્રામશિલ્પી :
ગ્રામ ઉત્કર્ષની પ્રવૃત્તિ કરતું યુવા દંપતી
સ્નેહલ જલદીપ ઠક્કર..................... **કિરણ ચાંપાનેરી 'સેતુ', ફ્રીલાન્સ પત્રકાર....૧૭**

### સ્વાસ્થ્ય

● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર......... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક...૧૯**
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

### વાઇબ્રન્ટ હાસ્ય

● સ્માઈલ મોર - સ્કોર મોર................................. **ડૉ. આશિષ ચોક્સી....૨૧**

### અર્થશાસ્ત્ર - બજેટ

● બજેટમાં કચ્છના પ્રશ્નોને વાચા ન મળી......................**પ્રા. સૂર્યકાંત ભટ્ટ....૨૨**

### વાર્તા

● દાદાની દીકરી..................................................**બલવીરસિંહ જાડેજા....૨૫**

### માહિતી

● અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે – (૩)
વસાહતીઓનો દેશ – અમેરિકા .......................................**ચોલા કુરુવા....૨૮**

## કરામત

- કુદરતની અનમોલ ભેટ – રુદન ............ ડૉ. મિહિર એમ. વોરા... . ૩૧

## સાંપ્રત પ્રશ્ન

- સાંપ્રત વિચાર મંચ ............ સંકલન : હસમુખ કે. મહેતા... . ૩૩

## વિવિધતા

- ટમ-ટમ તારલિયા ............ ૩૪
- વર્તમાનપત્રોના આધારે ............ ૩૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ............ ૫૧
- વતનના વાવડ ............ સંકલન : ભરત ઓઝા.... ૫૬
- પ્રતિભાવ ............ ૫૯
- શબ્દ શોધ - ક્રમાંક : ૫૮ ............ પ્રદીપ જોશી.... ૬૨

## મેઘધનુષ

- વસંતઋતુનું આગમન (વસંત પંચમી) ............ મહાભાઈ આર. વોરા ..... ૬૩
- અરજ ............ અરવિંદ સોમૈયા ..... ૬૩
- **Water Speaks...** • એ પાણી છે... ............ અતુલ ઉપાધ્યાય "અતુલ" ..... ૬૩
- માણસ મરવા લાગ્યો છે ............ કિરીટકુમાર પી. જોશી ..... ૬૪
- સમરસતાનું ગીત ............ ચંદ્રવદન જી. મહેતા 'સારસ' ..... ૬૪

## વિભાગ-૨ :-

- પરિવાર સમાચાર ............ ૭૧
- સમાજ સમાચાર ............ ૭૨
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ............ ૮૦


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

નામ / Name : શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / **Shri Kutchhi Samaj – Ahmedabad.**
બેંક : ભારતીય સ્ટેટ બેંક, પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬.
**Bank** : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006.
ખાતા નંબર : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952**
આઈએફએસ કોડ : **IFS Code : SBIN0005306**

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને **SMS**, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

કાર્યાલયનું સરનામું : **શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮

તંત્રીલેખ

# અંગદાન ઝુંબેશ – એક ઉમદા કાર્ય

• અશોક મહેતા •

પુરાણોમાં ઉલ્લેખ છે કે રાવણે સીતાનું હરણ કરી પુષ્પક વિમાન દ્વારા તેમને લંકા લઈ ગયેલ હતા, કે જ્યારે વિમાનની શોધ સુદ્ધાં થયેલ ન હતી. તે માત્ર કલ્પના જ હતી. એ જ રીતે પુરાણોના ઉલ્લેખ પ્રમાણે ભગવાન શિવે ગણેશજીના ધડ પર હાથીની સુંઢ લગાવી તેને જીવંત રાખેલ હતા કે જ્યારે શરીરના પ્રત્યારોપણની કોઈ શોધ જ કરવામાં આવેલ ન હતી. એ સમયે વિજ્ઞાન કેટલું આગળ વધેલ હશે એ આજે તો માત્ર કલ્પનાનો વિષય છે, છતાં જે કલ્પનાઓ કરવામાં આવેલ છે તેને લોકો આજે પણ સત્ય માને છે. એ સમયે એ હકીકતો સત્ય હોય કે ન હોય પણ આજે વિજ્ઞાન એ દિશામાં જરૂરથી આગળ વધી રહેલ છે.

વિમાન દ્વારા ઉડાઉડ કરવી – આજે એ વાસ્તવિકતા બની ગયેલ છે અને માનવ શરીરના કેટલાક અંગો અન્ય માનવના શરીરમાં પ્રત્યારોપણ કરવા એ પણ એક હકીકત બની ચૂકેલ છે. જો કે વિજ્ઞાન દ્વારા હજુ માનવમાં અન્ય પ્રાણીઓના અંગોને પ્રત્યારોપણ કરવાની શોધખોળ બાકી છે.

એ સમયે પુષ્પક વિમાન થકી ઉડવું અને ગણેશજીના ધડ પર હાથીની સુંઢ લગાવવાની પ્રક્રિયા વ્યક્તિગત હતી પરંતુ આજે એક સ્થળેથી લાંબા અંતરના અન્ય સ્થળે પ્રવાસ કરવા વિમાની મુસાફરી કરવી અને **એક વ્યક્તિના અંગોને અન્ય વ્યક્તિના શરીરમાં નિરૂપણ કરવાની હકીકત જનસામાન્ય માટે ખૂબ જ જરૂરી બની રહેલ છે. તેનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં કરવામાં આવી રહેલ છે.**

માનવ જીવન એ અમૂલ્ય અને ખૂબ જ મોંઘેરું છે. તેને જીવંત પર્યંત સ્વસ્થ રાખવા વિજ્ઞાનીઓ નીત નવા પ્રયોગો કરતા રહે છે. એ જ રીતે તેની આવરદા વધારવા પણ નીત નવા પ્રયોગો કરવામાં આવી રહેલ છે.

ઉંમર વધવાની સાથે સાથે માનવ શરીરના કેટલાક અંગોનું કાર્ય ખૂબ જ ઓછું થતું જાય છે અથવા તો તે બિલકુલ બિનઉપયોગી થઈ જાય છે. બિન કાર્યરત અંગના કારણે - શરીરના અન્ય અવયવો બરાબર કાર્ય કરતા હોવા છતાં – માનવનું મૃત્યુ થાય છે. શરીરના અવયવોને લેબોરેટરીમાં કૃત્રિમ રીતે બનાવવાની શોધખોળ હજુ સુધી વિજ્ઞાનીઓ કરી શકેલ નથી પરંતુ એક માનવતા ઉપયોગી અને કાર્યક્ષમ અંગોને અન્ય માનવના બિનઉપયોગી અંગોના સ્થાને પ્રત્યારોપણ કરવાની સિદ્ધિ તો તે હાંસલ કરી ચૂકેલ જ છે. એક જીવંત માનવના શરીરમાંથી લીવર, કિડની, બોન મૅરો, સ્કીન વગેરે કાઢીને અન્ય જીવંત માનવના શરીરમાં પ્રત્યારોપણ કરી શકાય છે. એ જ રીતે કોઈ વ્યક્તિનું બ્રેન ડેડ થઈ ગયેલ હોય તો તેના શરીરમાંથી હૃદય, ફેફસા, લીવર, આંખ, કિડની, પેન્ક્રિઆસ, સ્કીન, હાડકાં, ધોરી નસો વગેરે કાઢીને અન્ય જરૂરિયાતવાળા વ્યક્તિના શરીરમાં પ્રત્યારોપણ કરી તેની જિંદગી લંબાવી શકાય છે. વિજ્ઞાન આજે એ સ્ટેજે તો પહોંચી ચૂકેલ જ છે.

ભારતમાં રક્તદાન, આઈ ડોનેશન વગેરે પ્રક્રિયાનો વર્ષોથી ખૂબ જ પ્રચાર થતો આવેલ છે અને જનમાનસ તે તરફ કેળવાયેલ પણ છે. સાથે સાથે સ્કીન, કિડની વગેરેના દાન માટેની જાગૃતિ પણ પેદા થતી જાય છે. પરંતુ હજુ પણ આ ક્ષેત્રે ઘણું બધું કરવાનું બાકી રહે છે. **અંગદાનની પ્રક્રિયા માટે ઝુંબેશ આદરવામાં આવે તો જરૂરિયાતવાળા અનેક માનવોની મહામૂલી જિંદગી લંબાવી શકાય તેમ છે. એ ઝુંબેશ માટે જરૂરિયાત છે કોઈ વ્યક્તિ કે વ્યક્તિના સમૂહની મજબૂત ઇચ્છા શક્તિની.**

દુનિયાના વિવિધ દેશોની વસતિની ગણનાએ દર એક મિલિયને એટલે કે દર દસ લાખ લોકોએ સ્પેનમાં ૩૫, યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૫, ફ્રાન્સમાં ૨૨, ઇટાલીમાં ૨૧ કે જ્યારે ભારતમાં માત્ર ૦.૫ લોકો જ અંગદાન કરે છે. તેની સામે ભારતમાં લીવરના અભાવના કારણે વર્ષે બે લાખ મૃત્યુ થાય છે, કિડનીના અભાવના કારણે દોઢ લાખ મૃત્યુ થાય છે અને હૃદય નિષ્ફળ ગયા પછી ટ્રાન્સપ્લાન્ટ (અન્ય હૃદયનું પ્રત્યારોપણ) નહીં થવાના કારણે ૫૦,૦૦૦ વ્યક્તિઓના દર વર્ષે મૃત્યુ થાય છે. વિવિધ પ્રકારના અંગદાનના અભાવના કારણે દર વર્ષે પાંચ લાખ લોકોના મૃત્યુ થાય છે.

**જો અંગદાનની ઝુંબેશ આદરવામાં આવે અને જરૂરિયાતવાળા વ્યક્તિને જોઇતા પ્રમાણમાં અંગદાન મળી શકે તો આપણે દર વર્ષે પાંચ લાખ લોકોના જીવન લંબાવી શકીએ.**

દર વર્ષે બે લાખ કિડનીની જરૂરિયાત સામે માત્ર ૬,૦૦૦ કિડની મળી શકે છે. બે લાખ લીવરની જરૂરિયાતની સામે માંડ ૧,૫૦૦ લીવર મળી શકે છે અને ૫૦,૦૦૦ હૃદયની જરૂરિયાત સામે માંડ ૨૫ હૃદય પ્રાપ્ત થઈ શકે છે. ભારતભરમાં દર વર્ષે પાંચ લાખ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની સામે ૨૦૧૩માં ૩૧૩, ૨૦૧૪માં ૪૧૧, ૨૦૧૫માં ૫૭૯ અને ઓક્ટોબર-૨૦૧૬ સુધીમાં ૫૯૨ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ થઈ શકેલ કે જે સ્વયં બતાવે છે કે આ ક્ષેત્રે હજુ ઘણી કાર્યવાહી કરવાની બાકી રહે છે.

દેશમાં અકસ્માતના કારણે દર વર્ષે દોઢ લાખ લોકોના બ્રેઈન ડેડ થવાથી મૃત્યુ થાય છે. અકસ્માત સિવાય બ્રેન ડેડ થનાર વ્યક્તિની સંખ્યાનો આ દોઢ લાખમાં ઉમેરો કરીએ તો એ સંખ્યા ખૂબ જ વધી જાય તેવી છે.

આજે ભારતમાં અંગદાન આપનારની સંખ્યા એક મિલિયને ૦.૫ની છે. એટલે કે દર દસ લાખ લોકોએ માત્ર ૦.૫ વ્યક્તિ અંગદાન કરે છે. **ઝુંબેશ આદરીને જો આ સંખ્યા દર દસ લાખ વ્યક્તિએ એક વ્યક્તિની કરવામાં આવે તો તેના થકી આપણને ૧૨૦૦ ઓર્ગન ડોનર્સ મળી શકે.** તેથી ૧૨૦૦ હૃદય, ૧૨૦૦ લીવર, ૨૪૦૦ કિડની અને ૨૪૦૦ આંખ મળી શકે. તદુપરાંત અન્ય અવયવો પણ મળી શકે. હજુ પણ અંગદાનની વધુ ઝુંબેશ આદરીને દર દસ લાખ વ્યક્તિએ ૧૦ની સંખ્યા પહોંચાડવામાં આવે તો આપણને ૧૨,૦૦૦ની સંખ્યામાં ઓર્ગન ડોનર્સ પ્રાપ્ત થઈ શકે અને તેના થકી ૧૨,૦૦૦ હૃદય, ૧૨,૦૦૦ લીવર, ૨૪,૦૦૦ કિડની અને ૨૪,૦૦૦ આંખો પ્રાપ્ત થઈ શકે. એક નોંધપાત્ર ઉદાહરણ બની શકે.

અંગદાનની પ્રવૃત્તિ માટે ભારતભરમાં ઝુંબેશ આદરવામાં આવી રહેલ છે. આ ઝુંબેશમાં પોંડિચેરી, ચંદીગઢ વગેરે સારા એવા પ્રમાણમાં આગળ છે. ત્યારબાદ તામિલનાડુ, કેરાલા, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ વગેરેનો નંબર લાગે છે. ગુજરાત તો ત્યાર પછીના ક્રમે આવે છે. ગુજરાતમાં પણ સુરત અને રાજકોટમાં આ ઝુંબેશે સારા એવા પ્રમાણમાં જોર પકડ્યું છે. અમદાવાદમાં આ લિન્કમાં જોડાવાનું હજુ બાકી રહે છે.

અંગદાન એ ખૂબ જ ઉમદા પ્રવૃત્તિ હોવાથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ૨૦થી ૨૫ તરવરિયા યુવાનોનું ગ્રુપ બનાવી આ ઉમદા પ્રવૃત્તિને વેગ આપવો જરૂરી છે. આ યુવાનોમાં ઇચ્છાશક્તિ હશે તો સફળતા તો સારી રીતે પ્રાપ્ત થઈ શકશે પરંતુ તેના થકી સમાજનું નામ પણ રોશન થઈ શકશે.

*આંખો બંધ થાય એ પહેલા "ઉઘડી" જાય*
*તો આખો જન્મારો સુધરી જાય.*

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : આગામી કાર્યક્રમોની ઝલક

| | તારીખ | સમય | સ્થળ | આયોજન કર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|---|---|
| ● | રવિવાર તા. ૨૬-૦૨-૨૦૧૭ | બપોરે ૪.૦૦થી રાત્રે ૮.૦૦ | જૂના સરકીટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ | શ્રી કચ્છી સમાજ - અમદાવાદ | દરેક વ્યક્તિ પોતાના શારીરિક અંગો બીજા જરૂરિયાતમંદ દર્દીને ડોનેટ કરવા જાગૃત અને પ્રોત્સાહિત થાય તેવી સમજણથી કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ, નીલેશભાઈ માંડવિયા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકરોની એક ટીમ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઘટક સમાજોના પ્રમુખ તથા મંત્રીશ્રીઓ, તેમજ આમંત્રિતોની એક સંયુક્ત મીટિંગ |

# કચ્છશ્રુતિ – લવાજમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું મુખપત્ર 'કચ્છશ્રુતિ' લગભગ છેલ્લા ૩૦ વર્ષથી નિયમિતપણે દર મહિને પ્રસારિત કરવામાં આવી રહેલ છે.

શરૂઆતમાં તેને વિનામૂલ્યે મોકલવામાં આવતું હતું.

ત્યારબાદ જે સભ્યે રૂા. ૩૦૦/- ડિપોઝીટ તરીકે જમા કરાવે તેમને વિનામૂલ્યે મોકલવામાં આવતું હતું.

ત્યારબાદ આ ડિપોઝીટની રકમ વધારીને રૂા. ૫૦૦/- કરવામાં આવી અને આ ડિપોઝીટ ભરનારને તે વિનામૂલ્યે મોકલવામાં આવતું હતું.

એ દરમિયાન પોસ્ટ ખાતાના કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા. જે સંસ્થા અથવા વ્યક્તિ વિનામૂલ્યે પોતાના પ્રકાશનોનું વિતરણ કરતા હોય તેમને પોસ્ટ ખાતાના બધા જ પ્રકારના લાભો બંધ કરવાનો કાયદો આવ્યો. તેનો મતલબ એ થયો કે આજે કચ્છશ્રુતિના જે અંકો રૂા. ૧/- કે રૂા. ૨/-માં પોસ્ટ કરવામાં આવે છે તેના બદલે રૂા. ૧૫/- કે રૂા. ૨૫/-નો ખર્ચ લાગી જાય.

પરિણામે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે લવાજમની પ્રક્રિયા છેલ્લા બે વર્ષથી આદરેલ છે અને જેઓને ત્યાં કચ્છશ્રુતિ વિનામૂલ્યે મોકલવામાં આવે છે તેઓને હવે પછી લવાજમની રકમ મોકલી આપવા વિનંતી કરવામાં આવેલ છે.

લગભગ ૧૦૦૦ વ્યક્તિ કચ્છશ્રુતિના ડિપોઝીટ ધારકો છે કે જેઓને છેલ્લા ૨૦ વર્ષથી કચ્છશ્રુતિ વિનામૂલ્યે મોકલવામાં આવે છે. તેઓને આ પરિપત્ર દ્વારા વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ સત્વરે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ પર મોકલી આપે. આ દરેક વ્યક્તિને વ્યક્તિગત ટપાલ પણ લખીને મોકલી આપવામાં આવેલ છે.

એ જ રીતે લગભગ ૫૦૦ મહાનુભાવોને તેની કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવી રહેલ છે. આ દરેક મહાનુભાવોને તેમના લવાજમની રકમ ત્વરિતપણે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસમાં જમા કરાવવા વિનંતી કરવામાં આવે છે. આ મહાનુભાવોને પણ વ્યક્તિગત પત્ર દ્વારા તે અંગેની જાણ કરી દેવામાં આવેલ છે.

***કચ્છશ્રુતિના લવાજમના દરો નીચે મુજબ છે :***

- **આજીવન (પંદર વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**
- **પાંચ વર્ષના : રૂા. ૧,૦૦૦/-**
- **બે વર્ષના : રૂા. ૫૦૦/-**

કચ્છશ્રુતિ માટે જેઓએ અગાઉ ડિપોઝીટ ભરેલ હશે તેઓ ઈચ્છશે તો તેમની ડિપોઝીટની રસીદ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસે જમા કરાવી તે ડિપોઝીટની રકમ પરત મેળવી શકશે.

આ બાબતે સહકાર આપવા સહુને અપીલ કરવામાં આવે છે.

કચ્છશ્રુતિ કેટલાયે સમયથી સભ્યશ્રીઓને શિસ્ત વાંચન અને અનન્ય જાણકારી આપવા પોતાનાથી બનતા અથાગ પ્રયાસ કરી રહેલ છે અને તે કેટલાયે નામી / અનામી લેખકોના સહકારથી આ કાર્ય સારી રીતે આગળ ધપાવી રહેલ છે. **અગર આપશ્રીને તેમાં પ્રકાશિત થતી સામગ્રી ઉત્તમ કક્ષાની લાગતી હોય તો તેમાં દરેક વાચક અન્ય પાંચ વાચકોને ઉમેરવા પ્રયાસ કરશો તો અમને તેનાથી વિશેષ આનંદ થશે અને તેની પાછળ અથાગ પ્રયાસ કરનારની મહેનત લેખે લાગશે.**

આપ સહુના ત્વરિત સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

**મનુભાઇ કોટડિયા**
**કન્વીનર, વ્યવસ્થાપક સમિતિ – કચ્છશ્રુતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

કચ્છ

# ઢાઇ અક્ષર પ્રેમકા "કચ્છ" – અસાંજો કચ્છ

• અતુલ ઉપાધ્યાય, સિવિલ એન્જિનિયર •

સંત કબીર કહે છે તેમ ઢાઈ અક્ષર પ્રેમ કા - કચ્છના પણ ઢાઈ અક્ષર છે. કચ્છી માડુ પ્રેમથી છલોછલ ભરેલાં છે. 'ક' એ બારાક્ષરીનો પ્રથમ અક્ષર છે. 'કચ્છ' શબ્દમાં 'ક' ફક્ત પાણી સૂચક જ ન બની રહેતાં, વાણીવાચક પણ બની રહ્યો છે.

*ઈતિહાસમાં ડોકીયું કરીએ તો -*

ઈ.સ. પૂર્વે ૫૬ માં શકોને હરાવી રાજા વિક્રમાદિત્યે કચ્છને પોતાનાં રાજયનો એક ભાગ બનાવ્યો. અજ્ઞાતવાસમાં પાંડવો કચ્છમાં રહેતા ત્યારે સારું જયોતિષ જાણતી કુંભાર કન્યા "ભડલી" સાથે સહદેવે લગ્ન કર્યા. તેમને ડંક નામે પુત્ર થયો. આ ત્રણેએ વરસાદની આગાહી કરતાં ચિહ્નો કહ્યા હતાં. તે ભડલી વાક્યો કહેવાયા અને ગામ નખત્રાણા તાલુકાનું 'ભડલી' કહેવાયું. 'અસાંજો કચ્છ' - કે.કા. શાસ્ત્રીનાં પુસ્તકનાં ઉલ્લેખ મુજબ આદિમાનવ દોઢ થી બે લાખ વર્ષ પહેલાં કચ્છમાં વસતા હતા. વાલ્મીકી રામાયણમાં કચ્છનો ઉલ્લેખ આનર્તદેશ તરીકે છે. વિવાદિત કે વિસ્મયજનક હકીકત છે કે કચ્છી ભાષા ચોરાણું હજાર વર્ષ જૂની છે. ધોળાવીરાનાં ઉત્ખનનનાં અવશેષો જોતા સિંધુ સંસ્કૃતિનું કચ્છ કનેક્શન જણાઈ આવે છે. આમ અડધા વિશ્વની સંસ્કૃતિઓનું કચ્છ કનેક્શન છે.

હવે નજીકના વર્ષોના ભૂતકાળમાં નજર કરીએ તો ૧લી જૂન, ૧૯૪૮ કચ્છ રાજાશાહીથી મુક્ત થયું. કચ્છને 'ક' વર્ગનાં દરજ્જા માટે સ્વ. મહિપતરાય મહેતા (માજી સાંસદ અને સ્વ. ઈંદિરાજીનાં નિકટતમ) એ ઝુંબેશ ચલાવી હતી. જે સરાહનીય હતી. તે જ રીતે કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ એક ઉદાહરણ રૂપ સંગઠન ઊભું કર્યું. કચ્છની પાણી સમસ્યાના અભ્યાસ અર્થે એચ. કે. કપૂર (૧૯૫૯-૬૦ ના કચ્છ કલેક્ટર) નાં વડપણ હેઠળ વર્ષ ૧૯૭૮માં સમિતિ નિયુક્ત થઈ.

ગુજરાત રાજયનાં જિલ્લાઓમાં મોટો વિસ્તાર ૪૫,૬૧૨ ચો.કિ.મી. ધરાવતા આ જિલ્લાની વિશિષ્ટતા જોઈએ તો બન્ની વિસ્તાર જે વૃંદાવનની કચ્છી આવૃત્તિ - ગોપાલક સમૂહો, એશિયા ખંડનું સૌથી મોટું ગૌચર (પરંતુ ગાંડા બાવળ ધરાવતું) ધરાવે છે. આ ગોપાલક સમૂહો (બહુધા મુસ્લિમો) આરામની પળોમાં ઘણાંટ, પાવો કે જોડિયા પાવા હોઠે ધરે છે, જે વૃંદાવનની કલ્પના જીવંત કરે છે. આ વિસ્તારમાં માદા ઊંટ પર સવારી વર્જ્ય ગણાતી. કચ્છમાં ચૂનો પકાવવાની પરંપરાની વસતિ જે ચુના ઉદ્યોગ પર ગુજરાન કરતી તેને 'ખુરાઈ' કહેવાતી. વિશેષમાં કચ્છનાં ગામડાંઓમાં ચારણ ગઢવીઓ સરસ્વતી પુત્રો એ આ મુલકનાં ગુણગાનનાં દોહા-છંદ વર્ણવ્યા છે. "તેર તાંસળી તેર જાતી" - ચારણ, કાછેલા, રબારી, ઢેબર, હોથી, મિસ્ત્રી, ખોજા, કડવા પાટીદાર, પીરાણા, પાટીદાર, લુહાર, હરિજન, વણકર, આયર, જૈન વગેરે

આઝાદીના ઈતિહાસમાં પણ મુંબઈમાં પ્રથમ શહિદી વહોરનાર પ્રથમ કચ્છી વીર વિઠ્ઠલ હતા.

કચ્છનું નાનું રણ, મોટું રણ, ઘુડખર પ્રાણી, અબડાસાનું 'ધોરાડ', ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ જેવું જગતમાં ક્યાંય નથી. જખૌથી કોટેશ્વર સુધીના દરિયામાં ૨૮થી વધુ માછલીઓની પ્રજાતિ જોવા મળેલ છે. સ્વ. તુલસીદાસ શેઠે સ્વ. ઈંદિરા ગાંધીને પત્ર લખી લખપત પાસેની કોરીક્રીક ખાડીનું મુખ બંધ કરી શકાય

## લેખના લેખકશ્રીનો ફોટો

*"કચ્છશ્રુતિ"ના માર્ચ-૨૦૧૭ના અંકથી દરેક લેખના લેખકશ્રીનો ફોટો પણ પ્રસારિત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તેથી દરેક લેખના લેખકશ્રીએ પોતાના લેખની સાથે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. જે લેખકશ્રીના લેખ નિયમિતપણે કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવામાં આવે છે તેઓએ માત્ર એક જ વખત પોતાનો ફોટો મોકલવો જરૂરી છે.*

*– તંત્રી મંડળ, કચ્છશ્રુતિ*

તેવી રજૂઆત કરી હતી. આમ સ્વ. કાંતિપ્રસાદ અંતાણી, રવજીભાઈ ગણાત્રા વગેરે તેમની સાથે હતા. રાજાશાહીમાં કચ્છ રાજયમાં ગાદીપતિના રાજ્યાભિષેકનું તિલક હરિજન (માતંગ) ના હાથે થતું તેવો 'સુમિરન કરલે' હીરજી કોટકનાં પુસ્તકમાં ઉલ્લેખ છે. રાજ્યનાં ચલણી સિક્કામાં ત્રિશુલ ચિહ્ન છે તેમાં આશાપુરાનું પ્રતીક અને બીજું કટારી તે માતંગદેવનું પ્રતીક છે. રાજવી જામલખાનનાં પુત્ર જામ રાયધણનાં ચાર પુત્રો ઓઢો - રૂદ્રમાતાનું પૂજન કરે, ગજણ - આશાપુરાનું પૂજન કરે, દેદો-રવેચી માંનું પૂજન કરે અને હોથી-હબાય માતાનું પૂજન કરે. એવી વ્યવસ્થા માતંગદેવે જ કરી હતી. વળી ભુજિયા ડુંગરનાં ભૂજંગ નાગની દેરીની પૂજાનો હક્ક પણ માતંગનો જ રહ્યો છે. હરિજન ત્રિકમ સાહેબની સમાધિ કચ્છમાં છે. માંડવીમાં આશરે ૨૦૦ થી ૨૫૦ વર્ષ પહેલાં એકાદ હજારથી વધુ ખત્રી પરિવારોના ઘરો હતા તેમ કહેવાય છે. (મુસ્લિમ ખત્રી ૩૦૦ + હિંદુ ખત્રી ૭૦૦) ભુજ તાલુકામાં ધ્રંગ - મહાત્મા મેકરણનું ધામ - મેકરણની સમાધિની સામે બાજુ પતંગશા પીરની દરગાહ છે. મેકરણ અને પીર પતંગશા સગાભાઈ હતા. તેઓ નખત્રાણા તાલુકાના ખોંભડી ગામનાં ભટ્ટી ઠાકોરનાં પુત્રો હતા. એકનું નામ મોકાજી અને બીજાનું પતોજી. એક વિરલ ઘટનામાં વર્ષ ૧૯૯૭ માં સરલીમાં રામકથા યોજાયેલ. જેના યજમાન વણકર સામત કરશન થયા હતા. સ્વ. જવાહરલાલ નહેરુ ત્રણવાર તથા સ્વ. ઈંદિરા ગાંધી નવ વખત કચ્છ પધાર્યા હતા. આ તેઓનો કચ્છ પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે.

કચ્છ પ્રદેશ મીઠડો દેશ અને તેના મીઠા માડું સાથે રહી જિલ્લામાં બહારથી સરકારી નોકરી કે ધંધા અર્થે આવતા લોકોમાંથી મહેસૂલ, સિંચાઈ, આરોગ્ય વગેરે ખાતાઓમાં ઘણા વર્ષે નોકરી બાદ નિવૃત્તિમાં ઘણાએ કચ્છમાં મકાન બનાવી સ્થાયી થઈ આ જિલ્લાને પોતાનું વતન બનાવ્યું છે. કચ્છી તેઓને આ દરિયાદિલી માટે સ્વાગત કરે છે અને આભાર માને છે. એક ઉદાહરણ જોઈએ તો બી.એસ.એફ. નાં ઓફિસર શ્રી કે. નટરાજન તેમની સર્વિસ પૂરી થયા બાદ કચ્છમાં કાયમી વસવાટ કર્યા અને 'કચ્છ - ક્રાઉન ઓફ ગુજરાત' અંગ્રેજીમાં ગ્રંથ રચ્યો હતો. આ હતો તેમનો કચ્છ પ્રત્યેનો પ્રેમ અને આદરભાવ.

આપણાં વહાલાં વતન કચ્છ દેશ પર માં આશાપુરાની અમી દૃષ્ટિ સદા રહે તેવી પ્રાર્થના કરીએ.

*કચ્છ સિંચાઈ વર્તુળની કચેરી*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**નોંધ : જાહેરાતની સાઈઝ**
(૧) ફુલ પેઈજ : ૭" x ૯.૫"
(૨) હાફ પેઈજ : ૭" x ૪.૫"
(૩) ૧/૪ પેઈજ : ૩.૨૫" x ૪.૨૫"
(૪) બોટમ પટ્ટી : ૭" x ૧"

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**
**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

**ભાવ – બાર મહિનાની જાહેરાતના દર**

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (દરેક જાહેરાતના)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (દરેક જાહેરાતના)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (દરેક જાહેરાતના)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (દરેક જાહેરાતના)

કચ્છ

# આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે – (૨)

• જયંતી જોશી 'શબાબ' •
પૂર્વ વરિષ્ઠ કેન્દ્ર નિયામક - આકાશવાણી

રાષ્ટ્રીય પર્વો અને તિથિ તહેવારો, સ્થાનિય વિશિષ્ટ અવસરો, ઋતુચર્યા વગેરેને ધ્યાનમાં અચૂક લેવાય છે. કોઈ પણ વ્યવસાયિક હરીફ ન હોવા છતાં કાર્યક્રમોના આયોજન, નિર્માણ અને પ્રસ્તુતિમાં વ્યવસાયિક દૃષ્ટિકોણ અને અનુભવનું સંયોજન કરી એને સર્વોત્કૃષ્ટ બનાવાય છે. ઘણી જ મહત્ત્વપૂર્ણ ઘટનાઓ, વ્યક્તિ અને કાર્યક્રમોનું એક સંગ્રહાલય (આર્કાઇવ્ઝ) પણ અહીં છે અને એવા રાજ્ય અને રાષ્ટ્રીય સંગ્રહાલયનો લાભ પણ પ્રસારણોમાં લેવાતાં એક અનુકરણીય પરંપરા કાયમ કરાય છે.

વાર્તાલાપના વિષય, એ માટેના આમંત્રિત વાર્તાલાપકાર, મળેલા આલેખનું મૂલ્યાંકન (સ્ક્રીપ્ટ - વેટીંગ)થી માંડીને સમયખંડની ચુસ્ત મર્યાદા અને અભ્યાસ (રીહર્સલ)ના માપદંડોમાંથી પસાર થઈને, ઉચ્ચારણના આદર્શ આરોહ - અવરોહ સાથે જ્યારે વાર્તાલાપ રેકોર્ડ થાય છે ત્યારે એ સામાન્ય રેકોર્ડીંગ જ ન રહેતાં એક જીવંત અને દમદાર રજૂઆતનું રૂપ ધારણ કરી લે છે. એવા પ્રસારણો જ્યારે શ્રોતાઓમાં પહોંચે છે ત્યારે ભાષાના ઉચ્ચરિત સ્વરૂપના આદર્શ કે માનક તરીકે પોતાનું સ્થાન સહેજે બનાવી લે છે. આ તો ફક્ત વાર્તાલાપની જ વાત થઈ, બધી જ પ્રસારણ વિધાઓમાં ઉત્કૃષ્ટ નિર્માણ હેતુ અથાક પ્રયત્નો થતા રહે છે.

કાર્યક્રમોને સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ તથા સાંપ્રત બનાવવા માટે રેકોર્ડીંગની સાથે સાથે પુસ્તકોની પણ ખૂબ સારી લાઈબ્રેરી, અન્ય કેન્દ્રોની માફક, અહીં પણ છે.

આધુનિક પ્રસારણ સાધનો અને ટેકનિક વડે સુસજ્જ થવા અહીં "વાણી" પ્રમાણપત્ર અભ્યાસક્રમની સુવિધા પણ છે કે જે હંગામી ઉદ્‌ઘોષકો - સમાચાર વાચકો માટે રાષ્ટ્રીય સ્તરે અનિવાર્ય ગણાઇ છે.

સમગ્ર પ્રસારણો જ્યાં ટીમવર્ક એટલે કે સંઘભાવના પર આધારિત છે ત્યાં વહીવટી, કાર્યક્રમ, ટેકનિકલ, સમાચાર વગેરે વિભાગોની વ્યવસાયિક સજ્જતા માટે સમયે સમયે તાલીમી વ્યવસ્થા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ગોઠવાઇ છે. અને તેથી બધા જ કર્મચારીઓને સમયે સમયે એ માટે નામિત કરાતા હોય છે, એના ભાગરૂપે જ રાજ્ય અને દેશના વિભિન્ન કેન્દ્રો પર જે તે વિષયોનું સઘન પ્રશિક્ષણ સાથે કાર્યશાળાઓનું આયોજન થતું રહે છે.

કેન્દ્ર દ્વારા પ્રસ્તાવિત અને રાષ્ટ્રીય સ્તરે અનુમોદિત, વિભિન્ન ક્ષેત્રોના તજજ્ઞ અને ગણમાન્ય સભ્યોની બનેલી કાર્યક્રમ પરામર્શક સમિતિ (પ્રોગ્રામ ઍડવાઇઝરી કમિટી) નિયમિત રીતે આયોજિત બેઠકોમાં કાર્યક્રમોના વિષય, સ્તર, રજૂઆત, પ્રતિભાવ આદિ પર વિચાર વિમર્શ કરી કિંમતી સલાહ સૂચનો કરતી રહે છે.

શ્રોતાઓ સાથેના સુંદર સંવાદ જેવો સાપ્તાહિક કાર્યક્રમ 'જવાબમાં કહેવાનું કે...', 'ફોન-ઇન' કાર્યક્રમોમાં ઉદ્‌ઘોષક કે કાર્યક્રમ અધિકારી સાથેની વાતચીત કે પછી રાષ્ટ્રીય સ્તરે 'શ્રોતા અનુસંધાન એકાંશ' (લીસનર્સ રીસર્ચ યુનિટ) દ્વારા પણ પ્રદેશ, સમય, શ્રોતા સમુદાય અંગે કાર્યક્રમોના આયોજનો બાબતે બહુમૂલ્ય સૂચનો સાંપડતા રહે છે.

કાર્યક્રમ પરામર્શક સમિતિ ઉપરાંત સંગીત શ્રવણ સમિતિ (મ્યુઝિક ઓડિશન કમિટી) તથા નાટક શ્રવણ સમિતિ (ડ્રામા ઓડિશન કમિટી) પણ કેન્દ્ર પાસે હોય છે જેમની સેવાઓ કેન્દ્ર જરૂરિયાત મુજબ લેતું રહે છે.

આકાશવાણી કેન્દ્રનો સમાચાર સેવા વિભાગ, સમાચાર સેવા પ્રભાગ, માહિતી અને પ્રસારણ મંત્રાલયને સંલગ્ન રહી સેવાઓ આપે છે. સ્થાનિક સમાચાર, પ્રાસંગિક, સમાચાર દર્પણ દ્વારા સ્થાનિક પ્રસંગો, બનાવો, ગતિવિધિઓને ફાળવાયેલા સમયખંડમાં પ્રસારિત કરી જન સામાન્ય સુધી પહોંચે છે. વળી, એવા સમાચારોને એના મહત્ત્વ અનુસાર રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે પણ આ વિભાગ પહોંચાડે છે.

કેન્દ્રનું નિર્માણકાર્ય, કર્મચારીઓના રહેઠાણનું નિર્માણકાર્ય તથા પ્રક્ષેપણ કેન્દ્રોનું નિર્માણકાર્ય આકાશવાણી અને દૂરદર્શનના નગર નિર્માણ વિભાગ (સિવિલ કન્સ્ટ્રક્શન વિંગ) સક્ષમ રીતે કરતું રહ્યું છે. અને વળી કેન્દ્રની સુરક્ષા વ્યવસ્થાનું સુવ્યવસ્થિત માળખું આકાશવાણીનું રાષ્ટ્રીય સુરક્ષા વિભાગ સુપેરે સાચવતું આવે છે.

કેન્દ્રની આપદા સમયની સેવાઓ સદૈવ અપ્રતીમ રહી છે. કર્મચારીઓએ

પોતાના હિતો અને જરૂરિયાતોને પાછળ છોડીને પણ પોતાના શ્રોતાઓ અને પ્રદેશ પ્રત્યેની પ્રતિબદ્ધતાને સદૈવ અગ્રતા આપી છે અને એ રીતે કર્તવ્યપરાયણતા તથા માનવીય મૂલ્યોની ગાથામાં સોનેરી પાનું ઉમેર્યું છે. અને એ રીતે તેઓ હંમેશાં અનેકશઃ અભિનંદન અને અભિવંદનાના અધિકારી રહે છે. તેમનું એવું જ અપ્રતિમ યોગદાન ૧૯૭૧ના યુધ્ધ સમયનું તેમજ ૨૦૦૧ના ભૂકંપ સમયનું પણ છે.

આમ છતાં, જનજીવનની આ ધોરી નસ જેવી સેવાઓને જો વધુ સારી બનાવવી હશે કિંવા કથળતી અટકાવવી હશે તો પણ કેટલીક બાબતો પર વિશેષ ધ્યાન આપવાની જરૂર જણાયા વિના નથી રહેતી. જેમકે :

૧. કેન્દ્રની પ્રસારણ ક્ષમતા જે હાલે ફક્ત ૨૦ કિલોવોટની છે તે સત્વરે અને અવિલંબ વધારી ઓછામાં ઓછી ૨૦૦ કિલોવોટની કરવી જોઈએ કે જેથી આ સીમાવર્તી કેન્દ્રના પ્રસારણ વિસ્તાર પર આવતા પાડોશી દેશના પ્રસારણોને ખાળી શકાય કે પછી આપણાં પ્રસારણો પણ સીમાપાર પહોંચાડી શકાય.

૨. કેન્દ્ર પર વિવિધ ભારતી સેવાઓનો પ્રારંભ થશે અને કેન્દ્રનું ડિજીટાઇઝેશન થશે, એવા દસેક વર્ષથી અપાતા આશ્વાસનો અવિલંબ પૂરા કરવા ઘટે.

૩. કેન્દ્રના પ્રસારણોમાં તાજેતરમાં જ વધારો કરાયેલા સિંધી ભાષાના પ્રસારણોને આવકારતાં, કમ સે કમ એટલો વધારો કચ્છી ભાષાના પ્રસારણોમાં કરવો ઇચ્છનીય જ નહીં આવશ્યક પણ જણાય છે. જ્યારે પ્રધાન મંત્રીશ્રીએ એ અલ્પવિકસિત ભાષાની કાળજી લઈ પોતાના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં એને માટે અલાયદી અકાદમી પણ આપી છે ત્યારે એ વિશેષ માવજતના ભાગરૂપે પ્રસારણોમાં આવો વધારો ખચિત ઉપાદેય જ રહેશે.

૪. ક્યારેક વ્યક્તિઓ - કર્મચારીઓથી ધમધમતું અને ઉન્નત એવું કેન્દ્ર આજે મુલાકાત લેતાં સૂનું ભાસે છે. પૂરતા ફંડના અભાવે કાર્યક્રમોનું નિર્માણ - કલાકારોને તક નથી મળતી. તો વળી નિયમિત કર્મચારીઓના અભાવે કેન્દ્ર હંગામી કર્મચારીઓ પર નભતું હોવાનું ચિત્ર ઉપસે છે. જો બધી જ કેટેગરીમાં નિયમિત સ્ટાફ મૂકાય, તો પૂરતું ભંડોળ પણ ફાળવાય તો પ્રસારણના સુવર્ણ જયંતી વર્ષને યથાર્થ ઠેરવતા સ્વર્ણિમ દિવસો પાછા આવી જ શકે તેમ છે.

આવો, આપણા વિસ્તારની આવી બેશકિંમતી ધરોહર અને અનન્ય ઉપયોગી એવા કેન્દ્રના પ્રસારણોના ભાગ, પછી ભલે ને ફક્ત સજાગ શ્રોતારૂપે જ હોઈએ, બનવા બદલ ગૌરવ અનુભવીએ.

*(સંપૂર્ણ)*

*જયંતી જોશી 'શબાબ', I.B.S. (Retd.)*
*વરિષ્ઠ કેન્દ્ર નિયામક (સેવા નિવૃત્ત)*
*આકાશવાણી, ભુજ*

*સમુદ્રના ઉંડાણનો તાગ મેળવી શકાયો છે પણ માનવીના મનના ઉંડાણોને આજ દિન સુધી કોઈ માપી શક્યું નથી.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

નામ / Name : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.**
બેંક : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬.
Bank : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006.
ખાતા નંબર : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952**
આઈએફએસ કોડ : **IFS Code : SBIN0005306**

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને SMS, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

કચ્છ

# ભુજપુરના ખેડૂતે સાધેલી અનોખી પ્રગતિ

## કૃષિ પેદાશ માટે એક નવતર પહેલ

• અશ્વિન ઝિંઝુવાડિયા •

ખેતીના ક્ષેત્રે કચ્છ જિલ્લો પ્રગતિશીલ રહ્યો છે તેમ છેલ્લા દોઢ દાયકાથી સરહદી જિલ્લાના પ્રયોગશીલ અને મહેનતકશ ધરતીપુત્રોએ અન્ય પ્રદેશોને રાહ ચીંધી છે. ખેતીમાં વધુ આવક મેળવવાનો પ્રયોગ મોટી ભુજપુરના ખેડૂત મહેન્દ્રભાઈ નારાણભાઈ ગઢવીએ કર્યો છે અને એ છે ગ્રીન હાઉસમાં ખેતી...આમ જોવા જઈએ તો ગ્રીન હાઉસ શબ્દ નવો નથી, તેમ કચ્છનું આ પ્રથમ ગ્રીન હાઉસ પણ નથી. પરંતુ તેમણે કરેલા કાકડી (ખીરા) ના વાવેતરથી જે આર્થિક લાભ મેળવ્યો છે એ જાણવું રસપ્રદ બનશે.

મહેન્દ્રભાઈની માંડીને વાત કરીએ તો તેમણે મોટી ભુજપુરની પોતાની ૧૪ એકરની વાડીમાં એક એકરનો એક એવા કુલ ૪ ગ્રીન હાઉસ તૈયાર કર્યા છે. આ ગ્રીન હાઉસમાં તેમણે કાકડીની સુધારેલી જાતનું વાવેતર કર્યું છે. એક એકરે કાકડીનું ઉત્પાદન થયું ૩૫ ટન... એક ટનનો અંજારની જથ્થાબંધ બજારમાં ભાવ મળ્યો રૂ. ૨૫ હજાર... એટલે કે ૩૫ ટન કાકડીના રૂ. ૮ લાખ ૭૫ હજાર... કાકડી વાવવાથી તેને ઉતારવા સુધીની એક સાઈકલ પૂરી થતાં ૯૦ દિવસ લાગે. **વર્ષમાં ત્રણ વખત પાક લઈ શકાય.** પ્રતિ એકરે ૩૫ ટનનો ઉતારો ૩ વખત લેવાથી વાર્ષિક ઉત્પાદન થયું ૧૦૫ ટન...ઉત્પાદનને રૂપિયામાં રૂપાંતર કરીએ તો વાર્ષિક એક એકરે રૂ. ૨૬ લાખ ૨૫ હજારની આવક થઈ. એમાં ખર્ચનો હિસાબ માંડીએ તો એકરે ૬૦ હજારનું બિયારણ - ૪૦ હજાર ખાતર દવાના, શ્રમિકને મહેનતાણું ૧ લાખ રૂપિયા, પરિવહન અને પેકિંગ ખર્ચ ૫૦ હજાર મળી કુલ ખર્ચ થાય અઢી લાખ રૂપિયા... ટૂંકમાં પ્રતિ એકરે ૯૦ દિવસની આવક ૮ લાખ ૭૫ હજારમાંથી ૭૫ હજાર આકસ્મિક અન્ય ખર્ચ, વીજવપરાશ સહિતના ઉપરના રૂ. ૭૫ હજાર બાદ કરીએ તો **૮ લાખની આવકમાંથી અઢી લાખ ખર્ચના બાદ કરીએ તો નેટ નફો થયો સાડાપાંચ લાખ.** ૯૦ દિવસે અને પ્રતિ એકરે (રોજના અંદાજે ૬ હજાર). મહેન્દ્રભાઈના ત્રણ નાના ભાઈઓ લક્ષ્મણ, અશોક અને વિશ્રામ પણ આ જ ખેતીમાં ધ્યાન આપે છે. પરંતુ ગ્રીન હાઉસની મુખ્ય જવાબદારી સૌથી નાના વિશ્રામભાઈના શિરે છે. **જ્યારે અન્ય મુદ્દાની વાત કરીએ તો વાડીનું પાણી ૧૩૦૦ ટીડીએસનું છે. ગ્રીન હાઉસની બાજુમાં જ પાણી શુદ્ધિકરણનો પ્લાન્ટ નાખીને પાણીને ૬૦થી ૭૦ ટીડીએસનું કર્યું છે.** ગ્રીન હાઉસમાં ટપક સિંચાઈ પદ્ધતિથી કાકડીના પાકને વધીને ૧૦ મિનિટ જ પાણી અપાય છે. જ્યારે ગ્રીન હાઉસમાં ઉપર લટકતા પાણીના પોઈન્ટ પાણીનો ઉપરથી છંટકાવ નથી કરતા પણ ધુમ્મસની જેમ સમગ્ર ગ્રીન હાઉસને ઝાકળિયું અને ભેજયુક્ત કરી નાખે છે. **માત્ર ૨ મોટા પાણીના ટેન્કર જેટલું જ પાણી એક ઉત્પાદન માટે પૂરતું છે.**

ગ્રીન હાઉસની 'કચ્છમિત્ર' એ મુલાકાત લીધી ત્યારે કી રોલ ભજવતા વિશ્રામભાઈએ જણાવ્યું કે ગ્રીન હાઉસમાં કામ કરવું થોડું કઠિન છે. અહીં ઝડપથી વધુ કામ કરનારા નહીં પણ ધીમેથી, શાંતિથી, ઓછું કામ કરનારા શ્રમિકોની જરૂરિયાત રહે છે. ૭ થી ૮ ફૂટની ઊંચાઈએ પ્લાસ્ટિકની દોરી સાથે વીંટળાયેલા કાકડીના વેલામાં ઝૂંડબંધ લીલીછમ કાકડીઓ લટકેલી જોવા મળી હતી. સમયાંતરે વધતા વેલાને ઉપર પ્લાસ્ટિકના ક્લીપથી જોડવા જોઈએ. ૮ ફૂટ વેલો વધ્યા પછી નીચે પાછો આવે. રોજેરોજ ઉત્પાદનને ઉતારવું અને જથ્થાબંધ બજાર સુધી પહોંચતું કરવું પડે. એકરે ૧૦ હજાર બીજનું વાવેતર કરી શકાય. **કાકડી સિવાય કેપ્સીકમ મરચાં, જરબેરા-ગુલાબ ટમેટી જેવા પાકો ગ્રીન હાઉસમાં લઈ શકાય.** લિંબોળીનું તેલ જંતુનાશક દવા તરીકે વાપરવામાં આવે છે.

ખેડૂતો કેમ ગ્રીન હાઉસ ખેતી તરફ વળતા નથી તે પ્રશ્નના પ્રત્યુત્તરમાં મહેન્દ્રભાઈ જણાવે છે કે, **૧ ગ્રીન હાઉસ બનાવવા પાછળ ૪૮ લાખ રૂપિયાનો ખર્ચ આવે છે.** નેશનલ બેંકો ૫૦ ટકા સબસિડીવાળી લોન આપે છે. વ્યાજદર ૧૧ થી ૧૫ ટકાનો રહે છે. નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડ અને લોનની વિધિ લાંબીલચક અને ખેડૂતને થકવી નાખે છે. જેથી ૧ એકરના ગ્રીન હાઉસનો અડધો કરોડ રૂપિયા જેટલો ખર્ચ ખેડૂતો કરતા નથી. જ્યારે સબસિડી અને વ્યાજની રકમ લગભગ સરભર થઈ જાય છે. જો ૧૨ મહિનાની અંદર સબસિડી મળે તો જ કિસાનોને પોષાય...કામ શરૂ કરવાની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬ ઉપર)**

રાજકારણના રંગ

# પ્રચાર કેવળ ચૂંટણીલક્ષી ન હોવો જોઈએ

• યાસીન દલાલ •

યુ.પી.ની ચૂંટણીઓ ટાણે ભાજપે ફરી એકવાર રામમંદિરનો મુદ્દો ઉઠાવ્યો. લોકસભાની ચૂંટણી સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દેશભરમાં ફરી વળેલા અને વિકાસનો મુદ્દો ઉઠાવતા. હવે ફરી એકવાર એમણે જ મંદિરનો મુદ્દો ઉઠાવ્યો. ટીકાકારો કહે છે કે વારંવાર ચૂંટણી ટાણે જ ભાજપને મંદિર કેમ યાદ આવે છે? સુબ્રમણ્યમ સ્વામીએ ખુલાસો કર્યો છે કે માત્ર વિકાસના મુદ્દા ઉપર ચૂંટણી જીતી શકાય નહીં એટલે બીજા મુદ્દા પણ લેવા પડે. આપણે એમને પૂછી શકીએ કે જો આમ જ હોય તો લોકસભાની ચૂંટણી ટાણે માત્ર વિકાસનો એક જ મુદ્દો શા માટે હતો? હવે કેન્દ્ર સરકારને સત્તા સંભાળે અઢી વરસ પૂરા થયા છે અને તેણે લોકસભાની ચૂંટણી સમયે આપેલા કોઈ વચન પૂરા કર્યા નથી. મોંઘવારી ઘટવાને બદલે વધી છે. સ્વીસ બેંકોમાં પડેલું કાળું નાણું પાછું આવ્યું નથી અને ભાજપના સાંસદો બેફામ વાણીવિલાસ કરે છે. પરિણામે પક્ષની છબી ખરડાય છે.

ખલીલ જિબ્રાને કહ્યું છે કે, 'એક જ ધર્મ હોઈ શકે અને જીવન. જીવન એટલે ખેતર, જીવન એટલે દ્રાક્ષનો મંડપ અને જીવન એટલે... જીવન.' જિંદગીને પ્રેમ કરે ત્યારે જ માણસના જીવનમાં સાચા ધર્મનો ઉદ્‌ભવ થાય. જિંદગી પ્રત્યેના પ્રેમનો અંત એટલે ધર્મનો પણ અંત. જિબ્રાન એમ પણ કહેતા કે મારો આત્મા એ જ મારો મંત્રી છે. એણે જ મને દિશા આપી છે. એ એમ પણ કહેતા કે મંદિર તમારી અંદર જ સમાયેલું છે. તમે જાતે જ તમારા ધર્મગુરુ છો.

વિવિધતામાં એકતા એ સૃષ્ટિનો નિયમ છે. આપણી સંસ્કૃતિનો પણ આ જ નિયમ છે. અંદરથી તો બધું સમાન હોય છે, માણસોના વ્યક્તિત્વો ભલે ગમે તેટલા જુદા જુદા હોય પણ ભૂખ અને પ્યાસ તો બધામાં એકસરખી જ દેખાય છે. દરેક માણસની ઈચ્છા કોઈનો પ્રેમ પામવાની અને કીર્તિ મેળવવાની હોય છે. ધર્મોમાં પણ આ જ વાત લાગુ પાડી શકાય છે. દરેક ધર્મ જે તે દેશની ભૌગોલિક પરિસ્થિતિ તથા સામાજિક સંજોગો મુજબ રચાયો હોય છે. એટલે જ દરેક ધર્મના સિદ્ધાંતો પણ અલગ અલગ હોય છે. હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ તથા શીખ ધર્મનો ઉદ્‌ભવ ભારતમાં થયો. ઈસ્લામનો ઉદ્‌ભવ અરબસ્તાનમાં થયો. ખ્રિસ્તી તથા યહૂદી ધર્મનો ઉદ્‌ભવ બે જુદા જુદા દેશોમાં થયો. દરેક ધર્મના રીતરિવાજો તેમજ ઉપાસના પદ્ધતિ અલગ અલગ હોય છે. પણ એ ધર્મનો સાર તો એક જ હોય છે. આ સાર છે - માનવધર્મનો અને માનવ માનવ પ્રત્યેના પ્રેમનો. ધર્મ એને કહેવાય કે જે બે માનવી વચ્ચે પ્રેમનો પુલ બાંધે. માનવી માનવી વચ્ચે સંબંધ બાંધવા માટે ધર્મની દીવાલ નડવી ન જોઈએ. ઉપાસના પદ્ધતિમાં મૂળભૂત તત્ત્વ તો ભક્તિનું છે. આ તત્ત્વને પકડે તે જ સાચો માનવ. ઉપાસના પદ્ધતિના બાહ્ય સ્વરૂપને પકડી રાખીએ અને તેનાં આંતરિક તત્ત્વોને ભૂલી જઈએ ત્યારે મહા અનર્થ સર્જાય છે. જુદા જુદા ધર્મો વચ્ચે અને જુદી જુદી ઉપાસના પદ્ધતિઓ વચ્ચે સમન્વય સાધવાનું કામ ભારતની ભૂમિનું છે. ગ્લોબલાઈઝેશનના યુગમાં ધર્મોનું પણ વૈશ્વિકીકરણ થવું જોઈએ.

રાજકોટથી જામનગર જતાં ધ્રોળ પાસે ભૂચર મોરી નામનું મેદાન આવેલું છે. આ મેદાન ઉપર વરસો પહેલાં (ઈ.સ. ૧૫૯૨માં) પાણીપત જેવું યુદ્ધ ખેલાયું હતું. આ યુદ્ધ રાજ્યનો વિસ્તાર વધારવા કે બાહ્ય આક્રમણ સામે રાજ્યનું રક્ષણ કરવા ખેલાયું નહોતું. પણ એક વિશિષ્ટ કારણસર આ લડાઈ થઈ હતી. સમ્રાટ અકબરે તે વખતના ગુજરાતના સુલતાન મુઝફ્ફર શાહને હરાવીને ગુજરાત જીતી લીધું હતું. મુઝફ્ફરે અકબર સામે પ્રચંડ બળવો કર્યો હતો. પરિણામે અકબરે મુઝફ્ફરને પકડીને કેદમાં રાખ્યો હતો. મુઝફ્ફર લાગ જોઈને કેદમાંથી ભાગી છૂટ્યો અને આશરો શોધતો શોધતો જામનગરમાં જામ સત્તાજીને શરણે આવ્યો હતો. એ જમાનામાં મોગલોનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. સમગ્ર દેશમાં મોગલોની આણ વરતાતી હતી. એ સમયે જામનગરના રાજવીએ મુઝફ્ફર શાહને આશરો આપ્યો. મુઝફ્ફરને પકડવા માટે અકબરે મિરઝા અઝીઝને વિરમગામ મોકલ્યા. મિરઝાએ જામસાહેબને કડક ભાષામાં ચેતવણી આપીને કહેવડાવ્યું કે મુઝફ્ફરને તાત્કાલિક અમારે હવાલે કરો અથવા તમારે ત્યાંથી હાંકી કાઢો. જામસત્તાજીએ જવાબમાં કહેવડાવ્યું કે મુઝફ્ફર અમારો શરણાર્થી છે અને શરણે આવેલાનું કોઈપણ ભોગે રક્ષણ કરવું એ ક્ષત્રિયોનો ધર્મ છે. આ જવાબ મળ્યા પછી અકબરે આગ્રાથી ખાસ લશ્કર મોકલ્યું અને મિરઝાને હુકમ કર્યો કે મુઝફ્ફરને સોંપવાની ના પાડનારને ખતમ કરો અને

જામનગરનો કબજો લઈ લ્યો. મિરઝાએ જંગી લશ્કર સાથે જામનગર તરફ કૂચ કરી. જામસાહેબની ફોજમાં ૨૫,૦૦૦ સૈનિકો હતા. કચ્છથી મહેરામજી પોતાના ૧૪ કુમારો સાથે લઇને આવ્યા. ઓખાથી સંગ્રામજી વાઢેર પોતાના સૈન્ય સાથે જામનગર મદદે આવ્યા. જૂનાગઢથી નવાબ દોલતખાન અને ખરેડીથી લોમા ખુમાણ પણ મદદમાં આવ્યા. અકબરની ફોજ ધ્રોળ સુધી આવી પહોંચી. ભૂચર મોરીના વિશાળ મેદાનમાં બંને લશ્કરો ગોઠવાઈ ગયા. જામસત્તાજીના બહાદુર સૈનિકોએ અકબરની બળવાન હરોળોને ખોંખરી કરી નાખી. મિરઝા અઝીઝ મૂંઝાયા અને સમાધાનનો વિચાર કર્યો, પણ એ પહેલાં જ જૂનાગઢ અને ખરેડીની ફોજ દગો કરીને શાહીફોજમાં ભળી ગઈ. પરિણામે સમાધાન બાજુએ રહ્યું અને લડાઈ ચાલુ રહી. જામસત્તાજી રાજપરિવારનો બંદોબસ્ત કરવા જામનગર આવ્યા. યુદ્ધનો મોરચો કુંવર જશાજીએ સંભાળ્યો. દરમિયાન જામસાહેબની ફોજ તારાજ થઈ ચૂકી હતી. તાબડતોબ એમની ફોજના ગોપાલ બારોટ ભલશાણ પહોંચ્યા. જ્યાં યુવરાજ અજાજીના લગ્ન લેવાતા હતા. અજાજી લગ્નમંડપ છોડીને પાંચસો જાનૈયા સાથે ભૂચર મોરી તરફ ધસી ગયા એ પછી જે લડાઇ થઈ તેમાં અજાજી શહીદ થયા અને પીઠી ભરેલા શરીરે એમણે મોતની સોડ તાણી અને શરણાગત ધર્મ પાળી બતાવ્યો. તરત આ સમાચાર મળતા નવોઢા સૂરજ બા પણ ભૂચર મોરીના મેદાનમાં આવ્યા અને અજાજીનું માથું ખોળામાં લઈને સતી થઈ ગયાં. જામનગર રાજ્યની પ્રજાએ અઢીસો વરસ સુધી કુમાર અજાજીના મૃત્યુનો શોક પાળી રાજભક્તિ બતાવી હતી. તેમની સાથે ભૂચર મોરીના યુદ્ધમાં શહીદ થનારા અન્ય યોદ્ધાઓમાં જેસોજી, નાગજી, મહેરામજી અને ભાણજીનો સમાવેશ થયો હતો. આ યુદ્ધ વખતે મહેરામજી વૃદ્ધ હતા, છતાં પોતાના ૧૪ કુમારો સાથે જામસત્તાજીની મદદે આવ્યા હતા. ભૂચર મોરીનું યુદ્ધ બતાવે છે કે શાસકો માટે કોઈ ચોક્કસ ધર્મનું મહત્ત્વ હોતું નથી. અહીં એક મુસ્લિમ સૂબો જામસાહેબને શરણે આવ્યો. એને બચાવવા માટે બાદશાહ અકબર સામે જામસાહેબે યુદ્ધ ખેલ્યું. આમ એક રાજપૂત રાજાએ મુસ્લિમ સૂબાને બચાવવા માટે મુસ્લિમ બાદશાહ સામે ટક્કર લીધી. ઈતિહાસ તપાસીએ તો આવા અનેક દાખલાઓ મળી આવશે.

જિબ્રાનને સંગઠિત ધર્મો તરફ અને માનવસર્જિત કાયદાઓ તરફ તિરસ્કાર હતો. એ માનતા કે જે દેશ કાયદાઓથી ભરપૂર હોય એ ધાર્મિકતાથી ખાલી જ હોય. એ એમ પણ માનતા કે જ્યાં જાત જાતના ફિરકાઓ હોય ત્યાં ધર્મનો છાંટો પણ ન હોય.

દોસ્તો, સફર ના સાથીઓ, એ દેશની ખાજો દયા,

જ્યાં ધર્મનો છાંટો નહીં, ફિરકા છતાં ફાલી રહ્યાં.

એ માનતા કે શાંતિ એ જ સર્વોત્તમ વસ્તુ છે. માણસોને પોતાનાં જન્મ અને મરણ વિશે કશું પૂછવામાં નથી આવતું અને કહેવાતી સ્થૂળ ઘટનાઓમાં જ એને ગૂંચવી રખાય છે. ભૂતકાળમાં દુશ્મનાવટ બે પ્રજાઓ વચ્ચે નહીં પણ રાજાઓ વચ્ચે હતી. ક્યારેક રાજા અને બાદશાહ વચ્ચે હતી. એનું કારણ મોટેભાગે સત્તાની સાઠમારીનું હતું. હિન્દુ મુસ્લિમ સાંસ્કૃતિક સમન્વયમાં સૂફી સંતોએ મોટો ભાગ ભજવ્યો છે. આ સંતોએ બંને ધર્મની ઉપાસના પદ્ધતિઓનું મિશ્રણ કરીને અનેક નવાં પાસાંઓને જન્મ આપ્યો. કવ્વાલી આ આદાનપ્રદાનમાંથી જન્મી. ઉર્દુ ભાષા પણ આ સમન્વયમાંથી જન્મી. પાકિસ્તાનની રાષ્ટ્રભાષા ઉર્દુ છે. પણ ત્યાંના ચાર રાજ્યોમાં ક્યાંય ઉર્દુ બોલાતી નથી. સિંધમાં સિંધી બોલાય છે અને પંજાબમાં પંજાબી બોલાય છે. કૃત્રિમ રીતે ગુરૂનાનકે 'ગ્રંથસાહેબ'માં ફરીદીન રચનાઓના અનેક દાખલા ટાંક્યા છે. સૈયદ વારિસ શાહે પંજાબી સાહિત્યની ઉત્તમ જણાતી કૃતિ 'હીરરાંઝા'ની રચના કરી. જેનો મરાઠીમાં શેખ મોહંમદે અનુવાદ કર્યો. કબીર આ પરંપરાના જ સંત કવિ હતાં. એમણે હિંદુ - મુસ્લિમ એકતાની ભાવનાને વિશિષ્ટ રીતે ઘૂંટી. ઈતિહાસ ખરેખર તો પ્રજાનો જ હોય છે. આપણે ઈતિહાસમાં રાજાઓ અને બાદશાહો વિશે જ જાણીએ છીએ.

૧૮૫૭માં જે ઈતિહાસપ્રસિદ્ધ બળવો થયો એની આગેવાની મોગલ બાદશાહ બહાદુર શાહ ઝફરે લીધી હતી. એમાં શીખ અને મરાઠા રાજવીઓ પણ જોડાયા હતા. હિંદુ, મુસ્લિમ, શીખ રાજાઓથી માંડીને પ્રાદેશિક દૃષ્ટિએ જોઈએ તો સમગ્ર ભારતના રાજાઓ પહેલી વખત અંગ્રેજો સામે લડવા માટે એક થયા હતા. કમનસીબે એ બળવો નિષ્ફળ ગયો. જો આ બળવો સફળ થયો હોત તો ૧૮૫૭માં જ દેશ આઝાદ થઈ ગયો હોત. ભારતનાં ભાગલા પણ પડ્યા ન હોત. ઝાંસીની રાણી બળવા વખતની લડાઈમાં લડતાં લડતાં શહીદ થઈ ત્યારે તેની સાથે એક મુસ્લિમ સહેલી પણ શહીદ થઈ ગઈ. બહાદુર શાહ ઝફરના બાનું નામ લાલબાઈ હતું. છત્રપતિ શિવાજીને બે સેનાપતિ હતા, જેમનાં નામ દોલતખાન અને સિદી મિશ્રી હતાં. એમનાં અત્યંત વિશ્વાસુ એવા વિદેશ સચિવનું નામ મુલ્લા હૈદર હતું. એ જ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬ ઉપર)**

સ્વચ્છતા અભિયાન

# આપણાં ધાર્મિક સ્થળો ગંદા કેમ છે?

• ભીમજી નાકરાણી •

થોડા વર્ષો પહેલાં સૌ પ્રથમવાર હરદ્વાર જવાનું થયું. મારા મનમાં ગંગાનો કિનારો, વૃક્ષોથી સભર ગામ, મસ્ત મજાના આશ્રમોની કલ્પના હતી. વહેલી સવારે મોં સુઝણા ટાણે બસમાંથી ઉતરવાની સાથે એક નિસાસો નંખાઈ ગયો. મને થયું કે, "અરે! મારો આખો દેશ જે નદીને માતા ગણે છે, પવિત્રતાની સાક્ષાત મૂર્તિ છે અહીં દેવાલયો અને આશ્રમોનો કોઈ પાર નથી તે આ દેવભૂમિ!" જ્યાં જુઓ ત્યાં ગંદવાડ, આસપાસ વૃક્ષોનું નિકંદન કાઢી નાંખેલું, જ્યાં નજર પડે ત્યાં માણસો ખુલ્લામાં જાજરૂ બેઠેલા. કેટલીક ધર્મશાળાઓમાં ફર્યા, નર્યો ગંદવાડ, ઊભા રહી શકાય નહીં તેવી સ્થિતિ! અને આ દૃશ્ય બધે જ જોવા મળ્યું. ત્યારબાદ ઋષિકેશ. અહીં પણ આ જ દશા! પછી તો ગોકુળ, વૃંદાવન, મથુરા અને ધાર્મિક સ્થળો જોયા, નેપાળમાં કાઠમંડુ-પશુપતિનાથ મંદિરમાં ખુલ્લા પગે ચાલતા ચીતરી ચડે તેટલી ગંદકી. ક્યાંય પેશાબ કરવા ન જઈ શકો તેવા ગંધાતા પેશાબખાના. મન દુઃખી દુઃખી થઈ જાય. આને માટે જવાબદાર કોણ?

ગુજરાતમાં પણ અંબાજી જાવ, ડાકોર જાવ, હમણાં જ પાવાગઢ ગયો, સાથે સાથે નાના મોટા મંદિરોમાં જવાનું થયું. માં ચામુંડાના દર્શને ગયા, નીચે તળેટીની ગંદકી, ભીડ અને દુકાનો જોઈ- મનમાં લાગે કે આટલી ગંદકી, ગેરશિસ્ત અને લોકોના માનસની ગંદકીમાં ઈશ્વરને કે માતાજીને ક્યાંથી ગમે? તરણેતરના કુંડમાં ગંદુ પાણી જોયા પછી અહીં આ બધા સ્થળોની આવકનો ઉપયોગ ક્યાં થાય છે? મોટો પ્રશ્નાર્થ ઊભો થયો.

લોકો દર્શને જાય છે, હાથમાં ખાવાનું, પીવાનું પાણી કે બીજી બોટલો, પ્લાસ્ટિકની થેલીઓ, ઇચ્છા પડે ત્યાં ફેંકે છે. માણસોને ચાલવાની જગ્યાના અભાવ વચ્ચે ગંધાતા નાસ્તાની લારીઓ, ખાણી પીણીની હોટલો અને જેને જ્યાં ઇચ્છા પડે ત્યાં મસાલા ખાઈને થૂંકવાની ટેવ. ભગવાનની છબીઓનેય છોડતા નથી. હિંદુત્વની ભાવના અને ઈશ્વરનો ભાવ ક્યાં સંતાઈ જતા હશે? નાના બાળકોને કે મોટેરાઓને આ ગંદકી કરતા અટકાવે કોણ? ગંદકી થયા પછી આ ધર્મ સ્થળોના મેનેજમેન્ટની જવાબદારી ખરી કે નહીં? વાહન પાર્કિંગના સ્થળો દૂર હોય, રસ્તા ઉપર ગંદવાડ, ધર્મ સ્થળોને પણ પ્રજા છોડતી નથી. કોઈ પણ ધર્મ કે સંપ્રદાયોના દેવસ્થાનોની આ દશા માટે કોણ જવાબદાર? પ્રજાએ વિચારવું પડશે. આ ધર્મ સ્થળોની આજુબાજુ જાહેર મુતરડી કે શૌચાલયમાં ગંદકી સહન ન થઈ શકે. સારંગપુર હનુમાનના દર્શને જતાં પહેલાં મંદિરમાં દાખલ થઈને ડાબી બાજુ જજો. તમને થશે કે અહીં મારો આ 'દાદો' આ મંદિરના મેનેજમેન્ટને 'ગદા' દેખાડતો નથી લાગતો? ક્યારેક ડાકોરથી ગળતેશ્વરની જગ્યા જોજો. આવી ગંદકીમાં મારો - તમારો ભગવાન ટકે ખરો? જ્યારથી આ પ્લાસ્ટિક પેકિંગ, ફુડપેકેટ્સ હોય કે ઠંડા પાણીની બોટલો આવી છે, આપણા જાહેર સ્થળો ગંદકી-ગટરના સ્થળો બની ગયા છે. કોઈને પણ આ ગંદકી કરતા હાથ અચકાતો નથી, શરમ આવતી નથી. મસાલા-પાનની પિચકારી મારતા કોઈને ડર લાગતો નથી અને પછીથી આ પ્રજાના પૈસે આ ધર્મ સ્થળોમાં તગડી કમાણી કરતા શહેર કે આ જગ્યાના મેનેજમેન્ટને આ ગંદવાડ સામે કોઈ વાંધો નથી તેમ આ બધું વધતું જ જાય છે.

હમણાં જ ઈસ્કોન મંદિર - ભાડજ જવાનું થયું. આગલા દિવસોમાં તહેવાર હતો. ત્રીજા દિવસે ગયો હતો. અંદર મંદિરમાં ભગવાનને જ્યાં બેસાડેલા તે નાનકડા પરિસરમાં ત્રણ જગ્યાએ દાનપેટીઓ હતી, ફૂલોના શણગાર હતા. જેવો બહાર આવ્યો, રસોડા વિભાગ અને બાથરૂમ (જાહેર શૌચાલય) તરફ ગયો- જ્યાં જુઓ ત્યાં ગંદવાડ, પગ મૂકો તો ક્યાં મૂકવા? એમાંયે જાજરૂની જગ્યા ઉબકા આવે. અહીં લોકો આંખો બંધ રાખીને આવતા હશે? કોઈને થાય છે ખરું કે લાખો રૂપિયાનો વેપાર કરો છો, ચોખ્ખાઈ તો રખાવો! આ ગંદવાડમાં મારો કન્હૈયો રહે ખરો?

ધાર્મિક સ્થળોની આ ગંદકી માટે કોણ જવાબદાર? પ્રજા? પુજારીઓ? મેનેજમેન્ટ? કે લોકલ પ્રજા? ગમે તે હોય પણ આપણે વિદેશ તરફ નજર નાંખવી પડે કે નહીં? કોઈ ધાર્મિકતા વિના પણ જાહેર સ્થળો કે પછી દેવાલયો-કોઈ વ્યક્તિ ગંદવાડ ફેલાવતો નથી. અને સરકારી તંત્ર ચલાવી લેતું નથી. આ શિસ્ત જો ધર્મ પણ શીખવાડી ન શકે, તો આ ધર્મ શા કામનો? આ પ્રજાને

*લોકો તમને મળવા નથી આવતા, તમારા સમય અને સ્થાનને મળવા આવે છે.*

કોઈનીયે બીક નથી, તો સામે આ ધર્મ સ્થળોમાંથી પૈસા રળતા જે તે સ્થળના મેનેજમેન્ટને પણ ઈશ્વર સાથે કોઈ લેવાદેવા નથી.

કોઈપણ મંદિર, પરિસર, દેવાલયમાં જાવ, ત્યારે મંદિર-દેવાલયની આસપાસ જજો, શૌચાલયમાં જજો તમને ચોખલીયા થઈ ફરતા પુજારી અને ધર્મસ્થાનના સંચાલકને સાચુ કહી તેમના ભક્તજનોએ ફેલાવેલા ગંદવાડને દૂર કરવાની વાત કરજો. મેં આ પ્રયોગ કર્યો છે. દરેકે દરેક જાગૃત પ્રજા આ પ્રયોગ કરે અને જાતે ક્યાંય ગંદકી ન કરે તો કદાચ આવતા ૨૦ વર્ષ પછી આપણા ધાર્મિક સ્થળો ગંદકી મુક્ત થાય, આપણી નદીઓ કચરા મુક્ત થાય, એવું અંદરથી દૂર-દૂર લાગ્યા કરે છે.

*૩, સંગાથ એપાર્ટમેન્ટ,*
*SBIની પાછળ, સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે,*
*સી. જી. રોડ, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦૦૦૯*
*મો. ૯૭૨૩૩૩૬૪૮૨,*
*ફોન : (૦૭૯) ૨૭૯૧૦૧૩૧*

- **તણખો :**

***મુ. શ્રી નરેન્દ્રભાઈ મોદીને માલૂમ થાય કે તમે બે હાથે પકડેલા સાવરણા સાથેના ફોટોગ્રાફ અને પોસ્ટરો ઠેરઠેર રોડ ઉપર રખડતી ગાય માતાના પેટમાં જતા રહ્યા છે અને તે કાગળનું છાણ, અહીં મેટ્રો સિટીના રસ્તા પર રખડી રહ્યું છે.***

## ભુજપુરના ખેડૂતે સાધેલી અનોખી પ્રગતિ

**(અનુસંધાન : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)**

મંજૂરી મળ્યા બાદ ધીમી અને સરકારી અટપટી કાગળિયા પૂરી કરવાની સમગ્ર વિધિ ગ્રીન હાઉસના અમલીકરણ માટે આડખીલી બને છે. ગ્રીન હાઉસ ખડા કરી દેવા માટે સંખ્યાબંધ એજન્સીઓ ધંધાદારી ધોરણે કાર્યરત છે. ખેતીમાં કન્સલ્ટન્સી હવે ખેતીનો એક ભાગ બની ગઈ છે. ગ્રીન હાઉસની મર્યાદા એ છે કે બધા પાકો ગ્રીન હાઉસમાં લઈ શકાતા નથી. સૂર્યનો સીધો પ્રકાશ અને પવન ગ્રીન હાઉસમાં આવતા નથી અને ડબલ દરવાજા વટોળ્યા બાદ અને સફાઈના પૂરતા ખ્યાલ સાથે ગ્રીન હાઉસની ખેતી ઠંડી ધીરજ સાથેની મહેનત માગી લે છે. જો વાવાઝોડું આવ્યું કે આગ લાગી તો પ્લાસ્ટિકનો સમગ્ર ઢાંચો કડડડભૂસ થઈ જાય.

ગ્રીન હાઉસની મુલાકાત દરમ્યાન ખુલ્લી વાડી વચાળે ઊભું કરાયેલું કૃષિ પેદાશ માટે આઈસીયુ યુનિટ જેવો ભાસ થાય છે. **જો પ્રથમના ૪૮ લાખના ખર્ચને ઓછો કરવામાં આવે, લોન-સબસિડીની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે અને સારા બજારભાવ મળતા હોય એવા પાકને ગ્રીન હાઉસમાં તૈયાર કરવામાં આવે તો વધુ આર્થિક ઉપાર્જન સાથે ઓછું પાણી, ઓછી જમીન સાથે પાકો લઈ શકાય.** બજારમાં મળતા ભાવો જો તળિયે બેસી જાય તો તમામ ગણતરી ખોટી પડે.

લગભગ એક સરખી સાઈઝની લીલીછમ એક કાકડી ૧૫૦થી ૨૦૦ ગ્રામની તૈયાર થાય છે. ગુણવત્તા પણ સમાન છે. લોખંડના પાઈપ અને એંગલ ઉપર ઊભા કરાયેલા ગ્રીન હાઉસની ડિઝાઈન પણ સફળતા માટેની પાયાની શરત છે. આ બધા કોઠા વીંધ્યા પછી ખલ છૂટી જાય એવી અધધધ આવક પણ છે ને?

## પ્રચાર કેવળ ચૂંટણીલક્ષી ન હોવો જોઈએ

**(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

રીતે વિશ્વાસુ અંગરક્ષકનું નામ મદની મહેતર હતું. શિવાજી જગદીશ્વર મંદિરમાં રોજ પૂજા અર્ચના માટે જતાં. એ મંદિરની સામે જ એમણે મુસ્લિમ પ્રજા માટે એક મસ્જિદ બનાવી હતી. અંગ્રેજો વિરુધ્ધ લડતાં લડતાં મૃત્યુ પામેલા ભારતીય રાજાનું નામ ટીપું સુલતાન હતું.

બહુ ઓછા લોકો બાબર ભારતમાં આવ્યો એનું કારણ જાણે છે. બાબર પાસેથી બુખારાની સલ્તનત છિનવાઈ ગઈ હતી. એ ઘણીવાર ભારત આવ્યો હતો, પણ ફાવ્યો નહોતો. છેલ્લે રણથંભોરના રાજપૂત રાજા રાણા સંગનાં આમંત્રણથી એ ભારત આવ્યો. રાણા સંગનાં આમંત્રણનું કારણ એ હતું કે તે ઈબ્રાહીમ લોદીને હરાવવા માંગતો હતો. ઈબ્રાહીમ ત્યારે આગ્રાનો રાજા હતો. ૨૦ એપ્રિલ, ૧૫૨૬ના દિવસે પાણીપતમાં યુધ્ધ થયું. જેમાં બાબરે ઈબ્રાહીમ લોદીને હરાવ્યો. આમ એક રાજપુત રાજાએ એક મુસ્લિમ બાદશાહને ગાદી પરથી હટાવવા માટે બીજા મુસ્લિમ બાદશાહને બોલાવ્યો. આમ આ લડાઈ જુદા જુદા ધર્મો વચ્ચેની નહીં પણ જુદા જુદા રાજાઓ વચ્ચેની હતી.

ધર્મનું કામ ઊંચે ચડનારી સીડી જેવું છે. માણસને નીચે લઈ જાય એ ધર્મ નહીં. એને ઊર્ધ્વગતિ તરફ લઈ જાય એને ધર્મ કહેવાય. ઝઘડો બે ધર્મો વચ્ચે નહીં પણ અધર્મ વચ્ચે થાય છે. આ અધર્મને હાંકી કાઢીએ તો જ શુધ્ધ માનવધર્મ પાંગરે.

*સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૮૮૧*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

સંસ્થા / વ્યક્તિ વિશેષ

# ગુજરાત વિદ્યાપીઠના ગ્રામશિલ્પી : ગ્રામ ઉત્કર્ષની પ્રવૃત્તિ કરતું યુવા દંપતી સ્નેહલ જલદીપ ઠક્કર

• કિરણ ચાંપાનેરી, 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

આઝાદી કાળે ગાંધીજીએ યુવાનોને ગામડાંઓમાં જઈને ગ્રામોત્થાનની વાત કરેલી અને કેટલાય યુવકો અને યુવાદંપતીઓ એ વખતે ગામડાંઓમાં પલાઠી વાળીને બેઠા હતાં. અને આખી જિંદગી ગ્રામવિકાસના કામો કરતા રહ્યાં. ભારત દેશના ગામડાંઓ આજે તો ઘણા સમૃદ્ધ થયા છે પરંતુ આઝાદીના સિત્તેર વર્ષો પછી પણ સોએસો ટકા ગામડાંઓ વિકાસ પામ્યા નથી. આજે પણ એવા ઘણાં ગામો પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. સુવિધાઓથી વંચિત એવા પેઢામલી ગામે બેઠેલા યુવા દંપતીની આ લેખમાં વાત કરવાની છે... બીજી ઓક્ટોબરે ગાંધીજીના ૧૪૭ના જન્મ દિવસે, ગાંધીજીએ આપેલા રચનાત્મક કાર્યો અને ગ્રામઉત્કર્ષના વિચારને રાહે ચાલતા યુવાન દંપતી સ્નેહલ જલદીપ ઠાકરને પેઢામલી ગામે મળવાનું થયેલું.

પેઢામલી આવ્યું મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં. સવાસો દોઢસો વર્ષ પહેલા જાહોજલાલી અને વેપાર ધંધાથી ધમધમતું દસેક હજારની વસતિ ધરાવતું પેઢામલી ગામ આઝાદી પછીના કાળે ધીમે ધીમે ભાંગતું ગયું. આ ગામમાં જૈન, બ્રાહ્મણો, ભાવસાર, મોદી, માળી, ડબગર, મુસલમાન અને ગ્રામદેવતાઓ-કારીગર પરિવારો રહેતા હતા. આ પરિવારો ગામ છોડીને મહેસાણા, અમદાવાદ, મુંબઈ જઈ ધંધા રોજગારમાં પરોવાયા તો પટેલ-ખેડૂતોએ પેઢામલી નજીક ચારેક કિ.મી. દૂર નવી વસાહત બનાવી રહેવા લાગ્યા જે આજે માઢી તરીકે ઓળખાય છે. આજે ગામમાં રાવળ, ઠાકોર, વાઘરી, રબારી, દરજી, વાણંદ, સુથાર, પંડ્યા, મુસ્લિમ પરિવારના મળી કુલ ૨૮૪ ઘરમાં માંડ એકાદ હજારની વસતિ છે. મોટાભાગના ખેતમજૂરો અને યુવાનો નજીકની તમાકુ છોડની નર્સરી અને તમાકુની ખળીમાં કામે જાય.

વિજાપુરથી માઢી સુધી બસ કે રિક્ષાઓ મળે. પછી ચારેક કિ.મી. ગાંધીયાત્રા કરતા કરતા જ પેઢામલી પહોંચાય! જોકે થોડા સમયથી સાબરમતી નદીમાંથી રેતીનું ઉત્ખનન શરૂ થતા હવે ટ્રેક્ટરો અને ડમ્પરો મળી રહે... સાબરમતી નદી કિનારે વસેલા પેઢામલીમાં જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલયમાં દોઢસો વર્ષ પહેલાંની મહાવીર સ્વામી અને પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિઓ બિરાજમાન છે તો અંબાજી માતાનું ૧૩૯ વર્ષ પુરાણું મંદિર આવેલ છે. સને ૧૯૦૯માં સ્થપાયેલ પ્રાથમિક શાળા ખરી પણ માંડ ત્રણેક ઓરડામાં જેવું તેવું શિક્ષણ કામ થાય.

જલદીપ ઠાકરનું વતન માણસા. પિતાશ્રી કનૈયાલાલ ઠાકર આયુર્વેદના ડૉક્ટર એટલે વ્યવસાયના કારણે તેમને બનાસકાંઠા, સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના ગામડાંઓમાં રહેવાનું થયું. આ કારણે જુદા જુદા ગામોમાં જલદીપનો પ્રાથમિકથી બારમા ધોરણ સુધીનો અભ્યાસ થયો. વાસણા મારગિયા સંસ્થામાંથી બી.આર.એસ. નો સ્નાતકનો અભ્યાસ કર્યો. ગુજરાત વિદ્યાપીઠમાંથી માસ્ટર ઈન રૂરલ મેનેજમેન્ટ (એમ.આર.એમ.) માં અનુસ્નાતકની ઉપાધિ મેળવી. આ એમ.આર.એમ. ના અભ્યાસ દરમ્યાન ગાંધીવિચાર મૂલ્યો અને રચનાત્મક કામ કરવાના બીજ રોપાયા. અભ્યાસ પૂર્ણ કર્યા પછી જલદીપે ગામડાંમાં જઈને કામ કરવાની ઈચ્છા માતાપિતાને જણાવી. ત્યારે માતા જયશ્રીબેને કહેલું કે "જે ગામમાં દારૂ પીવાતો હોય, જુગાર રમાતો હોય, રોજગારીની સમસ્યા હોય, આરોગ્ય સુવિધા ન હોય, જ્યાં શિક્ષણની જરૂર હોય...તેવા અભાવવાળા ગામને પસંદ કરીને તારે કામ કરવું જોઈએ" ...કડોલી તેના મોસાળનું ગામ. મામાએ પેઢામલી બતાવ્યું તેમ કહીએ તો ચાલે.

ગુજરાત વિદ્યાપીઠની ગ્રામશિલ્પી યોજના ચાલે. જેમાં ગામમાં બેસીને રચનાત્મક અને ગ્રામવિકાસના કાર્ય માટે પ્રથમ બે વર્ષ વિદ્યાપીઠ તરફથી માસિક પાંચ હજાર સહાય અપાય છે. પછીના વર્ષથી ગ્રામશિલ્પીએ પોતાની રીતે આવકના સ્રોત ઊભા કરવાના રહે છે. આ ગ્રામશિલ્પી યોજના અંતર્ગત જલદીપે (મો. ૯૯૦૪૧૪૨૭૫૩) ઓગસ્ટ-૨૦૦૭ માં પેઢામલી ગામમાં પગ મૂક્યો. ગામના અંબાજી મંદિરની ધર્મશાળાની એક રૂમમાં રહેવાની વ્યવસ્થા ગોઠવી તેને ઘર બનાવ્યું. "ચાલો ગામમાં આંટો મારી આવીએ..." જલદીપના સૂચનથી ગામમાં ફરવા નીકળ્યા. ઠાકોરવાસ, રાવળવાસ, હરિજનવાસ.... ગામના સૌ નાનામોટા "આવો જલભાઈ... કેમ છો જલભાઈ..." શબ્દોથી આવકારે. ગામમાં ફરીને અંબાજી મંદિરમાં માતાજીના દર્શન કરી પવિત્ર પાવન સાનિધ્યમાં ચોકમાં

બેઠાં.... અને જલદીપ સાથે તેના અનુભવ અને કામની વાતો થઈ તે આ પ્રમાણે છે...

અમારી માતૃસંસ્થા ગુજરાત વિદ્યાપીઠની પ્રેરણા અને સહયોગથી પેઢામલીમાં ગ્રામશિલ્પી તરીકે ગ્રામોધ્ધારની પ્રવૃત્તિ કરી રહ્યાં છીએ. શરૂમાં તો ગામમાં ફરતો. ક્યાંથી કામનો પ્રારંભ કરવો તે વિચારતો. ગામમાં ત્રણ ઓરડાની શાળા જેમાં એંસી બાળકો ભણતા. બાળકો અધવચથી અભ્યાસ છોડી દેતા. આવા બાળકોને અને તેમના માતાપિતાને સમજાવી વિદ્યાર્થીઓને પાછા અભ્યાસમાં પરોવ્યા. બહાર વસતા ગામના શ્રેષ્ઠીઓના સહયોગની શાળાનું પુનઃનિર્માણ કરી નવ ઓરડા અને મલ્ટી મિડીયાની સુવિધાવાળુ નવું મકાન બનાવ્યું. બાળકોની સંખ્યા ૧૯૦ અને ત્રણ શિક્ષકોમાંથી આઠ શિક્ષકો ભણાવતા થયા.

માતાપિતાએ નોંધારા છોડેલ અજયને સ્વીકાર્યો. સમજોને કે દત્તક લીધો. પિતાની દારૂની લત અને ઝઘડા-કજીયાથી માતા અજયને નાનો મૂકીને જતી રહેલી. નાનકડો અજય દારૂડિયા પિતા સાથે ફરતો રહે. પિતા પણ તેને છોડીને દારૂની ભઠ્ઠીએ કામ કરવા જતા રહ્યા. નાનકડો અજય ગામમાં ફરતો રહે જ્યાંથી ખાવાનું મળે તે ખાઈને સુઈ જાય... આ ગંદાગોબરા કાળિયા અજયને જલદીપે પોતાની સાથે રાખી નવરાવવાનું, ભણાવવાનું અને માતાપિતાની જવાબદારી નિભાવી. પાંચેક માસ પછી એટલે કે ૨૦૧૦ માં અજયને માતાનું વાત્સલ્ય આપનારી સ્નેહાળ માતા પણ મળી તે સ્નેહલબેન! જલદીપના લગ્ન સ્નેહલબેન સાથે થયા. એમ.એ., બી.એડ. થયેલ જીવનસાથી પણ જલદીપના વિચારો પ્રમાણે મળ્યા એટલે સોનામાં સુગંધ ભળી!

આજે તો આ પરિવાર ગ્રામપંચાયતના બાલમંદિરમાં રહે છે. તેમનું ઘર એટલે ગામનું સાર્વજનિક ઘર! આખો દિવસ બાળકો આવતા રહે. વાંચે, લખે, રમતા રમતા સુઈ જાય. સ્નેહલ-જલદીપના નાનકડા દીકરા સત્ત્વને રમાડે. ગામમાં ઘરે ઘરે જઈ સફાઈ અને સ્વચ્છતાની વાત સમજાવે. અભ્યાસ છોડી દેતા બાળકોને અને માતા પિતાને સમજાવી વિદ્યાર્થીઓને ફરી શાળાએ જતા કરવા, ગામના બાળકોને શાળાના શિક્ષકોને સહયોગમાં રાખી પ્રવાસે લઈ જવા, ગામમાં પ્રાથમિક શાળા સુધી અભ્યાસની સુવિધા પણ આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને માઢી હાઈસ્કૂલ જવા માટે સાઈકલની વ્યવસ્થા કરી આપવી, બાળકોને ગુટકા-સોપારી-તમાકુના વ્યસનમાંથી મુક્ત કરવા, ગામની બિમાર માંદી વ્યક્તિઓને સારવાર કરાવવા નજીકની હોસ્પિટલે લઈ જવી અને દવાખાનામાં દાખલ કરાવવી. ડૉક્ટરને મળી ફી માફ કરાવવી. જેવા કામો આ દંપતી કરી રહ્યું. તેમના આરોગ્યના કામમાં વિસનગરની જ્યોતિ હોસ્પિટલ અને ડૉક્ટર મિહીરભાઈ જોશીનો, સર્વોદય આશ્રમ માઢીના દવાખાનાનો અને વસંતભાઈ શાહનો સારો સહયોગ મળે છે.

આ ઉપરાંત નાનકડું પુસ્તકાલ છે જેનો બાળકો અને ગામના મોટેરાઓ ઉપયોગ કરે છે. ગામનો પિતાવિહોણો જિતેન્દ્ર સાઈકલ રીપેરીંગ સેન્ટર સંભાળે છે. માઢી આશ્રમે આપેલ ચાર અંબર ચરખા દ્વારા ગામના બાળકો કાંતતા શીખે અને કાંતણ કામ કરે છે. સાંધ્યશાળામાં બાળકોને વાંચન, લેખન, ગણન, ચિત્રકામ, વાર્તા, ગીત, રમકડાંથી રમત રમાડવી, વ્યક્તિગત સફાઈની સમજ આપવી, દાંતસફાઈ, નખ કાપવા, વાળ ઓળાવવા જેવી પ્રવૃત્તિ બાદ નાસ્તાનું વિતરણ કરવા જેવી નિયમિત પ્રવૃત્તિ તેમના ઘરે ચાલતી રહે છે.

મહિલા ઉત્કર્ષ માટે બચત મંડળ - સ્વસહાય જૂથ ચાલે છે. જેમાં ૨૦ બહેનો હતી તેમાં આજે ૭૨ બહેનો જોડાઈ છે. ગામમાં વીસેક વર્ષ પહેલા દૂધ સહકારી મંડળી ચાલતી હતી. પણ ગેરવહીવટના કારણે બંધ થઈ ગયેલી. જેને એક વર્ષ પહેલા ફરી ચાલુ કરી અને ગામની દીકરી જયાબેનને તેનું સંચાલન સોંપાયું. અને સવા દસ લાખમાં મંડળીનું નવું મકાન બંધાયું. છ કેનમાંથી આજે પંદર કેન દૂધની આવક થઈ છે. બચત મંડળની બહેનોને પ્રવાસે લઈ જવાય છે. આજ પ્રમાણે સસ્તા અનાજની બંધ પડેલી દુકાન પણ મામલતદારને મળીને ચાલુ કરાવી. ગ્રામસફાઈ માટે ગામના જ યુવકોની બે ટુકડીઓ બનાવેલી છે. જેઓ દિવસે કામધંધે જાય અને રાત્રે સફાઈ કામ કરે. ગામમાં ઘરે ઘરે ૯૮ ટકા શૌચાલયનું કાર્ય પૂરું થયું છે અને લોકો તેનો ઉપયોગ કરતા થયા છે.

ગ્રામશિલ્પીની યોજનામાં તો બે વર્ષ આર્થિક મદદ મળે. હવે કઈ રીતે ઘરસંસાર અને આ બધી પ્રવૃત્તિ ચાલે છે?...આ પ્રશ્નના જવાબમાં જલદીપે જણાવેલ કે માસિક આઠેક હજાર રૂપિયાની જરૂરત રહે છે. ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપકોની ટીમ, માઢીના વસંતદાદા અને ડૉ. મિહિરભાઈ જોશી તરફથી આર્થિક સહયોગ મળતો રહે છે... ગ્રામ મેનેજમેન્ટના અભ્યાસને ખરેખર જલદીપે સાર્થક કરી બતાવ્યો. આપણા ગુજરાતમાં અભાવગ્રસ્ત ઘણાં ગામો હશે. આવા ગામને જલદીપ જેવા કર્મશીલ યુવકો મળી જાય તો?!...ગાંધીજીના ગ્રામસ્વરાજનું સ્વપ્ન સાકાર થાય.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮૩૩૨૬૭*

સ્વાસ્થ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

તાજેતરના સંશોધનો પરથી વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O.)એ તારણ કર્યું છે કે વિશ્વમાં મૃત્યુનું પ્રમાણ હૃદયરોગની બીમારી, ડાયાબિટીસ કે કેન્સરની બીમારી કરતાં માનસિક સ્ટ્રેસ, ટેન્શન (તાણ)ને કારણે વધારે થશે. સ્ટ્રેસને લીધે થતી શારીરિક બીમારીઓ જેવી કે હૃદયરોગ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ વગેરેનું પ્રમાણ વધતું જાય છે.

૨૧મી સદી (આધુનિક) સ્ટ્રેસની સદી છે. આજે સ્ટ્રેસ (ટેન્શન) આધુનિક જીવનશૈલીનો ભાગ બની ગયો છે તથા સહુ કોઈને સતાવી રહ્યો છે. સ્કૂલે જતો બાળક હોય કે મંદિરે જતાં વૃધ્ધો હોય, નાનો કર્મચારી હોય કે ઉપરી અધિકારી હોય અથવા કંપનીનો ચેરમેન હોય, નાની દુકાનમાં ધંધો કરતો હોય યા સમાજસેવામાં પરોવાયેલો હોય, ગૃહિણી હોય કે નોકરી કરતી મહિલા હોય – સૌ કોઈ એક યા બીજા કારણસર થોડા યા વધુ પ્રમાણમાં સ્ટ્રેસના શિકાર બનેલા જોવા મળે છે.

જો આ સ્ટ્રેસ અંગે સાચી સમજ કેળવીને જીવનશૈલીમાં આવશ્યક પરિવર્તન લાવવામાં નહીં આવે તો આ સ્ટ્રેસ ૨૧મી સદીનો મહારોગ બની બીજા મહારોગોને નિમંત્રણ આપવામાં નિમિત્ત બની જશે. આ બાબતને લક્ષમાં લઈ વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૨૦૧૭ના વર્ષને "હતાશાની બીમારી વિષે જાગૃતિ" (Depression : Let us Talk) વર્ષ તરીકે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાહેર કરેલ છે.

● **વ્યાખ્યા :**

સ્ટ્રેસ (Stress) શબ્દ પદાર્થ વિજ્ઞાન (Physics) તથા એન્જિનિયરિંગના ક્ષેત્રથી આવ્યો છે. તથા આ શબ્દનો પ્રયો ૧૯૩૦માં પ્રથમ વખત થયો હતો.

મનોવિજ્ઞાન તથા શરીર શાસ્ત્રમાં સ્ટ્રેસ એટલે ઘટના / પ્રસંગ. હકીકતમાં બનેલ અથવા હકીકતમાં ન પણ બનેલ પરંતુ વ્યક્તિએ ધારી કે સમજી લીધેલ પ્રત્યે વ્યક્તિનો પ્રતિભાવ, પ્રતિક્રિયા તથા વ્યક્તિના શરીરમાં થતા ફેરફારો આ પ્રતિભાવ, પ્રતિક્રિયા તથા શારીરિક ફેરફારો

૧. હકારાત્મક / ફાયદાકારક હોય અથવા

૨. નકારાત્મક / નુકસાનકારક હોય.

આજે સ્ટ્રેસને મોટેભાગે નુકસાનકારક કે નકારાત્મક ગણવામાં આવે છે. અત્યારની ૨૧મી સદીમાં સ્ટ્રેસ એટલે મનની, ઉર્મિતંત્રની અને / અથવા શરીરની સામનો કરવાની અસમર્થતા.

હેન્સ સેલ્યે નામના વૈજ્ઞાનિકે ૧૯૫૦ના દાયકામાં "સ્ટ્રેસ" પર ઉમદા સંશોધન કર્યું હતું. એણે સ્ટ્રેસનું બે પ્રકારમાં વર્ગીકરણ કર્યું છે :

**૧. હકારાત્મક સ્ટ્રેસ (Eustress) :**

ઘટના કે પ્રસંગની વ્યક્તિ પર હકારાત્મક અસર થાય છે. દા.ત. પરીક્ષાની તારીખ જાહેર થાય છે. વિદ્યાર્થી અભ્યાસ કરવામાં વધારે સમય ગાળે છે, રમવામાં સમય ઓછો અથવા નજીવો સમય પસાર કરે છે. મનના કાર્યો એકાગ્રતા, નિર્ણય શક્તિ, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ વધે છે, નવું વધું શીખવા મળે છે. મુડ સારો રહે છે, વ્યક્તિત્વનો વિકાસ થાય છે, તંદુરસ્તી સારી રહે છે.

**૨. નકારાત્મક સ્ટ્રેસ (Distress) :**

ઘટના કે પ્રસંગની વ્યક્તિ પર નકારાત્મક અસર થાય છે. દા.ત. પરીક્ષાની તારીખ જલદી જાહેર થાય છે તથા અભ્યાસ માટે પૂરતો સમય મળતો નથી. વ્યક્તિનો (વિદ્યાર્થીનો) પ્રતિભાવ તથા પ્રતિક્રિયા નકારાત્મક આવે છે. આથી મનના કાર્યો એકાગ્રતા, નિર્ણય શક્તિ, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ વગેરે ઘટે છે, ઓછી થાય છે. કામ કરવાની ક્ષમતા ઓછી થાય છે. મુડ (મિજાજ) ખરાબ રહે છે.

નકારાત્મક અસર લાંબો સમય રહેતાં, શરીરના અવયવો (હૃદય, ફેફસા, પાચનક્રિયાના અવયવો, સ્નાયુઓના વગેરે) કાર્યોમાં ખલેલ પહોંચે છે, તંદુરસ્તી બગડે છે.

● **સ્ટ્રેસની નોર્મલ પ્રક્રિયા**
**(Normal Stress Reaction) :**

મનુષ્ય સદીઓથી સ્ટ્રેસનો સામનો કરતો આવ્યો છે. પ્રભુએ સ્ટ્રેસનો સામનો કરવા (ભયનો સામનો કરવા) માટે યોગ્ય શારીરિક રચના કરી છે જે સંકટ સમયે ઉપયોગી બને છે. હજારો વર્ષો પહેલાં (પથ્થર યુગમાં) જંગલના હિંસક પ્રાણીઓ અને એમના અવાજ એ વખતના આદિમાનવ માટે સ્ટ્રેસ ઉત્પન્ન કરતા હતા. આ શારીરિક ભયનો (સ્ટ્રેસ) સામનો કરવા માટે બે વિકલ્પો હતા : (૧) હિંસક પ્રાણીનો સામનો કરવો અથવા (૨) સહીસલામત જગ્યાએ ભાગીને છૂપાઈ જવું.

બંને પ્રક્રિયા માટે વધારાની શારીરિક શક્તિની તાત્કાલિક જરૂર પડતી.

ભયની લાગણી ઉત્પન્ન થતાં મગજના સંવેદનશીલ જ્ઞાનતંતુના તંત્રના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમના અવયવોમાં) ફેરફારો થાય છે અને તાત્કાલિક સ્ટ્રેસ હોરમોન્સ ઉત્પન્ન થાય છે. આ સ્ટ્રેસ હોરમોન્સ લોહીમાં ભળી શરીરના અવયવોમાં જાય છે. આ સ્ટ્રેસ હોરમોન્સ આંતરસ્રાવી ગ્રંથિઓ (Endocrine Glands) પર અસર કરી લોહીમાં કોર્ટીસોલ તથા અન્ય રસાયણોનું પ્રમાણ વધારે છે. આ સ્ટ્રેસ હોરમોન્સ તથા સ્ટ્રેસ રસાયણોની શરીરના જુદા જુદા અવયવો પર નીચે પ્રમાણે અસરો થાય છે :

(૧) સ્નાયુઓ (Muscles) સંકોચાય છે. જેથી સામે લડાઈ કરવા કે દૂર ભાગી જવા માટે શરીર તૈયાર થાય છે.

(૨) હૃદયના ધબકારા વધી જાય છે. જેથી લોહીનું ભ્રમણ ઝડપથી થાય છે. આથી જરૂરી ઓક્સિજન તથા અન્ય રસાયણો સ્નાયુને મળી રહે છે.

(૩) ફેફસામાં શ્વાસોચ્છવાસની ગતિ વધે છે. જેથી લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ વધે છે.

(૪) યકૃત (લીવર)માંથી ગ્લુકોઝ લોહીમાં ભળે છે. જેથી વધારાની જરૂરી શક્તિ સ્નાયુને મળી રહે છે.

(૫) લોહીના ભ્રમણમાં ફેરફારો થાય છે. આથી લોહી પાચનક્રિયાના અવયવોમાં જવાને બદલે સ્નાયુઓમાં વધારે જાય છે. આથી સ્નાયુમાં શક્તિનો સંચાર થાય છે. ઉપરોક્ત ફેરફારોથી તાત્કાલિક શરીરમાં શક્તિનો સંચાર થાય છે. જેથી ભયનો સામનો થઈ શકે છે.

- **સ્ટ્રેસ (ભય) દૂર થતાં :**

*સ્ટ્રેસ (ભય) દૂર થતાં –*

(૧) સ્ટ્રેસ હોરમોન્સનું ઉત્પાદન નવું થતું નથી. સ્ટ્રેસ હોરમોન્સનું પ્રમાણ ઘટી જઈ શૂન્ય થાય છે. નોર્મલ થાય છે.

(૨) શારીરિક શક્તિ (સામનો કરવામાં કે સલામત જગ્યાએ ભાગી જવાથી) યોગ્ય રીતે વપરાઈ જતાં સ્ટ્રેસ હોરમોન્સ તથા સ્ટ્રેસ રસાયણોનું કાર્ય પૂર્ણ થાય છે. હોરમોન્સની માત્રા શૂન્ય થઈ પૂર્વવત્ નોર્મલ થાય છે. શરીર નોર્મલ થાય છે.

- **૨૧મી સદી મનની દુભાયેલી લાગણીઓની સદી :** આજે ૨૧મી સદીમાં શારીરિક ભય નહિંવત છે. ટેકનોલોજીની પ્રગતિને લીધે શારીરિક ભય દૂર થયા છે પરંતુ (૧) મનની ઘવાયેલી / દુભાયેલી લાગણીઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. (૨) ઘવાયેલી / દુભાયેલી લાગણીઓનો સામનો કરવાની કે સહન કરવાની શક્તિનું પ્રમાણ ખૂબ જ ઘટી ગયું છે. જેને લીધે આ ઘવાયેલી / દુભાયેલી લાગણીઓ સંવેદનશીલ વ્યક્તિમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે. (૩) સંવેદનશીલ વ્યક્તિમાં મગજની શારીરિક રચનાને લીધે સ્ટ્રેસનો સામનો કરવાની શક્તિ ઓછી હોય છે. જેને લીધે સ્ટ્રેસ હોરમોન્સનું પ્રમાણ વધી જાય છે તથા મનની અને શરીરની બીમારીઓ પેદા થાય છે અથવા શરીરની બીમારીઓનું પ્રમાણ વધી જાય છે.

શારીરિક ભય હોય કે મનની ઘવાયેલી / દુભાયેલી લાગણીઓને લીધે સ્ટ્રેસ ઉત્પન્ન થાય, સ્ટ્રેસની પ્રક્રિયા તો ઉપર જણાવ્યા મુજબ જ થાય છે. અને સ્ટ્રેસ હોરમોન્સ તથા સ્ટ્રેસ રસાયણોનું પ્રમાણ ખૂબ વધી જાય છે. જેની નકારાત્મક અસર શરીરના અવયવો ઉપર થાય છે.

- **સ્ટ્રેસ હોરમોન્સની અસર લાંબા સમય સુધી :**

૧. આધુનિક જીવનશૈલી તથા સંજોગોને લીધે મનની ઘવાયેલી લાગણીઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે.

૨. આ ઘવાયેલી લાગણીઓ દ્વારા ઉત્પન્ન થયેલ સ્ટ્રેસ હોરમોન્સ અને રસાયણોનું યોગ્ય કાર્ય (શારીરિક શક્તિ વપરાતી નથી) ન થતાં સ્ટ્રેસ હોરમોન્સ તથા રસાયણોની માત્રા શરીરમાં લાંબો સમય સુધી રહે છે.

૩. આ સ્ટ્રેસ હોરમોન્સનું ટોક્સીનમાં પરિવર્તન થાય છે. જે શરીરના અવયવો માટે નુકસાનકારક છે. આ ટોક્સીન શારીરિક બીમારીનું કારણ બને છે તથા શારીરિક બીમારી હોય તો આ શારીરિક બીમારીનું પ્રમાણ વધારે છે.

સ્ટ્રેસની બીમારી, લક્ષણો તથા સારવાર વિશે હવે પછીના લેખોમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

*પાર્લામેન્ટમાં સામસામે એકબીજા પર આક્ષેપો કરનારમાં કોઈ દૂધે ધોયેલું નથી. ઉકરડા પરથી ગુલાબ જડી આવે પણ પાર્લામેન્ટમાંથી સદ્‌ગૃહસ્થ અને નિષ્ઠાવાન કહી શકાય એવો માણસ ભાગ્યે જ જડે!*

**"કચ્છશ્રુતિ" લવાજમ**

★ આજીવન (૧૫ વર્ષ) : રૂ. ૧,૫૦૦/-

★ ૫ વર્ષના : રૂ. ૧,૦૦૦/-

★ ૨ વર્ષના : રૂ. ૫૦૦/-

રંગતરંગ (વાઇબ્રન્ટ હાસ્ય)

# સ્માઇલ મોર – સ્કોર મોર

• ડૉ. આશિષ ચોક્સી •

૨૯ જાન્યુઆરી રવિવારે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભઆઈ મોદીએ રેડિયો પર પ્રસારિત થતા તેમના 'મનકી બાત' કાર્યક્રમમાં 'સ્માઇલ મોર - સ્કોર મોર'નો નવો જ મંત્ર વિદ્યાર્થીઓને આપ્યો. ભણતી વખતે ભણવામાં ધ્યાન આપો, ખાવા-પીવામાં ધ્યાન આપો. મોબાઈલ ઓછો વાપરો તેમજ આડો અવળો સમય ના વેડફો જેવી સલાહ તો શિક્ષકો અને માતા-પિતા હંમેશાં આપતા જ હોય છે. પણ વધુ માર્કસ મેળવવા અથવા સફળ થવા સ્માઇલ આપતા રહો તે વિચાર ખરેખર ખૂબ સુંદર અને દરેક વિદ્યાર્થીએ અપનાવવા જેવો છે. ભણવાના ક્ષેત્રમાં હરીફાઈ સાથે માનસિક તાણ તો હંમેશાં રહેતી જ હોય છે. પણ હસતા રહી આપણું કાર્ય કરીએ તો તેની મજા જ અલગ હોય છે. વિદ્યાર્થીઓને પ્રશ્ન થાય કે પરીક્ષા નજીક હોય અને હસતા કેવી રીતે રહેવાય? પણ હસતા રહો એટલે ખુશ રહી ભણો કરો તેવો અર્થ વિદ્યાર્થીઓએ લેવો. રોજ ૨૦ મિનિટ જેટલો સમય પોતાનું મનગમતું કાર્ય કરી ખુશ રહી શકાય. કોઈને છાપું કે મેગેઝિન વાંચવું ગમે, કોઈને સંગીત સાંભળવું ગમે, કોઈને મનગમતી વાનતી આરોગવી ગમે તો કોઈને પોતાના પ્રિય મિત્ર સાથે ફોન પર વાતો કરવી ગમે. પરીક્ષા નજીક હોય અને આ બધું કરવામાં ૨૦ મિનિટ જેટલો પણ અમૂલ્ય સમય ક્યાં વેડફવો? એવું ના માનવું. પોતાને ગમતું ૨૦ મિનિટ માટે પણ કરી બીજા ૨૦ કલાક ખુશ રહી ભણવાની શક્તિ વિદ્યાર્થીઓને મળી શકે. પરીક્ષા નજીક હોય અને વાંચતા વિદ્યાર્થીઓને મોટા ભાઈ કે બહેન તેના ટેબલ પાસે જઈ તેને નાનો જોક કહી હસાવી શકે. ખુશ રહેવાથી અને હસવાથી હકારાત્મક વિચારો ધરાવતા અંતસ્રાવો શરીરમાં ઉત્પન્ન થતા હોય છે. જે બાળકો હસતા નથી કે ખુશ રહેતા નથી તે વિદ્યાર્થીઓના મગજમાં ભૂતકાળના કોઈ નિષ્ફળતાના કે કોઈ પરીક્ષામાં ઓછા માર્કસ આવ્યા હોય તે વિચારો મગજમાં ચાલુ થઈ જાય છે. આવા નકારાત્મક વિચારો વિદ્યાર્થીઓનો અગત્યનો સમય તો બગાડે જ છે તે ઉપરાંત તેમની યાદશક્તિ પર પણ અસર પડે છે. છેવટે તેમના લક્ષ્યપ્રાપ્તિ માટેના સમયપત્રકને પણ અસર પડે છે. કોઈ પણ પરીક્ષામાં પહેલા પાંચ વિદ્યાર્થીઓનું જ્ઞાન તો એકસરખું જ હોય છે. ફર્ક તેઓ પરીક્ષાના દિવસોમાં કેવા રહે છે તેનાથી પડે છે. જે વિદ્યાર્થીઓ આ છેલ્લા દિવસના સમયને હસીને અને હળવા રહીને લે છે તેમને ધ્યેય પ્રાપ્તિમાં કોઈ મુશ્કેલી રહેતી નથી. આખા વર્ષ દરમિયાન હસતા રહીને મહેનત કરવામાં આવે તો ગમે તેટલી અઘરી પરીક્ષામાં સફળ થવું, એ રમત વાત બની જશે. બાળકો તેમનો પરીક્ષા નજીક આવેલો સમય ખુશ રહીને અને હસતા રહીને પસાર કરે તેમાં કુટુંબીજનોનો ફાળો પણ એટલો જ અગત્યનો છે. તેના આ સમયમાં માતા-પિતાએ પોતે તેની પાછળ ખર્ચેલા નાણાં કે સમયની યાદ અપાવવાની જરૂર નથી હોતી. તેની હાજરીમાં ઘરના અન્ય પ્રશ્નોની ચર્ચા ટાળવી. તેને અન્ય સફળ બાળકોના ઉદાહરણ પરીક્ષા નજીક આવે ત્યારે વારંવાર ના આપવા. આવા વાતાવરણમાં બાળક ક્યારેય હસી નહીં શકે. આગળ કીધું એમ કોઈ જોક કે કોઈ કોમેડી સિરિયલની વાત કરી તેને વધુ હસાવો અને વધુ સ્કોર કરવામાં મદદ કરો.

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ,*
*મેમનગર, અમદાવાદ.*
*મો. ૯૮૯૮૦ ૦૧૫૬૬*

## આવકાર, માન, સ્નેહ જરૂરી છે

*એક ચિત્તાકર્ષક લોકોક્તિ છે કે :*

***આવ નહીં, આદર નહીં, નહીં નૈનન મેં નેહ,***
***તે ઘર કભી ન જાઈઓ, ભલે કંચન વરસે મેહ.***

***અર્થાત્ :*** જ્યાં આવકાર ના હોય, માન ના જળવાતું હોય, કે આવકાર કરનારની આંખોમાં સ્નેહ ના જોવા મળે, તે સ્થળે ભલે સોનાનો વરસાદ થતો હોય તો પણ પગ ન મૂકવો.

કોઈને આમંત્રવાથી કોઈ આવતું નથી, પણ આવકારમાં આદર જોઈએ અને વાતાવરણ પણ પ્રફુલ્લિત હોવું જોઈએ.

અર્થશાસ્ત્ર - બજેટ

# બજેટમાં કચ્છના પ્રશ્નોને વાચા ન મળી

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

ભારતમાં આઝાદી બાદ પ્રથમ વખત જ નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજીએ મુખ્ય બજેટ સાથે જ રેલવે બજેટ રજૂ કર્યું. અત્યાર સુધી પ્રજાને સંપૂર્ણપણ સંતોષ અનુભવાય એવા બજેટનો અનુભવ થયો નથી. તેથી બજેટ અંગે મતમતાંતરો મીડિયામાં વહેતા જ રહે છે. બજેટના પ્લસ - માઈનસ પોઈન્ટ્સ ચર્ચામાં રહેતા હોય છે. શ્રી જેટલીએ બજેટને વસંતની વધામણી સાથે જોડ્યું. રૂા. ૧,૩૧,૦૦૦ કરોડ રેલવે માટે ફાળવ્યા. રેલવેની સાથે ટ્રાન્સપોર્ટેશનનો વિકાસ થશે. ૨૦૦૦ કિ.મી.ના કોસ્ટલ માર્ગોનું નિર્માણ થશે. હાઈવેના વિકાસ અર્થે ૬૪,૦૦૦ કરોડની જોગવાઈ રખાઈ છે. ૩૫૦૦ કિ.મી.ના નવા રેલવે ટ્રેકની જોગવાઈ છે. દિવ્યાંગો માટે ૩૦૦ સ્ટેશનો પર લિફ્ટ તથા એસ્કેલેટરની સુવિધા અપાશે. રેલવેની સુરક્ષા માટે એક લાખ કરોડનું ભંડોળ ફાળવાશે.

કચ્છની પ્રજા લાંબા સમયથી લાંબા રૂટોની રેલવે સુવિધાઓ ઝંખે છે. પરંતુ આ પ્રજાની લાગણી તથા માંગણી આ બજેટમાં પણ સંતોષાઇ નથી. ગુજરાતમાં આવા અનેક શહેરોની માંગ સંતોષાઈ નથી.

આવક મર્યાદની મર્યાદા રૂા. ૨.૫૦ લાખથી રૂા. ૩ લાખ કરવામાં આવી. પાંચ લાખ સુધી પાંચ ટકા કર. પરંતુ અવારનવાર વધતા મોંઘવારી ભથ્થાઓ તથા સાતમું પગાર પંચ તેનું બેરિયર્સ આદિને લક્ષમાં લઈએ તો આ મર્યાદા ઓછામાં ઓછી પાંચ લાખ સુધી રાખવી આવશ્યક જણાતી હતી. પરિણામે અર્થશાસ્ત્રના નિષ્ણાતો જણાવે છે કે એક હાથે નવા પગાર ધોરણો અપાયા, જેના લાભ આવકવેરામાં ઓછી રાહત આપી છીનવાયા.

કૃષિ ક્ષેત્રે વિક્રમજનક ૧૦ લાખ કરોડનું ધિરાણ અપાશે. કૃષિ વિકાસ દર ૪.૫ ટકા રખાયો છે. પાક વીમાનો વ્યાપ ચાલીસ ટકા કરાયો છે. ખેડૂતોની આર્થિક સ્થિતિ વિશેષ સુધરી શકે. ખેડૂતો ખેતી માટે આધુનિક ઓજારો ખરીદી શકે. જેમાં ગ્રાસ કટર, બુલડોઝર, હેવી ટ્રેક્ટર્સ, ઈલેક્ટ્રિક મોટર્સ આદિ સમાવિષ્ટ છે.

ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી. તેથી ભાવ બાંધણું આવશ્યક છે. તે માટે નક્કર યોજના આવશ્યક છે. કિસાનોને પૂરતું પાણી મળી રહે - પૂરતી વીજળી મળી રહે તે પ્રત્યે વિશેષ ધ્યાન આપવું જરૂરી છે.

ખેડૂતોને ઉત્પાદન મુજબ ભાવ મળે, રાહત દરે પાણી મળે, કચ્છ જેવા સૂકા પ્રદેશોને નવ પલ્લવિત કરવા માટે નર્મદા યોજના દ્વારા ખેતરે ખેતરે, ગામડે ગામડે જળની વ્યવસ્થા એ યક્ષપ્રશ્ન છે.

સિનિયર સિટીઝનો માટે જ્યારે આવકવેરા મર્યાદા અઢી લાખ હતી ત્યારે ત્રણ લાખ સુધીની છૂટછાટ મળતી. આ બજેટમાં સિનિયર સિટીઝન માટે થોડી વિશેષ રાહત આવશ્યક હતી. બે વર્ષમાં દરેક ગામમાં વીજળી હોવાના વચનો અપાયા છે. નાબાર્ડ તથા સિંચાઈ તથા ડેરી માટે જંગી ફાળવણી કરવામાં આવેલ છે. ૭૦૦૦ કરોડ ખેતી માટે ખાતરની ફાળવણી માટે ફાળવવામાં આવ્યા છે.

દવાઓ તથા કોસ્મેટિક્સની કિંમતો પર કન્ટ્રોલ લવાશે. જેથી દર્દીઓને ફાયદો થવાનો સંભવ છે. સિનિયર સિટીઝનોને હેલ્થ કાર્ડ મળશે. જે ગંભીર માંદગીના સમયે પણ ઉપયોગી તથા રાહતરૂપ બની રહેશે. મનરેગા યોજના તળે સમગ્ર દેશમાં દસ લાખ તળાવ બનાવવાની યોજના છે. હવેથી દેશની પોસ્ટ ઓફિસોમાંથી પાસપોર્ટ અંગેની સુવિધા થશે. પરિણામે પાસપોર્ટ માટે અમુક જ શહેરોમાં જવા - આવવાનો ખર્ચ નહીં થતા રાહત થશે.

મહિલાઓ તથા બાળ વિકાસાર્થે ૧.૮૪ લાખ કરોડની જોગવાઈ છે. જેમાં પ્રસૂતિ ખર્ચ, બાળ ઉછેર ખર્ચ, મહિલાઓ - બાળકો માટે વિવિધ રસીકરણો, નોકરિયાત મહિલાઓ માટે રજાઓની જોગવાઈઓ સમાવિષ્ટ છે. જેથી દેશની કરોડો મહિલાઓ લાભાન્વિત થશે. મનરેગા યોજનામાં ચાલુ વર્ષે ૯૫૦૦ કરોડ વધુ ખર્ચાશે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રૂા. ૨૩૦૦૦ કરોડ ખર્ચાશે. એફોર્ડેબલ હાઉસિંગને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો અપાયો છે.

અમદાવાદ શહેરમાં બુલેટ ગતિથી ૧૫ લાખ મકાનોનું નિર્માણ થશે. સાબરમતી આશ્રમની ૧૦૦ વર્ષની ભવ્ય ઉજવણી થવા પામશે. નાના ઉદ્યોગો, મધ્યમ ઉદ્યોગો માટે પણ વિકાસમાર્ગ મોકળો બનાવવા કેટલીક રાહતો આપવામાં આવી છે. મસાલા બોન્ડ અને ટેક્ષ બેનીફીટ મળવા પામશે. સ્ટાર્ટ અપ કંપનીઓ માટે કરવેરામાં રાહત જાહેર કરવામાં આવેલી છે. સ્ટાર્ટ અપ કંપનીઓ માટે સાત વર્ષની મુક્તિ મર્યાદા અપાયેલી છે. અગ્રણી ઉદ્યોગ ગૃહોની માર્કેટ કેપમાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૦ ઉપર)

**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકાયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નમ્ર વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**

# Gujarat's Leading Electronic Manufacture

(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

# શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેની ંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

II SHRI HARI II



# SHREE SWAMINARAYAN TRAVELS

22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

# શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

## શ્રી હરિ ટ્રાવેલ્સ

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ





# SHREE SAHJANAND TRAVELS

Visit us: www.sst.bookong.com

**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**

M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078

**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**

**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

# Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

# BLUE EYE

YOUR SPY EYE



ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE



For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254

**CHINA • INDIA • KENYA**



079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

વાર્તા

# દાદાની દીકરી

• બલવીરસિંહ જાડેજા •

"દા...આ...દા... દાદાને જય જય કરો પરી" સવારમાં નાહી ધોઇને હરિપ્રસાદ પહેલા માળે આવેલા પોતાના ફ્લેટની બાલ્કનીમાં ટુવાલ સૂકવવા ઊભા હતા ત્યારે બાજુની બંગલાવાળી સોસાયટીમાં, સામે જ ઊભેલા, જૂના ઓળખીતા કંકુબેન એક નવ-દસ મહિનાની, પરાણા વહાલી લાગે તેવી ઢીંગલી જેવી દીકરીને તેડીને, પોતાના તરફ "દાદાને જય જય કરો પરી" કહી રહ્યા હતા. પરીએ દાદા તરફ હાથ જોડી જય જયની મુદ્રા કરી ત્યારે હરિપ્રસાદ હાથ જોડીને પછી હાથ હલાવતા આનંદ અને ખુશીના સાગરમાં ડૂબી ગયા.

કંકુબેન વરસો પહેલાં, વરસો સુધી, હરિપ્રસાદને ત્યાં ઘરકામ કરતા હતા. પછી ઉંમર થતાં, કચરા પોતા કે બેસીને વાસણ સાફ કરતા. અશક્ત બન્યા પછી આવા નાના બાળકોને સાચવવાનું હળવું કામ કરી, કુટુંબને ઉપયોગી થતા. આ બંગલો કોઈ ગુજરાત બહારના સરકારી અધિકારીનું રહેઠાણ હતું. બંને પતિ-પત્ની સરકારમાં અધિકારી હોઈ, કંકુબેનને બાળકીને સાચવવા, સવારથી રાત સુધી, રાખેલા. પછી તો રોજનો ક્રમ થયો. હરિપ્રસાદ બાલ્કનીમાં સવારમાં, નિયત સમયે જાય ત્યારે કંકુબેન પરીને લઈને ઊભા હોય, જય જય કરાવે. હરિપ્રસાદ જય જય કહી હાથ હલાવે. પછી પરી પણ હાથ હલાવે અને બંનેના મોં પર ખુશી ફરી વળે.

દસેક દિવસના આ ક્રમ પછી, પરી પણ જાણે દાદાને જય જય કરવા રાહ જોતી હોય તેમ કંકુબેનને આંગળી બતાવી "દાદા" બોલી બાલ્કની તરફ તાકી રહે, કે ક્યારે દાદા બાલ્કનીમાં આવે છે...

એ દિવસ રજાનો હતો. હરિપ્રસાદ બાલ્કનીમાંથી પરી તરફ હાથ હલાવતા હતા ત્યારે પરીના મમ્મી પણ ત્યાં આવ્યા અને તેમણે દીકરીની નિત્યક્રમની ચેષ્ટા જોયા પછી કંકુબેનને અંદર બોલાવી લીધા.

બે-ત્રણ વરસોથી ગુજરાતમાં રહેતા હોવાથી હિંદી ભાષી હોવા છતાં, ગુજરાતી સમજતા અને ખપ પૂરતું બોલતા સન્નારીએ, કંકુબેનને તાકીદ કરી, "આવા વૃધ્ધ માણસો સાથે બાળકોની બહુ આત્મિયતા કેળવવાની નહીં. કોણ જાણે કેવાય માણસો હોય? બાળકો સાથે સંબંધ કેળવી નજીક આવે પછી ગમે તેમ અડપલાં કરે કે ગમે તે કરે. આવા કિસ્સા આપણે ન્યુઝ પેપરમાં વાંચતા હોઈએ છીએ. એ દાદા બાલ્કનીમાં હોય ત્યારે પરીને બહાર નહીં લાવવાની. આપણી સરખામણીના માણસો સાથે જ સંબંધ રાખવાનો. આપણા 'સ્ટેટસ'થી નીચા કે આવા સામાન્ય ફ્લેટમાં એકલા રહેતા માણસો સાથે સંબંધ જ નહીં રાખવાનો, સમજ્યા?"

કંકુબેન ચૂપ થઈ ગયા. તે પોતે તો હરિપ્રસાદ અને કુટુંબ વિશે જાણતા હતા. સુનમુન થઈ કાંઈ જવાબ આપી શક્યા નહીં કારણકે નોકરી કરવી હતી. પણ મનમાં ને મનમાં પસ્તાતા રહ્યા.

બીજા દિવસે હરિપ્રસાદ બાલ્કનીમાં, કંકુબેન સાથે પરીની રાહ જોતા રહ્યા. પણ કોઈ આવ્યું નહીં. એમનો આખો દિવસ ઉચાટમાં અને શંકા-કુશંકા કરવામાં જ ગયો. રાત્રે ઊંઘ પણ ન આવી. પરીને તો કંકુબેને બીજી રમત કે ધ્યાન બીજે પરોવીને દાદા પાસે જવાની વાત ભૂલાવી દીધી. નિર્દોષ બાળક તો ભૂલી ગયું. ત્રીજો - ચોથો - પાંચમો એમ દિવસો વીતતા ગયા. પણ નિત્યક્રમ જાણે બંધ જ થઈ ગયો. હરિપ્રસાદ બેચેન રહેવા લાગ્યા. પછી અફસોસ સાથે, નિસાસા નાખી, પરી સાથેની ચેષ્ટા ભૂલવા મથતા રહ્યા.

બે-એક મહિના પછી સાંજે, અચાનક કંકુબેન રસ્તામાં મળી ગયા. હરિપ્રસાદે પૂછ્યું, 'કેમ કંકુબેન! પરીને 'જય-જય દાદા' કરાવવાનું બંધ કરી દીધું? ક્યાં જાવ છો આ બાજુ?'

કંકુબેન રડી પડ્યા. હરિપ્રસાદ સામે નજર પણ મિલાવી શક્યા નહીં. નીચું જોઈને બોલ્યા, 'શું કહું દાદા તમને! તમારા ઘર સાથે વરસો સુધી જોડાયેલી રહી. મને બહુ દુઃખ થયું પણ હકીકત આ છે.' એમ કહી પરીની મમ્મીએ કહેલી વાત કરી. 'હું જાણું છું તમારી અને તમારા કુટુંબની ખાનદાની, સંસ્કાર અને સામાજિક મોભો શું હતો અને શું છે! મારું તો મન જ ઉઠી ગયું છે. બસ, બે દિવસ પછી પરીનો પહેલો જન્મ દિવસ છે. એના કામ માટે જ નીકળી છું. જન્મદિવસ ઉજવાઈ જાય પછી હું પણ આ કામ છોડી દેવાની છું. બસ, આટલી જ વાર છે."

વાત સાંભળી હરિપ્રસાદની આંખમાં પણ ઝળઝળિયા આવી ગયા. "હશે કંકુબેન, તમારે મારા ખાતર આવી નોકરી શા માટે છોડવી જોઈએ. હંમેશાં આપણી ઇચ્છા મુજબ થોડું બધું બનતું હોય છે.

આજે સોમવાર છે. બુધવારે પરીનો જન્મ દિવસ છે ને?''

''હા દાદા...'' કહીને ગમગીન બની, ભારે મને, દાદાની વિદાય લઇ, કંકુબેન ચાલતા થયા.

હરિપ્રસાદનું મન ખિન્ન થઈ ગયું. હશે જેવા નસીબ.

બે દિવસ પછી સાંજના બાલ્કનીમાં ખુરશી નાખી હરિપ્રસાદ પરીના જન્મ દિવસમાં, પરીના બંગલામાં લોકોની આવન જાવન જોતાં રહ્યા. સૌ પરી માટે કાંઈને કાંઈ ગીફ્ટ લઈને આવતા. કેક કે આઈસ્ક્રીમ ખાઈ, બાળકો ફુગ્ગા, પીપુડા વગાડતા... ધમાલ કરતા કરતા સૌ વિખરાયા. હરિપ્રસાદે જોયું કે હવે લગભગ બધા જ મહેમાનો જતા રહ્યા છે ત્યારે નીચે ઉતરી, ઘરમાં એક જગ્યાએ સાચવીને રાખેલી બ્રિફકેસ લઈને બાજુની સોસાયટીના બંગલે પહોંચ્યા. ઘરનો દરવાજો બંધ હતો. જઈને બેલ મારી. પરીની મમ્મીને એમ કે કોઈ મહેમાન મોડેથી આવ્યા હશે. પરીના મમ્મી-પપ્પા, પરીના બર્થ-ડે માં આવેલા ગીફ્ટ પેકેટ, એક પછી એક ખોલીને, રમકડા કે પરી રમી શકે તેવી વસ્તુઓ, પરીને બતાવતા હતા. બેલ વાગી એટલે કંકુબેનને સાદ પાડ્યો. કંકુબેન રસોડામાં બધું વ્યવસ્થિત કરી રહ્યા હતા. 'કંકુબેન, દરવાજો ખોલો, જુઓ તો કોણ મહેમાન આવ્યું છે?'

કંકુબેને દરવાજો ખોલ્યો અને આશ્ચર્યથી પહેલા તો કાંઈ બોલી શક્યા નહીં. પછી બોલ્યા, ''દાદા તમે?''

''હા...કંકુબેન, ક્યાં છે પરી? લો એના માટે મારા તરફથી બર્થડે ગીફ્ટ. એના મમ્મી-પપ્પાને આપજો.'' કહીને બ્રિફકેસ કંકુબેન સામે ધરી. ત્યાં તો વાતચીત સાંભળીને પરીને તેડીને, એના મમ્મી-પપ્પા પણ બહાર આવી ગયા. હજી તેઓ કાંઈ પૂછે કે બોલે તે પહેલાં જ પરીએ હરિપ્રસાદને જોઈને દા...દા... કહીને હાથ જોડ્યા. હરિપ્રસાદે જય જય કહીને, પરીના ગાલે હાથ ફેરવ્યો અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. અચાનક દાદાને રડતા જોઈને પરી પણ, બાળસહજ અવાક્ બની રડી પડી.

પરીના મમ્મી-પપ્પાને કાંઈ સમજણ ન પડતાં આશ્ચર્ય અને આઘાતથી જોઈ રહ્યા. કંકુબેને બ્રિફકેસ નીચે મૂકી તુરત રસોડામાં જઈને પાણી લઈ આવ્યા. એક પ્યાલો હરિપ્રસાદને આપ્યો અને પછી તુરંત પરીને એની મમ્મી પાસેથી લઈ, છાની રાખી પાણી પીવડાવવા લાગ્યા અને રડતી પરીને શાંત કરી.

હરિપ્રસાદે પણ શાંત થઈ જાતને સંભાળીને આંસુ લૂછી, 'ના દીકરી... રડવાનું નહીં કહીને ચાલો જય જય કરો દાદાને...' કહીને પરીને તેડવા હાથ લંબાવ્યો.

પરીના મમ્મી અણગમા સાથે જોઈ રહ્યા. પણ પરી દાદા પાસે જવા ઝુકી એટલે પરીના પપ્પાએ પોતાની સામે જોઈ રહેલા કંકુબેનને, માથું હલાવી સંમતિ આપી. એટલીવારમાં તો પરી દાદાના હાથમાં જતી રહી અને દાદાને તેમના ટાલ અને સફેદ વાળવાળા માથાને જોતી રહી.

''બહેન... ભાઈ...! મારે પણ આવી જ પરી જેવી એક પૌત્રી હતી, મિશા. મારો પુત્ર અને પુત્રવધૂ અમેરિકાથી ૧૦ મહિનાની મિશાને લઇને અહીં આવ્યા હતા. મારો પુત્ર અમેરિકાના મિનેસોટા રાજ્યના ગવર્નરનો સેક્રેટરી છે. થોડા દિવસ રોકાઈને જતો રહ્યો મિશા અમારી એટલી તો હેવાઈ થઈ ગઈ કે, આખો દિવસ દા..દા... અને દા...દી... બોલ્યા કરતી. હું અને મારી પત્ની બંને પૌત્રીમય થઈ ગયા હતા. થોડા દિવસ પછી એનો પહેલો જન્મદિવસ આવતો હોવાથી એની તૈયારીમાં લાગી ગયા. એની દાદીએ જાતે એના માટે રંગબેરંગી ઉનના મોજા, સ્વેટર, ટોપી વગેરે બનાવ્યા. મેં પણ બજારમાંથી સારામાં સારા અને જાતજાતના રમકડાં ભેગા કર્યા. પણ... પણ.... હરિપ્રસાદ ફરી લાગણીભીના બની ગયા. પરિને ત્યાં ઉભેલા કંકુબેનને આપીને એમણે એમના આંખના ખૂણા લૂછ્યા.

'બહેન, હું પણ રિટાયર્ડ મામલતદાર છું. મારો દીકરો મેં કહ્યું તેમ ઉચ્ચ હોદ્દા પર છે. દીકરી અને જમાઇ બંને નાસામાં સાયન્ટીસ્ટ તરીકે ફરજ બજાવે છે. હું ભલે નાના એવા ફ્લેટમાં રહું છું પણ મેં મારી કારકિર્દીમાં પ્રામાણિકતા, મહેનત, આવડત અને જવાબદારીથી જુનિયર ક્લાર્ક તરીકે દાખલ થઈને મામલતદારના હોદ્દા ઉપર પહોંચી રીટાયર્ડ થયો છું. બંને છોકરાઓને ઉચ્ચ શિક્ષણ આપી, પ્રામાણિકતા - મહેનતના પાઠ ભણાવી અમેરિકા મોકલ્યા અને આગળ વધાર્યા છે. હા... હું પૌત્રી મિશાની વાત કરતો હતો. તેના પહેલા જન્મ દિવસના ૧૦ દિવસ પહેલાં જ, તેને કોઈ ઇન્ફેક્શન કે વાઇરલથી બાળકની સહન શક્તિ કેટલી હોય? એકાએક શરીર પર લાલ ચકામા અને સખત તાવ અને સહન કરી ન શકે તેવો શરીરનો દુઃખાવો, શરીર પર હાથ અડાડીએ તો પણ ચીસો પાડે તેવી હાલત એકાએક થઈ ગઈ. મેં શહેરની સારામાં સારી હોસ્પિટલ અને નિષ્ણાતો પાસે દોડાદોડી કરી, શક્ય હોય તે બધી જ સારવાર કરાવી પણ મારી ફૂલ જેવી બાળકી ચાર જ દિવસમાં ખરી પડી.'' કહીને હરિપ્રસાદ ફરી રડી પડ્યા. કંકુબેન પરી, ફરી દાદાને જોઈને રડી ન પડે એટલે તેને તેડીને અંદર જતા રહ્યા.

"એના આઘાતમાં મારી પત્ની મિશાની દાદી મને છોડીને પૌત્રીના વલોપાતમાં, ઉજાગરા અને બી.પી.ને લઈને મને છોડીને જતી રહી. ડાયાબિટીસની દર્દી તો હતી જ, આઘાત સહન ન કરી શકી. દીકરો અને દીકરી, સૌ દોડી આવ્યા પણ જે થવાનું હતું તે... તો થઈ ગયું. દીકરો - દીકરી, પુત્રવધૂ સૌ રડતાં રડતાં પાછા ગયા. હું એકલો અટુલો ભગવાનને ફરીયાદ કરતો કે યાદ કરતો જીવી રહ્યો છું. પરીને જોઈને મને ખૂબ ખૂબ આનંદ થયો. પહેલા દિવસે કંકુબેને દા...દા... બોલાવ્યું અને મને જય જય કરી હાથ જોડાવ્યા ત્યારે લાગ્યું કે મારી મિશા, પરીના રૂપમાં પાછી આવી. મને જીવવાનું જાણે બળ મળી ગયું. કંકુબેન રસ્તામાં મળતા એમણે પરીના જન્મ દિવસની વાત કરી એટલે પરીના રૂપમાં મેં જાણે મિશા પાછી આવી એમ મન મનાવી મિશા માટે મેં અને મારી પત્નીએ પ્રથમ જન્મદિવસ માટે તૈયાર કરેલી ભેટ આપવા દોડી આવ્યો. મહેરબાની કરી પરીને આ વસ્ત્રો પહેરાવજો અને રમકડાથી રમાડજો. મારા આત્માને શાંતિ થશે અને પરીના સુખથી ભરેલા તંદુરસ્ત અને દીર્ઘાયુષ માટે હું મારા ભગવાનને હંમેશાં પ્રાર્થના કરીશ. આટલી મારી વિનંતી સ્વીકારવાની આપને હું અરજ કરું છું. અને હા, "કંકુબેન..." સાદ પાડીને હરિદાદાએ કંકુબેનને બોલાવ્યા.

"કંકુબેન, પરી જ્યાં સુધી અહીં હોય ત્યાં સુધી તમે એની સાથે જ, એને રાખવા માટે, અહીં જ રહેજો. હું પરીના મમ્મી-પપ્પાને, તમને રાખવાની ભલામણ સાથે વિનંતી પણ કરું છું. અને મારા વતી તેને ખૂબ ખૂબ રમાડજો અને વહાલ કરજો. બસ નમસ્કાર." કહીને હરિપ્રસાદ, આંખમાં આંસુ સાથે પરીને બાય-બાય કરી, હાથ હલાવતા હલાવતા વિદાય થયા. પરી પહેલાં દાદાને હાથ હલાવતા જોઈને હાથ હલાવી આવજો કરતી રહી. પછી દાદા પોતાને મૂકીને જતા જોઈને દા..દા... કહીને રડી પડી. કંકુબેન અને પરીના મમ્મી-પપ્પા પણ આંખમાં આવેલા આંસુ લૂછતા, દાદાને જતા જોઈ રહ્યા.

*૧૨, ઘર આંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે,*
*ચાઈલ્ડ કેર પાછળ, વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## વિજ્ઞાનીઓને આપણે નત મસ્તકે વંદન કરવા જોઈએ

અગર કોઈ તરસ્યાને પાણી પીવડાવવું તે પુણ્ય છે અને તેથી બે માટલા મૂકીને પરબ કરો તો દિવસમાં ૨૫-૫૦ વ્યક્તિની તરસ છીપે. પરંતુ પેટાળમાંથી પાણી બહાર ઉલેચી લાવતી બોરની ટેકનિક કે પાણીની રીસાઈકલ માટેના પ્રોજેક્ટથી ગામ આખાને અથવા તો ૫,૦૦૦ – ૧૫,૦૦૦ની વસતિની પ્યાસ બુઝાય અને કૃષિ શક્ય બને તો તે શોધક, સંશોધક કે સિસ્ટમ અપનાવનાર પુણ્યનો અધિકારી કેમ ન મનાય?

એક વડીલ કે કમજોરની નજીક બેસીને કલાક સુધી હાથ પંખો વિંઝો અને તેને અનુકંપા કે પુણ્ય મનાતું હોય તો એક વિજ્ઞાની તો પંખા, કુલર કે એ.સી.ની શોધ કરીને જે કૃપા કરે છે તે તેનું જીવન આવા સંશોધનમાં સોંપી દે છે. તેને સંત પુરુષ માનીને મનોમન આશિર્વાદ કેમ ન અપાય?

કોડિયામાં દીવડો પૂરનાર પરમ કૃપાળુ દાતા કહેવાતો હોય તો વીજળીની શોધ કરનાર વિજ્ઞાનીને કયો દરજ્જો આપીશું?

બીમારીથી તમને ઉગારનાર ભગવાન અને તમારી સારવાર કરનાર ડૉક્ટરને પણ જો ભગવાન માનતા હોઈએ તો તેની રસી, દવા, લેબ રિપોર્ટના સાધનો, સર્જરીની ટેકનિકના શોધકોને શું જશ આપીશું?

વિજ્ઞાનીઓ, સંશોધકોને ઋષિ કે સંતોનો દરજ્જો આપી આપણે તેઓને મનોમન નતમસ્તકે વંદન કરવા જોઈએ. તેઓની એક જ નિષ્ઠા રહી છે કે કઈ રીતે માનવ જગતને માટે વધુ અનુકૂળ અને પીડામુક્ત વાતાવરણ સર્જવું. આ સંશોધકોની પણ કોઈ સાધક સંત જેવી જ તપશ્ચર્યા હોય છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાન – આત્મા સાક્ષાત્કારની બડી બડી વાતો સાંભળવા જનારાઓએ વિજ્ઞાનીઓના પ્રવચનો, પ્રદર્શનોમાં હાજરી આપવી જોઈએ.

જો દુનિયાનો માપદંડ ગાડી, બંગલો અને ભૌતિકતા જ હોય તો આ સગવડો પણ વિજ્ઞાનીઓને આપવી જ રહી.

માહિતી

# અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે... (૩)

• ચૌલા કુરુવા •

એમ વિચાર જરૂર આવે કે અમેરિકા પાસે જેટલી જમીન છે એટલી જો ભારત પાસે હોત તો આ સવાસો કરોડની વસતિ ધરાવનાર સૌથી સુખી દેશ હોત. ભારત કરતા ચાર ગણો મોટો દેશ અમેરિકા છે. બીજી રીતે જોઈએ તો – અમેરિકાથી ભારતનો વિસ્તાર માત્ર ચોથા ભાગનો છે. જ્યારે વસતિની રીતે જોઈએ તો અમેરિકા કરતાં ચાર ગણી વધુ વસતિ ભારતની છે. છેલ્લા ૨૦૦ વરસમાં અમેરિકા અને ચીન જેવા રાષ્ટ્રોનો વિસ્તાર અનેકગણો વધી ગયો છે. જ્યારે ભારતનો વિસ્તાર છેલ્લા ૨૦૦ વરસોમાં ઘણો ઘટી ગયો છે અને વસતિ અનેકગણી વધી ગઈ છે. અમેરિકાની વસતિ માંડ ૩૪ કરોડની છે જ્યારે ભારતની ૧૨૫ કરોડની વસતિ થવા જાય છે.

૫૦ રાજય સાથે અમેરિકાનો વિસ્તાર ૯૮૨૬૬૭૫ ચો.કિ.મી. છે જયારે ભારતનો વિસ્તાર માંડ ૩૨૮૭૨૬૩ ચો.કિ.મી.નો છે. એટલે કે ત્રીજા ભાગનો માંડ થાય અને વસતિ ચાર ગણી વધારે. વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો વિશ્વના દેશોમાં રશિયા પ્રથમ ક્રમે, કેનેડા બીજા ક્રમે, અમેરિકા ત્રીજા અને ચીન ચોથા ક્રમે આવે છે. જ્યારે ભારતનો નંબર છેક સાતમો થવા જાય છે.

પણ વસતિની રીતે જોઈએ તો દુનિયાના દેશોમાં ભારત ચીન પછી બીજા ક્રમે આવે છે. આપણી એક મહત્ત્વની મુશ્કેલી આ જ છે. આઝાદી પછી છેલ્લા ૭૦ વરસમાં આપણી વસતિ ત્રણ ગણી વધી ગઈ છે પણ જમીન અને વિસ્તાર આઝાદી પછી પાકિસ્તાન અને બાંગ્લાદેશના ગઠનના કારણે ઘટી ગયા છે.

ઓછી વસતિ અને વધુ વિસ્તાર અને જમીનના કારણે અમેરિકામાં ગીચતા ઓછી છે. એક સ્થળેથી બીજા સ્થળે જતા માઈલો સુધી ખુલ્લી જમીનના દર્શન થાય છે. ફક્ત ખડકો અને પર્વતોથી માઈલોના માઈલો સુધી જવાનું અથવા લીલા હરિયાળા માઈલો સુધી પથરાયેલા ખુલ્લા વિસ્તારો જ્યાં કોઈ ગામ ન મળે કે બીજું કંઈ તો દેખાય જ ક્યાંથી...? મોટા વિશાળ રસ્તાઓ પર ગાડીઓની હારમાળા જ માત્ર દેખાય. રાત્રે કે ધોળા દિવસે પણ લાઈટોથી દીવા ટમટમતા હોય તેવું દૃશ્ય માઈલો સુધી દેખાય...!

અરે, એક શહેરથી બીજા શહેર કે નગરથી બીજે ગામ જતા પણ ખુલ્લી જમીન સિવાય કાંઈ ભાગ્યે જ દેખાય. આસપાસનું સુંદર દૃશ્ય કુદરતી સીન મોટાભાગના શહેરોની વચ્ચે અવશ્ય જોવા મળે. બીજા દેખાય મોટા મોટા શોપિંગ સેન્ટરો જે ખુલ્લી વિશાળ જગ્યાઓ ઉપર માત્ર સિંગલ માળના જ બનાવેલા હોય છે. અમેરિકાના મોટાભાગની County ના નિયમો પ્રમાણે શોપિંગ સેન્ટરો એક માળના જ – Single Floor ના એટલે કે ભોંયતળિયાના જ હોય છે. જે વિશાળ પાર્કિંગ પ્લોટ સાથેના હોય છે.

પાર્કિંગ માટેના અમેરિકાના કાયદા સખત છે. કાર ચલાવવાનું લાઈસન્સ જોઈતું હોય તો પણ તમારે કેમ પાર્કિંગ કરવું તે વિશેષ મહત્ત્વનું છે. શોપિંગ સેન્ટર હોય કે કોઈ કોમર્શિયલ સેન્ટર કે પછી મંદિર, પણ તેને બનાવતા પૂર્વે માલિકે એટલે કે બાંધનાર વ્યક્તિએ તેના પાર્કિંગની જમીન પણ સાથે જ લેવી પડે. તો જ બનાવી શકાય અને મંજૂરી મળે. અથવા પાર્કિંગની સંતોષકારક વ્યવસ્થા બતાવવી પડે છે.

જેમ જેમ સુવિધાઓ વધતી ગઈ અને સંશોધનો થતા ગયા તેમજ વિકાસ થતો ગયો, અમેરિકા પણ અત્યંત આધુનિક બની ગયું છે. ૧૦૦ વરસ પછીનો પ્લાન તેઓ તેમના દેશનો વિચાર કરીને કરે છે, પછી તે શહેરની નગર રચના હોય કે ઍરપોર્ટ કે રેલવેના કામો હોય કે રસ્તાના કે એવી કોઈ બીજી બાબત હોય. આખું જ અમેરિકા લગભગ એકસુત્રતા જળવાય તે રીતે બહુ જ પ્લાનિંગથી અને વિચારપૂર્વક બાંધવામાં આવ્યું છે. બાંધકામ તેમજ નવીનીકરણ અને સુંદરીકરણના કામો સતત ચાલ્યા જ કરે છે.

અમેરિકાને જોઈએ છે દુનિયાનું brain. એટલે કે દુનિયાના શ્રેષ્ઠ લોકો – પ્રોફેશનલ્સ – પોતાને ત્યાં આવે અને વસે તેવો તેનો આગ્રહ રહે છે. એટલે જ દુનિયાના પ્રોફેશનલ્સને તેણે વરસોથી પોતાના દેશમાં આકર્ષ્યા છે. સારી તકો અને પૈસા આપી અહીં જ વસવાના તમામ માર્ગો ખુલ્લા રાખ્યા છે. જેને કારણે જ તો અમેરિકાએ વિકાસ કર્યો છે અને નંબર ૧ દેશ આજે બની શક્યો છે.

લેબરની તેમને જાણે જરૂર જ ન હોય તેમ મશીનને જ સર્વોપરી બનાવીને કામ ચાલે છે. પછી તે શોપિંગ મોલ હોય કે પાર્કની જાળવણી હોય, કચરા ઉપાડવાનું કામ હોય કે સફાઈના કામો હોય, પેટ્રોલ પંપ પણ કેમ ના હોય. બધે જ તમને ઓછા લેબરથી કામ થતું હોય તેમ લાગશે. મશીનથી અને આધુનિક

ટેકનોલોજીથી કામો થાય છે અને વ્યવસ્થા જળવાય છે.

બાંધકામના કામો માટે પણ તેઓ લેબર બહારથી નથી લેતા. ખેતરમાં તો બિયારણથી માંડીને ખેતરને પાણી આપવાના, પાકની લણણી કરવાના વગેરે તમામ કામો મશીનથી થાય છે. એટલે ભાગ્યે જ વધારાના માણસોની જરૂર પડે.

પાર્કોમાં પાણી આપવા પણ ટાઈમર સાથે નળ અને લાઇનો હોય છે જેથી નિયત સમયે પાણી આપમેળે મળી જાય અને બંધ થાય. ખેતરોમાં પણ આવી જ વ્યવસ્થા હોય છે.

મશીન, આધુનિક ટેકનોલોજી અને organised રીતે લગભગ તમામ કામો અને વ્યવસ્થા ગોઠવાયેલા છે. લગભગ બધા જ ક્ષેત્રોમાં આવી વ્યવસ્થા છે.

જો કે આવા લેબરના અને નીચલા લેવલના કામોમાં આફ્રિકમ અમેરિકન કે મેક્સિકન લેટીન અમેરિકનો વધારે જોવા મળે છે. ભારતીયો અમેરિકામાં વધારે પ્રોફેશનલ્સ અને ઊંચા પગારદારો છે તેમજ સમૃદ્ધ પણ પ્રમાણમાં છે.

એટલે જ પર્યાવરણના નામે ઘણી ફેક્ટરીઓ કે ઓઇલ, પેટ્રોલિયમ વગેરે ઉદ્યોગો લાંબા સમયથી અહીં બંધ થયા છે અને અમેરિકા આવો તમામ સામાન બહારથી, એશિયાના દેશોથી આયાત કરે છે. જેમાં ચીન અને ભારત પ્રમુખ છે.

ત્યાં સુધી કે IT ઉદ્યોગો પણ ચીન પોતાના દેશમાં લઈ જવામાં સફળ થયું છે. અમેરિકા માત્ર out source કરે છે. પોતાને ત્યાં માર્કેટિંગની ઓફિસ રાખે છે માત્ર. જેથી વધુ લોકોને અમેરિકામાં વસતા અટકાવી શકાય અને lifestyle ઊંચી રાખી શકાય.

લોકોના જીવનધોરણ અને દેશના પર્યાવરણ તેમજ સુંદરતાની જાળવણી સરળ બની શકે એવો તેમનો અભિગમ રહે છે. અમેરિકામાં પગાર ધોરણ વધારે એટલે કે ઓછા કામે વધુ પૈસા આપનારો દેશ છે. એથી જ યુવાનો અને પ્રોફેશનલ્સને આ દેશનું આકર્ષણ વિશેષ છે.

સસ્તા લેબર માટે તેમણે તેમના દેશમાં પ્રવેશવાના ઇમિગ્રેશન અને ચેકિંગની વ્યવસ્થા પણ અમેરિકાના બદલે અબુધાબી મિડલ ઈસ્ટ જેવા દેશમાં રાખી છે.

તમે અમેરિકા જાઓ તો તમારું ઇમિગ્રેશન, ચેકિંગ અને પાસપોર્ટ પર છ માસની પરમિટનો કે તેવો કોઈ અન્ય સ્ટેમ્પ તમને અબુધાબીના ઍરપોર્ટ પર જ કરવામાં આવે છે. એટલે ન્યુયોર્ક કે સાનફ્રાન્સિસ્કો કે એવા બીજા અમેરિકાના ઍરપોર્ટ પર તમારે સામાન લઈને બહાર સીધા નીકળી જવાનું. ત્યાં પછી બીજી કોઈ ફોર્માલિટી નથી કે નથી બીજી કોઈ પ્રોસીજર.

હવે નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પેટ્રોલિયમ કાઢવા માંગે છે અને ફેક્ટરીઓ નાખવા માંગે છે. જોઈએ તેઓ કેટલા સફળ થાય છે!

ડોનાલ્ડ ટ્રમ્પે આવતાની સાથે જ ૨ કરોડ અમેરિકનોને લાભ પહોંચાડતી ઓબામા કેર નામની મેડિકલ રાહત બંધ કરી છે. એ જ દર્શાવે છે તેમનું વેરભાવયુક્ત અને નેગેટિવ વલણ અને અભિગમ. આ અમીર અને તઘલખી શાસક આવનારા દિવસોમાં કેવા પગલાં લે છે તે અમેરિકાનું ભવિષ્ય નક્કી કરશે.

જો કે જાણકારોનું માનવું છે કે અમેરિકા જેવી વિકસિત લોકશાહીમાં આવા મનઘડત ફેરફારો કરવા એટલા સરળ નથી. અમેરિકાની બ્યુરોક્રેસી અને સુરક્ષા એજન્સીઓ જ એનો વિરોધ કરી અને ઉલટાવી શકે છે. નવા પ્રમુખે શપથ લીધા ત્યારે પણ એનો લાખો લોકોએ જોરદાર વિરોધ કર્યો હતો અને આવા દેખાવો હવે અનેક સ્થાને ચાલી રહ્યા છે.

અમેરિકા તો મહાન અને વિકસિત રાષ્ટ્ર જ છે. એને આ ટ્રમ્પ કઈ રીતે મહાન કરવાના છે. અમેરિકામાં બેકારી અને ગરીબીની વાતો કરનારા અને દૂર કરનારા આ નેતા વાહિયાત બકવાસ કરી રહ્યા છે તેમ લાગ્યા વગર ન રહે. અમેરિકાની જનસંખ્યા જોતાં લેબરનો સવાલ જ મુખ્ય છે. એટલે જ તેમને બહારના લોકોની અને આયાત કરવાની જરૂરત ઊભી થઈ છે.

પ્રમુખને નોકરીઓ આપવી હોય અને ફેક્ટરીઓ શરૂ કરવી હોય તો બંદૂક અને શસ્ત્રો બનાવતી ફેક્ટરીઓ બંધ કરી નવી જીવનજરૂરી ચીજોની સામાન બનાવતી ફેક્ટરીઓ નાખવી પડે.

અમેરિકા તો પહેલેથી જ વસાહતીઓનો દેશ છે. ત્યાં વસાહતીઓના વિરોધની વાતો કરનારા આ પ્રમુખ કેટલા દિવસ સત્તા પર રહી શકે છે તે જોવાનું છે. તેમના વડદાદાઓ પણ યુરોપના આયર્લેન્ડના હતા. અમેરિકાની મૂળ વસતિ જે રેડ ઇન્ડિયનો તરીકે ઓળખાય છે, જે આજે પણ પછાત છે અને આદિવાસી જાતિના છે.

૪૫મા પ્રમુખ ટ્રમ્પે ટર્મ પૂરી કર્યા વગર જ વિદાય લેવી પડી શકે છે એવી આગાહી એલાન લીચમેન અમેરિકાના રાજકીય ઇતિહાસના નિષ્ણાતે કરી છે.

લીચમેન લગભગ અમેરિકાની ૧૯૮૪થી થઈ રહેલા ચૂંટણીઓના સમયથી આગાહીઓ કરતા આવ્યા છે અને ખોટા પડ્યા નથી. આ વખતે પણ ટ્રમ્પ જ પ્રમુખ બનશે એવી આગાહી કરી ચૂક્યા છે અને એનું એક પુસ્તક પણ લખી ચૂક્યા છે. તેમની હવેની આગાહી એવી છે કે ટ્રમ્પનું ઇમ્પિચમેન્ટ થશે એટલે કે તેમને પ્રમુખપદ છોડવું પડશે.

આ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીના રોજ ભવ્ય સમારોહમાં પ્રમુખપદના શપથ લીધા અને જે ભાષણ આપ્યું તેનો આજે પણ વિરોધ ચાલુ જ છે. લગભગ દસ લાખ લોકો એક અહેવાલ પ્રમાણે શપથવિધિ સમારોહમાં હાજર હતા.

જો કે પ્રમુખ ઓબામાનો સમારોહ એથી પણ વિશેષ ભવ્ય હતો. તેમાં વીસ લાખ લોકો હાજર હતા. દસ વરસ અમેરિકાના પ્રમુખ રહેલા બરાક ઓબામા હજુ પણ ચુંટાઈ શકે એટલા લોકપ્રિય છે. પણ અમેરિકાના કાનૂન પ્રમાણે પ્રમુખ બે થી વધુ ટર્મ ચૂંટાઈ શકતા નથી.

અગાઉ બીજા વિશ્વયુદ્ધ વખતે પ્રમુખ રહેલા ફ્રેન્કલીન રૂઝવેલ્ટ એટલા લોકપ્રિય થયા કે તેઓ જ ચાર વાર પ્રમુખ તરીકે ચુંટાયા. ત્યાર પછી માત્ર બે ટર્મની મર્યાદા બાંધવામાં આવી.

૧૮મી સદીમાં આઝાદ થયેલા અમેરિકામાં મહિલાઓને મતાધિકાર નહોતો. જે છેક ૧૯૨૦માં મળ્યો. એ પણ મહિલાઓની લાંબી ચળવળો અને આંદોલનો પછી. ભારતની મહિલાઓ એ બાબતમાં ઘણી નસીબદાર છે. એટલું જ નહીં, ગુલામોની પ્રથા માટે પણ અમેરિકા કુખ્યાત છે. આજનું સ્વતંત્રતા અને લોકશાહીનું મોટું હિમાયતી અમેરિકા આઝાદી પછી પણ લાંબા સમય સુધી ગુલામો રાખવા માટે જાણીતું હતું. તેમાં એના એક પ્રમુખ પણ કુખ્યાત થયા છે. આ સત્તરમા પ્રમુખ એન્ડ્ર્યુ જોન્સનને પદભ્રષ્ટ કરાયા હતા. અબ્રાહમ લિંકન જે અમેરિકાના સૌથી વધુ લોકપ્રિય પ્રમુખ ગણાય છે તેમણે ગુલામી પ્રથા નાબૂદ કરાવી હતી.

હાલનું અમેરિકન પ્રમુખોનું સત્તાવાર નિવાસ સ્થાન 'વ્હાઈટ હાઉસ' જે દુનિયાનું પાવર સેન્ટર પણ ગણાય છે તે માત્ર પ્રમુખનું નિવાસ સ્થાન નહીં, ઓફિસ અને કાર્યાલય પણ છે. પ્રમુખ, તેનો સ્ટાફ અને કેબિનેટનું કાર્યાલય અને સ્ટાફનું નિવાસ સ્થાન પણ અહીં જ છે.

આ ભવ્ય વ્હાઈટ હાઉસને પણ અંગ્રેજોએ એટલે કે બ્રિટીશ સેનાએ આગ ચાંપી લૂંટ્યું હતું. જેમાં ૧૮૧૨માં લગભગ ત્રીજો ભાગ નાશ પામેલો હતો. જેનું પછીથી નવીનીકરણ અને રિનોવેશન તેમજ સુંદરીકરણ કરાયેલ છે.

આજે તો અમેરિકા આવતા અને ખાસ તો વોશિંગ્ટન આવતા મુલાકાતીઓ આ વ્હાઈટ હાઉસની મુલાકાત અવશ્ય લે છે. તેની બહાર દુનિયાના દેશોના દેખાવકારોના દેખાવો લગભગ ચાલ્યા કરે છે – અમેરિકાની કૂટનીતિઓની સામે...

ઓવલ ઓફિસ તરીકે અમેરિકન પ્રમુખની કચેરી તેના આકારના કારણે ઓળખાય છે, જે બહુ પ્રચલિત છે.

સુરક્ષાના કારણોસર આ વ્હાઈટ હાઉસની બહાર મેદાન છોડીને લોખંડી રેલિંગ બનાવી દેવાઈ છે. તેની બહાર સડક સુધી જ પ્રવાસીઓ કે દેખાવકારો ભારે સુરક્ષા વચ્ચે જઈ શકે છે. ત્યાર પછી પણ એક વિશાળ પાર્ક છે જેની ત્રણ તરફ ભવ્ય અને સુંદર બિલ્ડિંગો અમેરિકાની વિવિધ સરકારી કચેરીઓ અને મંત્રાલયોના મકાનો આવેલા છે.

લગભગ એકાદ માઈલ સુધી ચાલવું પડે છે. પાર્કિંગ એટલું દૂર સુરક્ષાના કારણોસર છે.

રવિવાર હોવાથી આ તમામ કચેરીઓ બંધ હોઈ અમારે થોડું ઓછું ચાલવું પડેલ અને અવરજવર પણ ઓછી હતી. માત્ર મુલાકાતીઓ અને દેખાવકારો તેમજ સુરક્ષાના લોકો સિવાય ભાગ્યે જ કોઈ લોકો દેખાતા હતા.

અમે હતા તે દરમિયાન ભારે સુરક્ષા વચ્ચે કોરિયાના દેખાવકારો સુત્રો પોકારી રહ્યા હતા અને દેખાવો કરતા હતા – પ્લેકાર્ડ સાથે. અમે આ સ્થાને ૩૦થી ૪૦ મિનિટ હતા ત્યાં સુધી સુરક્ષા કર્મીઓએ શાંતિથી તેમને દેખાવો કરવા દીધા હતા.

*(ક્રમશઃ)*

***chaulakuruwa@gmail.com***

***મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦***

## બજેટમાં કચ્છના પ્રશ્નોને વાચા ન મળી

**(અનુસંધાન : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)**

ચાલીસ ટકાનો વધારો થયો. આમ, નાની કંપનીઓના ટેક્ષમાં પાંચ ટકા ઘટાડો કરાયો છે. ખાસ તો સ્ટાર્ટ અપ માટે સારું ધ્યાન અપાયું. જેથી નિયોજકોનું મૂડી રોકાણ – ધગશ વધવા પામે તેવી સંભાવનાઓ છે.

આ બજેટમાં ભારતના શિક્ષણના વિકાસાર્થે રૂા. ૭૯,૬૮૫ કરોડના ખર્ચનો ઉલ્લેખ છે. નૂતન યુનિવર્સિટીઓ નિર્માણ કરવા, શૈક્ષણિક સ્તરે નવી કૉલેજો સ્થાપવા, અધ્યાપકોની ઘટને ટાળવા, નૂતન ટેકનોલોજીના સાધનો વસાવવા, કૉલેજોના એક્સ્ટેન્શન વધારવા, ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા, વિદેશમાં અભ્યાસ માટે જતા ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાય અર્પવા અંગેના ખર્ચ સમાવિષ્ટ છે. પરિણામે રોજગારીનો વ્યાપ વધશે.

એકંદરે આ બજેટ બહુમૂલ્યતા ધરાવી રહ્યું છે. ભારતને આર્થિક વિકાસ ક્ષેત્રે નંદનવન બનાવવાની જોગવાઈઓ છે. તેમ છતાં કેટલીક બૂમરેંગો ઊઠવા પામી છે. એમાં જ્યાં તથ્ય જણાય તેઓ સાવધાનીપૂર્વક અભ્યાસ કરી ઉકેલ લાવવામાં આવે તો આર્થિક પ્રગતિના ફળ અવશ્ય મળવા પામશે.

*"સહજાનંદ", ૬-એ, લીમડા લાઈન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કારનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

કરામત

# કુદરતની અનમોલ ભેટ - રુદન

• ડૉ. મિહિર એમ. વોરા •

મિત્રો, આજે કંઈક નવું લખવાનું મન થયું એટલે માનવ આંખનું પાણી – આંસુ વિશે મેં જરૂરી માહિતી પૂરી પાડી છે. આ માટે વિકિપિડિયામાંથી જરૂરી માહિતી લેવાનો પ્રયત્ન કર્યો છે. આશા છે કે આપને જરૂર પસંદ આવશે. મનોવિજ્ઞાન પેટા શાખામાંથી અલગ વિજ્ઞાન બન્યું ત્યારથી માણસના વર્તન અંગે વિવિધ સંશોધનો શરૂ થયા છે. એમાંનું એક સંશોધન એટલે આંસુ, હાસ્ય અને રુદન. માણસજાતને લાગણી વ્યક્ત કરવા કુદરતે આપેલી બે અનમોલ ભેટ છે. રુદન તો એવું ય માધ્યમ છે કે એ હર્ષના પણ હોય અને શોકના પણ હોય. જેમ હસતી વ્યક્તિ હેપ્પી જ હોય એ જરૂરી નથી એમ રડતી વ્યક્તિ દુઃખી જ હોય એ પણ જરૂરી નથી. અત્યંત દુઃખી માણસ રડવું રોકી શકે નહીં એમ અતિશય ખુશખુશાલ વ્યક્તિ પણ રડી પડે છે. આવું શું કામ થાય છે? એ સવાલનો જવાબ શોધવા માટે વિજ્ઞાને સંશોધનો શરૂ કર્યા છે.

દુઃખના હોય કે આનંદના હોય દરેક પ્રકારના આંસુ ખારા હોય છે. બંને પ્રકારના આંસુમાં લગભગ ૯ ટકા જેટલી ખારાશ હોય છે. ખારાશ જ હોય એવું નથી બીજા સ્વાદ પણ તેમાં હોય છે એવું વિજ્ઞાન કહે છે, પરંતુ ખારાશ આપણી જીભ તરત પારખી શકે છે એટલે આપણને આંસુ ખારા જ લાગે છે! પુરુષ કરતાં સ્ત્રી વધારે રડે છે તેનું કારણ શારીરિક છે કે પછી લાગણીશીલતાનો અતિરેક કે પછી માનવવંશા કહે છે તેમ નાકના નાના કદના લીધે સ્ત્રીઓને રડવું વધુ આવે છે? વિજ્ઞાનીઓ આ સવાલોના જવાબ મેળવવા મથી રહ્યા છે.

વિજ્ઞાનીઓ અત્યારે બે પ્રકારના આંસુઓને અલગ પાડી શક્યા છે : એક છે, રિફ્લેક્સ આંસુ. ડુંગળી ધુમાડો વગેરેથી ટપકતાં આંસુનો આ પ્રકારમાં સમાવેશ થાય છે. બીજા છે, ભાવનાત્મક આંસુ. હર્ષ શોક વખતે આંખમાંથી નીકળતાં આંસુનો આ પ્રકારમાં સમાવેશ કરાયો છે. કદાચ વધારે પ્રકારના આંસુ હશે ખરા, પણ તેને અલગ તારવવામાં હજુ સુધી સાયન્સને સફળતા મળી નથી.

મિનેસોટાના એક જૈફ રસાયણશાસ્ત્રી વિલિયમ ઘણાં લાંબા સમયથી આંસુનો અભ્યાસ કરી રહ્યા છે. તેમણે શોધી કાઢ્યું છે કે રિફ્લેક્સનના આંસુ કરતાં ભાવનાત્મક આંસુમાં પ્રોટીનનું પ્રમાણ વધારે હોય છે. એવું શા માટે થાય છે? સવાલ હજુ અનુત્તર છે. ગમે તેમ પણ આંસુ માનવ અસ્તિત્વનો એક મહત્ત્વનો ભાગ પરાપૂર્વથી રહ્યાં છે. રુદન કરતા શીખવવાનું નથી હોતું, બાળક જન્મે ત્યારે પહેલી લાગણી એ રડીને વ્યક્ત કરે છે. બધી સંસ્કૃતિમાં, બધા ધર્મોમાં! અચ્છા બધા ધર્મો અને સંસ્કૃતિઓની પૌરાણિક કથાઓમાં રુદનને સ્થાન મળ્યું છે : મહાભારતમાં દ્રોણપુત્ર અશ્વત્થામા દ્રૌપદીના પાંચ સંતાનોનો વધ કરે છે ત્યારે દ્રૌપદી બહુ જ લાંબો વિલાપ કરે છે. અંતે શ્રીકૃષ્ણ તેમને શાબ્દિક સધિયારો આપીને શાંત કરે છે. રામ રાવણના યુદ્ધમાં રાવણ હણાયો પછી વિભિષણ વિલાપ કરતા આંસુ સારે છે ત્યારે ભગવાન રામ તેમને સાંત્વન આપે છે.

રામના પિતા દશરથ મૃત્યુ પામે છે એ પછી ભરત આંસુ પાડે છે ત્યારે ગુરૂ વશિષ્ઠ તેને શાંત પાડતા શબ્દો ઉચ્ચારે છે, જેને માનસની ચોપાઈમાં તુલસીદાસજીએ કંઈક આ રીતે વ્યક્ત કર્યા છે : સુનહુ ભરત ભાવિ પ્રબલ, બિલખુ કહેઉ મુનિનાથ, જીવન મરણ, હાનિ લાભ, જશ અપજશ રાબ બિધિ હાથ.

'નોર્સ' પુરાણકથામાં આંસુની ઉપયોગિતાની રસપ્રદ કથા છે. ઓડિનનો પુત્ર બાલ્ડર જ્યારે મરણ પામે છે ત્યારે દેવતાઓ શરત મૂકે છે કે પૃથ્વી પરની દરેક વસ્તુ બાલ્ડર માટે શોક મનાવે, રુદન કરે, તો જીવતો પાછો મૂકવામાં આવે! કહે છે કે પૃથ્વી પરના તમામ માનવો, જીવંત પશુ, પક્ષીઓ ઉપરાંત પથ્થરો, ધાતુઓ અને વનસ્પતિ પણ રડી ઊઠ્યા હતા! પશ્ચિમી સભ્યતામાં કેથોલિક રૂઢીચુસ્ત ચર્ચની માન્યતાઓની અસર નીચે મહદઅંશે એવો મત પ્રવર્તે છે કે લાગણીઓને કાબૂમાં રાખીને જ સમાજ પોતાના પ્રશ્નોને બુદ્ધિગમ્ય રીતે ઉકેલી શકશે. આંસુ વિરોધીઓને ત્યાં સ્ટોઈક કહે છે. ઈ.સ. પૂ. ૩૦૦ની આસપાસ એથેન્સમાં થઈ ગયેલા ઝીનો નામની દાર્શનિકના એ અનુયાયીઓ છે અને સુખ તથા દુઃખને સમાન ગણી લાગણીઓ પર સંયમ રાખવામાં માને છે. આ સ્ટોઈસીઝમ ઉપરાંત બુદ્ધિવાદ કે રેશનાલિઝમની પણ પશ્ચિમમાં ઘણી ઊંડી અસર છે.

૧૭મી સદીમાં લોક નામના એક લેખકે બાળઉછેર અંગેના પુસ્તકમાં ચેતવણી આપી છે કે બાળકોના રુદનને ઉત્તેજન આપવું નહીં. કેમ કે આવી ભાવનાઓને દબાવવાનું આપણું મુખ્ય

કાર્ય છે! ડૉ. સેમ્યુઅલ જહોન્સને દિલગીરીને, બિનફાયદાકારક કહી છે. ૧૭૫૦માં એક મિત્રે પોતાની માતાના મૃત્યુ વિશે લખ્યું ત્યારે તેના જવાબમાં જહોન્સને લખ્યું કે, એક વખત કુદરતી શ્રદ્ધાંજલિ અપાઈ ગઈ પછી આંસુ તમારા કે મારા, કોઈના કામના નથી... જીવનના કાર્યો આપણને બિનજરૂરી દિલગીરીથી દૂર રહેવા સૂચવે છે... ત્રણેક દાયકા બાદ પ્રથમ વિશ્વવિગ્રહ વખતે આંસુ વહેવડાવવાનો કોઈને સમય ન રહ્યો. ૧૯૨૦ના દાયકાના સમૃદ્ધકાળમાં ફરી આંસુની ફેશન, ચાલુ થઈ! ત્યાં જ જબ્બર મંદીનું મોજુ અને ત્યારબાદ બીજું વિશ્વયુદ્ધ આવ્યું અને ફરી આંસુ સુકાઈ ગયાં. અમેરિકામાં આંસુ સામે ભારે સૂગ હતી. આંસુ વહેવડાવે તે સહન ન કરાતું. પણ ઐતિહાસિક અને સામાજિક પરિબળોએ આ વલણમાં પરિવર્તન આણ્યું અને પુરુષ પણ પોતાની લાગણી પ્રદર્શિત કરી શકે છે એ હકીકતનો સ્વીકાર કરવામાં આવ્યો. કેટલાક સમાજ શાસ્ત્રીઓના મતે ફરી પાછું અશ્રુવિરોધી વલણ વિશ્વમાં ઉપસતું જાય છે. ઘણાં વિમ્બલડન ટાઈટલ જીતનારા રોજર ફેડરરની એક ખાસિયત છે તેઓ કોઈ મેચ જીતે કે હારે, પરંતુ તેમની આંખમાં આંસુ દરેક વખતે આવતાં હોય છે. આમ તો ફેડરરનું માનવું છે કે ખુદને ઈન્સાન સાબિત કરવા માટે ક્યારેક ક્યારેક રડવું પણ જરૂરી છે, જેથી લોકોને ખબર પડે કે તમારું દિલ પણ તૂટી શકે છે. આંસુના પ્રકરણમાં આપણું બોલીવુડ પણ પાછળ નથી. અમરપ્રેમનો રાજેશ ખન્નાનો પેલો ડાઈલોગ, આઈ હેટ ટીઅર્સ પુષ્પા!' એ કયો સિનેરસિક ભૂલી શકે છે! 'સત્યમેવ જયતે'ના સેટ પર કોઈની દર્દભરી કહાની સાંભળતી વેળા આમિર ખાનની આંખો પણ છલકાતી હતી. બોલિવુડની ફિલ્મોમાં ભલભલાં અભિનેતાઓને દિગ્દર્શકો રડાવે છે અને તેને રડાવીને દર્શકોની આંખમાં આંસુ લઈ આવે છે. શોલેમાં ધર્મેન્દ્રને વિલાપ કરતો જોઈને ટેલિવિઝન સામે આજે આટલા વર્ષે પણ દર્શકો આંસુ ખાળી શકતા નથી. ભૂતકાળમાં પુરુષો રડે અને ખાસ કરીને પબ્લિકમાં તે મરદનું કામ માનવામાં આવતું નહોતું. અલબત્ત, હવે તો આ કોમન થઈ ગયું છે, કારણ કે સોસાયટી મેઈલ જેન્ડરની ઈમોશનલ સાઈડ જોવા ઈચ્છે છે. જોઈએ, - આગામી વર્ષોમાં વિજ્ઞાન આંસુનો કોયડો કેટલો ઉકેલી શકે છે?

*(સંદર્ભ : શતદલ પૂર્તિ 'ગુજરાત સમાચાર' અને વિકિપિડિયા)*

## સફળતાના ઉપાયો

ડેલ કાર્નેગી જેવા વિશ્વપ્રસિધ્ધ નિષ્ણાતો સફળતા માટે કેટલાક ઉપાયો સૂચવે છે. એણે સૂચવેલો એક મહત્ત્વનો ઉપાય એ છે કે માણસે પોતાના જીવનના યોગ્ય સમયે પોતાની કારકિર્દીનો નિર્ણય લઈ લેવો જોઈએ અને કારકિર્દી એવી જ પસંદ કરવી જોઈએ, જેની સત્ય, શક્તિ અને પ્રકૃતિને અનુકૂળ હોય. સંખ્યાબંધ માણસો ખોટી કારકિર્દી પસંદ કરીને પાછળથી પસ્તાય છે. કારકિર્દી પસંદગી જેવી ગંભીર બાબતને હળવી રીતે લેવામાં અનેક જોખમો રહેલા છે. માણસે પોતે શું બનવાનું છે અને સમાજમાં કઇ ભૂમિકા ભજવવાની છે, એ વિશેનો નિર્ણય લેવામાં ખૂબ જ શાણપણ દાખવવું જોઈએ અને એકવાર આવો નિર્ણય લેવાઇ જાય એ પછી જે કામ પસંદ કર્યું, એને રૂચિપૂર્વક વળગી રહેવું અને નિષ્ઠાથી એ ફરજ બજાવવી એ સફળતા મેળવવા માટેની અનિવાર્ય શરત છે. કાર્નેગી આને માટે એડિસનનો દાખલો આપે છે, જેણે અમેરિકાનું ઔદ્યોગિક ચિત્ર બદલવામાં મોટો ફાળો આપ્યો હતો. એણે જે કર્યું, એને માટે એની ઉપર કોઈ ફરજનું બંધન નહોતું અને છતાં એણે પોતાના ઘરને એક પ્રયોગશાળામાં ફેરવી નાખ્યું અને અંતે સફળતા મેળવી. એ કહેતો કે, "મેં જે કંઈ કર્યું, એ માત્ર મારા મનોરંજન માટે જ કર્યું." માણસ જે કામ દબાણ હેઠળ અથવા ફરજના ભાગરૂપે, પરાણે અને કમને કરે એમાં ભાગ્યે જ સફળતા મળે. એને સ્થાને એ નિરપેક્ષભાવે કામ કરે અને ઉત્સાહપૂર્વક કરે તો પરિસ્થિતિ પલટાઈ જાય.

## રેલવેના ટ્રેકનું અવનવું

જાણીને નવાઈ લાગે પરંતુ રેલવે એન્જિનની શોધ થયા પહેલાં તેના પાટાની શોધ થયેલી. જૂના જમાનામાં કોલસાની ખાણોમાંથી ઉબડખાબડ રસ્તા પર કોલસાની ભરેલી ગાડી ચલાવવા પાટા બિછાવતા. ગાડી ઘોડા વડે ચાલતી. આ પાટાને રેલગેડ કહેતા.

સ્ટીમ એન્જિનનો પ્રવાસી વાહન તરીકે ઉપયોગ શરૂ થયા બાદ પાટાની રચનામાં પણ ખાસ્સો ફેરફાર થયો. રેલવે એન્જિનોમાં ઘણા સુધારા થયા પણ પાટાની રચના અને ડિઝાઈન બદલાયા નથી.

રેલવે ટ્રેક લોખંડના બનેલા ૧૪ મીટર લાંબા ટૂકડા જોડીને બનાવાય છે. પાટા બનાવવા માટે ઘણી ચોકસાઈ રાખવામાં આવે છે. ખાસ કરીને તેનું માપ.

રેલવેના પાટા આડા મૂકેલા લાકડાના સ્લીપર પર બિછાવાય છે અને ધ્રુજારી સામે રક્ષણ માટે તેની વચ્ચે કાંકરા પાથરવામાં આવે છે. સ્લીપર એક સરખા કદના લાકડાંના લાંબા ટુકડા હોય છે.

રેલવેના બે પાટા વચ્ચેના અંતરને ગેજ કહે છે. બ્રોડ ગેજ એટલે બે પાટા વચ્ચે પાંચ ફૂટ છ ઈંચનું અંતર અને નેરોગેજમાં બે પાટા વચ્ચે અઢી ફૂટનું અંતર હોય છે. સ્ટાન્ડર્ડ ગેજ ચાર ફૂટ ૪.૫ ઈંચના હોય છે. મેટ્રો રેલવે સ્ટાન્ડર્ડ ગેજ ઉપર ચાલે છે.

સાંપ્રત પ્રશ્ન

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હસમુખભાઈ મહેતા •

સાંપ્રત વિચાર મંચ અંતર્ગત છેલ્લે "કચ્છને પંજાબ અને હરિયાણાની જેમ લીલોછમ વિસ્તાર બનાવવા શું કરી શકાય?" – એ વિષય પરના આવેલ લેખો પૈકી પ્રથમ ક્રમાંકનો લેખ ગત અંકમાં પ્રકાશિત થયેલ છે.

આ વિભાગમાં ભાગ લઈ રહેલા તમામ તજજ્ઞ લેખકોનો ખૂબ ખૂબ આભાર.

આટલા જ હોંશ અને ખુશીથી "કચ્છશ્રુતિ" આગળ વધે છે અને હવે પછીનો વિષય નીચે મુજબ છે.

***"ઓછા ખર્ચે વધુ સારા લગ્ન કઈ રીતે થઈ શકે?"***

આ વિષય પર આપ સૌ વાચકવર્ગ અને વિચારશીલ મિત્રોને પોતાના વિચારો અત્રે મોકલાવવા આમંત્રિત કરીએ છીએ.

## નાત બહાર મૂકવાની સત્તાના મદની સમજણ ક્યારે બદલાશે?

નાતબહાર મૂકી દેવાની પ્રથા આપણે ત્યાં સદીઓથી સ્થાપિત છે. પંચ કહે એ પ્રમાણે ન્યાય તોળાય.

૧૩મી સદીમાં સંત કવિ જ્ઞાનેશ્વરનાં માતા-પિતાને નાતબહાર મૂકી દેવામાં આવ્યાં હતાં. હદ તો ત્યારે થઈ કે પંચે એવી શરત મૂકી દે દંપતી જો આત્મહત્યા કરે તો જ એમનાં સંતાનોને નાતમાં ફરીથી પ્રવેશ મળે. આખરે સંતાનોનાં ભાવિ માટે આ દંપતીએ જીવ આપી દીધો.

હરિજનવાસમાં ભજન કરવાની સજા રૂપે નરસિંહ મહેતાને નાતબહાર મૂકવામાં આવેલા. આપણે ત્યાં ભવ્ય વારસાની સાથે કનિષ્ઠ રૂઢિઓ પણ બેખોફ પ્રવર્તે છે.

સદ્‌ગુરુ કબીર સાહેબ ગુજરાતમાં આવેલા ત્યારે ચરોતરનાં કુટુંબો પર એમનો ખાસ્સો પ્રભાવ પડેલો. આ જોઈ બ્રાહ્મણોને લાગ્યું કે આ રીતે તો આ બધા મુસલમાનો થઈ જશે ને અમારી આજીવિકા રોળાઈ જશે. એટલે એમણે કબીર સાહેબથી પ્રભાવિત થયેલા લોકોને નાતબહાર ને ગામબહાર કાઢી મૂકેલા.

ભવાઈના આદ્યપિતા અસાઈત ઠાકર અને એમના બન્ને દીકરા ગાયનકળામાં પ્રવીણ હતા. એ વાજિંત્ર સાથે માતાની ઉપાસના કરવા નિત્ય ગાન કરતા. એક દિવસ બાદશાહની સવારી સિદ્ધપુરમાં આવી અને કેટલાક દિવસનો મુકામ ઠેરવવામાં આવ્યો. અસાઈતના ગાનથી ખુશ થઈ બાદશાહે એમને નાયકનું ઉપનામ આપ્યું અને સાથે ધન પણ આપ્યું. અસાઈતે એ સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી, છતાં બાદશાહના અતિઆગ્રહને કારણે એમણે એ સ્વીકારવું પડ્યું, જેને કારણે એમણે નાતનો બહિષ્કાર સહન કરવો પડ્યો.

મહારાજ લાયેબલ કેસ ફેમ કરશનદાસ મૂળજી પત્રકારત્વમાં એક નીડર નામ હતું. પ્રારંભમાં દાદાભાઈ નવરોજીના રાસ્ત ગોફતાર સામયિકમાં એ લેખો લખતા. પછી એમણે સત્યપ્રકાશ નામનું સ્વતંત્ર પત્ર શરૂ કર્યું. લેભાગુઓનાં કૌભાંડ ખુલ્લાં પાડવાની એમની નિષ્ઠા જોઈને એમને કોઈ શિરપાવ કે શાબાશી આપવાને બદલે નાતબહાર મૂકવામાં આવ્યા.

ગાંધીજીએ સત્તરેક વર્ષની ઉંમરે વિલાયત ભણવા જવાનું નક્કી કર્યું ત્યારે એમની મોઢ વણિક નાતમાં ખળભળાટ મચી ગયો. નાતની વાડીમાં બોલાવી એમને કહેવામાં આવ્યું કે નાતમાં દરિયો ઓળંગવાની મનાઈ છે ને વિલાયતમાં ધર્મ ન સચવાય.

ગાંધીજીએ સામે દલીલ કરી કે આમાં નાતે વચ્ચે ન આવવું જોઈએ... તો નાતના મોભીએ એમને બે-ચાર ચોપડાવી ફરમાન કર્યું કે આ છોકરાને આજથી નાતબહાર ગણવામાં આવશે. કોઈ એને મદદ કરશે કે વળાવવા જશે તો નાત પૂછશે ને એનો સવા રૂપિયો દંડ થશે.

એકવીસમી સદીમાં પણ ભારતના વિવિધ પ્રદેશોમાં દૃષ્ટાંતો મળી આવે છે. કચ્છના રાપર તાલુકામાં લેઉવા પાટીદાર સમાજમાં સાટાપદ્ધતિ પ્રચલિત છે. આ પદ્ધતિમાં પહેલાં કસૂરવારને ૫૦૦ રૂપિયા અને પંખીને બે ગૂણી ચણનો દંડ થતો. હવે લાખોમાં દંડના આંકડા સામે આવ્યા છે. તાજેતરમાં જ એક પરિવારને ૩૩ લાખનો દંડ કરી નાતબહાર મૂકી દેવાનું ફરમાન પંચે કાઢ્યું એની સામે બહુ ઊહાપોહ થયો ને વાત કોર્ટ સુધી પહોંચી.

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં યુવક જનાર્દન દેવે ગામવાસીઓનો વિરોધ હોવા છતાં રાજશ્રી તાંદળેકર સાથે રજિસ્ટર્ડ મેરેજ કર્યા એટલે દેવેના કુટુંબને સિત્તેર હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો. દંડ ભરવાની ક્ષમતા ન હોવાને કારણે એમના પરિવારને નાતબહાર મૂકવામાં આવ્યો.

સત્તાનો મદ અહંકારનો આધાર લે ત્યારે અંતે નિર્દોષતાને જ સહન કરવાનું આવે છે. સદી બદલાઈ છે. સમજણ ક્યારે બદલાશે?

*ચિત્રલેખા, તા. ૩૦-૦૧-૨૦૧૭*

# ટમ ટમ તારલિયા

## અમદાવાદ અગાઉ પણ કોસ્મોપોલિટન નગર હતું

ભદ્રનો કિલ્લો અને ત્રણ દરવાજા આજથી ૬૦૦ વર્ષ પહેલાં બંધાયા હતા. અમદાવાદ વેપારી નગર હોવાથી અહીં દેશ વિદેશથી વેપારીઓ અને મુસાફરો તેની મુલાકાત લેતા. અમદાવાદનું મહત્ત્વ પિછાનીને તેના ગવર્નર આઝમખાને ૧૬૪૩માં ભદ્રના કિલ્લામાં એક સરાઇ (ધર્મશાળા) બનાવી હતી. તે સમયે આજની જેમ મોટરકાર કે સ્કુટર કે સાઇકલ પણ ન હતી. વિદેશી વેપારીઓ અને પર્યટકો વહાણ મારફત સુરત આવતા અને સુરતથી પગપાળા ચાલીને કે બળદગાડા મારફતે અમદાવાદ આવતા. તેઓ ભદ્રની સરાઈમાં રહેતા. તેની આગળ આવેલા વિશાળ ચોકમાં ઘોડા, બળદ અને ઊંટ બાંધતા. સરાઇમાં સીધુંસામાન લાવીને લાકડાંના બળતણથી ભોજન તૈયાર કરતા. તેઓ એકબીજાને મળતા. તેઓએ અમદાવાદની ઘણી પ્રશંસા કરી છે જે બતાવે છે કે અમદાવાદે મલ્ટી કલ્ચરલ, મલ્ટી ઍથનિક અને મલ્ટી લિંગ્વલ મૂલ્યો વિકસાવ્યા હતા. અમદાવાદ કોસ્મોપોલિટન નગર હતું.

## મહાત્મા ગાંધીજીએ તેમની કર્મભૂમિ તરીકે અમદાવાદને કેમ પસંદ કર્યું હશે?

દક્ષિણ આફ્રિકામાં હિંદી પ્રજાનાં અધિકારો માટે મોટી અહિંસક લડત લડ્યા બાદ ૧૯૧૫માં ગાંધીજી સ્વદેશ પાછા ફર્યા હતા. ગાંધીજીએ મુંબઈ, બેંગ્લોર, મદ્રાસ, લખનૌ, દિલ્હી અને રાજકોટને બદલે તેમની કર્મભૂમિ તરીકે અમદાવાદને કેમ પસંદ કર્યું હશે? ગાંધીજીએ તેમની આત્મકથામાં લખ્યું છે કે અમદાવાદે શાંતિ, સહકાર અને સહિષ્ણુતાનાં મૂલ્યો ઉપર રચાયેલી વ્યાપારી સંસ્કૃતિ ખિલવી છે. તેથી મને શ્રદ્ધા છે કે અંગ્રેજી હકુમત સામેની મારી લડત વખતે મને અમદાવાદની પ્રજાનો સંપૂર્ણ ટેકો મળી જશે. તેથી ગાંધીજીએ અમદાવાદને પસંદ કર્યું. ગાંધીજીની અદ્‌ભુત નેતાગીરી હેઠળ અમદાવાદ નગર સમગ્ર ભારતવર્ષની આઝાદીની લડતનું તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગયું.

## અમેરિકામાં 'રાજ શાહ'

અમેરિકાની પાવર સરકીટમાં બે 'શાહ'નો સમાવેશ થતાં અમેરિકામાં વસતા ઇન્ડિયન - અમેરિકન્સનો પ્રભાવ અમેરિકામાં વધશે એમ મનાય છે. આ બંને 'શાહ' ગુજરાતી ટચ ધરાવે છે. એક છે રાજીવ શાહ અને બીજા છે રાજ શાહ. આ બંને ગુજરાતી છે. તેમનો પરિવાર વર્ષો પહેલાં અમેરિકા ગયો હતો. બંનેના જન્મ અમેરિકામાં થયેલા છે. અમેરિકામાં વસતા ગુજરાતીઓ આ બંને શાહનું સન્માન કરવાના છે. આ બંને 'રાજ શાહ' તરીકે ઓળખાય છે.

સાથે સાથે અમેરિકામાં વસતા ઇન્ડિયનોનો પ્રભાવ વધી રહ્યો છે. શલભ કુમાર, નિકી હેલી, પ્રીત ભરાટ, તુલસી ગેબાર્ડ, બોબી જિંદાલ વગેરે નામો અમેરિકાના પાવર સર્કલ સાથે વણાયેલા છે. હિલેરી હોય કે ટ્રમ્પ — આ બંનેના પાવર સર્કલમાં ઇન્ડિયન અમેરિકન છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મૂળ ભારતીય એવા રાજ શાહની વ્હાઇટ હાઉસમાં કોમ્યુનિકેશન એન્ડ રિસર્ચ ડાયરેક્ટર તરીકે નિમણૂક કરી છે. તે રિપબ્લિકન નેશનલ કમિટીમાં રિસર્ચ ડાયરેક્ટર છે. રાજ શાહ ૩૧ વર્ષના છે. ચૂંટણીમાં હિલેરી વિરુધ્ધના પ્રચાર પાછળ રાજ શાહના આઇડિયા કામ કરતા હતા.

## અમેરિકન કોંગ્રેસમાં પાંચ ઇન્ડિયન - અમેરિકન

અમેરિકન કોંગ્રેસમાં જ્યારે પાંચ ઇન્ડિયન - અમેરિકને શપથ લીધા તેથી ઇન્ડિયન - અમેરિકન કોમ્યુનિટીમાં તો હર્ષનો માહોલ ઊભો થયો હતો. કમલા હેરીસ કોંગ્રેસમાં આવનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે. શપથ લેનારામાં અમી બેરાનો પણ સમાવેશ થાય છે. તેમની સાથે શેખન્ના (સિલિકોન), રાજા કૃષ્ણામૂર્તિ (ઇલીનોઇસ) તથા પ્રમિલા જયપાલે પણ શપથ લીધા હતા.

## અમેરિકાના પ્રમુખપદે આવતા વર્ષોમાં કોઇ ઇન્ડિયન - અમેરિકન હશે

ઇન્ડિયન અમેરિકનોનો અમેરિકાની પાવર સર્કિટમાં વધતો પ્રભાવ જોતાં એમ લાગે છે કે આગામી ૨૦ વર્ષમાં અમેરિકાના પ્રમુખપદે કોઈ ઇન્ડિયન - અમેરિકન હશે!

## દુનિયાના ટોચના ૮ ધનકુબેરોની સંપત્તિ

| | | | |
|---|---|---|---|
| ૧. | બિલ ગેટ્સ | માઈક્રોસોફ્ટના સ્થાપક | ૭૫ અબજ ડોલર |
| ૨. | અમાન્સિઓ ઓર્ટેગા | સ્પેનિશ ફેશન હાઉસ ઈન્ડિટેક્સના સ્થાપક | ૬૭ અબજ ડોલર |
| ૩. | વોરન બફેટ | અમેરિકન ઈન્વેસ્ટર | ૬૦.૮ અબજ ડોલર |
| ૪. | કાર્લોસ સ્લિમ હેલુ | મેક્સિકોના ઉદ્યોગપતિ | ૫૦ અબજ ડોલર |
| ૫. | જેફ બેઝોસ | એમેઝોન.કોમના સ્થાપક | ૪૫.૨ અબજ ડોલર |
| ૬. | માર્ક ઝુકરબર્ગ | ફેસબુકના સહસ્થાપક | ૪૪.૬ અબજ ડોલર |
| ૭. | લેરી એલીસન | આરેકલના સહસ્થાપક | ૪૩.૬ અબજ ડોલર |
| ૮. | માઈકલ બ્લુમબર્ગ | ન્યુયોર્ક શહેરના પૂર્વ મેયર | ૪૦ અબજ ડોલર |

## ભારતના ટોચના ૮ ધનકુબેરોની સંપત્તિ

| | | | |
|---|---|---|---|
| ૧. | મૂકેશ અંબાણી | રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | રૂા. ૧૩.૧૫ લાખ કરોડ |
| ૨. | દિલીપ સંઘવી | સન ફાર્માસ્યુટિકલ્સ | રૂા. ૧૧.૩૮ લાખ કરોડ |
| ૩. | અઝીમ પ્રેમજી | વિપ્રો લિમિટેડ | રૂા. ૧૦.૨૨ લાખ કરોડ |
| ૪. | શિવ નાદર | એચ.સી.એલ. | રૂા. ૭.૪૯ લાખ કરોડ |
| ૫. | સાયરસ પુનાવાલા | સીરમ ઈન્સ્ટિટ્યૂટ | રૂા. ૫.૮૦ લાખ કરોડ |
| ૬. | લક્ષ્મી મિત્તલ | આર્સેલર મિત્તલ | રૂા. ૫.૭૦ લાખ કરોડ |
| ૭. | ઉદય કોટક | કોટક મહિન્દ્રા બેંક | રૂા. ૪.૩૦ લાખ કરોડ |
| ૮. | કુમાર મંગલમ્ | આદિત્ય બિરલા ગ્રૂપ | રૂા. ૪.૧૦ લાખ કરોડ |

## ભારતમાં અમીરો - ગરીબો વચ્ચે વિશાળ ખાઈ છે

આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થા 'ઓક્સફેમ' દ્વારા એક વિશેષ રિપોર્ટ જારી કરવામાં આવ્યો છે કે વિશ્વના અન્ય દેશોની સરખામણીએ ભારતમાં અમીરો અને ગરીબો વચ્ચેનું અસંતુલન વધુ છે. દુનિયાના સરેરાશ એક ટકા લોકો પાસે ૫૦ ટકા સંપત્તિ છે જ્યારે ભારતમાં સરેરાશ એક ટકા લોકો પાસે ૫૮ ટકા સંપત્તિ છે. તેનો મતલબ એ થાય છે કે ભારતના એક ટકા લોકો ભારતની ૫૮ ટકા સંપત્તિ રાખીને બેઠા છે.

ભારતના ૫૭ અબજોપતિઓ એવા છે કે જેમની પાસે દેશની ૭૦ ટકા વસતિ પાસે જેટલી સંપત્તિ છે, તેટલી સંપત્તિ તેઓ ધરાવે છે. રિપોર્ટ અનુસાર ભારતની કુલ સંપત્તિની કિંમત આશરે ૩૧૦૦ અબજ ડોલર છે.

અબજોપતિઓની આવકમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૧૫ ટકાનો વધારો થયો છે જ્યારે અન્ય તરફ સૌથી ગરીબ લોકોની આવકના શેરમાં ૧૫ ટકાનો ઘટાડો થયો છે. એનો અર્થ એમ થયો કે ભારતમાં અમીર વધુ અમીર અને ગરીબ વધુ ગરીબ થઈ રહ્યો છે. જે વિકાસની વાતો છે તે સાવ પોકળ સાબિત થઈ રહી છે. તેના પગલે દેશની જે ટેક્ષ પોલિસી છે તેમાં મોટાપાયે ફેરફાર કરવાની જરૂર છે, કે જેથી અમીરો પાસે રહેલી સંપત્તિને ટેક્ષ સ્વરૂપે ગરીબોના ઉપયોગમાં લાવી શકાય.

## વૈશ્વિક સંપત્તિ

"ઓક્સફેમ" દ્વારા જારી વૈશ્વિક સંપત્તિના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે દુનિયાના આઠ લોકો પાસે જ વિશ્વના ૩.૬ અબજ ગરીબો કરતાં પણ વધુ સંપત્તિ છે. આ અમીરોમાં ૬ અમેરિકાના, ૧ મેક્સિકોના અને ૧ સ્પેનના છે. આ આઠ વૈશ્વિક અમીરોમાં બિલ ગેટ્સ, અમાન્સિઓ ઓર્ટેગા, વોરન બફેટ, કાર્લોસ સ્લિમ હેલુ, જેફ બેઝોસ, માર્ક ઝુકરબર્ગ, લેરી એલીસન અને માઈકલ બ્લુમબર્ગનો સમાવેશ થાય છે.

## દુનિયામાં માનવીની ઉત્પત્તિ

આજથી ૩.૮ અબજ વર્ષો પહેલાં પૃથ્વી પર જીવનની ઉત્પત્તિ થઈ તેમ કહી શકાય. પરંતુ એ સજીવો તો સૂક્ષ્મ જીવો હતા. આટલા વર્ષોમાં આ સૂક્ષ્મ જીવોમાંથી ઉદ્‌વિકાસ અત્યંત વૈવિધ્યસભર અસંખ્ય જીવોની ઉત્પત્તિ થઈ. તેના કારણે પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિ રચાઈ. જેમ જેમ સજીવોની ઉત્પત્તિ થતી ગઈ તેમ તેમ સૂક્ષ્મથી માંડી મહાકાય જીવોની ઉત્પત્તિ થતી ગઈ. પરંતુ બદલાતી જતી પરિસ્થિતિ અને પર્યાવરણ સામે જે જીવો ટકી ન શક્યા તે લુપ્ત થઈ ગયા. આજે એમ માનવામાં આવે છે કે પૃથ્વી પર ઉત્પત્તિ પામેલા મોટાભાગના જીવોની જાતિઓ લુપ્ત થઈ ગઈ છે. પરંતુ બદલાયેલી પરિસ્થિતિ સામે ટકી રહેવા જેમના આનુવાંશિક લક્ષણોમાં ફેરફાર થતા ગયા અને તે રીતે અનુકૂલન સાધી શક્યા તે નવી જાતિરૂપે ટકી શક્યા. **આમ સજીવોની ઉત્ક્રાંતિ થતી ગઈ અને તેની ચરમસીમાએ માનવી ઉત્પન્ન થયા. ભવિષ્યમાં માનવી પણ ઉત્ક્રાંતિ પામે અને તેનો ઉદ્‌વિકાસ થાય.**

## ભારતમાં પ્રથમ સ્થાપના

| વિગત | સ્થળ | વર્ષ |
|---|---|---|
| • પોસ્ટલ ટિકિટ બહાર પડી | સિંધડાક, કરાંચી | ૧૮૫૨ |
| • યુનિવર્સિટીની સ્થાપના | કલકત્તા, મુંબઈ, મદ્રાસ | ૧૮૫૭ |

| | | |
|---|---|---|
| ● ટેલિફોન એક્ષચેન્જ વ્યવસ્થા | કલકત્તા | ૧૮૮૧ |
| ● હવાઈ ટપાલ સેવા | અમદાવાદથી નૈની | ૧૯૧૧ |
| ● વિદ્યુત રેલવે | મુંબઈ અને કુર્લા વચ્ચે | ૧૯૨૫ |
| ● આકાશવાણી મથક | મુંબઈ અને કલકત્તા | ૧૯૨૭ |
| ● અણુભઠ્ઠી 'અપ્સરા' | ટ્રોમ્બે, મુંબઈ, મહારાષ્ટ્ર | ૧૯૫૬ |
| ● ટેલિવિઝન કાર્યક્રમ | દિલ્હી | ૧૯૫૯ |

## મધુ પ્રમેહ - ડાયાબિટીસ

આઈ.ડી.એફ.ના જણાવ્યા પ્રમાણે વિશ્વભરમાં અત્યારે ૨૦થી ૮૦ વયની વચ્ચેના કુલ ૪૧૫ મિલિયન લોકો મધુ પ્રમેહથી પીડાઈ રહ્યા છે. ઈ.સ. ૨૦૪૦ સુધીમાં આ આંકડો ૬૪૨ મિલિયન સુધી પહોંચી જવાની આગાહી કરવામાં આવી છે.

## ભારતમાં મધુ પ્રમેહથી પીડાતા લોકો

ભારતમાં પાંચ કરોડથી વધુ લોકો મધુ પ્રમેહથી પીડાતા હોવા છતાં અત્યારે દેશમાં જેને ખરેખર ડાયાબિટીસના જ નિષ્ણાત ડૉક્ટરો કહેવાય એટલે કે ડાયાબિટોલોજિસ્ટની સંખ્યા કુલ ૬,૦૦૦થી વધારે નથી. આનું કારણ એ છે કે બે-ત્રણ દાયકા પહેલાં ડાયાબિટીસ આપણે ત્યાં સર્વસામાન્ય રોગનાં દરજ્જા સુધી પ્રસર્યો ન હતો. પરંતુ માત્ર છેલ્લા બે દાયકામાં દેશના આ પ્રકારના દર્દીઓની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે. ડાયાબિટીસના ઘણા બધા કારણો છે પરંતુ તેનું એક મહત્ત્વનું કારણ માનસિક દબાણ અને વ્યર્થ ચિંતાઓ પણ છે. તેથી ડાયાબિટીસના રોગીએ તનના ડૉક્ટરની સાથે સાથે મનના ડૉક્ટરની પણ સલાહ લેવી જોઈએ.

## જન ધન ખાતા

નોટબંધી પહેલાં ૪,૮૬,૦૦૦ જનધન ખાતામાં રૂા. ૪૧,૫૨૩ કરોડ જમા હતા. પરંતુ નોટબંધી પછી જનધન ખાતાની જમા રકમ રૂા. ૮૭,૦૦૦ કરોડે પહોંચી હતી. વધારાના રૂા. ૪૫,૦૦૦ કરોડ કોના જમા થયા? ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં જનધન ખાતામાંથી રૂા. ૩૨૮૫ કરોડ ઉપાડવામાં આવ્યા હતા.

## શારદા ચીટ ફંડ

તૃણમૂલના શિર્ષસ્થ નેતાઓ પૈકીના જ કેટલાક શારદા કંપનીના વડેરાઓ તરીકે સી.બી.આઈ.ની અડફેટે ચડી ગયા છે. શારદાની જુદી જુદી સ્કીમની જાહેરાતોમાં પણ મમતા બેનર્જીનો ફોટો અને તેમના વાક્યોનો પણ ઉપયોગ થયેલો છે. છેતરપિંડીની એ બધી જ સ્કીમમાં બધું મળીને રૂા. ૭૦૦૦ કરોડ ગુમાવનારા અઢી લાખ રોકાણકારો પૈકીના ૯૦ ટકા લોકો નિમ્ન મધ્યમવર્ગીય કે જે તૃણમૂલના જ સમર્થકો છે.

## ભ્રષ્ટાચારીઓનો નિર્દોષ છૂટકારો

કોર્ટમાં કેસ તો ઘણા બધા ભ્રષ્ટાચારીઓ સામે થાય છે પરંતુ કોઈ પણ કારણસર બહુ જ ઓછા ભ્રષ્ટાચારીઓને સજા થઈ શકે છે અને તેના કારણે ભારતમાં ભ્રષ્ટાચાર ખૂબ જ ફાલવા પામેલ છે. જે રાજ્યોમાં ભ્રષ્ટાચારીઓનો વધુમાં વધુ નિર્દોષ છૂટકારો થાય છે તેમાં ગુજરાત બીજા ક્રમે આવે છે. જે રાજ્યોમાં ભ્રષ્ટાચારીઓને વધુમાં વધુ ક્લીન ચીટ મળે છે તેની વિગત નીચે મુજબ છે :

| *રાજ્ય* | *ક્લિન ચીટનું પ્રમાણ* |
|---|---|
| હરિયાણા | ૮૬.૧૦ ટકા |
| ગુજરાત | ૭૦.૫૯ ટકા |
| પંજાબ | ૬૯.૧૦ ટકા |
| તામિલનાડુ | ૬૫.૮૫ ટકા |
| ઓડિસા | ૬૩.૭૮ ટકા |

*(નોંધ : ૨૦૦૧થી ૨૦૧૫ સુધીના આંકડાના આધારે)*

## ગુજરાતમાં હોસ્પિટલની સુવિધાનો અભાવ

અંતરિયાળ ગામડાંમાં હોસ્પિટલની સુવિધાનો અભાવ હોવાના કારણે ગુજરાતમાં સરેરાશ વાર્ષિક ૮ હજાર બાળકોનો જન્મ હોસ્પિટલ પહોંચતા પહેલા જ થઈ જાય છે. દાહોદ જિલ્લામાં વર્ષે સરેરાશ સૌથી વધુ ૬૧૯ બાળકોનો જન્મ હોસ્પિટલમાં પહોંચતા અગાઉ જ થઈ જાય છે. કચ્છની સરેરાશ વર્ષે ૩૬૮ બાળકની આવે છે.

## ગુજરાતમાં ભ્રષ્ટાચારની પરાકાષ્ટા!

એ.સી.બી.એ ગુજરાતમાં અપ્રમાણસર મિલકત ધરાવતાં ભ્રષ્ટ કર્મચારીઓને નિશાન બનાવી દરોડા પાડતાં જળસંપત્તિ વિભાગના પટ્ટાવાળા હસમુખ રાવલ પાસેથી સવા કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલ્કત અને ૧૨ લાખના દાગીના મળી આવ્યા હતા. જ્યારે પેટ્રોલિયમ કોર્પોરેશનના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં એચ.આર. તરીકે ફરજ બજાવતા અને ગાંધીનગરમાં રહેણાંક ધરાવતા ભરતગીરી બાબુગીરી ગોસ્વામી પાસેથી રૂા. ૧૧.૫૬ કરોડની અપ્રમાણસર મિલ્કતો મળી આવી હતી. તદુપરાંત અન્ય કર્મચારીઓ પાસેથી પણ અપ્રમાણસરની મિલ્કતો મળી આવેલ હતી. ■

# વર્તમાનપત્રોના આધારે

## ગાંધીનગર ખાતે યોજાયેલ ૮મી વાઇબ્રન્ટ સમિટનું સમાપન

ગાંધીનગરમાં આઠમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની પૂર્ણાહૂતિ.

કુલ ૨૫,૫૭૮ M.O.U. થયા.

'બુલેટ ટ્રેન' માટે ૬૭,૦૦૦ કરોડના M.O.U. થયા.

**૮મી વાઇબ્રન્ટ સમિટ : હાઈલાઇટ્સ**

★ ૧૨ કન્ટ્રી પાર્ટનર
★ ૧૬ કન્ટ્રી સેમિનાર
★ ૧૬ થીમ સેમિનાર
★ ૩ એક્શન સેમિનાર
★ ૪ રાજ્ય સેમિનાર
★ ૭,૪૦,૪૧૦ ડેલિગેટ્સનું રજિસ્ટ્રેશન
★ ૨,૭૩૪ આંતરરાષ્ટ્રીય ડેલિગેશન
★ ૩૦૪થી વધુ બિઝનેસ ટુ બિઝનેસ મીટિંગ.
★ ૨૦૧થી વધુ બિઝનેસ ટુ ગવર્નમેન્ટ મીટિંગ.
★ ૫૧ પ્રતિનિધિ મંડળ સાથે મુખ્યમંત્રીની બેઠક.
★ ૩૫૦થી વધુ મહાનુભાવો સાથે ચર્ચા

## કુલ એમઓયુ / વ્યુહાત્મક ભાગીદારી

| | |
|---|---|
| ★ લાર્જ સ્કેન સેન્ટર | ૫૯૩૮ |
| ★ ક્ષેત્ર | ૧૮૫૩૩ |
| ★ વ્યુહાત્મક ભાગીદારી | ૧૧૦૭ |
| ★ કુલ | ૨૫૫૭૮ |

*ગુજરાત સમાચાર, તા. ૧૩-૧-૨૦૧૭*

## વાઇબ્રન્ટ સમિટ - ૨૦૧૭માં કુલ એમ.ઓ.યુ.

| *ક્ષેત્ર* | *કુલ એમઓયુ* |
|---|---|
| ★ એગ્રો - ફૂડ પ્રોસેસિંગ | ૩૮૧ |
| ★ પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ | ૪૯૩ |
| ★ કેમિકલ્સ, પેટ્રો કેમિ. જીઆઈડીસીના મોટા પ્રોજેક્ટ | ૨૬૮ |
| ★ શિક્ષણ | ૧૯૦ |
| ★ એન્જિનિયરિંગ, ઓટો, અન્ય ઉદ્યોગ | ૯૪ |
| ★ પર્યાવરણ - વન | ૨૫૯ |
| ★ ફાઈનાન્સિયલ સર્વિસ | ૯૩ |
| ★ હેલ્થ કેર, ફાર્માસ્યુટિકલ્સ | ૨૮૫ |
| ★ ઈન્ડસ્ટ્રીયલ લોજિસ્ટિક્સ પાર્ક | ૧૨૩ |
| ★ આઈ.ટી. - બાયો ટેકનો. | ૧૪૭ |
| ★ ખનીજના પ્રોજેક્ટ | ૪૦૯ |
| ★ પોર્ટ અને પોર્ટના સંબંધિત | ૮૭ |
| ★ પાવર, ઓઈલ, સેસ | ૪૨૫ |
| ★ રોડ - રેલ પ્રોજેક્ટ | ૪૧ |
| ★ ગ્રામ્ય વિકાસ | ૩૮૦ |
| ★ અર્બન હાઉસિંગ | ૧૬૭ |
| ★ કૌશલ્ય વિકાસ | ૮૯ |
| ★ 'સર' — અન્ય ઈન્ફ્રા. પ્રોજેક્ટ | ૨૮ |
| ★ સ્પોર્ટસ, યુથ એન્ડ કલ્ચર | ૭ |
| ★ ટેક્ષટાઈલ | ૧૫૧ |
| ★ પ્રવાસન - નાગરિક ઉડ્ડયન | ૧૪૫ |
| ★ શહેરી વિકાસ | ૧૬૨૫ |
| ★ વોટર સપ્લાય | ૫૧ |
| **સબ ટોટલ** | **૫૯૩૮** |
| MSME (IC+GIDC) | ૧૮૫૩૩ |
| કુલ (MSME + લાર્જ) | ૨૪૪૭૧ |
| વ્યુહાત્મક ભાગીદારી | ૧૧૦૭ |
| **ગ્રાન્ડ ટોટલ** | **૨૫૫૭૮** |

*ગુજરાત સમાચાર, તા. ૧૩-૧-૨૦૧૭*

## વાઇબ્રન્ટ સમિટ : રૂપિયા ૪ હજારથી વધુ કરોડના બાવન એમઓયુ થયા

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ - ૨૦૧૭ની સમાપ્તિ થઈ છે. આ વખતે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ૧૩ વિવિધ ક્ષેત્રોમાંથી રૂપિયા ૪ હજાર કરોડથી વધુના ૫૨ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) થયા હતા. આમ, રૂપિયા ૪ હજાર કરોડથી વધારેના રૂપિયા ૨.૦૮ લાખ કરોડથી પણ વધુ રકમના એમ.ઓ.યુ. થયા છે. જેમાંથી ફાઈનાન્સિયલ સર્વિસના સૌથી વધુ ૧૨ એમ.ઓ.યુ. થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. વાઈબ્રન્ટ સમિટમાં બુધવાર સુધી રૂપિયા ૪ હજાર કરોડથી વધુના કુલ ૫૦ એમઓયુ થયા હતા. જેનો મતલબ એવો થાય છે કે અંતિમ દિવસે તેમાં બે પ્રોજેક્ટનો ઉમેરો થયો છે. આજના અંતિમ દિવસે પ્રવાસન - નાગરિક ઉડ્ડયન અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી - બાયો

ટેકનોલોજીમાં ૧-૧ નવા પ્રોજેક્ટ સાથે એમઓયુ થયા હતા. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આ વખતે ૪ હજાર કરોડથી વધુની રકમના થયેલા એમઓયુની વિગત આ મુજબ છે :

| | ક્ષેત્ર | રૂા. ૪ કરોડથી વધુના પ્રોજેક્ટ |
|---|---|---|
| ★ | એગ્રો, ફૂડ પ્રોસેસિંગ | ૨ |
| ★ | કેમિકલ્સ, પેટ્રો કેમિકલ્સ, જીઆઈડીસીના મોટા પ્રોજેક્ટ | ૨ |
| ★ | એન્જિનિયરિંગ, ઓટો, અન્ય ઈન્ડસ્ટ્રી | ૪ |
| ★ | ફાઈનાન્સિયલ સર્વિસ | ૧૨ |
| ★ | આઈ.ટી., બાયો ટેકનો. | ૨ |
| ★ | ખનીજ અંગેના પ્રોજેક્ટ | ૨ |
| ★ | પોર્ટ અને પોર્ટના સંબંધિત | ૩ |
| ★ | પાવર - ઓઈલ - ગેસ | ૯ |
| ★ | રોડ અને રેલ પ્રોજેક્ટ | ૧ |
| ★ | 'સર' – અન્ય ઈન્ફ્રા. પ્રોજેક્ટ | ૬ |
| ★ | પ્રવાસન - નાગરિક ઉડ્ડયન | ૪ |
| ★ | શહેરી વિકાસ | ૩ |
| ★ | વોટર સપ્લાય | ૨ |
| | કુલ | ૫૨ |

*ગુજરાત સમાચાર, તા. ૧૩-૧-૨૦૧૭*

## વાઇબ્રન્ટમાં વેલસ્પને કર્યા ૪૦૦૦ કરોડના એમ.ઓ.યુ.

ગુજરાત સરકાર આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત - ૨૦૧૭ માં કચ્છમાં અંજાર નજીક ભૂકંપ બાદ ટેક્સ હોલીડેનો લાભ લઈને સ્થપાયેલા વેલસ્પન ગ્રુપ દ્વારા રાજ્યને ટેક્સટાઈલ હબ બનાવવાની નેમ વ્યક્ત કરવા સાથે રૂ. ૪૦૦૦ કરોડના ત્રણ ટેક્સટાઈલના વિશાળ એકમો ખડા કરવા માટે ત્રણ એમ.ઓ.યુ. ઉપર હસ્તાક્ષર કરાયા હતા. ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી ઝોન રૂ. ૨૦૦૦ કરોડના ખર્ચે ઊભો કરાશે. કેન્દ્ર સરકારના સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત આ માટે કચ્છની પસંદગી પ્રાથમિક રીતે જૂથે કરી છે. આ યોજના તળે કચ્છમાં સીધી ૫,૦૦૦ તથા આડકતરી ૧૫,૦૦૦ રોજગારીની તકોનું નિર્માણ થશે.

વેલસ્પન ગ્રુપની એક અખબારી યાદી પ્રમાણે વાયબ્રન્ટ સમિટમાં જૂથના ચેરમેન બી.કે. ગોયેન્કાએ આ એમ.ઓ.યુ. ની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ નવું રૂ. ૪૦૦૦ કરોડનું રોકાણ અમારા ગુજરાત સાથેના લાંબાગાળાના સંબંધોને ઉજાગર કરે છે. અમે આ રાજ્યને ટેક્સટાઈલનું હબ બનાવવા માગીએ છીએ. ભવિષ્યમાં આ ક્ષેત્રે કુશળ સંશોધિત ઉત્પાદનો તથા ટેકનોલોજી વિકસાવવાની દિશામાં આ રોકાણ થશે.

ત્રણ પ્રોજેક્ટ પૈકીના કચ્છ પ્રોજેક્ટમાં વ્યાપક, આધુનિક અને ઉત્તમ પ્રકારના ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્સનું નિર્માણ કરાશે જે વિશ્વકક્ષાની ગુણવત્તા ધરાવતા ટેક્સટાઈલ ઉત્પાદનોની વિશ્વબજારને ભેટ આપશે.

રૂ. ૧૦૦૦ કરોડનો વધુ એક પ્રોજેક્ટ વેલસ્પન ગ્રુપ પોતાના હાલના એકમોની ક્ષમતા વધારવાની દિશામાં હાથ ધરશે જેના દ્વારા નવા પ્રકારના ઉત્પાદનો અને તાલીમ દ્વારા કુશળ કામદારો તૈયાર કરાશે.

આ ઉપરાંત અવકાશયાત્રીઓ, સંરક્ષણ સાથે સંકળાયેલા લોકો અને ઓટોમોબાઈલ સાથે સંકળાયેલા ક્ષેત્ર માટે અદ્યતન કાપડનું નિર્માણ કરવા સંદર્ભે રૂ. ૧૦૦૦ કરોડનો ત્રીજો પ્રોજેક્ટ વેલસ્પન વિકસાવશે. એક-એક હજાર કરોડના બંને પ્રોજેક્ટ દ્વારા વધુ ૬૫૦૦ જેટલી રોજગારીનું નિર્માણ થશે. ઉલ્લેખનીય છે કે, સંરક્ષણ અને એરો સ્પેસ ઉદ્યોગ ક્ષેત્ર માટે પસંદ કરાયેલા છ જિલ્લામાં પ્રથમ સ્થાને છે.

અત્યાર સુધી ગુજરાતમાં વેલસ્પન ગ્રુપ રૂ. ૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરી ચૂક્યું હોવાથી આ રાજ્યમાં હવે રોકાણનો તેનો આંક ૧૪ હજાર કરોડ થશે. ઉત્પાદન ક્ષેત્રમાં અંજાર-વરસામેડી સ્થિત વેલસ્પન પ્લાન્ટની વિશ્વકક્ષાની સુવિધાઓ વૈશ્વિક સ્તરે એક બેન્ચમાર્ક બની ગયું છે. ૩૦ હજાર લોકોને તેમાંથી રોજગારી મળી રહી છે અને એક લાખથી વધુ લોકોનો સીધી કે આડકતરી રીતે આ ઉદ્યોગથી નિભાવ થઈ રહ્યો હોવાનું યાદીમાં જણાવાયું છે.

*કચ્છમિત્ર, તા. ૧૨-૧-૨૦૧૭*

## મેડિકલ કોલેજ માટે કચ્છી ઉદ્યોગગૃહની પહેલ

કચ્છી ઉદ્યોગગૃહે સાબરકાંઠામાં મેડિકલ કોલેજ શરૂ કરવા આગળ આવીને તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી વાઈબ્રન્ટ સમિટના ગુજરાત આરોગ્ય સેમિનારમાં રૂ. ૨૫૦ કરોડના એમ.ઓ.યુ. કર્યા હતા.

નાના ભાડિયા (માંડવી) ના ચંદ્રકાંત વલ્લભજી ગોગરી દ્વારા સ્થાપિત આરતી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતું છે. કે. કે શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ દ્વારા ૧૯૬૫ માં શરૂ થયેલા મહારાવ ફતેહસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલ ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશના દરિદ્રનારાયણોની સેવા શુશ્રૂષા કરી રહી છે.

હોસ્પિટલ આર્થિક રીતે નબળી પડતાં ચંદ્રકાંત ગોગરી વહારે આવ્યા હતા. ૨૦૦૭ પછી જરૂરી સુધારા-વધારા કર્યા. મેડિકલ સ્ટોર અને નર્સિંગ કોલેજ પણ શરૂ કરી અને હોસ્પિટલ ફરી પાછી વધુ સારી રીતે કાર્યરત થઈ.

વિસ્તરણના મહત્ત્વના ભાગરૂપે વાઈબ્રન્ટ ગુજરાત હેલ્થ સેમિનારમાં કે.કે. શાહ ટ્રસ્ટ, આરતી ફાઉન્ડેશન અને કચ્છી જૈન મહાજન-મુંબઈએ સંયુક્તપણે મેડિકલ કોલેજ શરૂ કરવાની દિશામાં ગુજરાત સરકાર સાથે રૂ. ૨૫૦ કરોડના એમ.ઓ.યુ. કર્યા હતા. આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, આરોગ્ય સચિવ શ્રી ગુપ્તા તથા અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં આરતી ગ્રુપ વતી સી.એસ.આર. ડાયરેક્ટર લાલ રાંભિયા, ડૉ. કૌશિક શાહ, ડી.કે. પટેલ તથા ટ્રસ્ટના ચેરમેન ધીરુભાઈ પટેલે હસ્તાક્ષર કર્યા હતા.

ભારતભરમાં ગ્રામીણ આરોગ્યક્ષેત્રે ડૉક્ટરોની ઘટ ચિંતાજનક બાબત છે. એમાંથી રસ્તો કાઢવાના પ્રયાસરૂપે ચંદ્રકાંત ગોગરીના

સ્વરૂપ મહાવીર કૉલેજ ઓફ મેડિકલ સાયન્સનો નિર્ણય દૃષ્ટાંતરૂપ છે. ત્રણ તબક્કે ૩૦૦, ૫૦૦ અને ૭૫૦ પથારીની સુવિધાયુક્ત હોસ્પિટલમાં દર વર્ષે ૧૫૦ મેડિકલ છાત્રો તૈયાર થશે.

દર્દીઓને મા અમૃતમ અને યોજનાઓનો પણ લાભ આપવામાં આવશે. અત્યારે માત્ર ૭૦ રૂ. માં ગ્રામીણ અને આદિવાસી દર્દીઓની સંપૂર્ણ સારવાર ઉપરાંત દિવસભરનું ભોજન સુદ્ધાં આપવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આરતી પરિવાર દ્વારા કચ્છ, ગુજરાત ઉપરાંત મરાઠાવાડા, મધ્યપ્રદેશ, છત્તીસગઢ ઈત્યાદિ વિસ્તારમાં ગ્રામીણ વિકાસની ખાસ કરીને શિક્ષણની પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

*કચ્છમિત્ર, તા. ૧૪-૧-૨૦૧૭*

## વાઇબ્રન્ટનું અવનવું
## ૧૪ વર્ષના કિશોરે કર્યા પાંચ કરોડના એમ.ઓ.યુ.

**સુરંગ શોધી શકે તેવું ડ્રોન વિકસાવ્યું : પોતાની કંપની સ્થાપી છે.**

આ વખતની વાઇબ્રન્ટ સમિટમાં થયેલા લાખો કરોડોનાં હજારો એમઓયુ વચ્ચે ૧૪ વર્ષના એક કિશોરના એમઓયુ ચર્ચાનો વિષય બની ગયા. અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતો અને ૧૦મા ધોરણનો વિદ્યાર્થી હર્ષવર્ધન ઝાલાએ ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ સાથે ૫ કરોડના એમઓયુ કર્યા છે. હર્ષવર્ધને ડિફેન્સ ક્ષેત્રે અને જવાનોને મદદરૂપ થાય તેવું ખાસ પ્રકારનું ડ્રોન બનાવ્યુ છે. આ ટીનએજરે 'એરોબોટિક્સ' નામની કંપની શરૂ કરી છે અને તે પોતાની કંપનીને એપલ અને ગૂગલ કરતાં પણ મોટી બનાવવાનું સપનું સેવે છે.

હર્ષવર્ધન ઝાલાએ એવા ખાસ પ્રકારનું ડ્રોન વિકસાવ્યું છે, જેની મદદથી લેન્ડ માઈન્સ શોધી શકાય છે અને તેને ડિફ્યુઝ પણ કરી શકાય છે. ૧૦મા ધોરણમાં વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત હોય છે, ત્યાં જ હર્ષવર્ધન કંઈક નવું કરવાની શોધમાં હતો અને પોતાની કંપની બનાવવાના સપનાં જોઈ રહ્યો હતો. આ અંગે હર્ષવર્ધન કહે છે, હું ૨૦૧૬ માં પ્રોટો ટાઈપ લેન્ડ માઈન્સ ડિટેક્ટિંગ ડ્રોન બનાવવા મહેનત કરી રહ્યો હતો અને સાથેસાથે બિઝનેસ પ્લાન પણ બનાવી રહ્યો હતો.

ડ્રોન બનાવવાના આઈડિયા વિશે હર્ષવર્ધન જણાવે છે, હું એક વખત ટીવી પર જોઈ રહ્યા હતો કે લેન્ડ માઈન્સને લીધે ઘણા જવાનોને ઈજા પહોંચે છે. માઈન્સને મેન્યુઅલી નિષ્ક્રિય કરવા જતાં આપણા જવાનોને જીવ ગુમાવવો પડે છે. ત્યાંથી મનમાં એવું ડ્રોન બનાવવાનો વિચાર આવ્યો કે જેનાથી માઈન્સ નિષ્ક્રિય કરી શકાય. ડ્રોનમાં ખાસ પ્રકારના સેન્સરને લીધે જમીનમાં દટાયેલા માઈન્સનું લોકેશન પણ જાણી શકાય છે.

*કચ્છમિત્ર, તા. ૧૪-૧-૨૦૧૭*

## ચીની કંપની મુંદ્રામાં લોખંડ પ્લાન્ટ સ્થાપશે - વાઇબ્રન્ટની એક ફલશ્રુતિ

ગાંધીનગર ખાતે યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં કચ્છ સંબંધી અનેક સમજૂતીઓ થઈ અને આ સમિટમાં અદાણી, વેલસ્પન અને સિમેન્ટ ક્ષેત્રે વદરાજ જેવા જુથોના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. તેમાં સ્ટીલ ઉત્પાદન ક્ષેત્રે પણ કચ્છમાં મોટા ઉદ્યોગે રસ દાખવીને મુંદ્રામાં જ રૂા. ૫૪૦૦ કરોડના રોકાણની તૈયારી બતાવવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જાહેરાત કરી હતી કે ચીનની જાયન્ટ સ્ટીલ કંપની સિંઘાશન જુથ દ્વારા કચ્છના મુંદ્રા ખાતે સ્ટેનલેસ સ્ટીલ પ્લાન્ટ ઊભો કરવાના પ્રોજેક્ટમાં રૂા. ૫૫૦૦ કરોડનું રોકાણ કરવાની દરખાસ્ત મૂકી છે, જે પ્રોજેક્ટ સનરાઇઝ ગ્રુપ સાથે મળીને સંયુક્ત સાહસથી હાથ ધરાશે.

લોખંડ ઉત્પાદક કંપનીઓ મોટેભાગે પૂર્વ કચ્છ બાજુ છે પણ હવે મુંદ્રા પાસે સ્ટીલ કંપની સંયુક્ત સાહસમાં એમઓયુ કરી રહી છે. આ સંદર્ભે સ્ટેનલેસ સ્ટીલ ઉત્પાદક એવી આ ટોચની સ્ટીલ કંપનીના ચેરમેન હુજાન વાંગે થોડો સમય પહેલાં મુખ્યમંત્રી સાથે વાત પણ કરી હતી.

## આઠમા વાઇબ્રન્ટનું અવનવું

રિલાયન્સના ચેરમેન મૂકેશ અંબાણીએ જિયો નેટવર્કથી ગુજરાતની તમામ શાળા - કૉલેજ - ગામને જોડવાનું એલાન કર્યું છે. અદાણી જુથ ગુજરાતમાં વધુ ૧૬ હજાર કરોડ ઠાલવશે, તો સુઝુકી મોટર્સે ગુજરાતમાં તેના પ્લાન્ટની ક્ષમતા વધારવાની જાહેરાત કરી છે.

નોબેલ સન્માન વિજેતા નવ વિભૂતિઓને ગુજરાતના આંગણે સફળતાપૂર્વક આમંત્રિત કરીને તેમના વિચારો - જ્ઞાનનો લાભ મેળવવાનો પ્રયોગ નિઃસંદેહ પ્રશંસનીય રહ્યો. હકીકતમાં નોબેલ પ્રાઈઝ વિજેતાઓના વક્તવ્ય અને સૂચનો વિશેષ અગત્યતા ધરાવે છે. 'ડેવિડ ગ્રોસ' નામના વિજ્ઞાનીએ સંશોધન - વિકાસ ક્ષેત્રે અમેરિકા, ચીન જેવા દેશોની તુલનાએ ભારતનું પછાતપણું રેખાંકિત કર્યું છે. તેમણે કહ્યું કે અમેરિકામાં દર દસ હજાર લોકો સામે ૮૦ જણ વિજ્ઞાનની શોધ - સંશોધન સાથે સંકળાયેલા છે. ચીનમાં આ આંકડો ૨૦નો છે પણ ભારતમાં ફક્ત ૪ નો છે.

આઠમા વાઈબ્રન્ટ અગાઉના સાત વાઈબ્રન્ટમાં ૫૧,૩૭૮ એમઓયુ થયા એમાંથી ૩૪,૨૩૪ સફળ રહ્યા છે. એટલે કે સફળતાની સરેરાશ ૬૬ ટકા છે. આ સરેરાશ ઓછી તો નથી જ. જો કે સરકારે જ સ્વીકાર્યું છે કે ૧૪,૧૬૫ પ્રોજેક્ટ પડતા મૂકાયા છે અને રોકાણ રૂા. ૪૩,૩૨,૦૦૦ કરોડનું થયું છે એવો સરકારનો દાવો છે. સૌથી વધુ રોકાણ રિલાયન્સનું છે.

*કચ્છમિત્ર, તા. ૧૨-૧-૨૦૧૭*

## વાઇબ્રન્ટનું સમાપન : એમઓયુ વધ્યા, રોકાણ ઘટ્યું

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૧૭માં કુલ ૨૫,૫૭૮ એમઓયુ થયા છે કે જેમાં સૌથી મોટો ફાળો લઘુ ઉદ્યોગોનો રહ્યો છે. જેમાં કુલ ૧૮,૫૩૩ એમઓયુ થયા છે. ૪૦૦૦ કરોડથી વધુ રોકાણના ઈરાદાવાળા કુલ ૫૨ એમઓયુ થયા છે. એકંદરે ૧૫ લાખ

કરોડની આસપાસ રોકાણનો આંકડો હોવાનું જાણવા મળે છે.

મોટા સેક્ટરમાં કુલ ૫૯૩૮ એમઓયુ થયા છે. સ્ટ્રેટેજિક પાર્ટનરશીપના ૧૧૦૭, અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રે ૧૬૨૫, એનિમલ હસબન્ડરી અને ફિશરીઝમાં ૪૯૩, મિનરલ બેઝ પ્રોડક્ટના ૪૦૯, ઊર્જા, ઓઈલ અને ગેસ ક્ષેત્રના ૪૨૫, એગ્રો અને ફુડ પ્રોસેસીંગમાં ૩૮૧, આરોગ્ય અને ફાર્મા ક્ષેત્રમાં ૨૮૫, કેમિકલ્સ, પેટ્રો કેમિકલ્સ અને જી.આઈ.ડી.સી.ના મળી કુલ ૨૬૮ એમઓયુ થયા છે. રોકાણમાં સૌથી વધુ નાણાંકીય સેવાઓમાં ૧૨ એમઓયુ ૪૦૦૦ કરોડથી વધુના રોકાણના થયા છે.

## 'વાઇબ્રન્ટ ગુજરાત' – ૨૦૦૩થી ૨૦૧૫ : હિસાબ

| *વાઈબ્રન્ટ* | *કુલ એમઓયુ (સમજૂતી કરાર)* | *અંદાજિત રોકાણ* | *યોજનાઓ અમલમાં આવી* | *પડતી મૂકાઈ* |
|---|---|---|---|---|
| ૨૦૦૩ | ૮૦ | ૦.૬૬ | ૪૨ | ૩૭ |
| ૨૦૦૫ | ૨૨૭ | ૧.૦૬ | ૧૨૨ | ૯૭ |
| ૨૦૦૭ | ૪૫૪ | ૪.૬૫ | ૨૪૧ | ૧૮૭ |
| ૨૦૦૯ | ૩૫૭૪ | ૧૨.૩૪ | ૨૧૪૧ | ૧૦૬૮ |
| ૨૦૧૧ | ૮૩૮૦ | ૨૦.૮૩ | ૪૧૨૬ | ૩૫૧૩ |
| ૨૦૧૩ | ૧૭,૭૧૯ | ૨૦.૦૦ | ૧૦,૭૦૪ | ૫૬૦૫ |
| ૨૦૧૫ | ૨૧,૩૦૪ | ૨૫.૦૦ | ૧૨,૫૦૯ | ૩૬૫૮ |
| **કુલ** | **૫૧,૭૩૮** | **૮૪.૫૫** | **૨૯,૮૮૫** | **૧૪૧૬૫** |

*નોંધ : રોકાણના આંકડા લાખ કરોડ રૂપિયાના છે*

***કચ્છમિત્ર, તા. ૯-૧-૨૦૧૭***

## વાગડમાં નર્મદાના કામો માટે ૨૧૩ કરોડના ટેન્ડર

**શાખા નહેર ભચાઉ-રાપરમાંથી પસાર થાય છે તેની બધી જ પેટા નાની નહેરોના કામ હવે ધમધમશે.**

કચ્છના રણમાં અખિલ ભારતીય પ્રવાસન સમિટની પૂર્વ સંધ્યાએ તાજેતરમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે વાગડથી કચ્છમાં પ્રવેશેલી નર્મદા નહેરની નાની અને પેટા નહેરોના કામ માટે રૂા. ૨૧૩ કરોડના ટેન્ડર બહાર પાડીને કચ્છને ૨૦૧૭ના વર્ષની સર્વ પ્રથમ મોટી ભેટ આપી છે. આ મંજૂરીની જાહેરાતે પાણી ઝંખતા મુલકમાં આનંદનું મોજું ફેલાવી દીધું છે.

૨૦૧૧ની આઠમી એપ્રિલે તત્કાલીન મુખ્યમંત્રી એવા શ્રી મોદીએ કચ્છ શાખા નહેરના રૂા. ૫૧૮ કરોડના કામોનો શુભારંભ કરાવ્યો ત્યારથી કચ્છના વિકાસનો રોપાયેલો માણેક સ્તંભ આ રૂા. ૨૧૩ કરોડના પેટા નહેરોના કામના ટેન્ડર સાથે એક વધુ સંતોષજનક ઘૂંટ કચ્છના કંઠે ઉતારશે. જો કે નર્મદાના વધારાના એક મિલિયન એકર ફીટ પાણી માટેની બજેટની પણ હજુ જોગવાઈ થઈ નથી તથા વાગડથી આગળ નહેર પહોંચી નથી. નહેરનું અંતિમ સ્થળ માંડવી તાલુકાનું મોડકુબા છે, ત્યાંથી આગળનું આયોજન પણ હજુ ઘડાયું નથી.

નર્મદાની જે નહેર હાલ વાગડમાંથી પસાર થઈ રહી છે તેની બધી જ પેટા અને નાની નહેરો માટે રૂા. ૨૧૩ કરોડના ટેન્ડર બહાર પડ્યા છે. ૧૫ માસમાં આ કામ સંપન્ન કરવાનું છે. રાપર અને ભચાઉ તાલુકામાં ખેતરે ખેતર સુધી પાણી પહોંચાડે તેવી આ નાની શાખા નહેરોના કામની મંજૂરી આપી ટેન્ડર બહાર પાડવામાં આવ્યા તેને વાગડ માટે સોનાના સૂરજ ઊગવા જેવી મહત્ત્વની ગણાવી નિગમ દ્વારા જે કમાન્ડ એરિયા મુકરર કરાયેલો છે ત્યાં સુધી આ નાની પેટા નહેરો પાણી લઈ જશે.

***કચ્છમિત્ર, તા. ૨૦-૧-૨૦૧૭***

## રાપર વિસ્તારમાં નર્મદા નહેર માટે વધુ ૧૯૬ કરોડના ટેન્ડર મંજૂર

તાજેતરમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા વાગડથી કચ્છમાં પ્રવેશેલી નર્મદા નહેરની નાની અને પેટા નહેરોના કામ માટે રૂા. ૨૧૩ કરોડના ટેન્ડર બહાર પાડ્યા બાદ આજે વધુ ૧૯૬ કરોડના કામોને મંજૂરી મળી હોવાનું જાણવા મળ્યું. આ ૧૯૬ કરોડના ટેન્ડરને મંજૂરી મળતા રાપર વિસ્તારમાં નર્મદા નહેરના અને નાની-મધ્યમ અને પેટા નહેરોના કામ આવરી લેવાયા છે.

***કચ્છમિત્ર, તા. ૨૪-૧-૨૦૧૭***

## માંડવી - મસ્કત વચ્ચે પ્રવાસના રૂટની શક્યતા

દોઢ શતાબ્દીની સફળ સફર કરી રહેલી દેશની નામાંકિત ખીમજી રામદાસ કંપનીના વારસો પુનઃ વહાણવટું ખેડી કચ્છ પધાર્યા તે રૂટ માંડવી-મસ્કત વચ્ચે ક્રૂઝ પ્રવાસનનું બારું બને તેવી આશા કાઠડા ખાતે કનકસિંહના સન્માન વખતે રામકૃષ્ણ કુટિર ખાતે સંત સાંનિધ્યે વ્યક્ત કરાઈ હતી. તે સાથે ત્રિ-દિવસીય જીર્ણોદ્ધાર મહોત્સવનો દબદબાભેર પ્રારંભ થયો હતો.

કચ્છી સંત વજાભગત નિર્મિત સાધના સદનનો જીર્ણોદ્ધાર થતાં ત્રિ-દિવસીય ધાર્મિક મહોત્સવ આરંભાયો છે. પુનઃપ્રતિષ્ઠા અનુષ્ઠાનના મંગળાચરણ સાથે કચ્છી દાનવીર ખીમજી રામદાસ પરિવારના કનકસિંહ શેઠનું મસ્કતથી માંડવી વહાણમાં આગમને વિશેષ સન્માન કરાયું હતું. ખીમજી પરિવારના ઓવારણાં લેતાં વક્તાઓએ માંડવી-મસ્કત પ્રવાસન રૂટની મહત્વાકાંક્ષી વાત કરી નવી આશા જગાવી હતી. આ રૂટ પર ક્રૂઝ પ્રવાસન વિકસી શકે તેવા સંકેત સન્માનિત કનકસિંહ શેઠે આપ્યા હતા. આ નવતર વાત માંડવીના રાજકીય અગ્રણી અનિરુદ્ધ દવેએ મૂકી હતી.

***કચ્છમિત્ર, તા. ૧૬-૧-૨૦૧૭***

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ફિઝિક્સ એસોસિએટેડ પ્રોફેસર તરીકે કચ્છીની નિમણૂક

મૂળ ભુજના હાલે સુરેન્દ્રનગર નિવાસી ડૉ. આદિત્ય મહાભાઈ વોરા જે હાલમાં સી.યુ. શાહ યુનિવર્સિટી વઢવાણ ખાતે ઇન્ચાર્જ

વિઝન પ્રિન્સિપાલ તથા આસિ. પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓની નિમણૂક ફિઝિક્સ વિષયના એસોસિએટેડ પ્રોફેસર તરીકે ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સ, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ સ્પેસ સાયન્સ, સ્કૂલ ઓફ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે થઈ છે.

*કચ્છમિત્ર, તા. ૧૪-૧-૨૦૧૭*

## સુપ્રીમમાં પ્રથમ કચ્છી મહિલા એડવોકેટ ઓન રેકોર્ડ!

રાજાશાહીમાં દરબારમાં જ ન્યાય તોળાતો એવા દિવસો તો હવે રહ્યા નથી, પરંતુ રાજવી પરિવારનું કોઈ સદસ્ય અને એમાંય મહિલા વકીલાત કરે અને તેય સુપ્રીમ કોર્ટમાં એ અનન્ય કિસ્સો તો ગણાય. કચ્છના રાજવી પરિવારની એક મહિલા એડવોકેટે આવુ કરી બતાવ્યું છે.

અરુણ જેટલી, મીનાક્ષી લેખી, કપિલ સિબ્બલ જેવાં ધુરંધર વકીલો જ્યાં પ્રેક્ટિસ કરી રહ્યાં છે એવી ભારતની સુપ્રીમ કોર્ટમાં ઍડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરતાં કચ્છના રાજવી પરિવારનાં યુવાન મહિલા ધારાશાસ્ત્રી જયકૃતિબા જાડેજા નાની વયે સુપ્રીમ કોર્ટનાં ઍડવોકેટ્સ ઑન રેકોર્ડ બન્યાં છે. મહારાવ કુંવર જોરાવરસિંહજી તથા સુરીલાકુમારીનાં પૌત્રી અને માધવીબા તથા દેવેન્દ્રસિંહ જાડેજાનાં પુત્રી જયકૃતિબા જાડેજા સુપ્રીમ કોર્ટ દ્વારા લેવામાં આવતી પરીક્ષા નાની વયે પ્રથમ પ્રયત્ને પાસ કરી કચ્છનાં પ્રથમ મહિલા ઍડવોકેટ્સ ઑન રેકોર્ડ બન્યાં છે.

સુપ્રીમ કોર્ટમાં જે બાબત ન્યાયિક નિર્ણયો માટે રજૂ કરવાની થાય છે એ માટે પિટિશન વગેરેનું પ્રેઝન્ટેશન સામાન્ય રીતે ઍડવોકેટ્સ ઑન રેકોર્ડ દ્વારા કરવામાં આવે છે. આ પરીક્ષામાં સંબંધિત ઍડ્વોકેટની બુદ્ધિમત્તા, હોશિયારી, શિક્ષણ અને ન્યાયિક કાર્યકુશળતાને ધ્યાને લેવામાં આવે છે.

કેવો અનુભવ થાય છે એક કચ્છી મહિલા તરીકે?

જયકૃતિબા ચિત્રલેખાને કહે છે કે મને ગૌરવ છે કે એક કચ્છી ઍડવોકેટ તરીકે સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરતી પ્રથમ મહિલા છું. કચ્છ આવે ત્યારે અચૂક માતાના મઢ રાજવી પરિવારનાં આશાપુરા માતાજીનાં દર્શને જતાં જયકૃતિબા સુપ્રીમમાં સિવિલ અને દિવાની બન્ને પ્રકારના કેસ લડે છે.

*ચિત્રલેખા, તા. ૧૭-૧-૨૦૧૭*

## સિંધ વગર ભારત 'અધૂરું' છે

વરિષ્ઠ ભાજપ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી માને છે કે, ભારત સિંધ વિના અધૂરું છે.

તાજેતરમાં એક સમારોહમાં આવી ટિપ્પણી સાથે ૮૯ વર્ષીય નેતાએ ખેદ વ્યક્ત કરતાં કહ્યું કે, જ્યાં સિંધી પરિવારમાં મારો જન્મ થયો તે કરાંચી હવે ભારતનો ભાગ નથી તેનું દુ:ખ છે.

ઘણીવાર હું એ વિચારીને હતાશ થઈ જઉં છું કે, કરાંચી અને સિંધ ભારતના ભાગ રહ્યા નથી. સિંધમાં બાળપણના દિવસોમાં હું આરએસએસમાં ભારે સક્રિય હતો તેવું અડવાણીએ કહ્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૧૬-૧-૨૦૧૭*

## બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત ૪૩મા મેડિકલ અને સર્જિકલ કેમ્પનું દબદબાભેર ઉદઘાટન કરતા અગ્રણીઓ

### ૪૩ વર્ષમાં ૪૫ લાખ દર્દીઓની સેવા

અહીં ૪૩ વર્ષોમાં ૪૫ લાખ લાભાર્થીઓને આરોગ્યસેવા સંપન્ન કરાઈ એ નાની સૂની વાત નથી એમ બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શા. કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામ પરિસરમાં ૪૩મા મેડિકલ અને સર્જિકલ કેમ્પના સમારોહના પ્રમુખપદેથી કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ કહ્યું હતું. આ વિભાગના ધારાસભ્ય તારાચંદભાઈ છેડાએ આરોગ્યસેવાને સલામ કરતાં લોકભાગીદારીના ઉત્તમ દૃષ્ટાંત તરીકે બિદડા સર્વોદય ટ્રસ્ટની મૂલવણી કરી હતી. મુખ્ય મહેમાનપદેથી સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન દામજીભાઈ એન્કરવાલાએ સર્વોત્તમ આરોગ્ય ક્ષિતિજો વિસ્તારીને વધુ માનવસંશાધનો નસીબ કરાવવા માટે મેડિકલ કોલેજનાં સ્વપ્ન સાકાર કરવા ખમતીધરોને અપીલ કરી હતી.

કાર્યક્રમનું સમાપન કરાવતાં નામવીર દાતા દામજીભાઈ એન્કરવાલાએ સંસ્થાની આરોગ્ય સેવા-સાધનાના ઓવારણા લેતાં ઉંમર વધવા છતાં વિચારની દિશાઓ બરકરાર રાખવા બદલ વયોવૃદ્ધ, બહુમાનિત ટ્રસ્ટીઓ નાનજીભાઈ છેડા અને કેશવજીભાઈ છેડાના પ્રદાનને પથદર્શક ગણાવ્યું હતું.

આરંભમાં બિ.સ. ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાએ કચ્છમાં સર્વપ્રથમ રેટિનાની શ્રેષ્ઠકક્ષાની સારવાર એન્કરવાલા પરિવાર દ્વારા સાકાર થઈ શકી તે બદલ આભાર પ્રગટ કરીને કહ્યું હતું કે, સંસ્થા પરિસરમાં ત્રણ ઉપાશ્રયોમાં ગત વર્ષે ૨૫૩ સાધુ - સાધ્વીજીને સારવાર અપાઈ હતી. વીતેલા વર્ષ દરમ્યાન જયા રિહેબમાં ૬૦ હજાર લાભાર્થીઓ સાજા થયા. ૧૧ ગામોના ૪૦ હજાર બાળદંત દર્દીઓને માતા પાનબાઈ હધુ છેડા પરિવાર દ્વારા દત્તક લેવાયા પછી હવે મૂરજીભાઈ પટેલ યુરોલોજી હોસ્પિટલ (નડિયાદ) ના સહયોગ થકી યુરોલોજી ડિપાર્ટમેન્ટ સાકાર કરવાનો નિર્ણય લેવાયો છે ત્યારે શ્રેષ્ઠીઓએ આગળ આવવું અપેક્ષિત છે.

આરંભમાં બિદડા ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનના સૌજન્ય વડે સંસ્થાને કોમ્પ્યુટરાઈઝડ કરતાં યુનિટની તકતીનું અનાવરણ કરાયું હતું. કૃષ્ણા હોસ્પિટલ (કરમસદ) ના હૃદયરોગ સર્જન અને ૭૦ હાર્ટ સર્જરી કરનારા ડૉ. મનીષ તિવારીએ સંસ્થાની પારિવારિક દૃષ્ટિને કાબિલેદાદ લેખાવીને દર્દી અને ટેકનોલોજી વચ્ચે કડી બનવા અનુરોધ કર્યો હતો.

બિદડા દેરાવાસી જૈનસંઘ દ્વારા સાધુ-સાધ્વીજીઓની વૈયાવચ્ચ અર્થે રૂા. ૧ લાખ, નાનજી વેલજી છેડા : રૂા. ૧ લાખ, ભવાનજી વેલજી છેડા : રૂા. ૧ લાખ, ધનજી વેલજી છેડા : રૂા. ૧ લાખ, રમણિકભાઈ છેડા : રૂા. ૧ લાખ, ગુણવંતીબેન શામજી છેડા : રૂા. ૧ લાખનું દાન જાહેર કરાયું હતું.

સંચાલન ધીરજ છેડા (એકલવીર) અને આભારદર્શન ટ્રસ્ટી શાંતિલાલ વીરાએ કર્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૯-૧-૨૦૧૭*

## ભોજાય હોસ્પિટલને ૧.૭૫ કરોડનું દાન

ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા નવનીત પરિવારના માતા દેવકાબેન અમરચંદ રામજી ગાલાની સ્મૃતિમાં યોજાયેલા પચ્ચીસમાં મેગા મેડિકલ કેમ્પના સમાપન કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી બોલતાં માંડવી મત વિસ્તારના ધારાસભ્ય તારાચંદભાઈ છેડાએ કચ્છમાં દુષ્કાળ ભૂકંપના કપરાકાળમાં મહાજનના સધિયારાની વાત કહી ભોજાય હોસ્પિટલમાં માનવતાના મહાયજ્ઞમાં આરોગ્ય કેમ્પમાં સહયોગ આપનાર નવનીત પરિવાર અને દાતાઓના કાર્યને બિરદાવી દાતાઓને દુનિયાની મુઠ્ઠી ઊંચેરી વ્યક્તિ ગણાવી હતી.

ભોજાય સર્વોદય ટ્રસ્ટની આરોગ્યસેવાથી અંજાઈ નવનીત પરિવારના અનિલભાઈ ગાલાએ દોઢ કરોડનું દાન આપવાની જાહેરાત કરી હતી. જ્યારે આંખના દર્દીઓ માટે મોબાઈલ મેડિકલ વાહન માટે રૂપિયા પચ્ચીસ લાખનું દાન આપવાની મૂળ ગઢશીશાના હાલે મુંબઈ સ્થિત તબીબ ડૉ. નીતીન દેઢિયાએ જાહેરાત કરતાં વધાવી લેવાઈ હતી. આયોજકો અને ટ્રસ્ટીઓ દ્વારા જટિલ શસ્ત્રક્રિયા કરાયા બાદ નવજીવન મેળવનાર દર્દીઓ જીવનમાં વ્યસન મુક્ત રહે એવી આશા વ્યક્ત કરાઈ હતી.

છેલ્લા બે માસથી કચ્છના લખપત, નખત્રાણા, અબડાસા, ભુજ, માંડવી અને મુંદ્રા તાલુકાના ગામડાંઓમાં ખૂંદીને આંખ, કાન, નાક, ગળા, દાંતના દર્દીઓ ઉપરાંત ફીટ-વાઈ રોગ, સ્ત્રીરોગ, બાળરોગ, હાડકાં અને ચર્મરોગના દર્દીઓની ચકાસણી કરી ૨૦૧૬ના ડિસેમ્બર અને ૨૦૧૭ના જાન્યુઆરી માસના પ્રારંભે ભોજાય સર્વોદય ટ્રસ્ટ સંચાલિત માતા પાનબાઈ કારુભાઈ પાલણ હોસ્પિટલે મેગા મેડિકલ કેમ્પની રજત જયંતી સમો મહાકેમ્પ યોજાયો હતો. પાંચ હજાર ઉપરાંતના દર્દીઓની તપાસણી કરાયા બાદ ૪૫૦ દર્દીઓના ઑપરેશન કરાયા હતા. જરૂરિયાતમંદ, ગરીબ અને વંચિત સમુદાયના દર્દીઓ પીડામુક્ત બની જ્યારે પરિવારજનોએ પોતાનાઓને નવીન જીવન મળતાં આનંદિત બની આંતરડીની દુવા આપી હતી. ડૉ. ગાયત્રી દેશપાંડે, ડૉ. બિંદુબેન બલાની, ડૉ. વેણુગોપાલ સહિતના નિષ્ણાત તબીબોની સાથે તબીબી ટીમે વિવિધ રોગોની જટિલ શસ્ત્રક્રિયાઓ કરી દર્દીઓને પીડામુક્ત કર્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે મેનેજિંગ કમિટીના લક્ષ્મીચંદ મોરારજી ગાલાએ આવકાર પ્રવચનમાં દાતાઓની દિલેરીને બિરદાવી હતી. કેમ્પના મુખ્ય દાતા નવનીત પરિવારના અનિલભાઈ ડુંગરશીભાઈ ગાલાએ માનવ જીવનમાં આરોગ્યસેવાને મોંઘેરી ગણાવી કાયમી મેગા મેડિકલ કેમ્પના દાતા તરીકે નવનીત પરિવાર સેવા આપવા કટિબદ્ધ હોવાની વાત કહી હતી. નખત્રાણાની સોમૈયા હોસ્પિટલના પીયૂષ સોમૈયાની સેવા બિરદાવાઈ હતી. ભોજાય સર્વોદય ટ્રસ્ટના નેજા હેઠળ યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં શેમારૂ એન્ટરટેઈનમેન્ટના સહયોગથી હાડકાં રોગ શિબિર, નરેન્દ્રસિંહ ગાભુભા જાડેજાના સહયોગથી ચર્મરોગ શિબિર, એસ.પી.એમ. ફાઉન્ડેશન - પુનડી, રતનબેન લખમશી ઘેલાભાઈ નવાવાસ, માતા ઝવેરબેન પ્રેમજી ખીમજી-લઠેડીના સહયોગથી નેત્રયજ્ઞ, સાકરબેન લાલજી ગાલા, જે.કે. લીફ્ટર્સ પ્રા.લિ. મુંબઈના સહયોગથી બાળરોગ શિબિર, એમ.જે. કોર્પોરેશન મુંબઈના સહયોગથી સ્ત્રીરોગ શિબિર યોજાઈ હતી. ભોજનના દાતા પ્રેમચંદ માણેકચંદ મહેતા પરિવાર તરફથી મેગા કેમ્પમાં આવનાર તમામ દર્દીઓ અને સાથે આવનાર માટે બે ટાઈમ ભોજન અને સવારે ચા-નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. રતનવીર આંખની ઇન્સ્ટિટ્યૂટમાં આંખના દર્દીઓનું નિદાન કરાયું હતું. સંચાલન લીલાધર માણેક ગડાએ જ્યારે આભારવિધિ નરેન્દ્ર માણેક ગડાએ કરી હતી.

*કચ્છમિત્ર, તા. ૪-૧-૨૦૧૭*

## શરીર ફિટ અને મનોબળ મજબૂત હોય તો કોઈ પણ ઉંમરે બાયપાસ સર્જરી થઈ શકે.

## કચ્છી પત્નીની સંમતિથી ૯૦ વર્ષીય બ્રિટિશર પર સિમ્સમાં સફળ શસ્ત્રક્રિયા

સામાન્ય રીતે એંસી વર્ષ વટાવ્યા પછી નાની-મધ્યમ સર્જરી કરવાનું જોખમ ન ઉઠાવનારાને વિચારતા કરી દે તેવા સમાચારમાં મૂળ કચ્છી હસુ શાહના ૯૦ વર્ષીય બ્રિટિશ પતિની સફળ બાયપાસ સર્જરી અમદાવાદ સિમ્સ હોસ્પિટલ ખાતે થઈ છે.

તા. ૨૩-૧૨-૨૦૧૬ના અમદાવાદ ખાતે સિમ્સ હોસ્પિટલમાં મૂળ કચ્છી કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહે ૯૦ વર્ષના દર્દીનું સફળ બાયપાસ કરી વધુ એક મેડિકલ સિદ્ધિ હાંસલ કરી છે. મૂળ બ્રિટિશ એવા જ્હોન હેનરી ક્રેગ્સ, કચ્છી મહિલા હસુ શાહ સાથે નાઈરોબીમાં લગ્ન કરી જેક શાહના નામથી ઓળખાય છે. તાજેતરમાં તેઓ અમદાવાદ સારવાર મેળવવા અડાલજ ખાતેની હોસ્પિટલમાં હતા. ત્યાંના તબીબોએ હૃદય તપાસની સલાહ આપતાં સોલા સ્થિત ખ્યાતનામ સિમ્સ હોસ્પિટલ ખાતે ડૉ. ધીરેન શાહ પાસે દાખલ થયા. એન્જિયોગ્રાફીમાં મૂળ ધોરીનસમાં ચરબી જામ્યાનો રિપોર્ટ આપતાં ત્રણ વિકલ્પ બચ્યા હતા. એન્જિયોપ્લાસ્ટી, બાયપાસ અને કાં તો મૃત્યુની રાહ જોવી. જ્હોન મરવા માગતા નહોતા. શતાયુની જીજિવિષા તીવ્ર હતી. શરૂઆતમાં પત્નીએ ના પાડી પણ પતિની ૧૦૦ વર્ષની જિદ્દ જોઈ જોખમ ઉઠાવ્યું. સફળ સર્જરી પછી ખુશખુશાલ હસુ શાહે કહ્યું કે, મનોબળ મજબૂત હોય તો ઈશ્વર પણ સાથ આપે છે. હસુ શાહે બ્રિટિશ જ્હોન સાથે પ્રેમલગ્ન કર્યા હતા.

થોડા દિવસો પહેલાં જ ભાવનગરના મુસ્લિમ યુવકનું હૃદય હિન્દુના શરીરમાં ધબકતું કરી ગુજરાતમાં પ્રથમ હૃદય પ્રત્યારોપણની સિદ્ધિ મેળવનારા દેશના જાણીતા કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેને કહ્યું, શરીર ફિટ અને મનોબળ મજબૂત હોય તો કોઈ પણ ઉંમરે ઑપન હાર્ટ સર્જરી થઈ શકે છે. સફળતા બદલ સિમ્સના ચેરમેન ડૉ. કેયૂર પરીખે ટીમને અભિનંદન આપ્યા હતા, એમ જનસંપર્ક અધિકારી કેતન આચાર્યે ઉમેર્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૪-૧-૨૦૧૭*

## હૃદયરોગના દર્દીઓને લૂંટવાની પ્રવૃત્તિ પર અંકુશ આવશે

### રક્તવાહિનીમાં બેસાડવામાં આવતા સ્ટેન્ટની કિંમત હવે ફિક્સ કરાશે

હૃદયરોગના દર્દીઓની રક્તવાહિનીઓમાં બેસાડવામાં આવતા સ્ટેન્ટની કિંમતને નામે હાર્ટ સર્જનો દ્વારા કરવામાં આવી રહેલી બેફામ

લૂંટને અંકુશમાં લેવાની કવાયત નેશનલ ફાર્માસ્યૂટિકલ્સ પ્રાઈસિંગ ઓથોરિટીએ ચાલુ કરી દીધી છે.

હૃદયરોગના દર્દીઓની રક્તવાહિનીઓમાંના બ્લોકેજ દૂર કરવા માટે બેસાડવામાં આવતા સ્ટેન્ટ ભારતભરમાં એક સમાન અને વાજબી ભાવે મળી રહે તે માટે સ્ટેન્ટના વેપાર અને ઉત્પાદન સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓ સાથે વિચારવિમર્શ ચાલુ કરી દેવામાં આવ્યો છે. આ સાથે જ હૃદયરોગના દર્દીઓ માટેના સ્ટેન્ટ દેશભરમાં એક સમાન અને વાજબી ભાવે મળી રહે તે માટેના દરવાજા ખૂલી રહ્યા છે. સ્ટેન્ટના ઉત્પાદકો, ડૉક્ટર્સ, આયાતકાર અને વિતરકો તમામ સાથે આ સંદર્ભમાં ચર્ચા શરૂ કરવામાં આવી છે. તેમના મંતવ્યો મેળવવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં શ્રેણીબદ્ધ બેઠકો પણ બોલાવવામાં આવી છે. સ્ટેન્ટ ઉપરાંત જુદા જુદા પ્રકારની મેડિકલ ડિવાઈસના ભાવ નક્કી કરી આપવા માટેની કામગીરી પણ આ જ બેઠક દરમિયાન કરવામાં આવશે. વેપાર ઉદ્યોગના એસોસિએશનોને પણ આ બેઠકમાં ભાગ લેવા માટે બોલાવવામાં આવ્યા છે. બિનસરકારી સેવા સંસ્થાઓના પ્રતિનિધિઓને પણ આ બેઠકમાં ભાગ લેવા માટે બોલાવવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

અત્યારે ભારતના બજારમાં આયાતી સ્ટેન્ટની પડતર કિંમત રૂા. ૨૦૦૦૦ થી ઓછી હોવા છતાંય ડૉક્ટરો એક સ્ટેન્ટના રૂ. ૧.૫ થી રૂ. ૨ લાખ વસૂલ કરે છે. તેમાંય દર્દીના સ્વજનો પાસે છેલ્લી ક્ષણે તેની દરખાસ્ત મૂકીને તેમની આર્થિક હાલત ખરાબ કરી નાખે છે. પરિણામે જરૂર હોય કે ન હોય ડૉક્ટર્સની સલાહ પર દર્દીના સ્વજનોએ હા પાડી દેવી પડે છે અને લાખોનો ખર્ચ બોજ પણ વેંઢારવો પડી રહ્યો છે.

*ગુજરાત સમાચાર, તા. ૧-૧-૨૦૧૭*

## NPPAએ સ્ટેન્ટ પર ૧૦૨૬ ટકા નફો લેવાની છૂટ તો આપી પરંતુ મેડિક્લેઈમ લેનારાઓને સ્ટેન્ટની કિંમત પેટે ૮૦,૦૦૦ જ ચૂકવતી વીમા કંપનીઓ

સ્ટેન્ટની કિંમતમાં બેફામ નફો કમાવાની આયાતકારોને નેશનલ ફાર્માસ્યૂટિકલ્સ પ્રાઈસિંગ ઓથોરિટીએ છૂટ આપી દીધી હોવા છતાંય વીમા કંપની હૃદયરોગની સર્જરી કરાવનારાઓને સ્ટેન્ટની કિંમત પેટે મહત્તમ રૂ. ૮૦,૦૦૦ થી ૯૦,૦૦૦ જ ચૂકવી રહી છે. મેડિક્લેઈમ લેનારાઓ પણ રક્તવાહિનીઓ બ્લોક થઈ જવાને પરિણામે રક્તવાહિનીઓમાં સ્ટેન્ટ મૂકાવનારાઓ પાસે મેડિક્લેમ હોવા છતાંય તેમણે લાખોના ખર્ચના ખાડામાં ઉતરવું પડી રહ્યું છે.

પરિણામે હૃદયરોગની સારવાર કરાવનારાઓની હાલાકી વધી રહી છે. તેમનું કહેવું છે કે સરકાર સ્ટેન્ટના જે ભાવ નક્કી કરે તેની સામે અમારો વાંધો તો છે, પરંતુ તેની સાથે જ તેમણે મેડિક્લેઈમ લેનારાઓને તે પ્રમાણે જ વીમા કંપનીઓ સ્ટેન્ટની કિંમત ચૂકવે તેવી વ્યવસ્થા પણ કરી આપવી જોઈએ. સરકારી વીમા કંપનીઓ પણ સ્ટેન્ટની પૂરી કિંમત ચૂકવતી જ નથી.

ઈરડાએ નક્કી કરી આપેલા નિયમ પ્રમાણે વીમા ક્લેઈમની એક ટકાની આસપાસનું રૂમ ભાડાથી વધુ રકમના ભાડાનો રૂમ હોસ્પિટલમાં રાખે તો મેડિક્લેઈમ ધારકને નક્કી કરેલા ધોરણોથી વધુ ભાડું ન ચૂકવવામાં આવે તે સમજી શકાય છે. પરંતુ દરદી નિયત ભાડા કરતાં વધુ રકમના રૂમમાં સારવાર લે, તો તેવા સંજોગોમાં તેની દવાના અને અન્ય ખર્ચમાંથી પણ વીમા કંપનીઓ ૨૦ થી ૨૫ ટકા રકમ કાપી લેતી હોવાનું જોવા મળે છે.

આ રકમમાં કપાત કરવાનો નિર્ણય ટીપીએ-થર્ડ પાર્ટી એજન્ટ લે છે. આ ટીપીએને ક્લેઈમનું વિશ્લેષણ કરવા માટેના ખર્ચ ચૂકવવા વીમા કંપની ગ્રાહકો પાસેથી જ પોલીસીમાં ૬ ટકા વધુ રકમ લે છે. મેડિક્લેઈમ લેનારાઓના પૈસાથી જ ચાલતી આ કંપનીઓ ખોટી રીતે મેડિક્લેઈમમાંથી મોટી રકમ કાપી લે છે.

આ સ્થિતિમાં બદલાવ આવવો જરૂરી હોવાનું મેડિક્લેઈમ લેનારાઓનું કહેવું છે. હવે ટ્રસ્ટની હોસ્પિટલમાં પણ રૂમના ભાડાં ૨૫૦૦ થી ૪૦૦૦ સુધીના લેવાવા માંડ્યા છે. જે અતિશય વધારે છે. પરિણામે હોસ્પિટલ્સના રૂમ ચાર્જ પણ નક્કી કરી આપવા માટે સરકારે કોઈ ચોક્કસ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. કારણ કે રૂમ ચાર્જ પર જ દર્દીની સારવારના ચાર્જનો પણ આધાર રહેલો છે. દર્દીઓને સતત લૂંટતી આવતી કોર્પોરેટ હોસ્પિટલ્સ તો તેમના કુલ બિલની રકમ પર ૧૫ ટકા સર્વિસ ચાર્જ (સર્વિસ ટેક્સ નહિ) લે છે. આ ચાર્જ શેના માટે લેવામાં આવે છે તેનો કોઈ જ જવાબ આપવામાં આવતો નથી. હોસ્પિટલના મેનેજમેન્ટે નક્કી કરેલો ચાર્જ છે. અમને લેવાની સૂચના આપવામાં આવી છે એટલું જણાવીને બિલ બનાવનારા અધિકારીઓ છટકી જાય છે. આ તમામ બાબતો મેડિકલ સર્વિસને અતિશય મોંઘી બનાવી રહ્યા છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૯-૧-૨૦૧૭*

## સ્વચ્છતા અભિયાન

ભારત ગામડાંમાં વસે છે. ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ભારતની ૧૨૧ કરોડની જન સંખ્યામાંથી ૮૩.૩ કરોડ લોકો ગામડાંમાં વસે છે. ભારતમાં ૬૦ કરોડ લોકો ખુલ્લામાં મળત્યાગ કરે છે અને વૈશ્વિક દૃષ્ટિએ આ આંકડો ચકાસતાં વિશ્વભરમાં આમ કરતાં ૧.૧ બિલિયન લોકોમાં ભારતનો હિસ્સો ૫૯ ટકા છે. જે ખૂબ જ જોખમી છે અને અતિસારનું મુખ્ય કારણ બને છે. તેને લીધે ૪ વર્ષથી નીચેની આયુના ૩૦૦૦ બાળકો દરરોજ મૃત્યુ પામે છે. અતિસાર સંબંધી માંદગીના કારણે ભારત દર વર્ષે કામકાજના ૭૩ મિલિયન દિવસ ગુમાવે છે.

ભારતનું આરોગ્ય આંતરમાળખું રોગનો બોજ વહન કરી શકવા સક્ષમ નથી. દર ૧,૦૦,૦૦૦ની વસતિએ ભારત પાસે ફક્ત ૧૩૦ પથારીઓ છે, જ્યારે આ બાબતમાં વિશ્વની સરેરાશ ૨૭૦ પથારીઓની છે. તેમજ ઉર્લ્વના આદેશ પ્રમાણે ૩૫૦ પથારી હોવી જરૂરી છે.

ભારતમાં રેલવેના પાટા પર દરરોજ ચાર હજાર મેટ્રિક ટન માનવમળ ઠલવાય છે. ટ્રેનોની અંદરના શૌચાલયોમાંથી સીધા પાટ પર પડતા મળને લીધે અત્યંત ગંદકી ફેલાય છે અને પ્રદૂષણ થાય છે. આ સમસ્યાના ઉકેલ માટે ટ્રેનોમાં બાયો ટોઇલેટ બેસાડવામાં આવે એવી માંગણી કરતી યાચિકા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ સમક્ષ કરવામાં આવી છે.

આજે વિશ્વમાં ૨.૪૦ અબજ લોકો ટોઇલેટની સંતોષકારક સુવિધાથી વંચિત છે. જ્યારે એક અબજ લોકો તો આજે પણ સાવ ખુલ્લામાં જાજરૂ જવા મજબૂર છે. આથી ખાસ કરીને બાળકો અને મહિલાઓએ ખૂબ જ સહન કરવું પડે છે. વિશ્વમાં દર ત્રીજી મહિલા સલામત ટોઈલેટની સગવડથી વંચિત છે. દુનિયામાં ડાયેરિયાના જેટલા પણ કેસો બને છે તેમાં ૫૮ ટકા અસલામત ટોઇલેટ સુવિધા તથા સ્વચ્છતાનો અભાવ કારણભૂત છે.

એક ગ્રામ માનવમળમાં ૧૦ લાખ બેક્ટેરિયા, ૧ કરોડ વાઇરસ અને ૫૦ ચેપી રોગો થઈ શકે તેવી શક્યતા હોય છે. ૧૦૦ જેટલા ચરમિયા જીવાતના ઇંડાં હોય છે. મેડિકલ સાયન્સ પણ માને છે કે ચેપી રોગો ફેલાવવા માટે ખુલ્લામાં ટોઇલેટથી ૧૦૦ ગણી શક્યતા વધી જાય છે.

*ગુજરાત સમાચાર, તા. ૧-૧-૨૦૧૭*

## ઓળખો ટાટાના નવા ચેરમેનને...

દેશના પ્રમુખ ઉદ્યોગગૃહમાં ગણાતા ટાટા સામ્રાજ્યમાં ચેરમેન તરીકે સાયરસ મિસ્ત્રીની ઓચિંતી વિદાય મીડિયા અને લોકોમાં ગાજી ગઈ. ત્યારથી હવે નવા ચેરમેન કોણ બને છે તે વિશે ઉત્કંઠા હતી. રતન ટાટા નિઃસંતાન હોવાથી આખું ઉદ્યોગ સામ્રાજ્ય ચલાવવા લેવું એ કંઈ ખાવાના ખેલ તો નથી જ...

આઝાદીના સમયથી દેશના ઔદ્યોગિકીકરણમાં ટાટાનો દબદબો રહ્યો છે. તેમાં નટરાજન ચંદ્રશેખરન પર આ જોરદાર વારસાને આગળ વધારવાની જવાબદારી આવી પડી છે અને એ માટે તેઓ સક્ષમ પણ છે જ. એટલે જ ટાટા સન્સના ચેરમેન પદ માટે ઉદ્યોગજગતના ખેરખાં ગણાતા નામો ઇન્દ્રા નૂયી, અરુણ સરીન અને નોએલ ટાટાને બદલે તેમના પર પસંદગીનો કળશ ઢોળાયો.

ચંદ્રશેખરનની પ્રોફાઈલ ઘણી પ્રભાવશાળી છે. તેમના નેતૃત્વ હેઠળ ટી.સી.એસ. એટલે કે ટાટા કન્સલ્ટન્સી સર્વિસે વર્ષ ૨૦૧૦માં ત્રણ ગણો ઉછાળ મેળવ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૧૬ માં આ ઉછાળ ૩૦,૦૦૦ કરોડથી વધીને ૧.૦૯ લાખ કરોડનો થયો હતો.

ટાટા સન્સના નવા ચેરમેનની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમણે જે જે વ્યવસાયમાં ઝંપલાવ્યું છે ત્યાં સારું કામ કરી દેખાડ્યું છે. એટલી હદ સુધી કે તેમની વ્યવસાયી નીતિને ઇન્ફોસીસે પણ અમલી બનાવી હતી.

૧૯૮૭માં સોફ્ટવેર પ્રોગ્રામર તરીકે કારકિર્દી શરૂ કરનારા નટરાજન ચંદ્રશેખરનનું કદ કંપનીમાં ઘણું ઝડપથી વધી ગયું હતું. ૨૦૦૭ સુધી તો તેઓ કંપનીના સી.ઈ.ઓ. બની ગયા હતા. સપ્ટેમ્બર ૨૦૧૪ માં તો તેમને ટી.સી.એસ. ના બોસ તરીકે પાંચ વર્ષનો સેવા વિસ્તાર પણ અપાયો હતો. તેમણે પોતાના વ્યસ્ત શિડ્યુઅલ વચ્ચેય ૨૦૧૨માં નેસ્કોમના ચેરમેન પદે સેવા આપી હતી અને ૨૦૨૦ નું વિઝન તૈયાર કર્યું હતું.

તમિલનાડુના મોહનુરમાં એક સામાન્ય ખેડૂત પરિવારમાં ૧૯૬૩ માં જન્મેલા ટાટા સન્સના આ નવા ચેરમેન નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ત્રિચીથી કોમ્પ્યુટરમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી છે. તેમની પાસે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરવાનો પણ અનુભવ છે. ટાટા કન્સલ્ટન્સીના સીઈઓ તરીકે તેમણે જાણીતી વૈશ્વિક કંપનીઓ સાથે સારી રીતે કામ પાર પાડ્યું હતું. તેમાં જે.પી. મોર્ગન, વોલમાર્ટ, હોમ ડેપોટ, ઇલેક્ટ્રોનિક આર્ટસ જેવી કંપનીઓ પણ સામેલ હતી. ચંદ્રશેખરન ટી.સી.એસ. ની ઇ-સર્વ લિમિટેડ સાથે પણ જોડાયેલા હતા અને નોન એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે પણ સામેલ થયા હતા. પછી તેના જ ડાયરેક્ટર બન્યા. તેઓ નેશનલ એસોસિએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસીઝ કંપનીના ચેરમેન પણ રહી ચૂક્યા છે.

તેમની સાથે વર્ષોથી કામ કરી ચૂકેલા લોકો કહે છે કે એક વખત ચંદ્રશેખરન લક્ષ્ય નક્કી કરી લે છે પછી તેને પૂરું કરીને જ દેખાડે છે. તેનું એક ઉદાહરણ પણ છે. તેમને ડૉક્ટરે રોજના ૧૫,૦૦૦ ડગલા ચાલવાની સલાહ આપી હતી એટલે ૨૦૦૭ ના માર્ચ મહિનામાં તેઓ પહેલીવાર પોતાના વરલી એપાર્ટમેન્ટથી જોગિંગ માટે નીકળ્યા ત્યારે માંડ ૧૦૦ મીટર દોડી શક્યા હતા, પણ વર્ષ પૂરું થતાં તો તેમણે ૪૩ કિલોમીટર લાંબી મુંબઈમાં યોજાતી ફુલ મેરેથોન પૂરી કરી. તે પછી તો બોસ્ટન, ન્યૂયોર્ક, બર્લિન, શિકાગોની મેરેથોન દોડમાં પણ ભાગ લઈ ચૂક્યા છે. તેમના આવા સ્વભાવના કારણે જ ટી.સી.એસ.એ એક નાના કર્મચારીને પહેલાં પોતાના ચેરમેન બનાવ્યા અને હવે દેશના સૌથી મોટા કોર્પોરેટ હાઉસના ચેરમેન બનાવશે.

૧૯૮૭માં ટી.સી.એસ. માં જોડાયા ત્યારે એ સમયના તેમના વડા એસ.મહાલિંગમ કહે છે કે તેઓ શરૂઆતથી જ વડા ગણાતા હતા. ચંદ્રશેખરન જોડાયા ત્યારે કેટલાય ટેલેન્ટેડ વડા ટી.સી.એસ. માં આવ્યા હતા. જો કે તેમાં ચંદ્રશેખરને પોતાની અલગ જ છાપ ઊભી કરી. બહુ ઓછા સમયમાં તેમણે ઉચ્ચ કારકિર્દી ઘડી જે બહુ ઓછા લોકો કરી શકે છે.

ચંદ્રશેખરનની આ સફળતા પાછળ ટી.સી.એસ.ના એક સમયના વાઈસ ચેરમેન એસ. રામાદોરાઈનો મુખ્ય ફાળો છે. ૧૯૯૩ માં તેમણે આ છૂપી પ્રતિભાને ઓળખી કાઢી અને પોતાના એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ બનાવ્યા. ટી.સી.એસ. માં ચંદ્રાના હુલામણા નામે ઓળખાતા ચંદ્રશેખરન માટે કંપનીમાં ટી.સી.એસ. એટલે ટેઈક ચંદ્રા સિરિયસલી એવી મજાક પણ થતી હતી, પણ તેમણે આ મજાકને ગંભીરતાથી લીધી. ૧૯૯૯ માં ઇ-બિઝનેસ યુનિટ શરૂ કરીને પાંચ વર્ષમાં તેને ૫૦ કરોડ ડોલર સુધી પહોંચાડી દીધો. ૨૦૦૨ માં જી.ઇ. પાસેથી ૧૦ કરોડ ડોલરનો સોદો કરી પોતાની ધાક જમાવી હતી. આ સોદો કોઈ પણ ભારતીય કંપનીને મળેલો પહેલો ૧૦ કરોડ ડોલરનો સોદો હતો. ૨૦૦૯માં તેમના ગુરુ રામાદોરાઈની વિદાય બાદ સી.ઈ.ઓ. બન્યા. અત્યારે ટી.સી.એસ. માં ૩.૭૦ લાખ લોકો કામ કરે છે.

અને છેલ્લે બહાર આવેલી વિગતો મુજબ તેમના ઇન્ટરવ્યૂ દરમ્યાન વ્યક્ત કરેલા વિચારો પણ કોઈ પણ કંપનીની સફળતા માટેના મંત્રો સમાન છે.

તેમણે કહ્યું કે, 'હું કંઈ બધું એકલો કરી શકીશ નહીં, મારી સાથે કામ કરવા માટે એક ટીમની જરૂર હોય છે.' બસ, આ જવાબે તેમને અન્ય પ્રતિસ્પર્ધીઓ કરતાં આગળ લાવી દીધા.

*કચ્છમિત્ર, તા. ૧૮-૧-૨૦૧૭*

## સ્વર - કિન્નરી લતાજી વિશે અદ્‌ભુત અભ્યાસપૂર્ણ ગ્રંથ – લતા સુર ગાથા

૧૯૫૦ ના દાયકામાં નરગીસ દત્ત, મીના કુમારી, મધુબાલા કે આશા પારેખ ટોચની અભિનેત્રીઓ હતી. પછીના દાયકે આવી રેખા, હેમા માલિની અને શર્મિલા ટાગોર-પટૌડી. આ સમયગાળામાં પરવીન બાબી, શ્રીદેવી, સ્મિતા પાટિલ અને જયાપ્રદા પણ આવી ગઈ. ત્યારબાદ શરૂ થયો માધુરી દીક્ષિત અને ભાગ્યશ્રીનો સમય. આમ આ ત્રણ-ચાર દાયકાની અભિનેત્રીઓની વાત થઈ. માધુરી અને ઐશ્વર્યા રાય આવી ત્યારે સ્વાભાવિક રીતેજ ૫૦ના દાયકાની હિરોઈનો પ્રૌઢત્વને વાર્ધક્યને વરી હોય. પરંતુ આ બધીને જોડતી એક કડી હતી. કદાચ સમગ્ર વિશ્વનું એક અનેરું વિસ્મય એ રહ્યું કે આ ચારેય દાયકાની અભિનેત્રીઓ વતી ફિલ્મ ગીતોમાં કંઠ એક જ વ્યક્તિનો વપરાયો. એ વ્યક્તિ એટલે ભારતરત્ન લતા મંગેશકર. આજે આવરદાના નવમા દાયકામાં પણ આપણી વચ્ચે હાજર છે. અનેરું વિસ્મય એટલા માટે કે અવસ્થા અને ઉંમર વધવા છતાં લતાજીના કંઠનું તારુણ્ય અકબંધ રહ્યું. જે તાજગી, મધુરતા અને ષોડશી જેવી નજાકત નરગીસ કે મીના કુમારી માટે ગાયેલાં ગીતોમાં હતી એજ માધુરી કે ભાગ્યશ્રી માટે ગાયેલાં ગીતોમાં પણ અનુભવી શકાઈ.

આ અને આવી અનેક વિસ્મયજનક વાતો એક દળદાર ગ્રંથમાં રજૂ થઈ છે. ગયા સપ્તાહે જયપુર લિટરરી ફેસ્ટિવલમાં દ્વારકાપ્રસાદ અગ્રવાલ ઍવોર્ડ વિજેતા જાહેર થયેલા લેખક સંગીતજ્ઞ યતીન્દ્ર મિશ્રના ભગીરથ પુરુષાર્થની આ વાત છે. ૨૦૧૦થી શરૂ કરીને સતત છ વર્ષ સુધી કરેલા અથાક પુરુષાર્થના પગલે યતીન્દ્રે લગભગ સાતસો પાનાનું એક દળદાર પુસ્તક સર્જ્યું - 'લતા સુર ગાથા.' દ્વારકાપ્રસાદ અગ્રવાલ ઍવોર્ડ આ પુસ્તક માટે તેમને અપાયો. અગાઉ ઘણાએ લતાજી વિશે પુસ્તકો લખ્યાં છે.

*ગુજરાત સમાચાર, તા. ૨૪-૧-૨૦૧૭*

## અમેરિકી સંસદમાં ૫ ભારતીય

પાંચ ભારતીય મૂળના અમેરિકી નેતાએ અમેરિકાની સંસદમાં સભ્યપદે શપથ ગ્રહણ કરીને અમેરિકી વસતિના માત્ર એક ટકા લઘુમતી સમુદાય માટે ઇતિહાસ રચી નાખ્યો છે.

વિદાય લેતા અમેરિકી ઉપપ્રમુખ જો બીડેની પર વર્ષીય ભારતીય અમેરિકી કમલા હેરીસને કેલિફોર્નિયામાંથી સેનેટર તરીકે શપથ લેવડાવ્યા હતા. કમલાનાં માતા ભારત અને પિતા જમૈકાના છે. હેરીસ આ પદ મેળનાર પ્રથમ ભારતીય અમેરિકી છે.

ત્યારબાદ, સળંગ ત્રીજી ટર્મ માટે ૫૧ વર્ષીય ભારતીય અમેરિકી અમીબેરાએ શપથ લીધા હતા. બેરાએ બરાબર ૬૦ વર્ષ અગાઉ અમેરિકી સંસદમાં ચૂંટાનાર પ્રથમ ભારતીય અમેરિકી દિલીપસિંહ સોંધના વિક્રમની બરોબરી કરી હતી.

બેરાની સાથે સિલિકોન વેલીનું પ્રતિનિધિત્વ કરતા માત્ર ૪૦ વર્ષના ગતિશીલ યુવા નેતા રોખન્નાએ પણ શપથ ગ્રહણ કર્યા હતા.

ઇલિયોનીસમાંથી ચૂંટણી જીતનાર ભારતીય મૂળના અમેરિકી એવા ૪૨ વર્ષીય રાજા કૃષ્ણમૂર્તિએ ગીતા પર હાથ રાખીને શપથ લીધા હતા. રાજા ગીતા પર હાથ રાખીને શપથ લેનાર તુલસી ગાબાર્ડ પછીના બીજા ભારતીય છે.

*કચ્છમિત્ર, તા. ૫-૧-૨૦૧૭*

## નોબલ વિજેતા

**અમેરિકાએ આઠ લાખની વસતિ દીઠ એક એવા ૩૬૩ નોબેલ વિજેતા આપ્યા છે**
**બ્રિટને સાડા પાંચ લાખની વસતિ દીઠ એક એવા ૧૨૩ નોબેલ વિજેતા આપ્યા છે**
**ભારતે ૧૩ કરોડની વસતિ દીઠ એક એવા ૧૦ નોબેલ વિજેતા આપ્યા છે**

ભારતની વસતિ ૧૩૧ કરોડ છે અને ભારતે કુલ માત્ર ૧૦ નોબલ પ્રાઇઝ મેળવ્યા છે. એટલે ૧૩ કરોડની વસતિ દીઠ એક નોબલ પ્રાઇઝ પ્રાપ્ત કરેલ છે.

ભારતના નોબલ વિજેતાઓ તરફ નજર નાંખીએ તો ૧૦માંથી બે નોબલ વિજેતાઓ – રોનાલ્ડ રોસ કે જેને ૧૯૦૨માં મેડિસિન અને ૧૯૦૭માં સાહિત્યનું નોબેલ પ્રાઇઝ મેળવનાર રૂડ્યાર્ડ કિપલિંગ – બંને બ્રિટિશર હતા. પણ ભારતમાં જન્મ થયો હોઈ તેઓ ઓન રેકોર્ડ ભારતના નોબેલ વિનર્સમાં સ્થાન પામે છે. મધર ટેરેસાનું શાંતિનું નોબેલ ૧૯૭૯માં મળ્યું હતું. મેડિસિનનું ૧૯૬૮માં નોબેલ પ્રાપ્ત કરનાર હરગોવિંદ ખુરાના અમેરિકાના નાગરિક બન્યા હતા. તે જ ધોરણે ફિઝિક્સના વિષયમાં ૧૯૮૩માં નોબેલ પ્રાઇઝ મેળવનાર સુબ્રમણ્યમ ચંદ્રશેખર પણ અમેરિકન નાગરિક બન્યા હતા. ૨૦૦૯માં કેમિસ્ટ્રી વિષયમાં નોબલ પ્રાઇઝ મેળવનાર રામક્રિષ્નન બ્રિટિશ અને અમેરિકન નાગરિકત્વ ધરાવે છે.

રવિન્દ્રનાથ ટાગોર (સાહિત્ય) : ૧૯૧૩, સી.વી. રમન (ફિઝિક્સ) : ૧૯૩૦, અમર્ત્ય સેન (અર્થશાસ્ત્ર) : ૧૯૯૪ અને કૈલાસ સત્યાર્થી (શાંતિ) : ૨૦૧૪ને બાદ કરતાં છ નોબેલ વિજેતાઓની સિદ્ધિમાં ભારતના વિજ્ઞાન - સંશોધન સંસ્થાનું સીધું પ્રદાન નથી. એમ તો અમર્ત્ય સેને પણ પ્રેસિડેન્સી કોલેજ કોલકાતામાં ગ્રેજ્યુએટ થઈ ૨૦ વર્ષની વયે કેમ્બ્રિજ તરફ કાયમી પ્રયાણ કર્યું હતું.

આ દૃષ્ટિએ ૧૩૧ કરોડની વસતિની સામે ખરેખર તો આપણે માત્ર ૩ નોબેલ પ્રાઈઝ મેળવ્યા છે એ હકીકત સ્વીકારવી જ રહી.

નોબેલના નકશામાં ભારતની સ્થિતિ કેવી છે તેનો આપણા શિક્ષણના રખેવાળો અને માત્ર ને માત્ર પૈસા પાછળ દોટ મૂકાત વ્યવસાયીઓ સમક્ષ અરીસો ધરવો જ રહ્યો.

યુનાઇટેડ કિંગ્ડમ ૫ લાખ ૨૬ હજારની વસતિ દીઠ ૧ નોબેલ પ્રાઇઝની એવરેજથી ૧૨૩ નોબેલ પ્રાઇઝ મેળવી ચૂક્યું છે. (ગુજરાત જેટલી વસતિ બ્રિટનની છે.) અમેરિકાની વસતિ અંદાજે ૩૨ કરોડની ગણનાએ ૮.૮૬ લાખની વસતિએ ૧ પ્રમાણે તેઓએ ૩૬૩ નોબેલ પ્રાઇઝ, જર્મનીએ ૭.૬૮ લાખની વસતિ દીઠ ૧ એમ ૧૦૫ નોબેલ પ્રાઇઝ, ફ્રાંસે ૬૨, સ્વિડને ૩૦, સ્વિટ્ઝરલેન્ડે ૨૫, જાપાને ૨૫, કેનેડાએ ૨૩, રશિયાએ ૨૩, ઓસ્ટ્રિયાએ ૨૧, ડેન્માર્કે ૧૪ અને ઇઝરાયલે ૧૨ એમ ૪થી ૫ લાખની વસતિ દીઠ ૧ નોબેલ પ્રાઇઝ આ દેશોએ મેળવ્યા છે. તે સામે ચીને ૧૫ કરોડની વસતિની સરેરાશે ૯ નોબેલ પ્રાઇઝ મેળવ્યા છે.

*ગુજરાત સમાચાર, તા. ૮-૧-૨૦૧૭*

## ખુશખબર: કેન્દ્રીય કર્મીઓનું લઘુતમ પેન્શન ૯૦૦૦ રૂપિયા

એક મહત્ત્વનાં નિર્ણયમાં કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓને નવા વર્ષની ભેટ સમાન જાહેરાત કરી છે. જેમાં લઘુત્તમ પેન્શનની મર્યાદા વધારીને ૯૦૦૦ રૂપિયા કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ક્ષતિપૂર્તિની રકમ પણ વધારીને બમણી કરી દેવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે ગુરુવારે આની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આ બન્ને મહત્ત્વનાં ફેરફારથી દેશમાં આશરે ૫૦.૫૫ લાખ જેટલા પેન્શનરોને લાભ મળશે. સ્વયંસેવી એજન્સીઓની સ્થાયી સમિતિની ૨૯મી બેઠક સંબોધિત કરતાં જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે આશરે ૮૮ ટકા પેન્શન ખાતાને આધાર સાથે જોડી દેવાયા છે. ઉલ્લેખનીય છે કે ઈપીએફઓએ પોતાના ૫૦ લાખ પેન્શનરો અને ચાર કરોડ જેટલા અંશધારકો માટે જાન્યુઆરીનાં અંત સુધીમાં આધાર નંબર આપવો ફરજિયાત બનાવ્યો છે. કાર્મિક મંત્રાલયની યાદીમાં જણાવાયા અનુસાર લઘુતમ પેન્શન ૯૦૦૦ રૂપિયા પ્રતિવ્યક્તિ કરી દેવાયું છે અને ક્ષતિપૂર્તિની રકમ ૧૦.૧૫ લાખ રૂપિયાથી વધારીને ૨૫.૩૫ લાખ રૂપિયા કરવામાં આવી છે.

*કચ્છમિત્ર, તા. ૧૪-૧-૨૦૧૭*

## ફિક્સ કર્મચારીઓનો પગાર વધારો – ગુજરાત સરકાર દ્વારા

- **ફિક્સ કર્મચારીઓના પગારમાં ૨૧ હજાર સુધીનો વધારો.**
- **રાજ્યના ૧,૧૮,૭૩૮ ફિક્સ કર્મચારીઓ કાયમી.**
- **૬૩થી ૧૨૪ ટકા સુધીનો વધારો.**
- **સરકારી તિજોરી પર વર્ષે રૂા. ૧૩૭૨ કરોડનો બોજો**
- **૧૦ હજાર પગાર હશે તો ૧૬ હજાર થશે. ૧૭ હજાર હશ તો ૩૮ હજાર થશે.**
- **૧લી ફેબ્રુઆરી, ૨૦૧૭થી અમલ.**

*કેટલા કર્મચારીને કયા ગ્રેડનો પગાર મળશે?*

| *પગાર ધોરણ* | *કુલ કર્મચારીઓ* |
|---|---|
| રૂા. ૧૯,૯૫૦ | ૯૯,૮૫૨ |
| રૂા. ૩૧,૩૪૦ | ૧૫,૭૨૨ |
| રૂા. ૩૮,૦૦૦ | ૩,૧૬૪ |

*ફિક્સ પગારધારકોના પગારમાં કેટલો વધારો?*

| *જૂનો પગાર* | *નવો પગાર* | *વધારો – ટકામાં* |
|---|---|---|
| રૂા. ૧૦,૫૦૦ | રૂા. ૧૬,૨૨૪ | ૬૩ ટકા |
| રૂા. ૧૧,૫૦૦ | રૂા. ૧૯,૯૫૦ | ૭૩ ટકા |
| રૂા. ૧૬,૫૦૦ | રૂા. ૩૧,૩૪૦ | ૯૦ ટકા |
| રૂા. ૧૭,૦૦૦ | રૂા. ૩૮,૦૦૦ | ૧૨૪ ટકા |

*ગુજરાત સમાચાર, તા. ૧૯-૧-૨૦૧૭*

## રેંટિયો કાંતવો એ આચાર નહીં વિચાર છે

જે મહાપુરુષે ૩૦ વર્ષ કરતાં પણ વધુ સમય સુધી રેંટિયો કાંત્યો હોય અને આખા વિશ્વને 'સૂતરના તાંતણે સ્વરાજ'નો સંદેશો આપ્યો હોય તેવા મહાપુરુષ, ભારત દેશના રાષ્ટ્રપિતાનું સ્થાન વિશ્વની કોઈ પણ વ્યક્તિ અત્યારે તો શું પરંતુ આવતા હજારો વર્ષોમાં ન લઈ શકે તેવા મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધી)ના સ્થાને ખાદી ગ્રામ ઉદ્યોગ કમિશનને તેઓના કેલેન્ડર પર નરેન્દ્ર મોદીનો ફોટો છાપી નવો વિવાદ ઊભો કર્યો છે ત્યારે દેશભરના લોકોની લાગણી દુભાઈ છે. તે સમયે કેટલાક રાજકારણીઓ પોતાના અને નરેન્દ્ર મોદી સરકારના બચાવ માટે મોદીના પ્રચાર પછી ખાદી વધુ વેચાઈ છે અને ફોટો છાપવો તે યોગ્ય છે તેવી વાત કરે છે. પરંતુ વાસ્તવિક્તા તો એ છે કે લાખો રૂપિયાના સુટ પહેરનાર પ્રધાનમંત્રી ગાંધીજીનું સ્થાન ક્યારેય લઈ શકે તેમ નથી. મોટાભાગના લોકો સ્પષ્ટપણે માને છે કે આ યોગ્ય નથી થઈ રહ્યું. જે વ્યક્તિ પોતાના માર્કેટિંગ માટે ગાંધીજીને હટાવી શકે તે વ્યક્તિ કાંઈ પણ કરી શકે.

*ગુજરાત સમાચાર, તા. ૧૭-૧-૨૦૧૭*

## શિસ્તભંગ અને ધૂળ જેવું ભોજન – એ બંને વચ્ચે શો સંબંધ? લોજિકલ જવાબ તો આપો...

સીમા સુરક્ષા દળના એક જવાને વીડિયો ક્લીપ સોશિયલ મિડિયા પર મૂકી જેમાં ફરિયાદ હતી કે અમને વાસી પરોઠું અને માત્ર હળદર - મીઠું નાખેલી પાણી જેવા દાળ ખાવા માટે અપાય છે. આના જવાબમાં ખુલાસા કરવામાં આવ્યા કે એ જવાન સામે તો કોર્ટ માર્શલ થઈ ચૂક્યો છે. એ જવાન સામે તો શિસ્તભંગના પગલાં અગાઉ લેવાઈ ચૂક્યા છે.

વધુ એક જવાને રાવ કરેલી કે અમારા માટે આવતું રેશન અમારા ઉપરીઓ કાળા બજારમાં વેચી દે છે.

શિસ્તભંગ અને ધૂળ જેવું ભોજન – એ બંને વચ્ચે શો સંબંધ? લોજિકલ જવાબ તો આપો!

દેશના સીમાડા પર હાડ થીજી જાય એવું પ્રતિકૂળ હવામાન લગભગ બારેમાસ હોય છે. એવા હવામાનમાંય દેશના સીમાડા સાચવતા આ જવાનોની હાડમારી સમજવાને બદલે મૂળ ફરિયાદના જવાબમાં આડાઅવળા જવાબો અપાય છે. આવું કઈ રીતે ચાલી શકે?

*ગુજરાત સમાચાર, તા. ૧૭-૧-૨૦૧૭*

## ડિજીટલ સિસ્ટમ : બેંકની બદમાશી

સરકાર ડિજીટલ સિસ્ટમ પ્રસરાવવા માંગતી હોય તો ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરતી બેંકો દ્વારા લેવાતા આડેધડ ચાર્જ પર બ્રેક મારવાની જરૂર છે. હાલમાં સ્થિતિ એ છે કે ક્રેડિટ કાર્ડ પર રોકડ ઉપાડનાર પર વ્યાજ અને ફાઈનાન્સ ચાર્જ સહિત અંદાજે ૨૦ ટકા પડાવી લેવાય છે. વેપારી

વર્ગ ડિજીટલ સિસ્ટમ અપનાવે ત્યારે સામે છેડે સરકારે પણ બેંકોની બદમાશી અટકાવીને તેમની કાનપટ્ટી પકડવાની જરૂર છે.

*ગુજરાત સમાચાર, તા. ૨-૧-૨૦૧૭*

## રાજકીય પક્ષોના ભંડોળ

બ્લેક મની તથા બિનહિસાબી નાણાં એ ભ્રષ્ટાચારમાંથી જ ઉત્પન્ન થાય છે. રાજકીય પક્ષો દ્વારા ઉદ્યોગ જગત પાસેથી ચૂંટણી ફંડના નામે લેવાતા રોકડ નાણાં એ બીજું કંઈ જ નહીં પણ સત્તા પર આવ્યા પછી ઉદ્યોગોના કામ પાર પાડી આપવા માટેની એક કિંમત જ હોય છે. ઉત્તર પ્રદેશમાં 'બસપા'ના બેંક ખાતામાં રૂા. ૧૦૦ કરોડથી વધુની રોકડ રકમ જમા કરાયાનો કિસ્સો બહાર આવ્યો છે. આ રકમ પોતાના પક્ષની હોવાનું માયાવતીએ બાદમાં સ્પષ્ટતા કરી હતી. જો કે આ રકમ ક્યાંથી આવી અને કોણે આપી તેનો કોઈ હિસાબ હાલમાં જાહેર કરાયો નથી. રાજકીય પક્ષોના ભંડોળને લગતી શંકાને વધુ દ્રઢ બનાવે છે. બિનહિસાબી નાણાં મેળવવા અને ખર્ચવા માટેના માર્ગોને જ બંધ કરી દેવા રાજકીય પક્ષોને મળતા ગુપ્ત દાનને પણ વેરાજાળમાં આવરી લેવું જરૂરી છે. આવકવેરા ધારામાં આ જોગવાઈ ઉમેરવાની સરકારે હિંમત દાખવવી પડશે.

*ગુજરાત સમાચાર, તા. ૨-૧-૨૦૧૭*

## નોટબંધી

સંસદની નાણાકીય બાબતોની કમિટીએ આર.બી.આઈ. ગવર્નર ઉર્જિત પટેલને નોટબંધી બાબતે ચર્ચા કરવા અને જવાબ આપવા માટે રૂબરૂ બોલાવ્યા હતા. આ કમિટીની આગેવાની પૂર્વ કેન્દ્રિય પ્રધાન એમ. વીરપ્પા મોઈલીએ લીધી હતી. જે દરમિયાન ઉર્જિત પટેલે અનેક કડક સવાલોનો સામનો કરવો પડ્યો હતો.

ઉર્જિત પટેલે જણાવેલ કે નોટંબધીથી કેટલું કાળું નાણું પાછું આવ્યું તેની મને ખબર નથી.

તે ઉપરાંત તેઓએ નીચે મુજબના ખુલાસા કરેલ હતા.

- નોટબંધી બાદ ૯ લાખ કરોડ રૂપિયાની નવી નોટો જારી કરી દેવાઈ છે.
- નોટબંધીનો વિચાર આરબીઆઈનો નહીં પણ સરકારનો હતો.
- પ્રતિબંધિત નોટો કેટલી પરત આવી તેનો તેઓએ જવાબ આપેલ નહોતો.
- નોટબંધી બાદની હાલાકી પર ક્યાં સુધી કાબૂ મેળવી શકાશે તેની માહિતી પણ તેઓએ આપેલ ન હતી.
- બેંક સરકાર સાથે સહભાગી હોવાથી નોટબંધીને કારણે આરબીઆઈ કાયદાનો ભંગ નથી થયો.
- કાળું નાણું કેટલું પરત આવ્યું તેનો જવાબ આપવાનું પણ તેમણે ટાળ્યું હતું.

*ગુજરાત સમાચાર, તા. ૧૯-૧-૨૦૧૭*

## દેશમાં નોટબંધી પછી પાક. સામે જળબંધીનો વ્યૂહ

### સિંધુ જળસમજૂતી રદ કરવા અંગે ભારતે તમામ શક્યતાઓ વિચારવા માંડી

લાતોના ભૂત વાતોથી ન માને એવું પાકિસ્તાનના સંદર્ભે ભારતને ભાગ્યે જ સમજાયું છે. અને જ્યારે જ્યારે સમજાયું છે ત્યારે પરિણામલક્ષી નિર્ણયો લેવામાં મોડું થયું છે. પઠાણકોટ અને ઉરી ખાતે પાક. પ્રેરિત આતંકવાદી હુમલાઓમાં ખુવારી અને આત્મસન્માનનો ભોગ આપ્યા પછી ભારતીય સૈન્યે આક્રમક બનીને આખરે સર્જિકલ સ્ટ્રાઇકથી જવાબ વાળ્યો.

જો કે એ પછીય પાકિસ્તાનની સાન ઠેકાણે આવે તેમ નથી.

ઉરી હુમલા પછી ફરીથી એકવાર ચર્ચામાં આવેલી સિંધુ જળ સમજુતી અંગે ભારત હવે કડક પ્રતિક્રિયા આપવા તત્પર હોવાના બે સંકતો મળે છે. અગાઉ પંજાબ ખાતે જળવિદ્યુત યોજનાના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાને પણ સિંધુ જળ સમજુતી ભારતીય કિસાનોના હિત માટે જ હોવાનું કહ્યું હતું. હવે ગત અઠવાડિયે દિલ્હી ખાતે યોજાયેલી એક ઉચ્ચસ્તરિય બેઠકમાં પણ સિંધુ જળ સમજુતી અંગે ગંભીર મંત્રણાઓ થઈ. એ દર્શાવે છે કે ભારત યોગ્ય તૈયારીઓ કરીને વહેલી તકે આ સમજુતી રદ કરવાની વેતરણમાં છે.

હાલમાં ફરી એકવાર વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરૂપે બંને દેશો વચ્ચેની સિંધુ જળ સંધિ તોડવા અંગે ભારત વિચારી રહ્યું હોવાના સંકેત આપ્યા છે.

વિરાટ સિંધુ નદીનો જળપ્રવાહ આશરે ૧૧.૨ લાખ કિ.મી. વિસ્તારને પ્લાવિટ કરતો આવેલ છે. જે પૈકી પાકિસ્તાનના ભાગે ૭ ટકા અને ભારતના ભાગે ૩૯ ટકા વિસ્તાર આવે છે. જ્યાં ચીનને ૮ ટકા અને અફઘાનિસ્તાનને ૬ ટકા જેટલો લાભ મળે છે. ભારતના પાંચ અને પાકિસ્તાનના ચાર પ્રાંતોને વિંધતી સિંધુ નદી અરબ સાગરમાં વિલીન થાય છે. તેના કાંઠા વિસ્તાર પર બંને દેશોના થઈને આશરે ૩૦ કરોડ લોકો નભે છે.

સિંધુ જળ કરાર રદ કરવા માટે વારંવાર ભારત પર દબાણ થતું રહે છે. ખાસ કરીને સિંધુને મળતી પશ્ચિમી નદીઓ જેલમ, ચિનાબના જળ પાકિસ્તાન માટે અનામત રાખવાની જોગવાઈ છે. એથી કાશ્મીરને તંગી સહેવી પડે છે. તેની સામે પૂર્વ ક્ષેત્રની નદીઓ સતલજ, બિયાસ, રાવીનું પાણી ભારતને મળે છે. જેથી પંજાબ સહિતનો પ્રદેશ આબાદ બને છે.

હવે ભારત જો પાકિસ્તાનના હિસ્સાના ત્રણ નદીઓના જળપ્રવાહને રોકી રાખે તો પાકિસ્તાનને ચોક્કસ બહુ મોટો ફટકો પડે જ તેમાં કોઈ શંકા નથી. પરંતુ આ નિર્ણય પણ યુદ્ધ જાહેર કરવા જેવો જ હિંમતભર્યો છે.

તાજેતરમાં વડાપ્રધાનના મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રાની અધ્યક્ષતામાં યોજાયેલ ઉચ્ચસ્તરિય બેઠકમાં પંજાબ અને જમ્મુ - કાશ્મીરના અગ્ર સચિવો, સિંચાઈ અને વીજળી મંત્રાલયના સચિવો સહિત કાનૂનવિદ્ તેમજ અન્ય નિષ્ણાતો ઉપસ્થિત હતા. બેઠકમાં જમ્મુ - કાશ્મીરના જળવિદ્યુત યોજના સત્વરે ચાલુ કરવા ઉપરાંત સિંધુ, જેલમ અને ચિનાબ નદીના પાણીનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે

માટે જળાશય અને નહેરોનું માળખું તૈયાર કરવા પર વિચારણા થઈ હતી. હાલ સ્થિતિ એવી છે કે જમ્મુ - કાશ્મીરની ત્રણ મુખ્ય નદીઓનું પાણી પૂરતા પ્રમાણમાં વપરાશ કરી શકાતું નથી અને સંગ્રહ યોજનાના અભાવે ભારત પોતાના હિસ્સાનું પાણી વાપરી શકતું નથી. જેથી પાકિસ્તાનને સમજૂતીમાં નક્કી કરવાથી ય અનેકગણો વધુ પાણીનો જથ્થો વાપરવા મળે છે. હાલ ભારત સિંધુ જળ સમજૂતી રદ ન કરે અને માત્ર પોતાના હિસ્સાનું પાણી સંગ્રહ કરવાની યોજના અમલી બનાવે તો પણ પાકિસ્તાનને મુશ્કેલી પડી શકે તેમ છે. કારણકે પાકિસ્તાને મફતમાં મળતા પાણી પર મુસ્તાક રહીને નહેરોનું માળખું રચવા પ્રત્યે ઘોર બેદરકારી દાખવેલી છે.

સિંધુ, જેલમ અને ચિનાબ એ ત્રણ નદીઓના ૨૦ ટકા પાણી પર ભારતનો અધિકાર છે. કાશ્મીરની વિષમ ભૌગોલિક સ્થિતિને લીધે અત્યાર સુધી કોઈ મહાકાય બંધ કે જળાશયની રચના કરી શકાઈ નથી. નહેરોના માળખા વડે એ જળ પાણીની ખેંચ અનુભવાય ત્યારે પંજાબ કે હરિયાણાને ય ફાળવી શકાય. હાલ આ યોજનામાં ગતિ આવે તો પણ પાકિસ્તાનને ધાકમાં રાખવા માટે એ પૂરતું ગણાશે.

કાશ્મીરમાં અનંતનાગ પાસે જળવિદ્યુત મથકની કાર્યવાહી આગામી બે વર્ષમાં સંપન્ન થાય એ પછી જળાશય સાથે નહેરો જોડવાનું કામ હાથ ધરાશે. આ સમગ્ર પ્રોજેક્ટ ચાર વર્ષમાં પૂરો કરવા માટે સરકાર આતુર છે. એ શક્ય બન્યા પછી ભારત સિંધુ જળ સમજુતી તોડવાનો ડારો આપે એ પાકિસ્તાનને ખરેખર ડરાવનારો બની શકશે.

*ગુજરાત સમાચાર, તા. ૨૮-૧૨-૨૦૧૬*

## લિવર પુનઃ વિકાસ પામી શકતું હોઈ લોહીની જેમ તેનું દાન કરી શકાય

લિવર (યકૃત) પુનઃ વિકાસ પામી શકતું હોવાથી તંદુરસ્ત વ્યક્તિ તેના લિવરના ૫૦ ટકા ભાગનું દાન કરી શકે છે, કારણ કે લિવર પુનઃ વિકાસ પામી શકે છે. આથી રક્તદાનની જેમ તેનું દાન થઈ શકે છે. જેમ રક્તદાનથી શરીરની કાર્યક્ષમતામાં કોઈ ફેરફાર થતો નથી તેમ લિવરના દાન પછી પણ વ્યક્તિની કાર્યક્ષમતા યથાવત્ રહે છે તેવો મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલના લિવર ટ્રાન્સપ્લાન્ટનાં નિષ્ણાત ડૉ. વિભા વર્મા અને ડૉ. ગૌરવ મહેતાનો અભિપ્રાય છે.

લિવર ખરાબ થવાનાં મુખ્ય કારણોમાં કમળાનો રોગ (હિપેટાઈટીસ-સી વાઈરસના લીધે) થઈ શકે છે. આ ઉપરાંત દારૂના સેવનથી ખેંચ, ટી.બી. જેવી દવાઓના સેવનથી, લિવરમાં વધુ પડતી ચરબીનો ભરાવો થવાથી, બાળકોમાં જન્મજાત ખોડ; જેવી કે પિત્તની નળી જ નહીં બની હોવાથી લિવર ખરાબ થઈ શકે છે. આ લિવરની કાર્યક્ષમતા બંધ થઈ જાય તેવી વ્યક્તિને લિવરની જરૂરિયાત પડે છે. લિવર બંધ થવાથી કિડની, મગજ અને હૃદયની કાર્યક્ષમતા પર ઘણી અસર પડે છે. જો સમયસર લિવર બદલવામાં ના આવે તો દર્દીનું મૃત્યુ ચોક્કસ થઈ શકે છે. લિવર ટ્રાન્સપ્લાન્ટનો ખર્ચ અંદાજે રૂ. ૨૦ થી ૨૫ લાખ જેટલો થાય છે. ટ્રાન્સપ્લાન્ટ કરાવનાર દર્દીને એક અઠવાડિયું હોસ્પિટલમાં રહેવું પડે છે. ઘરે ઓછામાં ઓછો એક મહિનો આરામ કરવો પડે છે અને પુનઃ કામ પર ત્રણ મહિના પછી જઈ શકે છે, દવા જીવનભર લેવી પડે છે, જેથી ટ્રાન્સપ્લાન્ટ ફેઈલ ના જાય. સફળતાનો દર ૯૦ ટકા જેટલો છે.

ટ્રાન્સપ્લાન્ટ છ કલાકમાં થવું જોઈએ. ટ્રાન્સપ્લાન્ટમાં દાતાના શરીરમાંથી લેવાયેલું લિવર છ કલાકના સમયગાળામાં દર્દીના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ થઈ જાય તે જરૂરી છે. વધુ સમય થઈ જાય તો ટ્રાન્સપ્લાન્ટ સફળ થવાના સંજોગો ઘટી જાય છે. જીવિત વ્યક્તિનાં લિવર લેવાના ફાયદા અનેક હોય છે. દર્દી અને લિવર દાતાનું રક્ત ગ્રુપ એક જ હોવું જોઈએ. બ્રેઈનડેડ વ્યક્તિના લિવરનું દાન લઈ શકાય છે. જો હૃદયના ધબકારા બંધ થઈ જાય તો તેવી વ્યક્તિના લિવરનું દાન લઈ શકાતું નથી. જીવિત વ્યક્તિ પોતાના લિવરનું દાન કુટુંબની વ્યક્તિને જ કરી શકે છે. બ્રેઈનડેડ વ્યક્તિના લિવરનું દાન કોઈપણ વ્યક્તિને થઈ શકે છે.

સગર્ભા મહિલા, દારૂનું નિયમિત સેવન કરનાર અને મેદસ્વી લોકો તેમના લિવરનું દાન કરી શકતા નથી. લિવરનું દાન કર્યા પછી દાતાનું લિવર ત્રણ મહિનામાં જ પહેલાની જેમ સંપૂર્ણપણે વિકસિત પામી કાર્યરત થઈ જાય છે.

*કચ્છમિત્ર, તા. ૩-૧-૨૦૧૭*

## ચીને ત્રીજી જાન્યુઆરીએ ચીનના બંદર યીવુથી લંડન સુધી જતી સૌથી લાંબી રેલવેને લીલી ઝંડી આપી છે.

## વિકાસ અને વાતો : ચીને રેલવે લાઈન બાંધી, ભારત પૂતળાં બનાવે છે!

૨૪મી ડિસેમ્બરે મુંબઈના દરિયામાં ભવ્ય કાર્યક્રમ યોજાયો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવ્યા, હોવરક્રાફ્ટ (પાણી અને જમીન બન્ને પર ચાલી શકતું સાધન) થી દરિયામાં પહોંચ્યા અને શિવાજી મહારાજના સ્મારક માટે જળપૂજન કર્યું. અંદાજે રૂપિયા ૩૬૦૦ કરોડના ખર્ચે શિવાજીનું એ પૂતળું બનશે. ૨૦૧૯ સુધીમાં તૈયાર થનારા પૂતળાની ઊંચાઈ ૬૩૦ ફીટ જેટલી તોતીંગ હશે એટલે જગ વિખ્યાત સ્ટેચ્યુ ઓફ લિબર્ટી સહિતની મૂર્તિઓ શિવાજીરાજે ભોંસલે આગળ ઝાંખી લાગશે.

થોડા દિવસ પછી પડોશી દેશ ચીનમાં ત્રીજી જાન્યુઆરીએ એક રેલગાડી રવાના થઈ. ૪૦ મિલિયન પાઉન્ડનો સામાન ભરેલી એ માલગાડી ચીનના પૂર્વ કાંઠે આવેલા યીવુથી રવાના થઈ અને ૧૮ દિવસ પછી અંતિમ મુકામે પહોંચશે. રસપ્રદ રીતે અંતિમ મુકામ બ્રિટનનું પાટનગર લંડન છે. ટ્રેનનો રૂટ કુલ ૧૨૦૦૦ કિ.મી. લાંબો છે (એટલે આખા ભારતની લંબાઈ કરતા સાડા ત્રણ ગણો વધારે) અને એ સફર પૂરી કરવામાં ગાડીને સવા ચારસો કલાકથી વધારે સમય લાગશે.

ભારત પોતાને ચીનનું સ્પર્ધક માને છે પણ શા માટે બીજા પંદર - પચીસ કે પચાસ વર્ષ સુધી આપણે ચીનની બરોબરી નથી કરી શકીએ એમ તેનું કારણ ઉપરની બે માહિતી પરથી સમજી શકાય એમ છે. ભારતમાં સૌથી ઊંચુ સરદાર પટેલનું પૂતળું બાંધવાનું છે, દુનિયામાં ક્યાંય ન હોય એવુ શિવાજી મહારાજનું પૂતળું બાંધવાનું છે. તેના માટે અઢળક બજેટ ફાળવીને કામ શરૂ કરી દેવાયું છે.

પણ, એ પૂતળાં ન હોય તો દેશના નાગરિકોને શું ફરક પડશે તેનો જવાબ સરકાર પાસે નથી. બીજી તરફ પૂતળાં બની જવાથી લોકોની સુખાકારીમાં કઈ રીતે વધારો થશે એ પણ સરકાર સમજાવી શકતી નથી. સરકારને સમજાવવું ય નથી કેમ કે છેવટે તો પ્રજાને સમજવું જ નથી.

ભારતમાં વિકાસની વાતો થાય છે, ત્યારે ચીન ‘ઓછી વાતો વધુ કામ’ના સૂત્ર પ્રમાણે આગળ વધી રહ્યું છે. આજે ચીન પાસે ૧,૨૧,૦૦૦ કિ.મી. લાંબુ રેલવે નેટવર્ક છે, જેમાં ૧૯૦૦૦ કિ.મી. તો હાઈ-સ્પીડ રેલવે નેટવર્કના છે. ભારતનું રેલવે નેટવર્ક ચીન કરતાં અડધું છે અને એમાં એકે ય કિ.મી.ના સ્પીડ નેટવર્કનો સમાવેશ નથી થતો. રસપ્રદ વાત એ છે કે ચીન ૧૯૯૦ના દાયકા સુધી રેલવે નેટવર્કમાં ભારત કરતાં ઘણુ પાછળ હતું. ચીનનો જે કંઈ રેલવે નેટવર્ક વિકાસ થયો છે એ છેલ્લા પંદર વર્ષમાં જ થયો છે. ૨૦૦૧માં ચીને હાઈ-સ્પીડ રેલવે નેટવર્ક બનાવવાનું નક્કી કર્યું. એક પછી એક પ્રોજેક્ટ તૈયાર કર્યા અને તેનો અમલ પણ શરૂ કરી દીધો.

એક દાયકામાં ચીને ૧૬૦૦૦ કિ.મી. લાંબી હાઈ-સ્પીડ રેલવે બાંધી છે. દુનિયાના કોઈ દેશ પાસે આવડું લાંબુ હાઈ-સ્પીડ એટલે કે ૨૫૦ કિ.મી.થી વધારે ઝડપે દોડતી ટ્રેનનું નેટવર્ક નથી. ચીનના પાટનગર બીજીંગ સાથે આખા દેશના ખુણાઓને હાઈ સ્પીડ રેલવેથી જોડી દેવામાં આવ્યા છે. ચીને સાબિત કરી આપ્યું છે કે માળખાકિય વિકાસ કરવાની દાનત હોય તો શું થઈ શકે. કેમ કે ૧૯૯૭ માં ચીનમાં પેસેન્જર ટ્રેનની ઝડપ સરેરાશ ૫૫ કિલોમીટર હતી. બે દાયકા પછી આજે ચીનની સૌથી ઝડપી ટ્રેન ૪૩૧ કિ.મી.ની ઝડપે દોડી શકે એમ છે. બીજી તરફ ભારતમાં ૧૯૯૭માં રેલવેની સરેરાશ ઝડપ ૪૫ કિલોમીટર હતી, એ વધીને આજે ૫૫ આસપાસ પહોંચી છે. એમાં પણ વળી ૫૫ કિ.મી.થી વધુ ઝડપે ચાલે એ સુપર ફાસ્ટ ગણાય છે. સૌથી ઝડપી ટ્રેન એક માત્ર આગરા અને દિલ્હી વચ્ચે શરૂ થઈ છે, જે જરૂર પડ્યે દોઢસો કિ.મી.ની ઝડપ હાંસલ કરી શકે છે. પરંતુ બાકીની ટ્રેનો અત્યંત ધીમી ગતિ માટે જ જાણીતી છે.

ભારતમાં ટ્રેનની સ્પીડ જેટલો જ મોટો પ્રશ્ન નેટવર્કનો છે. દેશના પૂર્વોત્તર છેડે રેલવે પહોંચી જ નથી. મિઝોરમ મણિપુર વગેરે રાજ્યોમાં જવું હોય તો રોડ માર્ગ અપનાવવો પડે. ત્યાં મોટા ભાગના રાજ્યોમાં રેલવે નેટવર્ક એક બે રેલગાડીઓ પૂરતું જ છે. હજુ ગયા વર્ષે જ પહેલી વખત દિલ્હીથી અગરતલા વચ્ચે રાજધાની એક્સપ્રેસ શરૂ થઈ. બાકી તો ત્યાં જવા અનેક ગાડીઓ બદલવી પડતી હતી. એવી જ સ્થિતિ લેહદાખમાં છે. છેક સુધી જવાની ટ્રેન ક્યાં છે. સામે છેડે ચીને તિબેટના પઠાર પર અને હિમાલયા શિખરોથી ઉત્તર છેડે મોંગોલિયા સુધી રેલવે પાટા નાખીને ગાડીઓ દોડતી કરી દીધી છે.

ભારતની પ્રથમ બુલેટ ટ્રેન બનાવવાનું કામ હાલ તો જાપાનને સોંપાઈ ગયું છે. પણ જાપાને જરાય છેડો ઢીલો મૂક્યો હોત તો એ કોન્ટ્રાક્ટ લેવામાં ચીનને પણ એટલો જ રસ હતો. કેમ કે ચીન માટે ય રેલવે નેટવર્ક નાખવું એ બાળકો માટે રમકડાંની ગાડીના પાટા ગોઠવવા જેટલી જ સરળ વાત છે. ભારતને કદાચ એ બુલેટ ટ્રેનની હાલ જરૂર નથી. ભારતને જરૂર છે, ટાલ્ગો જેવી સવાસો દોઢસો કિલોમીટરની ઝડપે દોડી શકે એવી ટ્રેનની. પરંતુ નરેન્દ્ર મોદીની વ્યક્તિગત આદત દરેક કાર્યક્રમ ભવ્ય રીતે કરવાની છે. એટલે તેઓ લાર્જર ધેન લાઈફ પ્રોજેક્ટને લોન્ચ કરવામાં વ્યસ્ત છે, પછી ભલે તેનાથી પ્રજાની સુખાકારીમાં એક ટકોય વધારો ન થવાનો હોય.

સરદાર પટેલનું તોતિંગ પૂતળું કેવડિયા કોલોનીમાં બાંધવાનો પ્રોજેક્ટ શરૂ થયો ત્યારે જ સ્પષ્ટ હતું કે એ પ્રોજેક્ટની કશી જરૂર નથી. દેશમાં સરદાર પટેલના ઘણા પૂતળાં છે. એક વધુ ન હોય તો કશો ફરક પડવાનો નથી. તેના બદલે સરદાર પટેલ સાથે રહેલા સ્થળો વિકસે એ વધારે જરૂરી હતું. અને એ પછીય વધે એ નાણાથી દેશમાં કરવા જેવા તો અનેક કામો છે. બે હજાર કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલું સરદાર પટેલનું પૂતળું ૫૯૨ ફીટ ઊંચું હશે. ઓક્ટોબર ૨૦૧૪ માં શરૂ થયેલું પૂતળું ૨૦૧૮ માં તૈયાર થશે. એકાદ વર્ષ સુધી એ જગતનું સૌથી ઊંચુ પૂતળું ગણાશે. એ પછી શિવાજી મહારાજ નંબર વનનું સ્થાન લઈ લેશે. એટલે કે સૌથી ઊંચા પૂતળાની વાતો લોલીપોપ જેવી છે. કેમ કે કાલ સવારે કોઈ બીજા રાજ્યમાં કોઈ ત્રીજા નેતાનું શિવાજી મહારાજ કરતાં પણ ઊંચુ પૂતળું જાહેર થઈ શકે છે. સરદાર પટેલ કરતાં શિવાજી મહારાજ દસ મિટર ઊંચા બનવાના છે.

જોવાની વાત એ છે કે સરદાર ડેમ અને પટેલનું સ્ટેચ્યુ બની રહ્યું છે ત્યાં આસપાસ ઘણા એવા ગામો છે, જેને ડેમનું પાણી મળતું નથી. પરિણામે ખેતી થઈ શકતી નથી. ડેમ પાસેના અનેક ગામોની સ્થિતિ કચ્છના રણના ગામો જેવી છે. આ ગામો બંધના અસરગ્રસ્ત ગામો છે. એટલે સ્વાભાવિક રીતે જ બંધમાંથી ઉપજતા લાભો પર પહેલો હક્ક આ ગામવાસીઓનો ગણાય. પરંતુ તેમને પહેલો કે છેલ્લો એક પણ હક્ક નર્મદાના પાણી પર મળતો નથી! આ પણ અલગ પ્રકારનું ગુજરાત મોડેલ છે.

શિવાજીનું પૂતળું બની રહ્યું છે, તેમાં પણ એવી જ સ્થિતિ છે. આ પૂતળામાં રડાર હશે, લશ્કર માટે ઉપયોગી થશે વગેરે ગેરમાન્યતાઓ ફેલાવવામાં આવી હતી. પછી ખબર પડી કે સામાન્ય પૂતળાં જેવું જ છે. વિશાળતા અને અઢળક ખર્ચ સિવાય તેમાં કંઈ નવીનતા નથી. બીજી તરફ શિવાજી મહારાજે જીવનકાળ દરમિયાન જિત્યા હોય, બંધાવ્યા હોય હાંસલ કર્યા હોય એવા કિલ્લાઓની સંખ્યા ૩૭૦ જેટલી થાય છે. તેની જાળવણી કરવી જરૂરી છે, કેમ ભારતને કદર હોય કે ન હોય પરદેશી લશ્કરી અભ્યાસુઓ તો શિવાજીના કિલ્લાઓ અને તેના આધારે શિવાજીની રણનીતિનો અભ્યાસ કરવા મહારાષ્ટ્ર સુધી આવે જ છે. પરંતુ મહારાષ્ટ્રના કોઈ અંતરિયાળ વિસ્તારમાં પ્રવાસીઓ પહોંચે ત્યારે તેમને ખબર પડે છે કે કિલ્લો તો છે, ત્યાં સુધી જવાનો કોઈ રસ્તો નથી.

ચીન આપણને ગમે કે ન ગમે પરંતુ કામ કરવાની તેની ઝડપમાંથી તો આપણે પ્રેરણા લેવી જ રહી. ચીન અને યુરોપ વચ્ચે રેલવે નેટવર્ક ધમધમે જ છે. ચીન-યુરોપના રેલવે નેટવર્કમાં જોડાયું હોય એવું લંડન ૧૨મું શહેર છે અને બ્રિટન ૮મો દેશ છે. ચીન તરફ જનારી આ ગુડ્સ ટ્રેનનો ફાયદો એ છે કે ચીનથી યુરોપ સુધી દરિયાઈ માર્ગ કરતાં પણ સસ્તો માલ પહોંચાડી શકાશે.

વિકાસ કરવો અને વાતો કરવી એ બન્નેમાં કેટલો ફરક હોઈ શકે? ચીન વિકાસ માટે અનિવાર્ય એવી રેલવે લાઈનો બિછાવે છે અને આપણે પૂતળાઓ માટે લોખંડનું દાન કરીએ છીએ, વોટ્સએપ પર પૂતળા-પ્રોજેક્ટના ગુણગાન ફોરવર્ડ કરીએ છીએ.

*ગુજરાત સમાચાર, તા. ૮-૧-૨૦૧૭*

## હવે ટ્રેનોનાં નામ "પેપ્સી રાજધાની" કે "કોક શતાબ્દી" હશે...!!!

આવનારા દિવસોમાં જો તમે 'પેપ્સી રાજધાની' કે 'કોક શતાબ્દી' માં પ્રવાસ કરી રહ્યા હો તો નવાઈ પામતા નહીં. રેલવે ખાતાએ પ્રવાસીઓ પર ભાડાંવધારો ઝીંકવાને બદલે આવક વધારવાનો નવો માર્ગ શોધી લીધો છે. હવે રેલવેની યોજના છે ટ્રેન અને રેલવે સ્ટેશનના બ્રાન્ડના પ્રચાર માટે રેલવે સ્ટેશન અને ટ્રેનનું નામ બ્રાન્ડ સાથે સાંકળી લેવામાં આવશે અને તેને બદલીને આવક રળવામાં આવશે. યોજના મુજબ કોઈ પણ બ્રાન્ડ કે કંપની કોઈ પણ ટ્રેનના આખા મીડિયા અધિકાર ખરીદી શકશે. મીડિયા અધિકાર ખરીદ્યા પછી કંપની કે બ્રાન્ડ ટ્રેનની બોગીઓની અંદર અને બહાર પોતાના પ્રચાર કરી શકશે. લાગે છે કે રેલવે જાહેરખબર અધિકારને અલગ અલગ વેચવાના બદલે આખા મીડિયા રાઈટ્સ આપવાની તૈયારી કરી છે. તેની સાથે જ સ્ટેશનોના મીડિયા અધિકાર પણ કોર્પોરેટ ખેલાડીઓને આપવામાં આવશે.

*કચ્છમિત્ર, તા. ૧૭-૧-૨૦૧૭*

## અહીં પુરુષને કરવા પડે છે બે લગ્ન

ઈરિટ્રિયા નામના દેશમાં દરેક પુરુષને માટે બે લગ્ન કરવા ફરજિયાત છે. જો બે લગ્ન ન કર્યા તો જેલ પણ થઈ શકે છે. આ દેશમાં મહિલાઓની સરખામણીમાં પુરુષોની સંખ્યા ઓછી છે તેને લઈ ત્યાંની સરકારે આવું તઘલખી ફરમાન બહાર પાડ્યું છે. આ કાયદાનું અક્ષરશઃ પાલન થાય કે નહીં તેના પર સરકારની કડક નજર હોય છે. કાયદો તોડ્યો તો જિંદીભર જેલ જવાનો ડર હોય છે. તો પ્રથમ પત્નીએ બીજા વિવાહમાં અડચણ ઊભી કરી તો તેને પણ જન્મટીપ થઈ શકે છે. તેને લઈ ત્યાંની મહિલાઓ પડ્યું પાનું નિભાવી લેવામાં માને છે. જોકે, આ કાયદાની આંતરરાષ્ટ્રીય સ્તરે ટીકા થઈ રહી છે.

*કચ્છમિત્ર, તા. ૧૪-૧-૨૦૧૭*

## શરીરના સંદેશાવાહક જ્ઞાનકોષો

મગજ આપણા શરીરનું સંચાલન કરે છે. મગજમાંથી દરેક અવયવ માટે જરૂરી સંદેશા પ્રસારિત થાય છે. તે જ રીતે શરીરના અંગઉપાંગોમાં થતી પીડા, સ્પર્શ વગેરેની જાણ મગજ સુધી પહોંચે છે. આંખ, કાન, નાક અને જીભ પણ દૃષ્ટિ, અવાજ, ગંધ અને સ્વાદના સંદેશા મગજને મોકલે છે. આ સંદેશાનું વહન ન્યૂરોન કે જ્ઞાનકોષ વડે થાય છે.

ન્યૂરોન સૂક્ષ્મ તંતુઓ જેવા હોય છે તેનો આકાર તેના કામ પ્રમાણે જુદા જુદા હોય છે. દરેક ન્યૂરોનમાં ડેન્ડ્રાઈટ્સ, એક્ઝોન્સ અને સિનોપ્સીસ એમ ત્રણ ભાગ હોય છે. ન્યૂરોન માહિતી મેળવવાનું, સંદેશાની ચકાસણી કરવાનું અને સંદેશાનું સ્નાયુઓ, ગ્રંથીઓ કે અંગો તરફ મોકલવાનું કામ કરે છે.

ન્યૂરોનના ત્રણ પ્રકાર હોય છે. મોટર ન્યૂરોન કતારબંધ સાંકળની જેમ ગોઠવાયેલા હોય છે તે એકબીજાને સંદેશા આપી મગજમાંથી હાથ, પગ વગેરે અંગોને સંદેશા મોકલે છે. આપણા હાલવા, ચાલવા, જમવા વગેરે રોજિંદા કામો મોટર ન્યૂરોન દ્વારા થાય છે. ચેન્સરી ન્યૂટ્રોન કે સંવેદક જ્ઞાન કોષો શરીરમાં થતાં અનુભવોને મગજ સુધી પહોંચાડે છે. ગરમી, ઠંડીનો અનુભવ વગેરેના સંદેશ સંવેદન કોશો મગજ સુધી પહોંચાડે છે. રિલે ન્યૂરોન સેન્ટ્રલ નર્વસ સિસ્ટમમાં હોય છે. આ ન્યૂરોન વચેટિયાનું કામ કરે છે. બીજા ન્યૂરોન પાસેથી સંદેશા મેળવી અન્ય ન્યૂરોનને આપે છે તે કયા ન્યૂરોનને કયો સંદેશો આપવો તે નક્કી કરે છે.

જ્ઞાનકોષો પોતાનું કામ ખૂબ જ ઝડપથી કરે છે સંદેશાવહન માટે હળવો વીજભાર વપરાય છે. શરીરનું આ અદ્ભૂત નેટવર્ક છે. ■

## સાયબા સડકું બંધાવ્ય

*સાયબા સડકું બંધાવ્ય, વાગડ જાવું*
*વાગડ જાવું મારે ભુજ શેદર જાવું - સાયબા...*

*વાગડની વાટે મુને તડકલડા લાગે,*
*સાયબા આંબા રોપાવ્ય, વાગડ જાવું - સાયબા...*

*વાગડની વાટે મુને તરસલડી લાગે,*
*સાયબા વાવ્યું ગળાવ્ય, વાગડ જાવું - સાયબા...*

*વાગડની વાટે મુને ભૂખલડી લાગે,*
*સાયબા કંદોઈ બેસાડ્ય, વાગડ જાવું - સાયબા...*

પ્રજા સરકાર પાસે જેવી માંગણી કરે એવી જ માંગ અહીં એક નાયિકાએ પોતાના સાયબા સમક્ષ વ્યક્ત કરી છે! પોતાને વાગડ જવું છે, રસ્તામાં તડકો ન લાગે એ માટે આખે મારગે આંબા રોપાવી દેવા, પાણી માટે કૂવા ગળાવવા અને ભોજનની અવનવી વાનગી માટે કંદોઈને હાજર રાખવાનું કહેવામાં આવ્યું છે. પ્રજાનું કામ સરકાર સમક્ષ અપેક્ષા વ્યક્ત કરવાનું છે એમ નાયિકાનું પણ એવું જ. સાયબો જ એની સરકાર. આમેય સરકાર અને સાયબામાં ઘણું સામ્ય હોય છે!

આ લોકપ્રિય લોકગીતની નાયિકા મસ્તીએ ચડીને લગભગ અશક્ય એવી માંગણી મૂકે છે. સાયબો ઈચ્છે તો પણ પોતાની સજનીની બધી માંગ પૂરી કરી શકે કે કેમ એ સવાલ છે.

વાગડ એટલે કચ્છનો સામખિયાળી, વોંધ, ભચાઉ પંથક. આ વિસ્તાર ખારાપાટ જેવો છે. ત્યાં આંબા વાવવા કે કૂવા ખોદીને મીઠું પાણી કાઢવું લગભગ દુષ્કર છે એ વાત નાયિકા જાણે છે. પણ માંગણી પૂર્ણ થવાની અશક્યતામાં એને મધુરતા લાગે છે.

*સૌજન્ય : ગુજરાત સમાચાર, તા. ૮-૧-૨૦૧૭*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ડૉ. કુમારપાળ દેસાઇને એનાયત થયેલો રણજિતરામ સુવર્ણચંદ્રક

ગુજરાત સાહિત્ય સભા તરફથી જાણીતા સાહિત્યકાર, પત્રકાર અને વિચારક ડૉ. કુમારપાળ દેસાઇને ૨૦૧૫નો રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરતાં સંસ્થાના પ્રમુખ શ્રી ધીરુભાઈ પરીખે કહ્યું કે કુમારપાળનું વ્યક્તિત્વ બહુઆયામી છે અને એમણે અનેક ક્ષેત્રોમાં પોતાની આગવી પ્રતિભા કંડારી છે. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. ચંદ્રકાંત મહેતાએ કહ્યું કે દેશ-વિદેશમાં પોતાની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રતિભાથી આગવી છાપ પાડનાર કુમારપાળ દેસાઇએ પિતા જયભિખ્ખુના પુત્ર તરીકે પિતાના વારસાની સુરક્ષા કરીને પિતા કરતા સવાયા સિધ્ધ થયા છે. તેઓ માત્ર વિશ્વકોશના માણસ નથી પણ ભીના હૃદયનાં પ્રસન્નતાભર્યા આદમી છે. મહાદેવ દેસાઈ અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ હતા તો કુમારપાળ દેસાઇ આંધીમાં ઉછરેલો મોગરો છે. બહુમુખી પ્રતિભાશાળી વ્યક્તિત્વવાળા કુમારપાળ દેસાઇ જ્ઞાનની ગંગોત્રી છે, જિંદાદિલીની યમનોત્રી છે અને અક્ષરની અલકનંદા નર્મદાની નમ્રતા છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી બળવંત જાનીએ કહ્યું કે ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં પ્રાચીન હસ્તપ્રત આધારિત સંશોધન કરીને એ પછી કુમારપાળ દેસાઇ વિવેચનક્ષેત્રે સતત ક્રિયાશીલ રહીને એમણે અનેક વિષયોમાં પ્રદાન કર્યું છે. એમના નિબંધલેખોએ ગુજરાતના પ્રાચીન વારસાને સાંપ્રત સમય સાથે જોડી આપતા હોવાથી ગુજરાતનું આભરણ છે. આપણે આવી પ્રતિભાના સમકાલીન હોવાનું ગૌરવ અનુભવી શકીએ છીએ. જ્યારે સાહિત્ય સભાના મંત્રી પ્રફુલ્લ રાવળે કહ્યું કે ગુજરાતી વિશ્વકોશ અત્યારે જે હરણફાળ ભરી રહ્યો છે એની પાછળ કુમારપાળ દેસાઇનો અવિરત પુરુષાર્થ, સૂઝ અને કાર્યનિષ્ઠા છે. ડૉ. ધીરુભાઈ ઠક્કર વિશ્વકોશ પ્રવૃત્તિના કૃષ્ણ હતા અને કુમારપાળ તેના અર્જુન છે. સન્માનના પ્રત્યુત્તરમાં ડૉ. કુમારપાળ દેસાઇએ માતૃભાષા ગુજરાતીની વર્તમાન પરિસ્થિતિ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને કહ્યું કે જો ગુજરાતની પ્રજાએ પોતાની સર્જનાત્મકતા, સાંસ્કૃતિક વિરાસત અને દાર્શનિક ગ્રંથોની મૂડી સાચવવી હોય, તો માતૃભાષા જાળવવી જરૂરી છે. તમે માતૃભાષાની રક્ષા કરો, તો માતૃભાષા તમારું રક્ષણ કરશે. કોઈ પણ સમાજમાં પહેલાં માતૃભાષા ભ્રષ્ટ થયા પછી સમાજનું ચિત્ત અને પર્યાવરણ પ્રદૂષિત થાય છે. ભાષાના સંસ્કાર માટી, પાણી અને હવામાં અંકુરિત થાય છે. આ પ્રસંગે એમણે માતૃભાષા ગુજરાતી માટે સહુના સહિયારા પ્રયાસથી કેવા નવા આંદોલનો કરવાનાં શરૂ કર્યા છે, તેની વાત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. નલિની દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં સાહિત્યકારો, સમાજસેવકો, કેળવણીકારો, ઉદ્યોગપતિઓ અને પત્રકારત્વ જગતના વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાત સાહિત્ય સભાના ઉપરોક્ત કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, મનુભાઈ કોટડિયા તથા દિનેશ આર. મહેતાએ હાજરી આપીને ડૉ. કુમારપાળ દેસાઇને એનાયત થયેલા ઉપરોક્ત સુવર્ણ ચંદ્રક બદલ તેમને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વતી ખાસ અભિનંદન આપ્યા હતા.

## માંડવી તથા મુંદ્રા તાલુકાના ૧૦ ગામોના તળાવ ઊંડા કરવા ગ્રાન્ટ મંજૂર કરવામાં સફળતા

માંડવી તથા મુંદ્રા તાલુકાના ૧૦ તળાવોને ઊંડા કરવા તથા પાણીનો સંગ્રહ વધે તે માટે માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાની રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતથી ગુજરાત સરકારના સિંચાઈ મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ રૂા. ૭૦.૦૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરતાં સિંચાઇના તળાવ ઊંડા કરવાથી પાણીનો

સંગ્રહ પણ વધશે. જેના કારણે સિંચાઈને ખૂબ જ મોટો ફાયદો થશે. માંડવી તાલુકાના કાઠડા, ભારાપર, કોકલિયા, કોડાય, પદમપુર (બાયઠ) તથા મુંદ્રા તાલુકાના શિરાચા, ઝરપરા, રામાણિયા, વાંકી તથા ગુંદાલા ગામના સીમ તળાવોને ઊંડા કરવામાં આવશે. આ કારણે સંબંધિત કેટલાક હોદ્દેદારો તેમજ આગેવાનોએ રાજ્ય સરકારનો આભાર માની ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાને અભિનંદન આપ્યા હતા, એમ એક યાદીમાં જણાવાયું હતું.

## શ્રી જલારામ ધામ - ચોટીલા મુકામે તા. ૧૩મે, ૨૦૧૭ના રોજ જીવનસાથી પસંદગી પરિચય મેળો

તા. ૧૨/૧૩ મે, ૨૦૧૭ના રોજ જલારામ ધામ ચોટીલા ખાતે શ્રી લોહાણા મહાપરિષદની લગ્નવિષયક સમિતિ દ્વારા આયોજિત પરિચય મેળામાં અંદાજે ૧૫૦૦ જેટલા ઉમેદવારો તથા તેમના માતા-પિતાઓને વહેલા તે પહેલાના ધોરણે યોગ્ય પસંદગી માટે જરૂરી માધ્યમ પૂરું પાડવામાં આવશે. ફક્ત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ઉમેદવારો માટે જ આયોજિત આ પરિચય મેળામાં બે વખત ભોજન પ્રસાદ, અલ્પાહાર તથા સમગ્ર આયોજન શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા દાતાશ્રીઓના સાથ-સહકારથી કરાશે. આ પરિચય મેળામાં ભાગ લેવા ઈચ્છતા સભ્યો માટે રજિસ્ટ્રેશન ફોર્મ માતૃસંસ્થાની વેબસાઈટ www.lohanamahaparishad.org, મહાજનશ્રીઓ તથા સંસ્થાઓના પ્રમુખશ્રીઓ તથા શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો પાસે ઉપલબ્ધ છે. સુવાચ્ય અક્ષરે સંપૂર્ણ વિગતો સાથે ભરેલ ફોર્મ, કલર ફોટા તથા રજિસ્ટ્રેશન માટે રૂા. ૧૫૦૦/- (ચેક અથવા રોકડા) શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય ઉપર પહોંચાડવાની છેલ્લી તારીખ ૨૦ માર્ચ, ૨૦૧૭ રહેશે. પરિચય મેળાના દિવસે રૂા. ૫૦૦/-ના મૂલ્યનું બાયોડેટાનું કલર પુસ્તક તથા અન્ય સાહિત્ય રજિસ્ટ્રેશન કાઉન્ટર પરથી આપવામાં આવશે તથા રૂા. ૧૦૦૦/- દીકરા - દીકરીની ઉપસ્થિતિનું રજિસ્ટ્રેશન થયે કીટ સાથે પરત આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉમેદવારની હાજરી અનિવાર્યપણે આવશ્યક છે. જો સભ્યની ઉપસ્થિતિ નહીં હોય તો રૂા. ૧,૦૦૦/- પરત મળશે નહીં અને તે રકમ શ્રી લોહાણા મહાપરિષદના આરોગ્ય / શિક્ષણના સેવાકાર્ય ખાતે જમા લઇ તેની પહોંચ રજિસ્ટ્રેશન ફોર્મમાં જણાવેલ સરનામા ઉપર બાયોડેટાના પુસ્તક સાથે કુરિયરથી મોકલી આપવામાં આવશે. વધુ વિગત માટે મધ્યસ્થ કાર્યાલયના ફોન નંબર (૦૭૯) ૪૦૦૯ ૧૦૦૫ ઉપર સંપર્ક કરી શકાય છે, એમ શ્રી લોહાણા મહાપરિષદની એક પ્રેસનોટમાં જણાવાયું છે.

## નવા રાયપુર (છત્તીસગઢ) ખાતે બાળકોના હૃદયમાં હોલ હોય તેનાં ઑપરેશન વિનામૂલ્યે થાય છે

નવા રાયપુર - છત્તીસગઢ ખાતે હૃદયના આકારનું આ બિલ્ડિંગ તે નિર્દોષ બાળકોને હૃદયના ધબકારા આપી રહ્યું છે, જેમનો જીવ જોખમમાં છે. આ રાયપુરની સાંઇ ચાઈલ્ડ હાર્ટ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ છે. અહીં બાળકોના બીમાર હૃદયનો મફતમાં ઈલાજ થાય છે. તે પણ એટલો મફત કે હોસ્પિટલ પ્રશાસને કેશ કાઉન્ટર બનાવ્યું જ નથી. ખાનગી હોસ્પિટલમાં આ પ્રકારના ઈલાજ માટે ૩ થી ૧૦ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થઈ જાય છે.

આ હોસ્પિટલ નવેમ્બર-૨૦૧૨થી કામ કરી રહી છે. અહીં દેશના ૧૦ રાજ્યો સિવાય નેપાળ, નાઇજિરીયા, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી પણ દર્દીઓ આવી રહ્યા છે. ત્રણ વર્ષમાં દેશભરના ૮૦૦ બાળકોના ઑપરેશન સફળતાપૂર્વક થઈ ચૂક્યા છે. રોજના ૩ બાળકોના ઓપરેશનો થાય છે. આ હોસ્પિટલની ક્ષમતા ૪૦ બેડની છે. પરંતુ આ હોસ્પિટલનું મેનેજમેન્ટ એટલું જબરદસ્ત છે કે હાલમાં કોઈ વેઈટિંગ નથી. ઈમરજન્સીને પ્રાથમિકતા અપાય છે. તાત્કાલિક ઈલાજ કરાય છે. દર્દી સાથે એક બરદાશીને રહેવા-જમવાની મફત વ્યવસ્થા છે. સાથે બીજા બરદાશીને રહેવાનું મફત પરંતુ જમવાના પૈસા લાગે છે.

ઉપરોક્ત સારવાર માટે નીચે મુજબના આધારો સાથે લઈ જવા જરૂરી છે :

૧. ડૉક્ટરશ્રીનો ટુ-ડી ઈકોનો રિપોર્ટ અને તેમાં હોલ છે તેવી નોંધ લખાવવી જરૂરી છે.
૨. બાળકના જન્મ તારીખનો દાખલો.
૩. બાળકના શરીરમાં લોહી (હિમોગ્લોબીન)નો રીપોર્ટ.
૪. દર્દી બાળક સાથે જનાર વાલીનું આઈ.ડી. પ્રુફ લઈ જવું.

***સંપર્ક :*** એચ.કે. શ્રીવાસ્તવ

મો. ૯૪૨૪૨ ૦૭૧૪૦, ફોન : (૦૭૭૧) ૨૪૪ ૫૮૦૦, ૨૯૭૦૩૨૫ – અગાઉથી ફોન દ્વારા વિગત લઈને જવું.

સોમથી શુક્રવાર સવારે ૯ થી બપોરે ૩ વાગ્યા સુધી છ દર્દીઓનું રજિસ્ટ્રેશન થાય છે.

***સરનામું :*** સંજીવની હોસ્પિટલ, સેક્ટર-૨, નયા રાયપુર (છત્તીસગઢ).

જરૂર પડે તો જ ભુજના સેવાભાવી જેઠાલાલ નરશી ઠક્કર (મો. ૯૮૨૫૪ ૫૧૨૯૫) ઉપર બપોરે ૨ થી ૪, સાંજે ૭ થી ૧૧ વાગ્યા દરમિયાન જરૂરી માર્ગદર્શન મેળવી શકાય છે એમ તેમની એક પ્રેસનોટમાં જણાવાયું છે.

## શ્રી લોહાણા મહાપરિષદ

**૧૦ જાન્યુઆરીથી ૫ જૂન, ૨૦૧૭ દરમિયાન**
**"પાણી બચાવો... જીવન બચાવો – ૨૦૧૭" અભિયાન**

તાજેતરમાં જૈનાચાર્ય શ્રી લોકેશ મુનિ મહારાજ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર પધારેલ. શ્રી લોકેશ મુનિ મહારાજે પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહા પરિષદના અભિયાન "પાણી બચાવો... જીવન બચાવો – ૨૦૧૭" અભિયાનમાં જોડાવવા માટે સમગ્ર રાષ્ટ્રને અપીલ કરી હતી. શ્રી લોહાણા મહાપરિષદના આંતરરાષ્ટ્રીય પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટકે પર્યાવરણ સમિતિના અભિયાન માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને તમામ રઘુવંશીઓને આ અભિયાનમાં જોડાઈ જવા માટે અપીલ કરી હતી. શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પણ પાણીને રાષ્ટ્રીય ધરોહર તરીકે ગણાવ્યું હતું અને "પાણી બચાવો... ધરતી બચાવો – ૨૦૧૭" અભિયાનમાં જોડાવા માટે બધાને અપીલ કરી હતી. શ્રી કિરીટભાઈ ભીમાણી, અધ્યક્ષ - પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના જણાવ્યા પ્રમાણે "પાણી બચાવો... જીવન બચાવો - ૨૦૧૭" અભિયાન ૧૦ જાન્યુઆરીથી ૫ જૂન (વિશ્વ પર્યાવરણ દિવસ) સુધી ચાલુ રહેશે. પાણી બચાવવાના સંકલ્પ સાથેનો આપનો વીડિયો રેકોર્ડ કરી ૯૦૯૯૦ ૧૦૯૫૧ પર વૉટ્સ ઍપ મેસેજ કરી, આપ આ અભિયાનમાં જોડાઈ શકો છો.

***વીડિયો મેસેજ આ રીતે રેકોર્ડ કરવો :***

હું (આપનું નામ), હોદ્દો, સંસ્થાનું નામ, ... (પર્યાવરણ સમિતિ), શ્રી લોહાણા મહાપરિષદના "પાણી બચાવો... જીવન બચાવો – ૨૦૧૭" અભિયાન સાથે જોડાઉં છું. હું પાણીનો બગાડ નહીં કરું અને કોઈ જગ્યાએ પાણીનો બગાડ થતો જોઈશ તો તેને અટકાવીશ. (એક-બે વાક્ય પાણીના મહત્ત્વ વિશે ઉમેરવા) એમ શ્રી લોહાણા મહાપરિષદની એક પ્રેસનોટમાં જણાવાયું છે.

## ગાંધીધામમાં દેશના પ્રથમ 'કેટ ગાર્ડન'નું ઉદ્‌ઘાટન

ગાંધીધામમાં "સોમ સંતોષ ચેરિટેબલ ટ્રસ્ટ" દ્વારા સંચાલિત દેશનું પ્રથમ 'કેટ ગાર્ડન' તાજેતરમાં ખૂલ્લું મુકાયું હતું. આ માંજર ઉદ્યાનમાં હાલે ૧૨૮ માંજરવંશજો મોજથી આવ-જા કરે છે... જલસાથી રહે છે.

ગુજરાતના રાજયકક્ષાના મંત્રી કેશાજી ચૌહાણે તેનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે બિલાડી અપશુકનિયાળ નથી. તેને પાળવી એ માનવતાનું કાર્ય છે. આ ઉદ્યાન કચ્છ અને રાજયમાં પ્રવાસન ક્ષેત્રે નવું નજરાણું બની રહેશે અને વૈશ્વિક કક્ષાએ નામ ઉજાગર કરશે. તેમણે આ ગાર્ડનને રાજ્ય સરકારના પૂર્ણ સહકારની ખાતરી આપી હતી. આ પ્રસંગે ધારાસભ્ય રમેશ મહેશ્વરી, ગૌપાલક બોર્ડના અધ્યક્ષ અરજણભાઈ રબારી, સુધરાઈ અધ્યક્ષા ગીતાબેન ગણાત્રા, ગાંધીધામ ડેવ. ઓથોરીટીના ચેરમેન મધુકાંત શાહ, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષા પન્નાબેન જોશી, તા.પં. પ્રમુખ લક્ષ્મીબેન સોધમ, તા. ભાજપ પ્રમુખ અમૃતગિરિ ગોસ્વામી, વિવિધ નગરસેવકો - અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં સદનના નિર્માતા ઉપેન્દ્રપુરી ગોસ્વામીએ આવકાર પ્રવચન કર્યા બાદ તેમના પત્ની અને જૈનાચાર્ય સરસ્વતી શિશુમંદિરના આચાર્યા પૂજા ગોસ્વામીએ બિલાડીને લુપ્ત થતું પ્રાણી ગણાવી કહ્યું હતું કે તેને તરછોડો નહીં. તેમાં લક્ષ્મીનો વાસ છે. મહેમાનોનું સન્માન કરાયું હતું. ગોસ્વામી સમાજના અગ્રણીઓએ, આ પરિવારને સમાજનું ગૌરવ ગણાવી બહુમાન કર્યું હતું. બનાસકાંઠા ગોસ્વામી સમાજના અગ્રણીઓ પણ તેમાં જોડાયા હતા. સમારંભમાં કેટ ગાર્ડનના સ્ટ્રક્ચર એન્જિનિયર સુધાંશુ કરેચાને પણ સન્માનિત કરાયા હતા. ઉપેન્દ્રભાઈના પુત્ર પ્રિયાંકને ઝળકાવતી આગામી ગુજરાતી ફિલ્મના પોસ્ટરનું લોન્ચિંગ ગુજ્જુ અભિનેત્રી પરી પરમારે કર્યું હતું.

આ ગાર્ડનની પશ્ચાદ્ ભૂમિકા જોઈએ તો... મૂળ એદ્રાણા (બનાસકાંઠા)ના વતની અને છેલ્લા બે દાયકાથી ગાંધીધામમાં શિપિંગ વ્યવસાય સાથે જોડાયેલા ઉપેન્દ્ર પુરીની નાની બહેન મીનાક્ષી (૧૮ વર્ષ)નું વારાહીમાં સર્પદંશથી મોત થયું હતું. આ પરિવાર તેણીનો જન્મદિન ઉજવે છે. સાતેક વર્ષ પૂર્વે આવા જ એક જન્મદિન ઉજવણી નિમિત્તે, આસપાસના લોકો આવી ગયા હતા. કેક કટિંગની તૈયારી ચાલતી હતી. ત્યાં એક બિલાડી આવીને કેક પાસે ગોઠવાઈ ગઈ. ને વટથી કેક આરોગી ગઈ. કોઈએ તેનો વિરોધ ન કર્યો... ને નીકળી ગઈ. મોડી રાત્રે ફરી દેખાઈ. બીજા દિવસે, બપોરે... રાત્રે ઘરના દરવાજા પાસે જ જોવા મળી. એટલે આ પરિવારે તેને આશરો આપ્યો ને નામ રાખ્યું "ચકુ."

પછી તો તેનો વંશવેલો વધતો ગયો. ને થોડા ઘણા અહીં તહીંથી આવેલા અને 'ચકુ'ના વંશજોની સંખ્યા એક તબક્કે ૧૯૨ પર પહોંચી. જેમાંના કેટલાક નર ભાગી જતાં અને કેટલાકનું નિધન થતાં અત્યારે આ સંખ્યા ૧૨૮ છે. પોતાના બંગલામાં આટલા બધા બિલાડા નર-માદા-બચ્ચા રાખવા એ

અધરું છે. હાલે ઘરનું કામ નોકરો કરે છે ને આ પરિવાર માંજરોની સેવા કરે છે.

ઉપેન્દ્રભાઈએ ખાસ કેટ ગાર્ડન બનાવવા માટે પોતાના બંગલાની બાજુનો પ્લોટ ખરીદી, તેમાં આશરે રૂા. ૪૫ લાખના ખર્ચે ભવન બનાવ્યું છે. જેમાં ૫૦થી વધુ લાકડાના પાટિયા, બે હીંચકા, ૧૦ જેટલા ખુલ્લા / બંધ પાંજરા, પ્રસૂતિ માટેની ખાસ વ્યવસ્થા, લીલીછમ લોનવાળું આંગણું ને તેમાં ૮ x ૬ ફૂટનો ટી.વી. / પ્રોજેક્ટર સ્ક્રીન... બિલાડીઓ માટે.

હા, કેટલાક બિલાડા ટી.વી.ની કાર્ટુન ચેનલ જોવાના શોખીન છે. એટલે અને, કેટ ગાર્ડનમાં એ.સી. પણ ખરું. માંજરો પાછળ કોઈના પણ ડોનેશન વિના આ પરિવાર રોજના આશરે રૂા. બે હજારનો ખર્ચ કરે છે. તેમના માટે ભોજન - દૂધ - શૌચ ક્રિયાની ખાસ વ્યવસ્થા વિ. માટે.. 'ચકુ'ના નિધન બાદ પોતાના આંગણામાં તેની દફનવિધિ બાદ, સમાધિ પણ બનાવાઈ છે જ્યાં રોજ દીવાબત્તી થાય છે.

માંજરોની તબીબી સુવિધા માટે સ્થાનિક દવાખાના ઉપરાંત ખાસ કિસ્સાઓમાં, રાજકોટની ઓમ વેટરનરી હોસ્પિટલની સેવા લેવાય છે. અઘરી પ્રસુતિમાં સીઝેરિયન પણ કરાવાય છે. પક્ષુ-પક્ષી પાળવા, એ મનુષ્યનો સ્વભાવ છે પણ આ એક એવું પ્રાણી છે કે જેના તરફથી કોઈ વળતર મળતું નથી. અને તેમ છતાં આજે આઠેક વર્ષથી આ પરિવારે માંજરોને સાચવ્યા છે, પાળ્યા છે... જે દેશનું પ્રથમ કેટ ગાર્ડન છે.

ને છેલ્લે વિદેશી બિલાડીની વાત કરું તો... તાજેતરમાં મુંદ્રા અદાણી બંદરે આવેલા ફર્નિચરના એક કન્ટેઇનરમાં દુબઈથી એક બિલાડી આવી ગઈ. જેના અહેવાલ અખબારમાં પ્રગટ થતાં, લખનારના પત્ની જ્યોત્સના જોશીએ, ઉપેન્દ્રભાઈનું ધ્યાન દોર્યું. તેમણે કસ્ટમ વિભાગનો સંપર્ક કરી, કાનૂની કાર્યવાહી પૂર્ણ કરી, આ બિલાડીને પોતાના કેટ ગાર્ડનમાં આશરો આપ્યો છે. જેનું નામ 'મહાલક્ષ્મી' પાડ્યું છે. કેટ ગાર્ડનના તમામ માંજરોને નામ અપાયા છે. ને બધાની જન્મોત્રી પણ પૂજાબહેને બનાવી છે. જેમાં દુબઈની બિલાડી - નવું આકર્ષણ ઉમેરાયું છે.

આ ઉદ્યાન જાહેર જનતા માટે સોમથી શનિ સાંજે ૪ થી ૮ અને રવિવારે બપોરે ૧૨થી ૮ ખુલ્લું રહે છે. જેને અત્યાર સુધી (તા. ૧૯-૧-૨૦૧૭ના શરૂ થયા બાદ) હજારો નાગરિકો - શાળાના બાળકો વિ.એ લાભ લીધો છે.

છે ને એક અદ્‌ભુત સેવાનું ઉદાહરણ!

***પ્રદીપ જોશી - આદિપુર, કચ્છ***
***મો. ૯૩૨૮૯૩૩૨૧૩, ૯૪૨૬૬૬૦૪૧૨***

## ભુજમાં કિડની રોગના નિદાન કેમ્પનું સફળ આયોજન થયું

### કોઈને તબીબી સારવારની સમસ્યા હોય તો સંસ્થાનો સંપર્ક કરવાથી યોગ્ય થઈ શકશે

શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ સંચાલિત શ્રી રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેક-અપ સેન્ટર ભુજ મધ્યે સંસ્થાના પ્રમુખ અને માંડવી - મુંદ્રા વિસ્તારના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી કિડની રોગના નિદાન કેમ્પનું નિઃશુલ્ક આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. શ્રી છેડાએ જણાવ્યું હતું કે આજના આ મોંઘવારીના સમયમાં અમારી સંસ્થા દ્વારા અવારનવાર સુપર નિષ્ણાત ડૉક્ટરશ્રીઓને સ્થાનિકે બોલાવીને નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પમાં વધુ સારવાર લાયક દર્દીઓને અમદાવાદ કે મુંબઈ મધ્યે મોકલાવવાની વ્યવસ્થા પણ કરી આપવામાં આવે છે. સરકારશ્રીની યોજનામાં સમાવેશ દર્દીઓને તેમની બીમારીના નિદાનની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. પરંતુ જે દર્દીનો સરકારશ્રીની યોજનામાં સમાવેશ થતો ન હોય તેવા દર્દીને દાતાશ્રીઓના સહયોગથી તેમની બીમારીનું નિદાન કરાવી આપવામાં આવે છે.

ઉપરોક્ત કેમ્પમાં સેવા આપનાર મુંબઈના જાણીતા નેફ્રોલોજિસ્ટ ડૉ. નરેન્દ્ર દેઢિયાએ જણાવ્યું હતું કે આજકાલ કિડનીની બીમારી ઝડપથી વધી રહી છે. તેના હિસાબે કિડની ફેઈલની બીમારી ઝડપથી લોકોના સ્વાસ્થ્યને અવરોધ કરે છે. આજના સમયમાં ભારત દેશમાં અંદાજે ૧૦ ટકા લોકો કિડનીની વિવિધ બીમારીથી પીડાય છે. જો તેમની આ બીમારીનું સમયસર નિદાન કરવામાં ન આવે અને બધા લોકોને ડાયાલિસિસની જરૂર પડે તો? આ એક મોટો પ્રશ્ન છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જેમને પણ ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની સમસ્યા હોય તેમણે કિડનીની રેગ્યુલર તપાસ કરાવવી જોઈએ. જેથી પ્રાથમિક ધોરણે જ કિડનીની બીમારી જણાય તો ડાયાલિસિસમાંથી બચી શકાય. દર્દીને કોઈપણ જાતની બીમારી હોય તો તેમણે બીમારીમાં પેઇન કિલર દવા ખાવામાં આવે તો લાંબાગાળે તેની કિડની પર ખરાબ અસર પડે છે. સંસ્થાના મેડિકલ કન્વીનર ડૉ. દેવચંદભાઈ ગાલાએ જણાવ્યું હતું કે સમગ્ર કચ્છમાંથી કોઈને પણ મેડિકલને લગતી કોઈ પણ સમસ્યા હોય તો તેમણે અમારી સંસ્થા દ્વારા સંચાલિત મેડિકલ ઈન્ફોર્મેશન સેન્ટરનો સંપર્ક કરવો એમ શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજની એક યાદીમાં જણાવાયું છે.

## ગાંધીધામના રાજવી મિલન શેઠની અદ્‌ભુત કામગીરી

### "SHE" નામક નવલકથા Amazon.com પર ઓનલાઇન પ્રકાશિત થઈ



કચ્છમાં ગાંધીધામ સ્થિત શીલાબેન ધીરજલાલ શેઠની પૌત્રી અને મીનાબેન મિલનભાઈ શેઠની સુપુત્રી રાજવીએ તાજેતરમાં એક ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. સાહિત્ય ક્ષેત્રે પોતાના પ્રથમ સોપાન રૂપે તેણે "SHE" નામકરણવાળી નવલકથા Amazon.com પર ઓનલાઈન પ્રકાશિત કરી છે.

ઉપરોક્ત નવલકથા એક સત્ય ઘટના પર આધારિત જીવનકથા અને લેખિકાના કાલ્પનિક વિચારોનું મિશ્રણ છે. લેખિકાએ પોતાના નાનીમા - હીરાબેન દેવચંદભાઈ શેઠના જીવનનો એક અંશ પુસ્તકમાં ખૂબ જ રસપ્રદ અને વિસ્તૃત રીતે આલેખન કર્યું છે. બીજી તરફ પોતાની મા વિનાની એક બાલિકાના પાત્રમાં 'નીના' ઉપરોક્ત વિષય વસ્તુ સાથે પોતાના જીવનમાં કેવી રીતે સંઘર્ષ કરીને આગળ વધે છે... તે કથા આરંભથી અંત સુધી વાંચવાયોગ્ય છે. જેના દ્વારા વાચકવર્ગને પોતાના જીવનની સ્થિતિનો સાચો અંદાજ મળી શકે છે.

સાહિત્ય ક્ષેત્રમાં કાઠું કાઢતાં ગાંધીધામના રાજવી શેઠે દિગ્ગજ સાહિત્ય તજજ્ઞો વચ્ચે પોતાના કલા કૌશલ્યનું પ્રભાવશાળી પ્રદર્શન કરી બતાવ્યું છે અને એ રીતે કચ્છી હીર ઝળકાવ્યું છે.

પોતાની કારકિર્દીનો પ્રથમ ચરણની સિદ્ધિ બદલ રાજવીને ખૂબ ખૂબ અભિનંદન તથા પ્રગતિના હજી વધારે ઊંચા શિખર સર કરે તેવી અભ્યર્થના સાથે શુભેચ્છા.

*સંપર્ક સ્થાન :* ૧૩૧, ૧૨/સી, લીલાશાહ નગર,
ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.
મો. ૯૪૨૮૦ ૩૨૦૧૦.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ગૃહ ઉદ્યોગ સમિતિ દ્વારા સુજોક તાલીમનો સેમિનાર

**(તા. ૨૩-૨-૨૦૧૭થી તા. ૨૫-૨-૨૦૧૭)**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આદર્શ અમદાવાદ નામની સંસ્થાના સહયોગથી સુજોક તાલીમનો એક સેમિનાર તા. ૨૩-૨-૨૦૧૭થી તા. ૨૫-૨-૨૦૧૭ દરમિયાન બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે. શ્રી જશુભાઈ સોની આ તાલીમ આપશે. રસ ધરાવતા સર્વેએ ઉપરોક્ત કાર્યક્રમમાં સમયસર આવવા વિનંતી છે.

*રજનીકાંત પારેખ*
*કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિ દ્વારા આયોજિત વિશ્વ જ્ઞાતિ સંમેલન

શ્રી કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિ દ્વારા આયોજિત વિશ્વ જ્ઞાતિ સંમેલન, સમસ્ત વિશ્વ જ્ઞાતિના સહયોગથી તાજેતરમાં ભુજ ખાતે યોજાઈ ગયો. આ સંમેલનમાં દેશ-પરદેશથી સમસ્ત શ્રી કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિના સદસ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ ત્રિ-દિવસીય સંમેલનમાં જુદા જુદા સાંસ્કૃતિક, પરિચયાત્મક તેમજ પ્રેરણાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તપસ્વીઓ, પરદેશમાં રહેતા સદસ્યો તેમજ જુદા જુદા ક્ષેત્રમાં મેળવેલ સિધ્ધિઓવાળા ૬૫ સદસ્યોને બિરદાવવામાં આવ્યા હતા.

આ અવસરે અમદાવાદ નિર્વાસિત અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતાને તેમના પર્યાય ગુજરાતી કોશ માટે તેમજ મહેન્દ્ર સાકરચંદ દોશીને 'કચ્છી બોલી' સંબંધી સંશોધન માટે ટ્રોફી એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા એમ શ્રી કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિની એક યાદીમાં જણાવાયું હતું.

*વૃક્ષ પોતાનું લીલું સ્વરૂપ ગુમાવ્યા વિના પણ ઘરડું થઈ શકે છે. સૂર્ય પોતાની ગરિમા અને ઉષ્મા ગુમાવ્યા વિના પણ આથમી શકે છે. વાયરો પોતાની ગતિશીલતા ગુમાવ્યા વિના પણ જંપી શકે છે. પુષ્પ પોતાની સુવાસ અકબંધ રાખીને પણ ખરી શકે છે. માત્ર મનુષ્ય પોતાની જીવનમયતા ગુમાવ્યા વિના મરી શકતો નથી. અરે! ઘણાખરા મનુષ્યો પોતાનાં મૃત્યુ પહેલાં જ મરી ચૂક્યા હોય છે. માત્ર સ્મશાનયાત્રા જ બાકી હોય છે.*

# વતનના વાવડ

● સંકલન : ભરત ઓઝા ●

## નૃત્ય ક્ષેત્રે ઝળક્યું કચ્છી હીર

નૃત્યકલાના ક્ષેત્રમાં કાઠું કાઢતાં ભુજની જ કૃપાલ ચેતનભાઈ સોમપુરાએ રાજ્યસ્તરે તેમજ દેશભરના દિગ્ગજ કલાકારો વચ્ચે કલા કૌશલ્યનું પ્રભાવશાળી પ્રદર્શન કરી બતાવ્યું છે અને કચ્છી હીર ઝળકાવ્યું છે. શાસ્ત્રીય નૃત્ય કથકનો કચ્છમાં પ્રસાર કરવા બદલ કૃપલને રાજ્યભરની ૨૫ દીકરીઓ સાથે 'ડૉટર ઑફ ગુજરાત' ઍવોર્ડથી સન્માનિત કરાઈ હતી. અમદાવાદની એચ.કે. કૉલેજના ઑડિટોરિયમમાં સ્વયંસિદ્ધા ફાઉન્ડેશન દ્વારા 'વર્લ્ડ ડોટર ડે' નિમિત્તે યોજીત સમારોહમાં આ સન્માન કરાયું હતું. આમ, ગુજરાતની દીકરી તરીકે સન્માનિત થઈને કચ્છની દીકરી કૃપલે છેલ્લા ૨૫ વરસથી મોઢેરા સૂર્યમંદિરમાં ઉજવાતા ઉત્તરાર્ધ મહોત્સવમાં પણ પોતાની પ્રતિભા પુરવાર કરી બતાવી હતી. ગુજરાત સરકારના સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજિત ઉત્તરાર્ધ મહોત્સવમાં ગુરૂ શિષ્ય પરંપરા મુજબ ગુરૂ તેમના શિષ્ય સાથે ભારતીય શાસ્ત્રીય નૃત્ય રજૂ કરે છે. ગુજરાતના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યપ્રધાન અને કચ્છના પ્રભારી મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને યોજીત મહોત્સવમાં પોતાની શિષ્યા અને સગી બહેન કુંજલ સાથે નૃત્ય રજૂ કરનાર કૃપલની કલાને કમિશનર એમ. વાય. દક્ષિણી, ભારત નાટ્યમ નિષ્ણાત ઐશ્વર્યા વોરિયર તેમજ છેક જાપાનથી આવેલા પ્રવાસીઓએ બિરદાવી હતી.

## કચ્છી વીરાંગનાઓ દિલ્હી પરેડની સગર્વ સાક્ષી બન્યા

દિલ્હી ખાતે તાજેતરમાં યોજાયેલ પ્રજાસત્તાક દિન રાષ્ટ્રીય પરેડમાં ૧૯૭૧ના ભારત-પાક. યુદ્ધ વખતે ભુજની હવાઈપટ્ટી મરંમત કરનારી કચ્છી વીરાંગનાઓ ખાસ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આવતા વર્ષે હિંદુસ્તાનની અસ્મિતાના આ સુવર્ણપૃષ્ઠને કૃતિરૂપે સામેલ કરાશે તેવું જાણવા મળ્યું છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા કચ્છી યુવા સાંસદને વીરાંગનાઓને દિલ્હી મોકલવા સંદેશો પાઠવાયો હતો. દોઢ વર્ષ પહેલાં માધાપર ખાતે વીરાંગના સ્મારક રાષ્ટ્રાર્પણ કરતાં સંરક્ષણમંત્રી મનોહર પાર્રિકરે રન-વે કૃતિને પ્રજાસત્તાક પર્વમાં સામેલ કરવા વચન આપ્યું હતું. તેનું પ્રથમ ચરણ આ રીતે પૂર્ણ થયું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ કૌશલ્યાબેન જયંત માધાપરિયાની આગેવાની હેઠળ માધાપરની વીરાંગના બહેનો વતી વીરબાઈ ઝીણા વાઘડિયા, વાલબાઈ જેઠા સેંધાણી, રામુબેન વિશ્રામ ભંડેરી, લાલુબેન કાનજી ભુડિયા, દેવુબેન રવજી દબાસિયા અને વાલબાઈ મુરજી પિંડોરિયા છ મર્દાની બહેનો પરેડની દર્શક ગેલેરીમાં ગૌરવવંતુ સ્થાન પામ્યા હતા.

## સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ડાયરેક્ટર બનતા જયંતીભાઈ ભાનુશાળી

ગુજરાત ભાજપના ચાર આગેવાનોને વિવિધ કેન્દ્રીય નિગમોમાં સ્થાન અપાયું છે. જેમાં કચ્છના અબડાસાના પૂર્વ ધારાસભ્ય, જિલ્લા ભાજપના પૂર્વ અધ્યક્ષ અને હાલે પક્ષના પ્રદેશ કારોબારી સભ્ય જયંતીભાઈ ભાનુશાળીની સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ડાયરેક્ટરપદે નિયુક્તિ કરાઈ છે. ગુજરાતના ઉચ્ચાધિકારીઓને નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ કેન્દ્ર સરકારમાં ઉચ્ચ હોદ્દા પર નિમણૂક અપાયા બાદ પક્ષના ચાર આગેવાનોની નિયુક્તિ કરાઈ છે. લાંબા અરસા બાદ કેન્દ્રીય નિગમોમાં ગુજરાતમાંથી પ્રદેશ ભાજપના આગેવાનોને લેવાયા છે તેમાં કચ્છને પણ તક સાંપડી છે.

## ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયામાં કચ્છીને સ્થાન

ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયાની ગુરુગ્રામ, હરિયાણા ખાતે મળેલી વાર્ષિક સાધારણ સભામાં ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (જી.એસ.ટી.ટી.એ.)ના ચેરમેન મિલિંદ તોરવણે અને માનદ્ મંત્રી હરેશ સંગતાણીની ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયાના ઉપપ્રમુખપદે વરણી કરાઈ છે. હરેશ સંગતાણીએ ટી.ટી.એફ.આઈ.ના સંયુક્ત મંત્રી તરીકે ૧૨ વર્ષ સુધી સેવા આપી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં પણ ટેબલ ટેનિસનો માહોલ વધુ મજબૂત બને અને ગુજરાતના ખેલાડીઓ વધુને વધુ આગળ વધે એ માટે તેઓ લાંબા સમયથી સક્રિય છે. આ સાધારણ સભામાં ટી.ટી.એફ.આઈ.ના પ્રમુખપદે દુષ્યંત ચૌટાલાની વરણી કરી હતી, જે અત્યાર સુધીના સૌથી યુવા પ્રમુખ છે. જ્યારે માનદ્ મંત્રી તરીકે એમ.પી. સિંગ અને ખજાનચી તરીકે અરૂણ બેનરજીની નિયુક્તિ કરવામાં આવી

હતી. આ ચૂંટણી પંજાબ, હરિયાણા હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ રણજીત સિંઘની દેખરેખ હેઠળ કરાઈ હતી. જ્યારે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના કુલદીપ વ્યાસ અને યુવા અને રમતગમત મંત્રાલયના અશ્વિની કુમારે નિરીક્ષકો તરીકે સેવા આપી હતી. બધા પદાધિકારીઓની નિમણૂક ટી.ટી.એફ.આઈ.ના બંધારણ મુજબ નામાંકિત કરીને કરવામાં આવી હતી.

## ઉદ્યોગો માટે આકર્ષક બજેટ : ફોકિયા

કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામ સંકુલમાં તાજેતરમાં રજૂ થયેલ સામાન્ય અંદાજપત્રના મિશ્ર પ્રત્યાઘાત પડ્યા હતા. વેપાર ઉદ્યોગ જગતે આ બજેટને સામાન્યથી સારું જ્યારે કરવેરા નિષ્ણાતોએ તેને લોકોની આશા ઉપર પાણી ફેરવનારું ગણાવ્યું હતું. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ ગુપ્તાએ કહ્યું હતું કે, એક્સાઇઝ - કસ્ટમ વગેરેના ટેક્ષ માળખામાં ખાસ કંઈ ફેરફાર નથી. તેવી જ રીતે આ ક્ષેત્ર માટે કોઈ મોટી જાહેરાતો પણ નથી. આમ તે સામાન્ય બજેટ ગણાય. ડીમોનિટાઈઝેશન એટલે કે નોટબંધીના પગલાંની અસરોને ઢાંકવાનો દેખીતો પ્રયાસ તેમાં થયો હોવાનું સમજાય છે તેવું તેમણે ઉમેર્યું હતું. ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિયા)ના એમ.ડી. નિમિષ ફડકેએ ઉદ્યોગોને આકર્ષવાના પ્રયાસરૂપ બજેટ ગણાવતાં કહ્યું હતું કે, રેલ, રોડ અને ઉડ્ડયન ક્ષેત્રને મજબૂત કરવા કુલ્લે ૨૧.૫૦ લાખ કરોડના અંદાજપત્રના લગભગ ૨૦ ટકા હિસ્સો એટલે કે રૂા. ૪ લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે. માળખાકીય સવલતો વધે તો ઉદ્યોગો આકર્ષાય તેવો તેની પાછળનો હેતુ દેખાય છે. મધ્યમ અને લઘુ ઉદ્યોગ ક્ષેત્રને આવકવેરામાં ૫ ટકાની રાહત અપાઈ છે તે પણ આવકાર્ય છે. અલબત્ત, વ્યક્તિગત વેરા માટે આવકવેરાના કરદાતા વધે તેવો કોઈ દેખીતો પ્રયાસ જણાતો નથી. રાજકીય પક્ષોને માત્ર રૂા. ૨૦૦૦/- સુધી જ રોકડ દાન સ્વીકારવાનું પ્રાવધાન પણ આવકારદાયક છે તેવું તેમણે ઉમેર્યું હતું. સંકુલના જાણીતા કરવેરા સલાહકાર વિદ્યુત બુચે કહ્યું કે આ બજેટમાં લોકોની આશા ઠગારી નીવડી છે તેનું દુઃખ છે. ખાસ કરીને રૂા. પાંચ લાખથી વધુ કમાતા વર્ગ માટે ટેક્ષ સ્લેબમાં ફેરફાર ન કરાતાં નોટબંધી પછી મોટી આશા રાખી બેઠેલો વિશાળ વર્ગ નિરાશ થયો છે તેવું કહેતા ઉમેર્યું હતું કે, આ અંદાજપત્રમાં રૂપિયો ક્યાંથી આવશે તેની કોઈ સ્પષ્ટતા નથી. લાગે છે કે, નાણામંત્રી જી.એસ.ટી. ઉપર વધુ મદાર રાખી રહ્યાં છે. ચોતરફ આવાસ યોજનાને એકસ્ટ્રા ઈન્ડસ્ટ્રીઝમાં ગણીને સસ્તી લોનોની વાત કરાય છે તો બીજી તરફ ખેતી ક્ષેત્ર માટે રૂા. ૧૦ લાખ કરોડ આપવાની વ્યવસ્થા કરેલ છે. લોનો માટે બીજું ભંડોળ ક્યાંથી આવશે તે મોટો પ્રશ્ન છે. અંદાજપત્ર પહેલાં ચૂંટણીને લઈને અદાલતમાં અરજી થવાથી તેની અસર આ બજેટમાં જણાય છે. તે બિલકુલ ચૂંટણીલક્ષી કે ફૂલગુલાબી નથી. ગત અંદાજપત્રમાં જે જોગવાઈઓ હતી તેનું અમલીકરણ હજુ દેખાતું નથી. જો હાલના બજેટમાં થયેલી વાતોનું અમલીકરણ થાય તો તે ચોક્કસ વિકાસલક્ષી બની શકે તેવું શ્રી બુચે જણાવ્યું હતું.

## કચ્છી ભાષા - બોલીના દસ્તાવેજીકરણ – સર્વેક્ષણ કાર્યનો આરંભ

દેશના બંધારણે ભારતમાં બોલાતી પ્રાદેશિક બોલીઓના જતન માટે કરેલી જોગવાઈના અનુસંધાને ભાષા અને બોલીના દસ્તાવેજીકરણ માટેની સર્વેક્ષણની કામગીરીનો રાજ્યમાં સૌપ્રથમ આરંભ કચ્છી ભાષાથી તાજેતરમાં આરંભાઈ રહ્યો છે. રાજ્યમાં કુલ ૪૭ ભાષાઓ બોલાય છે તેમાં કચ્છીનો પણ સમાવેશ થાય છે. ભારત સરકારના પૂના સ્થિત ભારતીય ભાષાઓના જતન માટેની સંસ્થા સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ લેંગ્વેજ દ્વારા કચ્છમાં તા. ૨થી ૮ ફેબ્રુઆરી દરમિયાન જિલ્લાના વિસ્તારોમાં બોલાતી કચ્છી ભાષાની વિવિધતા તથા તફાવત અંગેનું સર્વેક્ષણ નખત્રાણા, લખપત, મુંદ્રા, માંડવી, ભુજ અને બન્ની વિસ્તારમાં જિલ્લા શિક્ષણ અને તાલીમી ભવનના સહયોગથી હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન વિવિધ વિસ્તારોમાં બોલાતી કચ્છી ભાષાના રેકોર્ડિંગ સાથે તેનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

## “ચિંગાર” ફરી પ્રકાશિત

કચ્છી સાહિત્ય અકાદમીનું મુખપત્ર ‘‘ચિંગાર’’ કે જે લાંબા સમયથી બંધ પડી ગયું હતું અને કચ્છભરના સાહિત્ય સર્જકો તથા સાહિત્ય પ્રેમીઓ પુનઃ શરૂ કરવાની માંગ કરતા હતા તે ચિંગાર ત્રિમાસિક મુખપત્ર ફરી પ્રકાશિત થતાં સાહિત્ય પ્રેમીઓમાં આનંદ ફેલાયો છે. સાતમા વર્ષ તરીકે જાન્યુઆરી માસનો અંક ડૉ. કાંતિ ગોર ‘કારણ’ના સંપાદકપદે અને રવિ પેથાણી ‘તિમિર’ સહ સંપાદકપદે સળંગ ૨૧મા અંક તરીકે કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા પ્રકાશિત થયો છે. પુનઃ પ્રકાશિત આ પ્રથમ અંકમાં છ કવિતા, ચાર વાર્તા, એક લઘુકથા સહિત અભ્યાસ-લેખ, પુસ્તક પરિચય પણ અપાયા છે. તે ઉપરાંત ૨૦૧૦-૧૧ અને ૨૧૨ના જે ગૌરવ પુરસ્કાર

એનાયત થયા તેનો પણ વિસ્તૃત અહેવાલ અપાયો છે. કચ્છી સર્જકોનાં નવાં પુસ્તકો પર પણ વિગતવાર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તમામ ૧૫ જેટલા સર્જકો, કે જેમની કૃતિઓ આ અંકમાં સમાવેશ પામી છે તેમના સરનામાં પણ અંકના અંતે અપાયા છે.

## લાલન કોલેજ હવે સરકારી કોલેજો પૈકી ટોચ પર

જિલ્લની સૌપ્રથમ અને રાજ્યની પણ શરૂઆતની કૉલેજો પૈકીની એક એવી ૧૯૫૩માં શરૂ થયેલી ભુજની રામજી રવજી લાલન કૉલેજમાં સમગ્રતયા મૂલ્યાંકન અને ગુણવત્તા સુધારના હેતુસર રાષ્ટ્રીય કક્ષાની સ્વાયત્ત સંસ્થા 'નેક'ના સભ્યોએ ગત ડિસેમ્બર માસમાં લીધેલી મુલાકાતનું પરિણામ તાજેતરમાં જાહેર કરાયું છે. જેમાં લાલન કૉલેજે બી++ ગ્રેડ મેળવ્યો હતો. કૉલેજના આચાર્ય ડૉ. પરેશ રાવલે જણાવ્યું હતું કે, અધ્યયન - અધ્યાપન, માળખાકીય સુવિધાઓ, નવીનીકરણ, શિક્ષણની ગુણવત્તા, આંતર-સંસ્થાકીય સંબંધો, સામાજિક પ્રદાન, વિદ્યાર્થીઓના પ્રતિભાવ, વહીવટની ગુણવત્તા વગેરે જેવી અનેક બાબતો પર આધારિત કુલ પાંચ ગુણાંકમાંથી લાલન કૉલેજને ૨.૮ ગુણાંક મળવા પામ્યા હતા. લાલન કૉલેજનું આ મૂલ્યાંકન બીજા તબક્કાનું રહ્યું હતું. દર પાંચ વર્ષે મળતાં આ મૂલ્યાંકનનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૦૮માં શરૂ કરાયો હતો. જેમાં કૉલેજને ૨.૫ ગુણાંક અને બી ગ્રેડ મળેલો હતો. ત્યારબાદ થયેલ સુધારાઓ અને નવીનીકરણ તેમજ હાલની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી બીજા તબક્કામાં ૨.૮ ગુણાંક અને બી++ એનાયત કરાયો છે. 'નેક'ની પ્રક્રિયા દરમિયાન આંતરિક ગુણવત્તા નિર્ધારણ સમિતિના સંયોજક પ્રો. મનોજ છાયા રહ્યા હતા.

## સેવાભાવી જેઠાલાલ ઠક્કરના માર્ગદર્શનથી ગત વર્ષ દરમિયાન કચ્છના ૧૨ દર્દીઓના હૃદયના ઓપરેશન વિનામૂલ્યે પાર પડ્યા

પરિવારમાં કોઈ માંદું હોય ત્યારે તેના સ્વજનો બેબાકળા બની જતા હોય છે. તેમાંય રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં ગંભીર માંદગીમાં કોઈ પટકાય ત્યારે સારવાર ક્યાં કરાવવી? તેના ખર્ચને કેવી રીતે પહોંચી વળવું? જેવા અનેક પ્રશ્નો સ્વજનોને મુંઝવી જતા હોય છે ત્યારે કચ્છના એક સજ્જન અનોખી માનવ સેવાની ધૂણી ધખાવી બેઠા છે. ભુજના માનવતાવાદી, સેવાભાવી જેઠાલાલ નરશી ઠક્કરના માર્ગદર્શનથી ૨૦૧૬ના વર્ષમાં કચ્છના ૧૨ દર્દીઓના હૃદયના ઑપરેશન વિનામૂલ્યે પાર પડ્યા છે.

તાજેતરમાં નખત્રાણા તાલુકાના વિથોણના મુખ્યમંત્રી 'મા' યોજનાનું કાર્ડ ધરાવતા ભૂપેન્દ્ર આશર જોશી (ઉ.વ. ૬૩)ને હૃદયની તકલીફ ઊભી થતાં ભુજની એક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાંથી સેવાના ભેખધારી જેઠાલાલ ઠક્કરની માહિતી મળતાં દર્દીના પુત્ર મેહુલભાઈએ તેઓનો સંપર્ક કર્યો હતો. તેઓએ અમદાવાદની સંજીવની હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવી ભૂપેન્દ્ર જોશીના ઓપરેશનની ભલામણ કરતો ટેલિફોન કર્યો હતો. ત્યારબાદ દર્દી સાથે તેમના સ્વજનોએ અમદાવાદની સંજીવની હોસ્પિટલ પહોંચી પ્રથમ આરોગ્ય મિત્રનો સંપર્ક કર્યો હતો. તેઓએ જરૂરી કાર્યવાહી કરી દાખલ કર્યા હતા. ત્યારબાદ તા. ૨૯-૧૨-૨૦૧૬ના રોજ બાયપાસ સર્જરીનું સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડી તા. ૬-૧-૨૦૧૭ના રોજ રજા આપી દીધી હતી. આમ એક દુખિયારા પરિવારની પીડામાંથી મુક્તિ મળી હતી.

આ અંગે બાયપાસ સર્જરી એક જ વાલ્વ બદલવાનો હોય કે ફાટેલ હોઠ, ચોંટેલ તાળવાનું કે ત્રાંસી આંખનું વિનામૂલ્યે ઓપરેશન કરાવવા માટે જેઠાલાલ ઠક્કરનો મો. ૯૮૨૫૪ ૫૧૨૯૫ ઉપર બપોરે ૨ થી ૪ તથા સાંજે ૭ થી ૧૧ દરમિયાન સંપર્ક કરવા જણાવાયું છે. ■

## સફળતા મેળવવા માટે ધ્યેય કે લક્ષ્ય અનિવાર્ય છે

સફળતાનાં સોપાન સર કરીને એના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાનું કામ ધીરજવાળું અને સમય માંગી લે તેવું છે. આ સમયગાળો ઘણીવાર ટૂંકો અને ઘણીવાર ખૂબ લાંબો હોય છે. આ સમયગાળા દરમિયાન ટકી રહેવું અને સ્વસ્થ રહેવું એમાં કસોટી છે. આપણે સફળતા મળવા સુધી ધીરજ ન રાખી શખીએ તો અડધે રસ્તે જ ભાંગી પડીએ. સફળતાનાં માર્ગનો કોઈ 'શોર્ટ કટ' હોતો નથી. સફળતા મેળવવા માટે સીધા ચઢાણ ચડવાનાં હોય છે. સફળતા મેળવવા માટે માણસ પાસે કોઈ ચોક્કસ ધ્યેય કે લક્ષ્ય હોવું અનિવાર્ય છે. આપણે સો માણસની મુલાકાત લઈએ તો એમાંથી ૯૯ માણસો કહેતા કે મારે સફળ થવું છે પણ કઇ દિશામાં સફળતા મેળવવી છે, કે એમનું લક્ષ્ય શું છે એ અંગે મોટાભાગના માણસો અનિશ્ચિત જ હોવાના. સફળતાની આડેનો આ બહુ મોટો અવરોધ છે. આપણી પાસે રસ્તાની સૂઝ કે દિશાનું ભાન ન હોય તો મંઝીલ કઈ રીતે મળવાની? ■

# પ્રતિભાવ

**'કચ્છશ્રુતિ' જાન્યુઆરી-૨૦૧૭નો અંક : પ્રતિભાવ**

કચ્છશ્રુતિ જાન્યુઆરી-૨૦૧૭નો અંક વિવિધતા સાથે ઉત્કૃષ્ટ વાંચન સામગ્રીથી ભરપૂર રહ્યો. મૂળ કચ્છના જ ડૉ. ધીરેન શાહે કચ્છનું નામ રોશન કર્યું છે. કચ્છશ્રુતિ દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યુમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ અંગેની વિસ્તૃત જાણકારી મળી. "નોટબંધી"એ છેલ્લા પચાસેક વર્ષનો અને આવતા કેટલાક વર્ષ સુધીનો સૌના માનસપટ પર છવાયેલો કદાચ ઐતિહાસિક શબ્દ બની રહેશે ત્યારે એ "નોટબંધી" વિશે અશોકભાઈ મહેતાના તંત્રીલેખથી લઈ, અન્ય લેખકોની કલમે તેના વિશેની જુદા જુદા તારણોથી કરાયેલી છણાવટ યુક્ત આર્ટિકલ્સ પણ વાંચન યોગ્ય રહ્યા. વિચાર વિમર્શમાં સ્વિસ બેંકના કાળા નાણાં અંગે શ્રી યાસીન દલાલનો લેખ, કચ્છની સમસ્યાઓ વિશે શ્રી શશીકાંત ઠક્કર, કિરીટ જોષીનો 'સાત્ત્વિક ગાય' વગેરે ઉત્કૃષ્ટ વાંચન સામગ્રી સાથે અંગૂલી નિર્દેશ સમાન રહી.

કચ્છશ્રુતિની સમગ્ર ટીમ તેમજ તમામ લેખકોને તેમના ઉત્કૃષ્ટ કલા કસબ અને મંથન બદલ અભિનંદન.

*રમેશ આર. વોરા - માધાપર, કચ્છ*
*મો. ૯૪૨૯૦ ૮૩૮૭૧*

★

**ચલણી નોટ્સ અને બ્લેક મની**

દિપાવલીની ઉજવણી અને નૂતન વર્ષની વધામણીના ખુશીભર્યા માહોલ વચ્ચે - નવા વર્ષે જ અચાનક 'નોટબંધી' બાદ દેશની જનતાના દિલોદિમાગ પરથી એ તહેવારો કે પછી નૂતન વર્ષમાં પ્રવેશની અનુભૂતિની જગ્યાએ નોટબંધી અને તેને સંલગ્ન નીતનવાં ફરમાનોએ દિમાગ પર કબજો જમાવી લીધો અને ત્યારે એ આર્થિક ક્ષેત્રના સૌથી મોટા 'ભૂકંપ કે પછી બદલાવ' વચ્ચે તેને સંલગ્ન ચલણી નોટ્સ અને બ્લેક મની તેમજ તંત્રીલેખમાં શ્રીયુત અશોકભાઈ મહેતાએ વિસ્તૃત છણાવટ કરી 'કચ્છશ્રુતિ'ને વર્તમાન પ્રવાહની કિનાર પર પૂર્ણ ન્યાય આપી વિસ્તૃત સૂક્ષ્માવલોકન સાથે નિરૂપણ કર્યું છે.

મુરબ્બી શ્રી શશીકાંતભાઈ ઠક્કર સહિતના બીજા અનેક લેખો પણ વાંચનદાયક - ચિંતનદાયક રહ્યા છે. આપણે વર્ષ ૨૦૧૭માં પણ પ્રવેશ કરી ચૂક્યા છીએ ત્યારે 'કચ્છશ્રુતિ'નું ચાલકબળ એવા તંત્રી વિભાગની સમગ્ર ટીમને હાર્દિક શુભેચ્છા સાથે 'કચ્છશ્રુતિ' પણ વિશાળ વાંચક સમુદાયમાં અનેરું સ્થાન પામી દિન પ્રતિદિન પ્રગતિ અને લોકપ્રિયતાનાં નવાં શિખરો સર કરે એ જ હૃદયપૂર્વકની મંગલ કામના.

*રમેશ આર. વોરા - માધાપર, કચ્છ*
*મો. ૯૪૨૯૦ ૮૩૮૭૧*

★

**'કચ્છશ્રુતિ' – માસ જાન્યુઆરી-૨૦૧૭ : પ્રતિભાવ**

જાન્યુઆરી-૨૦૧૭ 'કચ્છશ્રુતિ'નો અંક વિદ્વાન લેખકોના વિચાર પ્રેરક લેખો વાંચી આનંદ થયો. કચ્છશ્રુતિ લેખકોના વિચાર મંતવ્યની રજૂઆત કોઈપણ કાપકૂપ વગર પ્રકાસિત કરવામાં આવે છે એ ઘણું જ મહત્ત્વનું અને ઉત્તમ છે. તંત્રીશ્રી અશોકભાઈ મહેતાના 'નોટબંધીની અવધિ પૂરી થયા પછીના પરિણામોનું શું??' તંત્રીલેખ વાંચવાથી ભારતમાં કોમન મેનને એ હજી પણ સમજ નથી પડતી કે નોટબંધીના કારણે દેશને ફાયદો થયો કે નહીં? એનો ફાયદો થયો તો શું થયો??... એનું સમજણપૂર્વકનું લેખન વાંચવાથી સમજમાં આવે એવું છે. આ લેખ ઘણો જ વાંચનની દૃષ્ટિએ વાંચવાલાયક છે. અશોકભાઈ મહેતાને ધન્યવાદ.

તુલસીદાસભાઈ કંસારાનો કરન્સી નાબૂદી અંગેનો લેખ સારો છે. તેમણે લેખમાં જે વિગતવાર રજૂઆત કરીને જણાવ્યું છે, એ ઉત્તમ છે. જેથી કચ્છશ્રુતિના સર્વે વાંચકોને જાણવાનું મળતું રહે. આવી સમજ દર્શાવતો લેખ લખેલ છે. તેમને ધન્યવાદ.

કચ્છશ્રુતિના આ અંકનું મુખપૃષ્ઠ આબેહૂબ ઑપરેશન કરવામાં આવતું ચિત્ર ઘણું જ સુંદર છે. સમગ્ર રાજ્યમાં પ્રથમ હાર્ટ પ્રત્યારોપણની પ્રક્રિયા સંબંધી વિગત કચ્છશ્રુતિના પરિવારમાં તેમનો ખાસ ઈન્ટરવ્યુ લીધો. તેની વિગત પ્રશ્ન - જવાબથી જાણવા મળેલ એ ઘણું જ સમજમાં આવે એવું છે. ઉમદા કાર્ય છે. ડૉ. શ્રી ધીરેન શાહ કાર્ડિયાક સર્જન કચ્છી છે. કચ્છી માડુ હંમેશાં સર્વેની દિલથી સેવા કરી મદદરૂપ બને છે. લોકચાહના પણ મેળવે છે એ કચ્છનું ગૌરવ કહેવાય.

કચ્છ એક જીવંત મ્યુઝિયમ, આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે, ભુજની લાલન કૉલેજે સમાજને અર્પી છે વિશિષ્ટ વિભૂતિઓ, કચ્છની અજરખની છપાઈકલા, કચ્છને પંજાબ અને હરિયાણાની જેમ લીલોછમ વિસ્તાર બનાવવા શું કરી શકાય?

– આ બધા લેખો વાંચનમાં સારા છે. એમાંથી જાણવાનું મેળવી શકાય.

જાન્યુઆરી-૨૦૧૭ કચ્છશ્રુતિના અંકમાં મારૂં રચેલ કાવ્ય 'પ્રજાસત્તાક દિન' (ભારતનું બંધારણ) જેમાં લાહોરમાં રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં બ્રિટીશ સરકાર સામે પસાર કરેલ ઠરાવની હતી. ડિસેમ્બર ૧૯૩૬ની સાલ છપાયેલ છે. **તેને બદલે ડિસેમ્બર ૧૯૨૯ની સાલ સુધારો કરવા વિનંતી અને વાંચનમાં લેવા વિનંતી.**

'કચ્છશ્રુતિ'ના અંકની ઘણી જ પ્રગતિ અને વિકાસ થાય તેમજ ઉત્તરોત્તર પ્રગતિ કરે એ જ શુભેચ્છા. તંત્રીશ્રી અને સહ કાર્યકરોને ઘણા જ અભિનંદન. ધન્યવાદ.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

★

**પ્રતિભાવ : 'કચ્છશ્રુતિ' માસ જાન્યુઆરી ૨૦૧૭**

૧૦૦ પેજનો દળદાર જાન્યુઆરી-૨૦૧૭નો 'કચ્છશ્રુતિ'નો અંક ઓનલાઈન વાંચ્યો. તંત્રીલેખ નોટબંધીના વિચારોથી વિંટળાયેલ રહ્યો. અહીં એક જ ટીપ્પણ કરવાની છે કે "નોટબંધી" જેવા રાષ્ટ્રીય નિર્ણયને સફળતા કે નિષ્ફળતાના માપદંડોથી ન મૂલવાય. જો એ લાંબા સમયથી મુલત્વી રાખવામાં આવેલ રાષ્ટ્રીય નિર્ણય હતો તો તેના જમા - ઉધાર પાસા રહેવાના જ. **નિર્ણય લેવાયો તે જ અગત્યનું છે. 'સંસ્થા દર્શન'** અને **'વર્તમાન પત્રને આધારે'** કોલમો કચ્છી સમાજ તેમજ કચ્છ વિશેની સંગ્રહવાલાયક જીવંત માહિતી આપે છે. **'કચ્છ અને તેની અર્થવ્યવસ્થા'માં સ્વ. શ્રી પ્રેમજીભાઈ ઠક્કરના અનુભવો અને અભ્યાસપૂર્વકના વિચારોને** વાચા આપતી તેમની નોંધપોથીમાંથી રસપ્રદ વિગતો જાણવા મળે છે.

*ગુજરાતમાં સર્વપ્રથમ હાર્ટ પ્રત્યારોપણ કરનાર ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમ ધન્યવાદને પાત્ર છે અને શ્રી કચ્છી સમાજ તેમનું સમયોચિત બહુમાન કરી રહેલ છે તે ગૌરવપ્રદ બીના છે. "કચ્છી છું એટલે જીગરથી કામ કરું છું" – એવા જીગરવાળા વાક્ય સાથે સંપન્ન થતો તેમનો ઈન્ટરવ્યુ માહિતીપ્રદ રહ્યો અને કચ્છી સમાજ જો અંગદાન અને દેહદાનના ફોર્મ સ્વીકારવાનું ચાલુ કરે તો તેમાં મારૂં નામ તુરત જ નોંધવાની દૂર બેઠા સંમતિ આપું છું.*

"આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે"ની શ્રેણીના પ્રથમ એનાઉન્સમેન્ટની શરૂઆત **શ્રી જયંતી જોશી 'શબાબ'**ની કલમે, 'મરૂ, મેરૂ અને મહેરામણથી ઘેરાયેલ પ્રદેશ' કરતાં હજારો માઈલો દૂર સુધી સંભળાય તેવા જોરદાર અવાજમાં કરેલ છે. સાંપ્રત સમયમાં **શ્રી બલવીરસિંહ જાડેજા**એ કચ્છની જમીન અને ખેતી વિશે અભ્યાસપ્રદ સામગ્રી પીરસેલ છે, તો **શ્રી દિનેશભાઈ મહેતા**એ ૨૦૧૬ને અલવિદા કરતાં તે વરસ દરમિયાન રાષ્ટ્રીય સ્તરે બનેલ બનાવોનું વિષયવાર સંકલન કરી આ અંકને એક રેફરન્સ અંક બનાવી દીધેલ છે. અને છેલ્લે, **પ્રા. સૂર્યકાંત ભટ્ટે** આપેલ ૨૦૦૧ના ભૂકંપ પહેલાંની લાલન કૉલેજનો ફોટો આ લખનારના કોલેજ-કાળની યાદોને તાજી કરી ગયો અને તે કૉલેજે સમાજને આપેલ વિશિષ્ટ વિભૂતિઓની ઝલક યાદગાર વાંચન બની રહ્યા.

*તુલસી કંસારા (હાલે ફિલાડેલ્ફિયા, યુ.એસ.એ.)*
*'હેલ્થ ફર્સ્ટ'*

★

**'કચ્છશ્રુતિ' માસ જાન્યુઆરી-૨૦૧૭ : પ્રતિભાવ**
**તંત્રી મંડળને અભિનંદન**

જાન્યુઆરી-૨૦૧૭નો અંક અનેકરીતે વિશિષ્ટ કહી શકાય. વર્તમાનની વિગતો સાથે ભૂતકાળમાં ડોકિયું કરાવી જતા લેખો ઈતિહાસની ગરજ સારે તેવા છે. જેમાં શ્રી મુરજી ગડાનો લેખ રાજાશાહીની અનેક વાતો ઉજાગર કરે છે.

વિશ્વના ઘણા દેશો કે જ્યાં રાજાશાહી હતી તેના રાજાઓ દ્વારા આચરાયેલા અતિ ક્રૂર અને અધમ કૃત્યો ઉતિહાસના પાને લખાયેલ છે. એ પછી રોમનો નીરો હોય કે સરમુખત્યાર ઍડોલ્ફ હિટલર હોય કે ઈદી અમીન. એવા બીજા અનેક ક્રૂર રાજાઓના ઈતિહાસ તો ભયના માર્યા લખાયા પણ નહીં હોય. ઘણા દેશના રાજાઓએ તો પોતાના પ્રદેશમાં પ્રેસ ખોલવાની જ મનાઈ કરી હતી. તે રીતે કારણો ગમે તે હોય, પણ કચ્છમાં પણ આઝાદી પહેલા પ્રેસ ખોલવાની મનાઈ હતી અને તેથી જ કચ્છના બળવાખોર લેખકો સર્વશ્રી ખીમજી કાયાણી, છગનલાલ ભવાનીશંકર મહેતા, પ્રાણલાલ શાહ, રસીક મહેતા, ગિરીશ મહેતા, યુસુફ મહેરઅલી વગેરેએ કચ્છ બહાર ક્રાંતિકારી પુસ્તકો પ્રગટ કર્યા હતા. શ્રી મુરજી ગડા પાસેથી આવા વધુ લેખો મળે તો હજુ ઘણી બાબતો ઉજાગર થાય તેમ છે.

શ્રી ભીમજી નાકરાણી અને શ્રી વી.જે. ઠક્કરના સંશોધનાત્મક લેખો જેવા બીજા લેખો મળે એ ઇચ્છનીય છે. આપણા કચ્છનાં જ ઘર દીવડાને ઉજાગર કરતો શ્રી કિરણ ચાંપાનેરીનો 'શિવજી ભુદા ફોફીંડી' લેખ અભિનંદનને પાત્ર છે. સાંપ્રત વિચારમંચ પ્રેરણાત્મક રહ્યો છે.

પ્રો. સૂર્યકાંતભાઈ ભટ્ટનો લાલન કૉલેજ વિશેનો લેખ

સૌએ સાચવી રાખવા જેવો બન્યો છે. તો શ્રી પ્રેમજીભાઈનો લેખ-૩ અગાઉના પ્રકરણો પછી કચ્છના ભૂતકાળમાં લઈ જાય છે. આવા બધા લેખો, એ 'કચ્છશ્રુતિ'ના ઘરેણા સમાન છે. આમાં સંપાદકોની મહેનત અને કચ્છ પ્રત્યેનો પ્રેમ દેખાઈ આવે છે.

કચ્છમાં સંવત ૧૬૦૫માં ભુજની ખીલી ખોડાઈ અને ૧૫-૮-૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો. તે ગાળા વચ્ચેની અનેક સારી માઠી ઘટનાઓના લોકજીભે મળતી વિગતો પ્રમાણે ઘણી બધી વાતો, વિગતો, ઘટનાઓ કોઈએ લખી જ નથી. દા.ત. એક સમયે જખૌ બંદરની જે જાહોજલાલી હતી. ૩૫૦ જેવા ભાટિયા જ્ઞાતિના કુટુંબો ત્યાં હતા. કચ્છની શાળાઓ માટેના પાઠ્ય પુસ્તકો પ્રથમ જખૌ આવતા અને પછી કચ્છમાં વિતરણ થતું. આવી બધી વાતોના ઉંડાણભર્યા લેખો ક્યાંયે વાંચવા મળતા નથી. આ વર્ષે 'કચ્છશ્રુતિ'માં આવી બોબતોના લેખોની અપેક્ષા છે.

તંત્રી મંડળને ખૂબ ખૂબ ધન્યવાદ.

*ચંદ્રવદન જી. મહેતા - ભુજ, કચ્છ*
*મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦*

## વિજ્ઞાન જગતની 'લેડી એડિસન' : બ્યૂલા લૂઈસ હેનરી

થોમસ આલ્વા એડિસન એકસોથી વધુ શોધો કરીને વિશ્વવિખ્યાત બનેલો. તેના જ સમયગાળામાં અમેરિકામાં બ્યૂલા હેનરી નામની મહિલા વિજ્ઞાની ૧૧૦ શોધો કરીને સુપ્રસિદ્ધ થયેલી. તેણે બોબીન વિનાનું સિલાઈ મશીન, વેક્યુમ, આઈસ્ક્રીમ ફ્રિઝર જેવી ગૃહ ઉપયોગી ૧૧૦ શોધો કરી હતી.

બ્યૂલા હેનરીનો જન્મ ઈ.સ. ૧૮૮૭ના ફેબ્રુઆરીની ૧૧ તારીખે અમેરિકાના કેરોલિનામાં થયો હતો. કેરોલિનાની પ્રીસબાય ટેરિયન અને ચાર્લોટીની એલિઝાબેથ કૉલેજમાં શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી ૧૯૨૪માં તેનો પરિવાર ન્યૂયોર્ક રહેવા ગયો. બ્યૂલા નિકોલસ મશીન વર્ક કંપનીમાં એન્જિનિયર તરીકે જોડાઈ. ત્યારબાદ વિવિધ કંપનીમાં એન્જિનિયર તરીકે સેવાઓ આપી. બ્યૂલા આજીવન કુંવારી રહેલી અને રોજિંદા સુવિધાના સાધનોનો અભ્યાસ કરીને તેને વધુ સુવિધાજનક બનાવવા પ્રયાસો કરતી. તેણે વેક્યૂમ આઈસ્ક્રીમ ફ્રિઝર, બોબીન વિનાનું સિલાઈ મશીન, આંખોનો રંગ બદલતી ઢીંગલી, પાણી છાંટવાનો ફુવારો, હેન્રી વાલ્વ, ટાઈપ રાઈટર માટે ડુપ્લીકેટ મશીન, ડુપ્લેક્ષ સાઉન્ડ પ્રોડ્યુસર વગેરે ૧૧૦ જેટલી શોધ કરેલી. આ શોધો બહુ નોંધપાત્ર કે વિજ્ઞાનના ઊંડા સિદ્ધાંતોને લગતી નહીં પરંતુ રોજિંદા જીવનમાં ઉપયોગી સાધનોને વધુ સુવિધાજનક બનાવતી હતી. તેણે ૨૦ વર્ષની ઉંમરે પ્રથમ પેટન્ટ નોંધાવેલી. તેને બાળપણથી બધી ચીજોને બદલીને કંઈક નવું કરવાની ઇચ્છા હતી. તેણે શોધેલી વિવિધ રંગની છત્રી બદલ તેને અઢળક પૈસા મળેલા જેનાથી તેણે ઘરની લેબોરેટરી ઊભી કરેલી. ૧૯૩૦થી ૪૦ના ગાળામાં તેણે સિલાઈ મશીન અને ટાઈપરાઈટર મશીનમાં વ્યાપક સુધારા કર્યા. લગભગ ૮૦ વર્ષની ઉંમર સુધી તે સંશોધનોમાં સક્રિય હતી. ૧૯૭૩ માં તેનું અવસાન થયું હતું. ■

## પૃથ્વી પર સૌથી વધુ વિસ્તાર રોકતાં જંગલ : બોરિયલ ફોરેસ્ટ

પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં કેનેડા, નોર્વે, ફિનલેન્ડ, સ્વિડન, રશિયા, મોંગોલિયા, ઉત્તર જાપાન અને કઝાકસ્તાનને આવરી લેતાં બોરિયલ ફોરેસ્ટ પૃથ્વી પરનો સૌથી મોટો વિસ્તાર રોકે છે. બર્ફીલા પ્રદેશોના આ જંગલોના વૃક્ષો શંકુ આકારના હોય છે. તેને શંકુદ્રુમ જંગલ પણ કહે છે. ઉત્તરીય પવનોના ગ્રીક દેવ બોરિયસના નામ ઉપરથી આ જંગલોનું નામ બોરિયલ પડ્યું છે. બોરિયલ જંગલો પૃથ્વીના જંગલોનો ૨૯ ટકા ભાગ રોકે છે. કેનેડાના બોરિયલ જંગલોમાં ૫૫ સસ્તન પ્રાણીઓ, ૧૩૦ જાતની માછલી, ૩૨૦૦૦ જેટલી જાતિના જંતુઓ અને ૩૦૦ જાતિના પક્ષીઓ જોવા મળે છે. બોરિયલ જંગલોમાં ઉત્તર ગોળાર્ધનું સૌથી નીચું તાપમાન માઈનસ ૬૫ ફેરનહીટ રહે છે એટલે વૃક્ષો ઉપર બરફ છવાયેલો રહે છે. બોરિયલ જંગલો પૃથ્વીના હવામાન અને તાપમાન ઉપર મોટી અસર કરે છે.

બોરિયલ જંગલના સાઈબિરિયન ટાઈગર અને ગ્રેટ ગ્રે ઓલ નામનું ઘુવડ વિશિષ્ટ જીવ છે. સાઈબર જેવા હરણ ઈલ્ક, કાંટાવાળી શાહુડી પોર્કયૂપાઈન પણ આ જંગલોમાં રહે છે. શરીરનો રંગ બદલતા સસલા સ્નો શૂ હેર પણ અહીંના જ વતની છે. વિશ્વના સૌથી ઊંચા જાયન્ટ સિક્વોયા વૃક્ષો પણ આ જ જંગલની પેદાશ છે. વિશ્વભરના લાકડાની જરૂરિયાતનો મોટો ભાગ બોરિયલ જંગલોમાંથી મળે છે.

બોરિયલ જંગલો ભલે બરફાચ્છાદિત હોય પરંતુ ઉનાળાની ઋતુમાં ભીષણ દાવાનળ પણ આ જંગલોને ભરખી જાય છે. એકાએક ઊઠેલી આગમાં હજારો એકર જમીનના વૃક્ષો બળીને ખાખ થઈ જાય છે. ■

# શબ્દ શોધ : ૫૮

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | ■ | |
| ૧૩ | ૧૪ | ■ | ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | |
| ■ | ૧૮ | | | ■ | ૧૯ | | | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | ૨૪ |
| | ■ | ૨૫ | ■ | | ■ | ૨૬ | ■ | |
| ૨૭ | ૨૮ | | ■ | | ■ | ૨૯ | ૩૦ | |
| ૩૧ | | ■ | ૩૨ | | | ■ | ૩૩ | |

## આડી ચાવીઓ

૧. દિલ્હીના મુખ્યમંત્રી (૯)
૮. દરેક વ્યક્તિની ઓળખ માટે શું હોય? (૨)
૯. કંકણ, સ્ત્રીઓનું કાંડાનું ઘરેણું (૩)
૧૦. પાંચથી પંદર વચ્ચેની એક સંખ્યા (૨)
૧૧. થાકીને લોથપોથ (૧)
૧૨. રાજા, ફરિયાદ (૧)
૧૩. વારાણસી નગરી (૨)
૧૫. પ્રતિબંધ, રુકાવટ, બાંધવું કે બંધાવું એ (૩)
૧૭. ‘અડીકડી ____ને નવઘણ કૂવો
જેણે ન જોયા તે જીવતો મૂઓ.’ (૨)
૧૮. લગ્નવિચ્છેદ, છૂટાછેડા (૩)
૧૯. કાગડો (૩)
૨૦. ઓસ, ઝાકળ (૨)
૨૧. અમેરિકાનું ચલણી નાણું (૩)
૨૩. ધણી, નાથ, સ્વામી (૨)
૨૭. છેડો, પાલવ (૩)
૨૯. પ્રેમઘેલું, ગાંડું (૩)
૩૧. નમેલું (૨)
૩૨. કચ્છનો એક તાલુકો (૩)
૩૩. “____ લલચાવું” એટલે લોભ થવો (૨)

## ઊભી ચાવીઓ

૧. હાથના પંજાની ટચલી પહેલાની આંગળી (૪)
૨. એક દારૂ (૨)
૩. જંગલ પહાડો વગેરેમાં લાગતી આગ (૨)
૪. ચૂનાની ચણતરવાળું (૪)
૫. વિજય, જીત, ફતેહ (૨)
૬. “સોળે સાન, વીસે ____” (૨)
૭. બોલબોલ કર્યા કરે એમ (૪)
૧૪. ઠંડું, ટાઢું, શીત (૩)
૧૫. બંકો, વિજયી માણસ, બંકેરાવ, છેલબટાઉ (૩)
૧૬. પલંગ વગેરેમાં ભરાતી સુતરની પાટી (૩)
૧૭. ઈંદ્ર (૩)
૨૦. સામાનું ઈચ્છિત આપવાની ક્રિયા (૪)
૨૨. લપલપાટ, બોલબોલ કરવું એ (૪)
૨૪. બીજી વ્યક્તિ માટે પોતાનું લોહી આપવાની સ્વૈચ્છિક ક્રિયા (૪)
૨૫. વર્ષો પૂર્વે કઈ ફિલ્મ માટે કુલભૂષણ ખરબંદાએ
ખરેખર ટકો કરાવ્યો હતો? (૨)
૨૬. “પારકી ____, સદા નિરાશ.” (૨)
૨૮. અભિપ્રાય (૨)
૩૦. મૃત્યુનો દેવ (૨)

## શબ્દશોધ : ૫૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મીં | ■ | મ | ન | મો | હ | ક | ■ | સી |
| ■ | જ | ગ | ■ | રા | ■ | રો | મ | ■ |
| ર | ન | ■ | ભા | ર | ત | ■ | હા | મ |
| વિ | ના | ■ | ન | જી | ક | ■ | ભા | ર |
| ના | ય | બ | ■ | દે | ■ | શ | ર | ણ |
| ■ | ક | ર | ■ | સા | ■ | ગ | ત | ■ |
| ચ | ■ | ■ | ફ | ઇ | બા | ■ | ■ | લ |
| ક્રિ | ર | પા | ણ | ■ | ક | ર | ત | લ |
| ત | લ | ■ | સ | ર | સ | ■ | મ | ના |

### શબ્દ શોધ : ૫૬/૫૭નો ઉકેલ મોકલાવનારના નામ

- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- કવન કેતન રાણા - અમદાવાદ
- મેહુલ ચંદ્રવદન મહેતા - ભુજ
- રશ્મિ એમ. સાવલા - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- રાકેશ કે. ગાંધી - અંજાર
- વિનય ડી. આશર - માંડવી
- પ્રભા કે. વોરા - ભુજ
- ઉદય વી. માંડલિયા - ભુજ
- દિશા કે. પટેલ - અમદાવાદ
- બીજલ ડી. લીંબાણી - ગાંધીનગર

# મેઘધનુષ

## વસંતઋતુનું આગમન (વસંત પંચમી)

વસંતના આગમનનો છડી પોકારતો નાદ સર્વત્ર ગયો ફેલાઈ
ખેતરોની ખલ્કતને વગડામાં મસ્તીભર્યો વૈભવ ગયો છલકાઈ.
વસંતની સમતોલ ઋતુમાં ઉપવનમાં રંગીન ફૂલોની શોભા ફેલાઈ
વરણાગી વસંતનું ઉમંગભેર સ્વાગત કરીએ... ૧

વાસંતી વાયરાના સ્પર્શમાત્રથી તરૂવરો યૌવનનો સજે શણગાર,
ઉપવનમાં ખીલતાં ફૂલો ખુશબુદાર પ્રેમીઓના દિલમાં ભરે પ્યાર.
વસંતની વાંસળીએ ભમરાઓનું કોરસ કામણગારૂં લાગતાં,
વરણાગી વસંતનું ઉમંગભેર સ્વાગત કરીએ... ૨

સંગીત શાસ્ત્રની અધિષ્ઠાત્રી શક્તિને શ્રીકૃષ્ણે આપ્યું વરદાન
વસંત પંચમીના સરસ્વતીનું પૂજન અર્ચન કરનારનું થશે કલ્યાણ.
વીણાવાદિની! વિદ્યાદેવી! દેવેશી સરસ્વતીનું ગુંજન કરતાં
વરણાગી વસંતનું ઉમંગભેર સ્વાગત કરીએ... ૩

કામદેવ અને રતિએ માનવના દિલમાં આકર્ષણનો કર્યો સંચાર
યૌવનમાં ડગ માંડતાં દિલમાં જાગતી ઝંખનાને કર્યો અણસાર
આ દિવસે વસંતોત્સવ મદનોત્સવ ઉમંગથી ઉજવતાં
વરણાગી વસંતનું ઉમંગભેર સ્વાગત કરીએ... ૪

વસંત પંચમીના ઢોલ ઢબૂકે ને લગ્ન મંડપમાં લગ્ન ગીતો ગવાય,
ખરેખર આખી સૃષ્ટિ નવવધૂ બની જાય એ વસંતપંચમી કહેવાય.
"ઋતુઓમાં વસંત ઋતુ હું જ છું" શ્રીકૃષ્ણે સમાજને સમજાવતાં
વરણાગી વસંતનું ઉમંગભેર સ્વાગત કરીએ... ૫

**મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ**

### અરજ

અરજ બસ એટલી જ કે
કરે કૃપા
"અરુણ" જેટલી જ
"અરુણ જેટલી."

**અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ**

## WATER SPEAKS...

I am daughter of sky,
I am queen of earth,
I am present in sky as vapour,
I am present in Air as dew,
I am present in Earth as drop,
I am ample in sea, lake, pond,
I am flowing, dancing on earth,
I am quite at sometime as "Sita"
I am noisy at sometime as "Durga"
I am scarce in sometimes,
I am excess in sometimes,
I am sweet or saline,
I am useful to universe,
I am essential for universe,
I am crying... crying... crying...
For betterment of Universe
Save me... Save me....

## એ પાણી છે...

જાણે સહુ બ્રહ્માંડનું અસ્તિત્વ પાણી છે,
માણે સહુ જીવો તે તત્ત્વ પાણી છે.

અવિરત, અચળ, અકળ વહેતું શિવ શિરેથી,
આદિ, અનાદિ સર્વે કાળનું સત્ત્વ પાણી છે.

વાયુ, અગ્નિ, જળ રહે સાથ ઉત્પત્તિથી અંત,
જીવ કલ્યાણ તણું સર્વોત્તમ પંચતત્ત્વ પાણી છે.

મેળવી ધરાએથી થાય તૃપ્ત ત્રિલોક સૃષ્ટિનાં જડ-ચેતન,
શ્વાસોનાં રથને હંકારે તે અશ્વ પાણી છે.

વાપરો સહુ જીવો વિચારી, ઉચ્ચારે વાણી એ,
પ્રકૃતિ-પર્વ ઉત્સવ ઉજાણીનું મહત્ત્વ પાણી છે.

**અતુલ ઉપાધ્યાય "અતુલ"**
**સિવિલ ઇજનેર - ભુજ**

દુનિયામાં દુઃખને પચાવનારા ઘણા મળશે પણ સુખને પચાવનારા અઘરા છે.
દુઃખ શરીરમાં જઈને ઓગળી જતું હશે કદાચ, પણ સુખ! વહે છે શરીરમાં, લોહીની સાથે.

## માણસ મરવા લાગ્યો છે...

નગર વિશાળ અજગરની
જેમ વીંટળાતું રહ્યું છે.

ઘડિયાળના કાંટે
માણસ રઘવાયો થઈને
દોડ્યાં કરે છે સતત...

સમયનો બંધી થયેલો માણસ,
લાગણીઓને પણ
સમયની સાથે બાંધે છે...

નગરના વૃક્ષો પણ
સિક્યુરીટી ગાર્ડની જેમ
ઊભા છે પ્રદૂષણની મોસમ મહીં.

વૃક્ષોની ડાળીઓ પર ફૂલો પણ
"એબનોર્મલ ડિલીવરી" જેમ
ખરી પડે છે.

યંત્રવત્ માનવીને જેમ
પક્ષીઓ પણ સમયના ગુલામ
થઈ ગયા છે.

એનો "કલરવ" પણ પીંજરામાં
કેદ થઈ ગયો હોય તેમ
આર્ટીફિશિયલ લાગે છે.

આ છે મારા નગરની તાસીર–
જ્યાં માણસમાં પ્રાણીઓના
ગુણો વિકસવા લાગ્યા છે
અને માણસ મરવા લાગ્યો છે!

*કિરીટકુમાર પી. જોશી - નડિયાદ*

## ખાદી ગ્રામોદ્યોગ

ખાદીના ભારતના ગ્રામોદ્યોગ માટે કેટલાક લોકો અનિવાર્ય ગણે છે. તેઓના કહેવા પ્રમાણે દેશના ખૂણે ખૂણે, અંતરિયાળ ગામડાંમાં બીજી કઈ રોજગારી પહોંચાડી શકાય? ઘણી સ્ત્રી ઘરની બહાર ન નીકળતી હોય ત્યાં ઘરદીઠ એક ચરખો પહોંચાડી દેવામાં આવે તો રોજગારી તરત શરૂ થઈ શકે. ખાદી ઉદ્યોગની સૌથી મોટી વિશેષતા જ છે આવા અંતરિયાળ ગામડાંના લોકોની રોજગારી.

## સમરસતાનું ગીત

ચાલો ભાઈઓ, ગામને સંપીલું બનાવીએ
ચાલો બહેનો ગામને સમરસ બનાવીએ
પંચાયતની ચૂંટણીમાં સમજુને ચૂંટીએ
ભણેલા-ગણેલા, ને અનુભવીએ ચૂંટીએ.
આપણી પંચાયતને સમરસ બનાવીએ
ચાલો ભાઈઓ, ગામને સંપીલું બનાવીએ.

મોભાદાર, ખાનદાન ભાઈ-બહેનને ચૂંટીએ
પાંચમાં પૂછાય એવા સેવાધારીને ચૂંટીએ
તકવાદીઓને પ્રેમથી ઘરે બેસાડીએ,
કોમવાદીના નામ સામે ચોકડી લગાવીએ.
સાચા સજ્જનને સરપંચ સાહેબ બનાવીએ.
ચાલો બહેનો, ગામને સમરસ બનાવીએ.

સંપ રાખીને ગામના વિકાસનું વિચારીએ,
વેરઝેર, ઝઘડાને ગામમાંથી ભગાવીએ,
આપણે આપણા ગામનું ગૌરવ વધારીએ,
ગામને વિકાસશીલ બનાવીએ
ચાલો ભાઈઓ, ગામને સંપીલું બનાવીએ.

ગામમાં સંપ હશે તો વિકાસ ખૂબ થાશે
ગામમાં કુસંપ હશે તો વિનાશ જ થાશે.
સમજી વિચારીને મતદાન કરીને,
ભાઈચારાની ભાવનાના વધારીએ,
ચાલો બહેનો, ગામને સમરસ બનાવીએ.

*ચંદ્રવદન જી. મહેતા 'સારસ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦*

## ખાદી ક્ષેત્રે ભારતના આંકડા

વર્ષ ૨૦૧૫-૧૬માં ખાદીનું ૧૧૭૦ લાખ રૂપિયાનું ટર્નઓવર થયું. એની સામે ૧૧.૬ લાખ લોકોને ખાદી ઉદ્યોગે રોજગારી આપી. આજે ૧૦૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતા કોઈપણ ઉદ્યોગધંધામાં માંડ સો, બસ્સો કે ત્રણસો જણને રોજગારી મળતી હશે, એની સામે ખાદીથી અગિયાર લાખથી વધુ લોકોને રોજગારી મળે છે.

## ખાદી ક્ષેત્રે ગુજરાતના આંકડા

૨૦૧૫-૧૬માં ગુજરાત રાજ્યમાં આશરે ૬૨ લાખ રૂપિયાની ખાદીનું વેચાણ થયું. આ ખાદીઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોનો આંકડો ૮૫૮૭નો છે.

## સરસ્વતી સન્માન કાર્યક્રમ તથા ડૉ. ધીરેન શાહના બહુમાનના કાર્યક્રમની તસવીરી ઝલક



સમારંભ પ્રમુખ શ્રી હરીશભાઈ રંગવાલા (ડાબે)નું
બહુમાન કરતા શ્રી અશોકભાઇ મહેતા




મુખ્ય મહેમાન ડૉ. ધીરેનભાઈ શાહ (ડાબે)નું
બહુમાન કરતા શ્રી જગદીશભાઈ ઠક્કર



અતિથિ વિશેષ શ્રી શાંતિલાલભાઈ ગાલા (જમણે)નું
બહુમાન કરતા શ્રી મનુભાઈ શાહ



અતિથિ વિશેષ ડૉ. રાજેન્દ્ર ટોપરાણી (જમણે)નું
બહુમાન કરતા શ્રી હિમાંશુભાઈ ઠક્કર



અતિથિ વિશેષ શ્રી જેન્તીભાઈ પટેલ (ડાબે)નું
બહુમાન કરતા શ્રી મનુભાઈ કોટડિયા



અતિથિ વિશેષ શ્રી જયમીનભાઈ સોની (ડાબે)નું
બહુમાન કરતા શ્રી ભરતભાઈ ઓઝા



ખીચોખીચ ભરેલ સભાગૃહની ઝલક




વિદ્યાર્થિનીને સન્માનતા સમારંભ પ્રમુખ
શ્રી હરીશભાઈ રંગવાલા



વિદ્યાર્થિનીને સન્માનતા
સમારંભ પ્રમુખ શ્રી હરીશભાઈ રંગવાલા



વિદ્યાર્થીને સન્માનતા
સમારંભ પ્રમુખ શ્રી હરીશભાઈ રંગવાલા



વિદ્યાર્થીને સન્માનતા
અતિથિ વિશેષ શ્રી જેન્તીભાઈ પટેલ



વિદ્યાર્થીને સન્માનતા
અતિથિ વિશેષ શ્રી જેન્તીભાઈ પટેલ



વિદ્યાર્થીને સન્માનતા
અતિથિ વિશેષ શ્રી જેન્તીભાઈ પટેલ



વિદ્યાર્થીને સન્માનતા
અતિથિ વિશેષ શ્રી જયમીનભાઈ સોની



વિદ્યાર્થીને સન્માનતા
અતિથિ વિશેષ શ્રી જયમીનભાઈ સોની



વિદ્યાર્થિનીને સન્માનતા
અતિથિ વિશેષ શ્રી જયમીનભાઈ સોની



વિદ્યાર્થિનીને સન્માનતા
સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ



વિદ્યાર્થીને સન્માનતા
સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ




વિદ્યાર્થીને સન્માનતા
સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જગદીશભાઈ ઠક્કર



સન્માનિત વિદ્યાર્થીઓ અને
પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓની સમૂહ તસવીર



મંજુલાબેન હરખચંદ સાવલા વિશિષ્ટ વિદ્યાર્થી પ્રતિભા યોજનાના પ્રતિનિધિ
શ્રી અશ્વિનભાઈ સાવલાનું અભિવાદન કરતા સમારંભ પ્રમુખ શ્રી હરીશભાઈ રંગવાલા



વિશિષ્ટ વિદ્યાર્થી પ્રતિભાને એવૉર્ડ અર્પણ કરતા
શ્રી અશ્વિનભાઈ સાવલા




ચેસ ચેમ્પિયન કથન કૌશિકભાઈ ઠક્કરને
એવૉર્ડ અર્પણ કરતા શ્રી અશ્વિનભાઈ સાવલા



ગુજરાતમાં પ્રથમ હૃદય પ્રત્યારોપણ કરનાર
ડૉ. ધીરેન શાહની લાક્ષણિક અદા



કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ (ડાબે)નું શાલ ઓઢાડી બહુમાન કરતા
કચ્છ માંડવીના અને HCGના ડાયરેક્ટર તથા કેન્સર સર્જન ડૉ. રાજેન્દ્ર ટોપરાની



કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહને સન્માનપત્ર અર્પણ કરતા
સમારંભ પ્રમુખ શ્રી હરીશભાઈ રંગવાલા



કાર્ડિયાક સર્જન અને કચ્છમાં રામાણિયા ગામના વતની
ડૉ. ધીરેન શાહને સભાગૃહનું સ્ટેન્ડિંગ ઓવેશન



તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી લેનાર સંસ્થાના ખજાનચી
શ્રી મનુભાઇ કોટડિયાનું ઉપસ્થિત સહુ વતી અભિવાદન કરતા ડૉ. ધીરેન શાહ



શ્રી હરસુખ પટેલ (જમણે)ને
લક્કી ડ્રો નું ઇનામ આપતા સંજય રાઠોડ



શ્રી પરબતભાઈ પટેલ (જમણે)ને
લક્કી ડ્રો નું ઇનામ આપતા સંજય રાઠોડ



શ્રી નીતિનભાઈ ગાલા (જમણે)ને
લક્કી ડ્રો નું ઇનામ આપતા સંજય રાઠોડ



શ્રી શશીકાંત ગાલા (ડાબે)ને
લક્કી ડ્રો નું ઇનામ આપતા સંજય રાઠોડ

## સરસ્વતી સન્માન - ઉચ્ચ અભ્યાસ અને વિશિષ્ટ પ્રતિભાઓ


ડૉ. વિવેક ઠક્કર
M.S. (Orthopaedic)
૫૬.૧૨ ટકા


રાજદીપસિંહ જાડેજા
M.B.B.S.
૭૦ ટકા


દિવ્ય પટેલ
M.B.B.S.
૬૨ ટકા


વિરાજ જોષી
M.B.B.S.
CGPA - ૭.૪


સિધ્ધાર્થ શાહ
B.E. (Comp. Engg.)
CGPA ૮.૬૩


જિંકલ શાહ
B.E. (Comp. Engg.)
CGPA ૭.૩૫


મૌલીન ગોગરી
B.E. (Petroleum Engg.)
CGPA ૩.૭૧/૪


કેવલ રાંભિયા
B.E. (Elec. & Comp. Engg.)
CGPA ૮.૧૭


હર્ષ ટાંક
B.E. (Instru. & Control Engg.)
CGPA ૭.૦૩


શૃજાંક ઠક્કર
B.Tech. (Mech. Engg.)
CGPA ૮.૯૮

વિશાલ પટેલ
B.E. (Mech. Engg.)
CGPA ૮.૬૮


સૂચિત ઠક્કર
B.E. (Mech. Engg.)
CGPA ૭.૫૭


રવિ જેઠવા
B.E. (Mech. Engg.)
CGPA ૭.૩૮

ભાવિન મહેતા
C.A.
૫૧.૭૫ ટકા


જયેશ ભુવા
C.S.
૧૦૦ - ૧૦૨ માર્ક્સ


ખુશાલી પટેલ
C.S.
૫૪ ટકા


વત્સલ શાહ
M.Com.
૭૦.૬૬ ટકા


શાલિન શાહ
B.Com.
૫૬.૧૨ ટકા


ઉર્વિ બુધ્ધભટ્ટી
B.Sc.
CGPA ૭.૬૯


કુલદીપ પરમાર
DEE (Elec. Engg.)
CGPA ૭.૪

## સન્માન : વિશિષ્ટ પ્રતિભા


શૈલી શાહ
M.Sc. (I.T.)
ગોલ્ડ મેડાલિસ્ટ


ધ્વજ હરિયા
બિલિયર્ડ તથા
સ્નૂકર પ્લેયર


વિશુ શાહ
ટેબલ ટેનિસ


રાહિલ ઓઝા
ટાર્ગેટ બોલ


રાજવી શાસ્ત્રી
બાસ્કેટ બોલ


કથન ઠક્કર
ચેસ ચેમ્પિયન

Niten Vasa

Essen Dyechem

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

AMAM MARKETING

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

BHAGYODAY QUARRY WORKS
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS







Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

ભક્તિ નવ પ્રકારની છે :
શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન,
દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન.

ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

SRE

Raju ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭। ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આોફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭। ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

# પરિવાર સમાચાર

## અવસાન નોંધ

- **રવિવાર, તા. ૮-૧-૨૦૧૭**
  માતુશ્રી સ્વ. દિવાળીબેન રામજીભાઈ પંચાલ (હંસોરા) (ઉં.વ.-૯૫) (બાદરગઢ / રાપર - અમદાવાદ)
  (શ્રી વાડીલાલ રામજીભાઈ પંચાલ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય અને પૂર્વ માનદ્ મંત્રી છે.)

***પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું સભ્યપદ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હજુ સુધી આપશ્રી સભ્ય ના બન્યા હો તો વહેલી તકે સભ્ય બની જવા આપશ્રીને અનુરોધ કરવામાં આવે છે. સમાજની ઓફિસેથી સભ્યપદનું ફોર્મ મેળવી, એ ફોર્મ ભરીને શ્રી કચ્છી સમાજ -્મદાવાદની ઓફિસે મોકલી આપવા આપશ્રીને વિનંતી કરવામાં આવે છે.

નીચે મુજબની કેટેગરી અનુસાર જીવન પર્યંતના સભ્ય બની શકાય છે.

- **આજીવન સભ્ય** : રૂા. ૧,૦૦૦/-
- **માનદ્ સભ્ય** : રૂા. ૧૦,૦૦૦/-
- **દાતા સભ્ય** : રૂા. ૧,૦૦,૦૦૦/-
- **પેટ્રન સભ્ય** : રૂા. ૫,૦૦,૦૦૦/-

## અભિનંદન



**ચિ. વિરાજ વિનોદ જોષી**

ચિ. વિરાજે એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ કરીને ઝળહળતી સફળતા મેળવી છે.

એમણે અમદાવાદની ખ્યાતનામ સંસ્થા ગુજરાત કેન્સર સોસાયટી (જી.સી.એસ.)ની મેડિકલ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. તેમણે તબીબી ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક પેપર્સ પ્રેઝન્ટ કર્યા છે.

ખૂબ તેજસ્વી કારકિર્દી ધરાવતી ચિ. વિરાજે ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષામાં પણ ૯૩ ટકા માર્કસ મેળવ્યા હતા. તે ઉપરાંત સંગીત, નૃત્ય, ચિત્ર, સ્વિમિંગ, ટેનિસ, રાઈફલ શુટિંગ તથા વાંચન લેખનમાં પણ ઊંડો રસ ધરાવે છે. રાઈફલ શુટિંગમાં સર્ટિફિકેટ પણ મેળવેલ છે.

ચિ. વિરાજના પિતા ડૉ. વિનોદ વસંતરાય જોષી, ડૉક્ટર (એનેસ્થેસ્ટીસ્ટ) છે. તેઓ મૂળ કોઠારા - કચ્છના વતની છે જ્યારે વિરાજના માતુશ્રી ફાલ્ગુનીબેન સંગીત વિશારદ, એન્કર અને ઇન્ટિરિયર ડિઝાઈનર છે.

ડૉ. વિરાજ એક સારા ડૉક્ટર તરીકે માનવીય સંવેદનાથી દર્દીઓનો ઇલાજ કરીને સમાજમાં નામ રોશન કરે તેવી અભ્યર્થના. ■

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : ઓર્ગન ડોનેશન અંગે સમજૂતી આપતો કાર્યક્રમ

દરેક વ્યક્તિ પોતાના શારીરિક અંગો બીજા જરૂરિયાતમંદ દર્દીને ડોનેટ કરવા જાગૃત અને પ્રોત્સાહિત થાય તેવી સમજણથી કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ, નીલેશભાઈ માંડવિયા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકરોની એક ટીમ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઘટક સમાજોના પ્રમુખ તથા મંત્રીશ્રીઓ, તેમજ આમંત્રિતોની એક સંયુક્ત મીટિંગનું આયોજન **રવિવાર, તા. ૨૬-૦૨-૨૦૧૭ના રોજ સાંજે ૪.૦૦થી ૮.૦૦** વાગ્યા દરમિયાન **જૂના સરકીટ હાઉસ, શાહીબાગ** ખાતે રાખવામાં આવેલ છે. આ મીટિંગમાં ઉપસ્થિત રહેવા અનુરોધ છે. મીટિંગ બાદ સૌ જમીને છૂટા પડીશું.

***– માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ઉચ્ચ શિક્ષણ - સરસ્વતી સન્માન કાર્યક્રમ અને ડો. ધીરેન શાહના સન્માનનો કાર્યક્રમ ખૂબ જ આયોજનપૂર્વક તથા ભવ્ય રીતે સંપન્ન થયો

## દરેક વ્યક્તિ પોતાના શારીરિક ઓર્ગન ડોનેટ કરે – તે તરફ વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

સમાજના પરિવારજનોના બાળકો તથા યુવાવર્ગને તેમને પોતાના અભ્યાસક્રમોમાં પ્રાપ્ત થતી ઉચ્ચ સફળતા તેમજ વિવિધ ક્ષેત્રે ઍવોર્ડ મેળવનાર વિશેષ પ્રતિભાઓની નોંધ લઈને તેમના ઉત્કૃષ્ટ દેખાવના પ્રતીકરૂપે સમાજ દ્વારા તેમનું ઉચિત સન્માન કરવામાં આવે તે ખૂબ જ જરૂરી હોય છે.

આ પ્રકારની પૂર્વભૂમિકાના આધારે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે તા. ૨૯-૦૧-૨૦૧૭ના રોજ અમદાવાદમાં મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી ખાતે અતિ સુંદર રીતે એક કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું. જેમાં ઉચ્ચ શિક્ષણ સરસ્વતી સન્માન કાર્યક્રમ તથા તાજેતરમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ માનવ હૃદય પ્રત્યારોપણ કરનાર મૂળ કચ્છના અને હાલ અમદાવાદ સ્થિત કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહના સન્માનની બાબત મુખ્ય સ્વરૂપે હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉચ્ચ શિક્ષણ સિવાયના અભ્યાસક્રમોમાં એટલે કે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના અભ્યાસક્રમોમાં સફળતા હાંસલ કરનાર છાત્રોના સરસ્વતી સન્માનના કાર્યક્રમનું આયોજન તા. ૯-૭-૨૦૧૬ના રોજ થયું હતું.

હર્ષા એન્જિનિયર્સ લિ. - અમદાવાદના શ્રી હરીશભાઈ રંગવાલા તા. ૨૯-૧-૨૦૧૭ના રોજ યોજાયેલ ઉપરોક્ત કાર્યક્રમમાં પ્રમુખપદે હતા. જ્યારે અતિથિ વિશેષશ્રી તથા મુખ્ય મહેમાન તરીકે ડૉ. ધીરેન શાહ અને અન્ય અતિથિ વિશેષશ્રીઓમાં નવનીત એજ્યુકેશન્સ લિ.ના શ્રી શાંતિલાલભાઈ ગાલા, ફ્યુઝન હોસ્પિટલના ડાયરેક્ટર શ્રી હિમાંશુ શાહ (અનિવાર્ય કારણોસર હાજર ન હતા), એચ.સી.જી. કેન્સર હોસ્પિટલના ડૉ. રાજેન્દ્ર ટોપરાની, કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જેન્તીભાઈ પટેલ તથા કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદના પ્રમુખ શ્રી જૈમિનભાઈ સોની વગેરે મંચ પર બિરાજમાન હતા. સમાજના વિવિધ હોદ્દેદારો દ્વારા સમારંભ પ્રમુખશ્રી, અતિથિ વિશેષશ્રી તથા મુખ્ય મહેમાન તેમજ સર્વે અતિથિ વિશેષશ્રીઓનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતાએ રાષ્ટ્રના ૬૮મા પ્રજાસત્તાક દિન ઉત્સવનો ખાસ ઉલ્લેખ કરીને મંચસ્થ મહાનુભાવો તેમજ ઉપસ્થિત સર્વે પરિવારજનોનું સ્વાગત કરીને આવકાર આપેલ. તેમણે સમારંભની વિશેષતા તરફ પણ સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

કાર્યક્રમમાં સમાજના માનદ્ મંત્રી શ્રી હિમાંશુ ઠક્કરે સમાજની કાર્યવાહી અને પ્રગતિની માહિતી રજૂ કરી હતી. **તેમણે કચ્છી સમાજ - અમદાવાદને લોહાણા, જૈન, નાગર-બ્રાહ્મણ, મેમણ, રાજપૂત વગેરે જ્ઞાતિના પરિવારજનોમાં પરસ્પર ભ્રાતૃભાવની મહેકવાળી ઉત્તમ સંસ્થા હોવાનું જણાવીને સૌને સંગઠન તરફ વિશેષ ધ્યાન દોર્યું હતું.** તેમણે કહ્યું કે, આ પ્રકારની સેવાકીય સંસ્થામાં એકાદ / બે હોદ્દેદારોની નહીં પરંતુ સર્વે હોદ્દેદારો તથા કાર્યકરોની સામૂહિક જવાબદારી હોય છે. તે ઉપરાંત, સમાજની પ્રવૃત્તિઓ પૈકી પરિવાર માર્ગદર્શન પુસ્તિકા, લાઈબ્રેરી, રક્તદાન અને અંગદાન જેવી પ્રવૃત્તિઓ તરફ સૌનું ધ્યાનાકર્ષણ કરતાં કહ્યું કે, નાની-મોટી કોઈપણ પ્રવૃત્તિ અથવા કાર્યક્રમો માટે ફંડની ખૂબ જ આવશ્યક્તા હોય છે અને તેમાં સર્વએ સાથ-સહકાર આપવા માટે તેમણે ભાર મૂક્યો હતો.

ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના હસ્તે નીચે મુજબના છાત્રોને પારિતોષિક પ્રમાણપત્રો તથા ઍવોર્ડ જાહેર કરવામાં આવ્યા હતા અને ઉપસ્થિત સૌ છાત્રોને તે અર્પણ કરવામાં આવ્યા હતા.

### ધનસુખલાલ વીરજી સંઘવી ઉચ્ચ શિક્ષણ પારિતોષિક

- ડૉ. વિવેક કનૈયાલાલ ઠક્કર — M.S. (Orthopaedic)
- રાજદીપસિંહ પ્રવીણસિંહ જાડેજા — M.B.B.S.

- દિવ્ય રતિભાઈ પટેલ — M.B.B.S.
- વિરાજ વિનોદભાઈ જોષી — M.B.B.S.
- ભાવિકકુમાર જિતેન્દ્રકુમાર મહેતા — C.A.
- ખુશાલી ધીરજલાલ પટેલ — C.S.
- જયેશ કાનજી ભુવા — C.S.
- વત્સલ સુનિલકુમાર શાહ — M.Com.
- સૃજાંક જનકકુમાર ઠક્કર — B.Tech. (Mech. Engg.)
- વિશાલ રમેશભાઈ પટેલ — B.E. (Mech. Engg.)
- સિધ્ધાર્થ અજય શાહ — B.E. (Computer Engg.)
- જિંકલ ભરત શાહ — B.E. (Computer Engg.)
- કેવલ અજય રાંભિયા — B.E. (Electronics & Communication Engg.)
- સૂચિત પરેશભાઈ ઠક્કર — B.E. (Mech. Engg.)
- રવિ નરોત્તમ જેઠવા — B.E. (Mech. Engg.)
- હર્ષ પંકજભાઈ ટાંક — B.E. (Instrumentation & Control Engg.)
- ઉર્વિ હરિશ્ચંદ્ર બુધ્ધભટ્ટી — B.Sc.
- શાલિન કમલેશભાઈ શાહ — B.Com.
- મૌલિન પંકજ ગોગરી — Petroleum Engg.
- કુલદીપ દેવુભાઈ પરમાર — D.E.E. (Diploma in Electrical Engg.)

## મંજુલાબેન હરખચંદભાઈ સાવલા વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક

મંજુલાબેન હરખચંદભાઈ સાવલા વતી શ્રી અશ્વિનભાઈ સાવલાનું સન્માન સમારંભ પ્રમુખશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

મંજુલાબેન હરખચંદભાઈ સાવલા પરિવાર વતી અશ્વિનભાઈ સાવલા ઉપસ્થિત રહ્યા હોવાથી નીચે મુજબના વિશિષ્ટ પ્રતિભાના પારિતોષિક તેમના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

- વિશુ મેહુલભાઈ શાહ — Won 2nd Prize - Silver Medal in Table Tennis.
- રાહિલ રૂપેશકુમાર ઓઝા — Participated in Target Ball competition at National Level.
- રાજવી કલ્પેશભાઈ શાસ્ત્રી — Participated in Basket Ball in Stage Level.
- ધ્વજ હરિયા — National Junior - U-21 Billiard Winner.<br>From 2007-2016 : National Titles and Gold Medal Winner
- શૈલી જિતેન શાહ — M.Sc. (I.T.) Gold Medalist
- કથન કૌશિકભાઈ ઠક્કર — 5th Rank out of 116 – National School Chess Championship - 2017.

ત્યારબાદ ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ હૃદય પ્રત્યારોપણની જટીલ કામગીરી પ્રક્રિયામાં ઉત્કૃષ્ટ તબીબી કામગીરી કરનાર મૂળ કચ્છના અને હાલ અમદાવાદ સ્થિત સમારંભના અતિથિ વિશેષ તથા મુખ્ય મહેમાન ડૉ. ધીરેન શાહને સમારંભ પ્રમુખશ્રી

તથા મંચસ્થ મહાનુભાવોએ ડૉ. શાહને ખૂબ જ આકર્ષક પ્રશસ્તિપત્ર અર્પણ કરીને તેમનું વિશેષ સન્માન કર્યું હતું. આ સમયે પ્રેક્ષકગણના સૌ સભ્ય પણ હર્ષનાદ સાથે અભિવાદનમાં સામેલ થયા હતા.

તે અગાઉ સમાજના પ્રમુખશ્રીએ કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહનો ટૂંક પરિચય આપ્યો હતો. **વધુમાં, વ્યક્તિએ પોતાના શરીરના અંગોનું યોગ્ય સમયે ડોનેશન કરે તે તરફ તેમણે વિશેષ ભાર મૂક્યો હતો** અને તે સંબંધી વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. તેમણે ખાસ જણાવ્યું કે આપણે સૌ પોતાના શરીરના વિવિધ અંગોનું દાન કરવા સમારંભમાં ઉપલબ્ધ જરૂરી ફોર્મ્સ ભરીશું તો જ સમાજે કરેલ સન્માન સાર્થક ગણાશે.

ત્યારબાદ ડૉ. ધીરેન શાહ દ્વારા હૃદય પ્રત્યારોપણ વિશેની વિસ્તૃત રજૂઆત **પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન** દ્વારા કરવામાં આવી હતી. જેને જોઈને સભાગૃહમાં ઉપસ્થિત સૌ સભ્યોએ પોતાની ઉપસ્થિતિને સાર્થક ગણી હતી. પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના દરેક અગત્યના પાસા તરફ ડૉ. શાહે વિસ્તારપૂર્વક તેમજ રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. (આ અંગે ‘કચ્છશ્રુતિ’ના માસ જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં પ્રકાશિત ડૉ. ધીરેન શાહ સાથેના ઇન્ટરવ્યૂવાળો અહેવાલ જોવાથી વધુ માહિતી પ્રાપ્ત થઈ શકશે.) **પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન બાદ સભાગૃહના દર્શકોએ સ્ટેન્ડિંગ ઓવેશન સાથે ડો. શાહનું સન્માન કર્યું હતું.**

પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન બાદ ગુજરાત રાજ્યના પ્રથમ હૃદય પ્રત્યારોપણની તબીબી પ્રક્રિયાવાળી તથા અતિ મહત્ત્વની કહી શકાય તેવી **સંપૂર્ણ વીડિયો ક્લિપ** દર્શકોને બતાવવામાં આવી હતી. પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન તથા વીડિયો ક્લિપ સંબંધી પ્રેક્ષક વર્ગમાંથી બહોળા પ્રમાણમાં પ્રશ્નોત્તરી થઈ હતી. ડૉ. શાહે દરેક પ્રશ્નોના ખૂબ જ સંતોષજનક રીતે ઉત્તરો આપ્યા હતા.

ત્યારબાદ ડૉ. શાહે પોતાની ઉપરોક્ત તબીબી સિદ્ધિ બદલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા થયેલ સન્માન અંગે પોતાના પ્રવચનની શરૂઆત ‘જય હિંદ’ના નાદથી કરતાં સભાગૃહમાં આનંદનું મોજું ફરી વળ્યું હતું. તેમણે કહ્યું કે –

- આ સર્જરી ત્યારે જ શક્ય બની જ્યારે એક વ્યક્તિએ પોતાના મહત્ત્વના ઓર્ગનનું બીજા દર્દીને ડૉનેટ કર્યું.
- આ સન્માન - અભિવાદન મારું નહીં, પરંતુ ખરા અર્થમાં **પ્રગતિકારક મેડિકલ સાયન્સનું છે.** તેનાં કારણે જટીલ તબીબી પ્રક્રિયા શક્ય બની છે.
- હૃદય પ્રત્યારોપણની કામગીરી છેલ્લા ત્રણેક વર્ષથી વેગ પકડી રહી છે.
- આ પ્રકારની તબીબી કાર્યવાહીમાં ૧૫થી ૨૦ ડૉક્ટર્સ અને અનુભવી ટીમની જરૂર હોય છે. તબીબી પ્રક્રિયામાં દરેક વ્યક્તિ પોતાની રીતે કાર્યરત રહે છે.
- આ પ્રકારની તબીબી કામગીરીમાં જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્જરી પછીની પૂરતી સંભાળ લેવી જોઈએ.
- કચ્છી પ્રજાજનમાં સામાન્ય રીતે ડોનેશન કરવાની સારી આદત છે **પરંતુ હવે આપણે શરીરના ઓર્ગનનું દાન કરવાની ઉત્તમ કામગીરી કરીએ.**
- **મનુષ્યનું શરીર અને તેના અંગો બીજી વ્યક્તિના નવજીવન માટે વપરાય તેનાથી વિશેષ દાનની વ્યાખ્યા થઈ શકે નહીં.**
- મૃત્યુ બાદ શરીરને જલાવી દાટી દેવામાં આવે છે. તેના બદલે તે શરીર અને તેના અંગો જરૂરતવાળા બીજાને કામે લાગે તેવું વિચારીએ અને તેવું કાર્ય કરીએ.
- વિશ્વમાં પ્રતિદિન ૬૦ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ થાય છે. જરૂરી ઓર્ગન સમયસર ન મળવાથી ૧૩ વ્યક્તિના મૃત્યુ થાય છે.
- હાર્ટ પછી કિડનીના રોગોનું પ્રમાણ વધ્યું છે. કિડની અને લીવરના રોગોમાં ભારત, મેક્સિકો અને ઇજિપ્તનું સ્થાન અનુક્રમે છે.
- બ્લડ ડોનેશન, કિડની, બોન મેરો, સ્કીન વગેરે લિવિંગ ડોનેશન છે જ્યારે આંખ, ફેફસાં, હાર્ટ, લીવર વગેરે મૃત્યુ બાદ દાન થઈ શકે છે. **વ્યક્તિનું અકસ્માત થાય અને બ્રેઇન ડેડ થતાં આઈ.સી.યુ.માં દર્દી હોય તેનું હાર્ટ ડોનેટ થઈ શકે.**
- ઓર્ગન ડોનેશન ધંધાકીય રીતે થઈ શકે નહીં. એટલે કે ઓર્ગન ડોનેશનના કિસ્સામાં નાણાંકીય લેતી-દેતી ગુનાહિત કાર્યવાહી છે.

- કોમા અને બ્રેઈન ડેડ સ્થિતિ વચ્ચે તફાવત છે. બંને સ્થિતિ અલગ અલગ સ્વરૂપની છે.
- લગભગ દરેક ધર્મમાં ઓર્ગન ડોનેશન સંબંધી પ્રક્રિયાને સ્વીકારવામાં આવી છે.
- ઓર્ગન ડોનેટ કરવાની આપેલ સહમતિ કોઈપણ તબક્કે પરત ખેંચી શકાય છે.
- તન-મન-ધનનું સ્વચ્છતાપૂર્વક દાન કરો. આ બાબતે જાગૃતતા કેળવીશું તો આપણે સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કરી શકીશું. આ માટે સભાન અવસ્થામાં અગ્રીમ તકે પોતાનું વીલ તૈયાર કરવું જોઈએ.
- આ કામગીરીને સફળતા તરફ લઈ જવા માટે એક વ્યવસ્થિત સિસ્ટમની સાથે સૌના સાથ - સહકારની જરૂરત રહે છે.

ડૉ. ધીરેન શાહના ઉપર મુજબની રજૂઆતને પ્રેક્ષકગણે ખૂબ જ એકાગ્રતાપૂર્વક સાંભળી હતી. ડૉ. શાહે પોતાની કારકિર્દી અને સિદ્ધિ માટે પોતાના પરિવારજનોના સાથ-સહકારનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલે ડૉ. ધીરેન શાહને ખૂબ જ વિવેકમય, સરળ તેમજ લાગણીપ્રધાન વ્યક્તિ ગણાવીને તેમની ઉપરોક્ત સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે દરેક માનવીએ પોતાના ઓર્ગન ડોનેટ કરવા માટે આગળ આવવાની ખાસ આવશ્યક્તા છે. દરેક વ્યક્તિ પોતાના અંગોનું દાન કરે તે માટે તેમણે ખાસ ભાર મૂકીને જણાવ્યું હતું કે ડૉ. ધીરેન શાહે પોતાની તબીબી કામગીરીથી કચ્છીયતને ઉજાગર કરી છે.

આ પ્રસંગે સમારંભના પ્રમુખ શ્રી હરીશભાઈ રંગવાલાએ તથા અતિથિ વિશેષશ્રી શાંતિલાલભાઈ ગાલાએ પણ ડૉ. ધીરેન શાહની તબીબી સિદ્ધિને બિરદાવીને ખાસ અભિનંદન આપ્યા હતા. તેવી જ રીતે પારિતોષિક પ્રાપ્ત કરનાર દરેક છાત્રો અને તેમનાં વાલીઓને અભિનંદન આપીને છાત્રો પોતાના અભ્યાસ ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરીને પોતની કારકિર્દીનું સારી રીતે ઘડતર કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના અંતે સમાજના માનદ્ મંત્રી શ્રી હિમાંશુ ઠક્કરે આભારવિધિ કરી હતી. જેમાં ઉપસ્થિત સર્વે પરિવારજનો, મંચસ્થ સર્વે મહાનુભાવો, કાર્યકર્તાઓ તથા કાર્યક્રમના સંચાલક શ્રીમતી અલ્પા મેહુલ શાહનો ખાસ આભાર માન્યો હતો. સરસ્વતી સન્માન સમિતિના સંજયભાઈ રાઠોડનો ખાસ ઉલ્લેખ કરીને તેમની સુંદર કામગીરી બદલ તેમને ખાસ અભિનંદન આપ્યા હતા. સમાજની વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી કરાવવા બદલ કાઉન્ટર પર સુંદર રીતે કામગીરી કરનાર સર્વે મહિલા સભ્યો, સ્ટાફવર્ગ તથા મંચ ઉપર અને હોલમાં વિવિધ પ્રકારની કામગીરી બજાવનાર સર્વે વોલન્ટિયર્સનો પણ તેમણે ખાસ આભાર માન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર કાર્યક્રમના અંતે આયોજિત ડીનરનું સંચાલન સુનિલભાઈ દાવડા તથા પરાગભાઈ ઠક્કરના નેતૃત્વમાં લોહાણા સમાજના યુવાવર્ગે ખૂબ જ સારી રીતે કર્યું હતું.

***અહેવાલ રજૂકર્તા : દિનેશ આર. મહેતા***

---

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# સરસ્વતી સન્માનની વિવિધ સૌજન્ય યોજનાઓનો લાભ લેવા વિનંતી

સરસ્વતી સન્માનની વિવિધ સૌજન્ય યોજનાઓની માહિતી કચ્છશ્રુતિના જાન્યુઆરી-૨૦૧૭ના અંકના પાના નં.-૧૦૫ર આપવામાં આવેલ છે.

***આ યોજના અનુસાર :***

★ ધોરણ ૧ થી ૪ ના દરેક ધોરણના સરસ્વતી સન્માનનો નકરો રૂા. ૧,૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

★ ધોરણ ૫ થી ૯ ના દરેક ધોરણના સરસ્વતી સન્માનનો નકરો રૂા. ૧,૨૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

★ ડિપ્લોમા અભ્યાસક્રમના વિવિધ અભ્યાસક્રમના સન્માનનો નકરો રૂા. ૧,૨૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

***આ યોજનાના સૌજન્યનો લાભ લેવા સમાજના સખી ગૃહસ્થોને અપીલ કરવામાં આવે છે.***

# ORGAN DONATION – અંગદાન

જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ સાધી રહેલ છે, નિત-નવી શોધખોળ કરતું જાય છે તેમ તેમ સામાન્ય લોકોને તેના ફાયદા મળતા જાય છે. રેડિયો, ટી.વી., ફ્રીજ, મોબાઈલ વગેરે વિજ્ઞાને સાધેલી પ્રગતિના જીવંત ઉદાહરણ છે. તેનાથી સામાન્ય લોકોના જીવનમાં ક્રાંતિકારી ફેરફાર થતા આવ્યા છે.

આવી જ એક શોધ – એક માનવના અંગને બીજા માનવના અંગમાં બેસાડવાની. બ્લડ ડોનેશન, આઈ ડોનેશન કે સ્કીન ડોનેશનથી આપણે પરીચિત છીએ. કિડની ડોનેશનની પ્રથાથી પણ આપણે જ્ઞાત થવા આવેલ છીએ. આ રીતે એક માનવના અંગને બીજા માનવના શરીરમાં નિરૂપણ કરવાની શોધખોળ અવિરતપણે વિજ્ઞાનના અભ્યાસુઓએ ચાલુ રાખેલ છે.

એ જ રીતે હૃદય, લીવર, પેન્ક્રિયાસ વગેરે પ્રકારના ૧૧ અંગો અન્ય જરૂરિયાતવાળા માનવને આપી તેની જીવનકક્ષા લંબાવી શકાય છે. પ્રવર્તમાન સંજોગોમાં અંગદાન એ ખૂબ જ ઉમદા કૃત્ય તરીકે સાબિત થઈ રહેલ છે અને દરેક માનવની અન્ય માનવ પ્રત્યેની સભાનતા સમાજમાં ખૂબ જ વિકસે એ ખૂબ જ જરૂરી છે.

અને તેથી જ શ્રી કચ્છી સમાજ - અમદાવાદે અંગદાનની પ્રવૃત્તિને પૂરા ઉત્સાહથી હાથ પર લેવા અને તેમાં આગળ વધવા નિર્ધાર કરેલ છે. આ કાર્ય માટે સમાજમાં દિનરાત અહલેક જગાવવા અને આ ખૂબ જ ઉમદા કાર્યને સફળ બનાવવા ૫૦ વર્ષની ઉંમર સુધીની ૨૫ જેટલી સભ્ય સંખ્યાની યુવા પ્રતિભાઓની જરૂરિયાત છે.

સમાજના જે યુવાનો આ પ્રવૃત્તિમાં જોડાવા ઈચ્છતા હોય તેઓએ પોતાના નામ અને મોબાઈલ નંબર શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસમાં નીચે મુજબના નંબર પર તાત્કાલિક નોંધાવી દેવા અનુરોધ કરવામાં આવે છે.

**ફોન : (૦૭૯) ૨૬૫૭ ૬૧૮૪, ૪૦૦૭ ૬૧૮૪**

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરીમાં જાહેરાતના દરો

| | | | |
|---|---|---|---|
| ● કવર પેઈજ નં. ૪ | રૂા. | ૫૦,૦૦૦/- | (એક વોલ્યુમના) |
| ● કવર પેઈજ નં. ૩ | રૂા. | ૩૦,૦૦૦/- | (એક વોલ્યુમના) |
| ● કવર પેઈજ નં. ૨ | રૂા. | ૩૦,૦૦૦/- | (એક વોલ્યુમના) |
| ● કવર પેઈજ નં. ૩ની સામેનું પાનું | રૂા. | ૨૫,૦૦૦/- | (એક વોલ્યુમના) |
| ● કવર પેઈજ નં. ૨ની સામેનું પાનું | રૂા. | ૨૫,૦૦૦/- | (એક વોલ્યુમના) |

### અંદરના પાના પરની જાહેરાતના દર

| પ્રકાર | ફૂલ પેઈજ (રૂા.) | હાફ પેઈજ (રૂા.) | ક્વાર્ટર પેઈજ (રૂા.) |
|---|---|---|---|
| ● અંદરનું પાનું મલ્ટી કલર | ૧૦,૦૦૦/- | ૬,૦૦૦/- | ૩,૫૦૦/- |
| ● અંદરનું પાનું સીંગલ કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૫૦૦/- |
| ● અંદરનું પાનું બ્લેક એન્ડ વ્હાઈટ | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- |
| ● બોટમ પટ્ટી : ૧'' સાઈઝ (બ્લેક એન્ડ વ્હાઈટ) | ૧,૦૦૦/- દરેકના | | |

# કચ્છશ્રુતિ – લવાજમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું મુખપત્ર 'કચ્છશ્રુતિ' લગભગ છેલ્લા ૩૦ વર્ષથી નિયમિતપણે દર મહિને પ્રસારિત કરવામાં આવી રહેલ છે.

શરૂઆતમાં તેને વિનામૂલ્યે મોકલવામાં આવતું હતું.

ત્યારબાદ જે સભ્યે રૂા. ૩૦૦/- ડિપોઝીટ તરીકે જમા કરાવે તેમને વિનામૂલ્યે મોકલવામાં આવતું હતું.

ત્યારબાદ આ ડિપોઝીટની રકમ વધારીને રૂા. ૫૦૦/- કરવામાં આવી અને આ ડિપોઝીટ ભરનારને તે વિનામૂલ્યે મોકલવામાં આવતું હતું.

એ દરમિયાન પોસ્ટ ખાતાના કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા. જે સંસ્થા અથવા વ્યક્તિ વિનામૂલ્યે પોતાના પ્રકાશનોનું વિતરણ કરતા હોય તેમને પોસ્ટ ખાતાના બધા જ પ્રકારના લાભો બંધ કરવાનો કાયદો આવ્યો. તેનો મતલબ એ થયો કે આજે કચ્છશ્રુતિના જે અંકો રૂા. ૧/- કે રૂા. ૨/-માં પોસ્ટ કરવામાં આવે છે તેના બદલે રૂા. ૧૫/- કે રૂા. ૨૫/-નો ખર્ચ લાગી જાય.

પરિણામે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે લવાજમની પ્રક્રિયા છેલ્લા બે વર્ષથી આદરેલ છે અને જેઓને ત્યાં કચ્છશ્રુતિ વિનામૂલ્યે મોકલવામાં આવે છે તેઓને હવે પછી લવાજમની રકમ મોકલી આપવા વિનંતી કરવામાં આવેલ છે.

લગભગ ૧૦૦૦ વ્યક્તિ કચ્છશ્રુતિના ડિપોઝીટ ધારકો છે કે જેઓને છેલ્લા ૨૦ વર્ષથી કચ્છશ્રુતિ વિનામૂલ્યે મોકલવામાં આવે છે. તેઓને આ પરિપત્ર દ્વારા વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ સત્વરે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ પર મોકલી આપે. આ દરેક વ્યક્તિને વ્યક્તિગત ટપાલ પણ લખીને મોકલી આપવામાં આવેલ છે.

એ જ રીતે લગભગ ૫૦૦ મહાનુભાવોને તેની કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવી રહેલ છે. આ દરેક મહાનુભાવોને તેમના લવાજમની રકમ ત્વરિતપણે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસમાં જમા કરાવવા વિનંતી કરવામાં આવે છે. આ મહાનુભાવોને પણ વ્યક્તિગત પત્ર દ્વારા તે અંગેની જાણ કરી દેવામાં આવેલ છે.

***કચ્છશ્રુતિના લવાજમના દરો નીચે મુજબ છે :***

- **આજીવન (પંદર વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**
- **પાંચ વર્ષના : રૂા. ૧,૦૦૦/-**
- **બે વર્ષના : રૂા. ૫૦૦/-**

કચ્છશ્રુતિ માટે જેઓએ અગાઉ ડિપોઝીટ ભરેલ હશે તેઓ ઇચ્છશે તો તેમની ડિપોઝીટની રસીદ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસે જમા કરાવી તે ડિપોઝીટની રકમ પરત મેળવી શકશે.

આ બાબતે સહકાર આપવા સહુને અપીલ કરવામાં આવે છે.

કચ્છશ્રુતિ કેટલાયે સમયથી સભ્યશ્રીઓને શિસ્ત વાંચન અને અનન્ય જાણકારી આપવા પોતાનાથી બનતા અથાગ પ્રયાસ કરી રહેલ છે અને તે કેટલાયે નામી / અનામી લેખકોના સહકારથી આ કાર્ય સારી રીતે આગળ ધપાવી રહેલ છે. **અગર આપશ્રીને તેમાં પ્રકાશિત થતી સામગ્રી ઉત્તમ કક્ષાની લાગતી હોય તો તેમાં દરેક વાચક અન્ય પાંચ વાચકોને ઉમેરવા પ્રયાસ કરશો તો અમને તેનાથી વિશેષ આનંદ થશે અને તેની પાછળ અથાગ પ્રયાસ કરનારની મહેનત લેખે લાગશે.**

આપ સહુના ત્વરિત સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

**મનુભાઇ કોટડિયા**
**કન્વીનર, વ્યવસ્થાપક સમિતિ – કચ્છશ્રુતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# કચ્છી યુથ ફોરમ આયોજિત અદાણી પોર્ટની મુલાકાતનો કાર્યક્રમ

સંજોગોવશાત્ અદાણી પોર્ટની મુલાકાત લેવાનો કાર્યક્રમ હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવેલ છે. ભવિષ્યમાં ફરી તે યોજવામાં આવશે ત્યારે 'કચ્છશ્રુતિ' દ્વારા તેની જાહેરાત કરવામાં આવશે. અત્યાર સુધી જે સભ્યોએ પોતાના નામ નોંધાવેલ છે તેઓને આ બાબતની નોંધ લેવા ખાસ વિનંતી કરવામાં આવે છે.

**ભરત ઓઝા**
**કન્વીનર, કચ્છ યુથ ફોરમ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# વેલફેર ફંડ યોજના

“ટીપે ટીપે સરોવર ભરાય” એ કહેવતને અનુરૂપ આ યોજના બનાવવામાં આવેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ “વેલફેર ફંડ”ની યોજના દ્વારા જરૂરી ફંડ એકત્રિત કરી તેનો સામાજિક સેવાના ભાગ તરીકે ઉપયોગ કરવા માંગે છે. આ યોજનામાં જોઈન્ટ થનાર દરેક વ્યક્તિએ દરરોજનો માત્ર રૂા. ૧/- શ્રી કચ્છી સમાજને ડોનેશન સ્વરૂપે આપવાનો રહે છે. એ મહાનુભાવ પરિવારની દરેક વ્યક્તિને સાંકળી, દરેક વ્યક્તિ દીઠ રૂા. ૧/- પણ આપી શકે છે. એટલે કે જો તેમના પરિવારમાં પાંચ વ્યક્તિ હોય તો દરરોજના રૂા. ૫/- જેવી મામૂલી રકમ થાય. સાધનસંપન્ન વ્યક્તિ રૂા. ૧/-ના બદલે રૂા. ૨/-, રૂા. ૫/- કે રૂા. ૧૦/- માટે પણ વિચારી શકે છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેના અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારને આ યોજનામાં જોડાઈ જવા આગ્રહભરી અપીલ કરે છે કે જેથી દર વર્ષે આ યોજના અંતર્ગત સારું એવું ફંડ એકત્રિત કરી શકાય અને તેના દ્વારા નોંધપાત્ર સમાજસેવાના કાર્યો થઈ શકે.

દરેક પરિવારના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# વ્યવસાયિક લોન

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોમાંથી જેઓ પોતાનો વ્યવસાય નાના પ્રમાણમાં કરતા હોય તેમને તેમની જરૂરિયાત અનુસાર રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી આપવામાં આવશે, કે જે નક્કી કર્યા મુજબના હપ્તેથી પરત ચૂકવવાના રહેશે. જરૂરિયાતવાળા વ્યવસાયકારોએ પોતાની વિગત અને જરૂરિયાતને લગતી વિગતો જણાવી નીચેના સરનામે પત્ર લખી, મોકલી આપવા જણાવવામાં આવે છે.

*વ્યવસાયિક લોન સમિતિ*
*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*
*૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

**મનુભાઇ કોટડિયા**
**કન્વીનર, વ્યવસાયિક લોન સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી

ઉપરોક્ત ક્રેડિટ સોસાયટીના રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાલે ચાલુ છે અને લગભગ તે છેલ્લા સ્ટેજે પહોંચી આવેલ છે. સોસાયટી રજિસ્ટર થયેથી તેની જાણ સોસાયટીના સભ્યોને 'કચ્છશ્રુતિ'ના આવતા અંક દ્વારા કરવામાં આવશે.

એ દરમિયાન જે સભ્યો પોતાના વ્યવસાય માટે લોન લેવા ઇચ્છુક હોય તેઓને સાદા કાગળ પર લેખિત સ્વરૂપે અરજી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સરનામા પર મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. અરજીમાં વિગતવાર માહિતી મોકલવી જરૂરી છે. સાથે સાથે બે ગેરન્ટરના નામ અને તેમની વિગત તથા તેમની સહી પણ સાથે મોકલી આપવી જરૂરી છે.

**મનુભાઇ કોટડિયા**
**ચેરમેન, શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી**

## 'કચ્છશ્રુતિ'ના અંકો અથવા પોસ્ટ પરત આવ્યાની વિગત

*નીચે જણાવેલ વ્યક્તિઓનું નવું સરનામું અગર તેમના સગા-સંબંધીઓ પાસે હોય તો અત્રેના કાર્યાલયમાં જણાવવા અનુરોધ છે.*

- **શ્રી મનહરભાઈ વી. પટેલ**
  ૩૦૧, અભિષેક એપાર્ટમેન્ટ, બિલેશ્વર મહાદેવ સોસાયટી, નંદ બંગ્લોઝની બાજુમાં, જનતા નગર, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.
- **શ્રી સુનિલ ધોલી**
  ૭૯૨/૧, સેક્ટર-૪/સી, ગાંધીનગર-૩૮૨ ૦૦૪.
- **શ્રી મહેન્દ્રભાઈ હરકિશન**
  ૬, લલિતકુંજ સોસાયટી, ફેડરલ હાઉસ પાછળ, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
- **શ્રી દિનકર મહેતા**
  બી-૧, આરોહી એપાર્ટમેન્ટ, ન્યુયોર્ક ટ્રેડ સેન્ટર, થલતેજ ચોકડી, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **શ્રી મનસુખભાઈ એસ. ધોલુ**
  પ્લોટ નં. ૩૩૮, ટાઈપ-ડી, સેક્ટર-૧૩, ગાંધીનગર-૩૮૨ ૦૧૩.
- **શ્રી દીપકભાઈ ધરમશીભાઈ**
  ૧૬/બી, રેડક્રોસ પાર્ક, નટુભાઈ સેન્ટર પાસે, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### • સરસ્વતી સન્માન •
### એવૉર્ડ, સર્ટિફિકેટ મેળવી લેવા અનુરોધ

તા. ૨૯-૧-૨૦૧૭ના રોજ ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ પ્રતિભાના સરસ્વતી સન્માનનો કાર્યક્રમ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા મહેંદી નવાઝ જંગ હોલ મધ્યે યોજવામાં આવેલ હતો.

એ સમયે કોઈ કારણસર નીચે મુજબના સન્માનપાત્ર વિદ્યાર્થીઓ આ એવૉર્ડ સમારંભમાં ઉપસ્થિત રહ્યા ન હતા. આ વિદ્યાર્થીઓને સમાજના કાર્યાલયમાં આવીને પોતાના એવૉર્ડ, સર્ટિફિકેટ વગેરે મેળવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

- ઠક્કર શ્રુજાંક જનકકુમાર B.Tech. (Mech. Engg.)
- પટેલ વિશાલ રમેશભાઈ B.E. (Mech. Engg.)
- ભુવા જયેશ કાનજી C.S.

સમાજ કાર્યાલયનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪ છે.

**દીપક ચૌહાણ**
**કન્વીનર - સરસ્વતી સન્માન સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## "કચ્છશ્રુતિ" લવાજમ

★ આજીવન (૧૫ વર્ષ) : રૂા. ૧,૫૦૦/-
★ ૫ વર્ષના : રૂા. ૧,૦૦૦/-
★ ૨ વર્ષના : રૂા. ૫૦૦/-

*માણસની વિચારશીલતા લાભકારક પણ છે અને હાનિકારક પણ છે. બગીચા સિંચવા જેવી માનવિયતા દાખવી જતા માણસને બોંબ ઝીંકવા જેવી ક્રૂર હેવાનિયત પર ઉતરી આવતા વાર નથી લાગતી.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## જાન્યુઆરી - ૨૦૧૭

★ **સોમવાર, તા. ૨-૧-૨૦૧૭**

- તા. ૨૬-૧-૨૦૧૭ના સરસ્વતી સન્માન (ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે) તથા ડૉ. ધીરેન શાહના બહુમાન કાર્યક્રમની આમંત્રણ પત્રિકાઓ પ્રિન્ટીંગ માટે આપી.

★ **મંગળવાર, તા. ૩-૧-૨૦૧૭**

- તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમની નિમંત્રણ પત્રિકા મોકલવા માટેના મહાનુભાવોનું લિસ્ટ તૈયાર કર્યું.
- શ્રી સુનિલભાઈ દાવડાને ત્યાંથી અડદિયા લાડુનો બીજો લોટ આવ્યો કે જે માટે ઓર્ડર આપનાર સભ્યોને તે લઈ જવા માહિતી આપી.
- વગર વ્યાજની રૂા. ૫૦,૦૦૦/-ની લોન માટે એક વ્યવસાયિક બહેને સમાજ પર આવીને પોતાની અરજી આપી. ગેરન્ટર બાબતની કાર્યવાહી પૂરી કરવા તેમને જણાવવામાં આવ્યું.

★ **બુધવાર, તા. ૪-૧-૨૦૧૭**

- તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમ માટે શ્રી મનુભાઈ કોટડિયાએ પ્રથમ મેનુ તૈયાર કર્યું અને ત્યારબાદ યોગ્ય રસોયા સાથે ભાવતાલ નક્કી કરી તેમની સાથે ફાઈનલ બુકિંગ કરાવી લીધું.

★ **શનિવાર, તા. ૭-૧-૨૦૧૭**

- આજરોજ સદ્‌વિચાર પરિવારના સંકુલ ખાતે મેગેઝિન ક્લબની જનરલ સભા યોજાયેલ હતી. શ્રી પી.કે. લહેરી, શ્રી ભીમજીભાઈ નાકરાણી, શ્રી જોરાવરસિંહ જાદવ સહિત લગભગ ૬૦ જેટલા તંત્રીશ્રીઓ, પત્રકારો, લેખકો વગેરે ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી સમાજના વિવિધ ઘટક સમાજના મુખપત્રો તરફથી શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી પ્રતાપભાઈ દંડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પ્રવર્તમાન પરિસ્થિતિ વિષે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.
- ગુજરાત સાહિત્ય પરિષદ તરફથી રણજિતરામ સુવર્ણ ચંદ્રક ડૉ. કુમારપાળ દેસાઈને એનાયત કરવાનો હોવાથી તે સન્માન સમારંભમાં સાંજના ભાગે શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતા વિશ્વકોશ ખાતે ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમના આયોજનમાં ગૂર્જર પરિવારના શ્રી મનુભાઈ શાહે પણ અગ્રીમ રોલ ભજવેલ હતો અને કાર્યક્રમ બાદના ભોજનનું સૌજન્ય પણ તેમના તરફથી રાખવામાં આવેલ હતું.

★ **સોમવાર, તા. ૯-૧-૨૦૧૭**

- આજરોજ શ્રી અશોક મહેતાએ કચ્છ સિંચાઇ વર્તુળ - ભુજની મુલાકાત લીધેલ હતી. ત્યાં પ્રથમ સિનિયર એન્જિનિયર શ્રી અતુલ જે. ઉપાધ્યાય સાથે મુલાકાત કરી અને ત્યારબાદ સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી એન.વી. કોટવાલની મુલાકાત લેવામાં આવી. બંને એન્જિનિયરશ્રીનો અભિગમ ખૂબ જ હકારાત્મક રહેવા પામેલ હતો. તેઓના જણાવ્યા મુજબ સિંચાઇની કોઈ પણ યોજના માટે પ્રથમ સૈદ્ધાંતિક, ત્યારબાદ વહીવટી અને ત્યારબાદ નાણાંકીય – એમ ૩ પ્રકારની મંજૂરી મેળવવામાં આવે છે. ત્યારબાદ બજેટમાં નાણાંકીય જોગવાઈ કરવામાં આવે છે અને ત્યારબાદ જ જે-તે કામો ચાલુ કરવામાં આવે છે. જ્યાં લગી કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના ૧.૦૦ એમ.એ.એફ. પાણીનો પ્રશ્ન છે ત્યાં લગી આ યોજનાને ત્રણમાંથી એક પણ મંજૂરી મળેલ ન હોવાથી આ કામનો પ્રારંભ જ જે-તે ખાતા દ્વારા થઈ શકે નહીં. રાજકીય લેવલે નિર્ણય લેવાય અને બજેટમાં કોઈ રકમ મંજૂર કરવામાં આવે એ અલગ વાત છે. ત્યારબાદ કાર્યના આયોજન કરી ટેન્ડર બહાર પાડવા, જમીન સંપાદન કરવી વગેરે પ્રશ્નો તો ઊભા જ છે. તેથી વર્ષ ૨૦૧૭-૧૮ માટે આ યોજના બાબત હકારાત્મક આગાહી કરવી એ ખૂબ જ અઘરી વાત છે. ત્યારબાદ વિશેષમાં જણાવવામાં આવ્યું કે સારણ જળાશયની રૂા. ૨૦ કરોડની યોજના માટે માત્ર રૂા. ૩ કરોડ જ ફાળવાયા છે. સારણ જળાશય સુધીની કેનાલ યોજના અને ટપ્પર ડેમ સુધીની કચ્છ બ્રાંચમાંથી બહાર પડતી બ્રાંચ કેનાલ યોજનાના જમીન સંપાદનના પ્રશ્નો કે જે કચ્છમાં અઘરા છે – તે તો બાકી જ રહેલ છે. આ બાબતે આગળની કાર્યવાહી માટે તેઓશ્રીએ અધિક સચિવશ્રી, જળસિંચાઇ વિભાગનો ગાંધીનગર ખાતે સંપર્ક કરવા જણાવ્યું.

  એ જ દિવસે સાંજના ભુજ ખાતે એક અન્ય મહાનુભાવને મળવાનું થયું. એ સમયે તેમણે જણાવ્યું કે કચ્છના કેટલાક ધારાસભ્યો એક અઠવાડિયા અગાઉ જ મુખ્યમંત્રીશ્રીને ગાંધીનગર ખાતે મળી આવેલ અને કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્ય માટે વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના બજેટમાં અંદાજિત રૂા. ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે તેવા વચનો મેળવી આવેલ છે.

★ **મંગળવાર, તા. ૧૦-૧-૨૦૧૭**

- ભુજ ખાતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની કચ્છના સર્વાંગી ઈતિહાસ સંબંધિત સંપાદન સમિતિના કેટલાક સભ્યોની મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી શશીકાંત ઠક્કર, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી નરેશભાઈ અંતાણી તથા કુ. શિવાની ઝવેરી ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં શ્રી હંસરાજભાઈ કંસારાએ લેખકવાઈઝ તૈયાર કરેલ નોંધ પર ચર્ચા કરવામાં આવેલ હતી અને કચ્છનો સર્વાંગી ઈતિહાસ – તેની બીજી આવૃત્તિ અને અંગ્રેજી અનુવાદની આવૃત્તિ બહાર પાડવા બાકી રહેતી કાર્યવાહી શક્ય ત્વરિતપણે આગળ ધપાવવા દરેક કાર્યની અવધિ નક્કી

કરવામાં આવેલ હતી.

- દિવ્ય ભાસ્કર - ભુજ એડિશનના પ્રતિનિધિ શ્રી અર્પણ અંતાણી સાથે એ જ દિવસે બપોરના મીટિંગ ગોઠવવામાં આવેલ હતી અને નર્મદાના કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના પ્રશ્ને તેઓશ્રીએ પૂછેલ પ્રશ્નોના માહિતીસભર જવાબ આપવામાં આવેલ હતા.

**★ બુધવાર, તા. ૧૧-૧-૨૦૧૭**

- શ્રી મનુભાઇ કોટડિયા અને શ્રી દિનેશ મહેતાએ આજરોજ કોહીનૂરના શો રૂમની મુલાકાત લીધેલ હતી અને ડૉ. ધીરેન શાહને આપવામાં આવનાર સન્માનપત્ર માટેની ફોટોફ્રેમ તથા વિદ્યાર્થીઓને આપવાના એવોર્ડની શિલ્ડ નક્કી કરી આવેલ હતા.
- વિદ્યાર્થીઓને આપવાના સર્ટિફિકેટ તૈયાર કરવા શ્રી મનુભાઈ કોટડિયાએ શ્રી દીપકભાઈ ચૌહાણ સાથે વાત કરેલ હતી અને આગળની કાર્યવાહી ફાઈનલ કરેલ હતી.
- આજરોજ સાંજે સ્પાનના કેટલાક સભ્યો એકત્રિત થયેલ હતા અને સ્પાનના બંધારણ સુધારા બાબતે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. આ ચર્ચામાં લગભગ સાતેક સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

**★ ગુરુવાર, તા. ૧૨-૧-૨૦૧૭**

- એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ શાહ, શ્રી મનુભાઇ કોટડિયા તથા શ્રી અશોક મહેતાએ સાથે બેસીને તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીનો સમાજનો પેટી કેશ એકાઉન્ટ ફાઈનલ કરેલ હતો.

**★ શુક્રવાર, તા. ૧૩-૧-૨૦૧૭**

- શ્રી ભરતભાઈ શાહ કે જેઓ શ્રી કચ્છી સમાજનો પેટી કેશ હિસાબ મેઇન્ટેઇન કરે છે, તેમની સાથે બેસી સમાજના તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીના પેટી કેશ હિસાબની જરૂરી ચર્ચા કરી લેવામાં આવેલ હતી.

**★ સોમવાર, તા. ૧૬-૧-૨૦૧૭**

- વિસ્તૃત કરવામાં આવેલ સરસ્વતી સન્માન યોજનાના સૌજન્ય માટે એક પત્ર તૈયાર કરી સમાજના સખી દાતાઓમાંના ૭૦ મહાનુભાવોને આ પત્રો પાઠવવામાં આવ્યા.
- સરસ્વતી સન્માન સમિતિના કન્વીનર શ્રી દીપકભાઈ ચૌહાણ સમાજની ઓફિસ પર પધારેલ હતા. તેઓશ્રીએ જેમનું સન્માન કરવાનું છે તેવા વિદ્યાર્થીઓનું ટાઈપ કરેલ લિસ્ટ રજૂ કરેલ હતું. દરેક વિદ્યાર્થીને સન્માનિત કરવા સર્ટીફિકેટ + શિલ્ડ + કવરમાં રોકડ એમાઉન્ટ આપવાનું પણ તેઓશ્રીએ તેમની સમિતિ વતી સૂચન કરેલ હતું.
- તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમમાં જેઓ એન્કર તરીકે ફરજ બજાવવાના છે તે અલ્પા શાહ સમાજની ઓફિસે પર આવેલ હતા અને તેઓને મિનિટ ટુ મિનિટ કાર્યક્રમની તૈયાર કરેલ કોપી આપવામાં આવી હતી.
- આજરોજ સ્પાનના એક સભ્યને ત્યાં ફરી કેટલાક જાગૃત સભ્યોની એક મીટિંગ મળેલ હતી અને આવતી તા. ૪-૨-૨૦૧૭ની એ.જી.એમ.માં ચર્ચા કરવાના મુદ્દા અને બંધારણ સુધારા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

**★ મંગળવાર, તા. ૧૭-૧-૨૦૧૭**

- સ્પાનના બંધારણમાં કેટલીક ગુંચવણો હોવાથી બંધારણ સુધારા માટે આવતી એ.જી.એમ.માં એક સમિતિ રચવામાં આવે તેવું સૂચન કરતો એક પત્ર સ્પાનના મંત્રીશ્રી પર મોકલી આપવામાં આવ્યો.
- કચ્છશ્રુતિમાં શરૂ કરવામાં આવેલ નવી બે કોલમો : (૧) ટમ ટમ તારલિયા તથા (૨) વર્તમાનપત્રોના આધારે માટે કેટલાક મહાનુભાવોના ફોન પર પ્રતિભાવ મેળવતા એવું નક્કી કરવામાં આવ્યું કે આ કોલમો રસપ્રદ હોવાથી તેને ચાલુ રાખવામાં આવે.
- શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલાએ અગાઉની સરસ્વતી સન્માનની ૩ ડોનેશન યોજનામાં જે ભાગ લીધેલ તેની રકમના રૂા. ૧.૫૧ લાખ + રૂા. ૧.૫૧ લાખ + રૂા. ૨.૫૧ લાખ = કુલ રૂા. ૫.૫૩ લાખના ચેક તેઓશ્રીએ સમાજ પર મોકલી આપેલ હતા.

**★ બુધવાર, તા. ૧૮-૧-૨૦૧૭**

- સ્પાનના મંત્રીશ્રીને પત્ર લખેલ કે સ્પાનના બંધારણ મુજબ લાઈબ્રેરી, સ્ટડી રૂમ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેને ઉત્તેજન આપવાની વિગતોનો સમાવેશ હોવાથી અગર સ્પાનનું મેનેજમેન્ટ જગ્યા ફાળવે તો લાઈબ્રેરી ચલાવવાની જવાબદારી અદા કરવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તૈયાર છે. આ પત્રની નકલો પણ કેટલાક અન્ય સભ્યોને મોકલવામાં આવેલ હતી.

**★ શુક્રવાર, તા. ૨૦-૧-૨૦૧૭**

- તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમ માટે શ્રી કચ્છી યુથ ફોરમના કન્વીનર શ્રી ભરતભાઈ ઓઝાને જોઈતા, જરૂર મુજબના વોલન્ટિયર્સ નક્કી કરાવી આપવા જણાવવામાં આવ્યું.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વેબસાઇટ ચાલુ કરાવી આપવા અથવા અન્ય નવી શરૂ કરાવી આપવા વેબસાઇટ સમિતિના કન્વીનર શ્રી અતુલભાઈ સોનીને જણાવવામાં આવ્યું.

**★ શનિવાર, તા. ૨૧-૧-૨૦૧૭**

- વિસ્તૃત કરવામાં આવેલ સરસ્વતી સન્માન યોજનાના એક સૌજન્ય માટે શ્રી જયમીનભાઈ સોનીની શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઇ કોટડિયા, શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રી અતુલભાઈ સોનીએ મુલાકાત લીધેલ હતી. તેઓશ્રી વિચારીને જવાબ આપશે તેવું તેમણે જણાવેલ હતું.

**★ રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૭**

- વિસ્તૃત કરવામાં આવેલ સરસ્વતી સન્માનની યોજનાના સૌજન્ય માટે કેટલાક મહાનુભાવોને ફોન કરવામાં આવેલ હતા.

**★ સોમવાર, તા. ૨૩-૧-૨૦૧૭**

- આજરોજ શ્રી મનુભાઈ કોટડિયા અને કોમ્પ્યુટર ઓપરેટર શ્રી કનુભાઈએ સરસ્વતી સન્માનના સમયે બધા જ વિદ્યાર્થીઓને આપવાના સર્ટિફિકેટ કોમ્પ્યુટર પર તૈયાર કર્યા.

- શ્રી દિનેશ મહેતા તથા શ્રી મનુભાઈ કોટડિયાએ સાથે રહી દરેક વિદ્યાર્થીના શિલ્ડ માટે લખાણો તૈયાર કરી ફાઈનલ કર્યા.
- આજરોજ સાંજના શ્રી પરાગ ઠક્કર તથા શ્રી સંજય રાઠોડ સમાજની ઓફિસ પર આવેલ હતા અને તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમની કેટલીક તૈયારીઓ કરેલ હતી.

**★ મંગળવાર, તા. ૨૪-૧-૨૦૧૭**

- સહમંત્રી તરીકે નિયુક્ત થયા બાદ શ્રી જેન્તીભાઈ લાકડાવાલા આજે પ્રથમ વખત સમાજની ઓફિસ પર આવેલ હતા અને તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમની કેટલીક વિગતોની ચર્ચા કરેલ હતી.
- શ્રી સંજયભાઈ રાઠોડે પણ તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમની આગળની તૈયારીઓ કરેલ હતી.

**★ બુધવાર, તા. ૨૫-૧-૨૦૧૭**

- તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમના એન્કર શ્રીમતી અલ્પા મેહુલ શાહ સમાજની ઓફિસ પર આવેલ હતા ત્યારે તેઓને રીવાઈઝ્ડ ટાઈપ કરેલ મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ, વચ્ચે વચ્ચે બોલવાની ૧૧ જાહેરાતો, મુખ્ય મહેમાન તથા અતિથિ વિશેષશ્રીઓના પરિચયો, વિદ્યાર્થીઓનું ક્રમવાર લિસ્ટ વગેરે આપવામાં આવેલ હતા કે જેથી સંપૂર્ણ કાર્યક્રમ અસ્ખલિતપણે ચાલી શકે.
- શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતાએ તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમના શિલ્ડ, સર્ટિફિકેટસ, સન્માનપત્ર, લક્કી ડ્રો કૂપનની આઈટમો વગેરે સંપૂર્ણપણે તૈયાર કરાવડાવી સમાજની ઓફિસમાં એક સ્થળે એકત્રિત કરેલ હતી.
- શ્રી ભરતભાઈ ઓઝા સમાજની ઓફિસે આવેલ હતા. વિસ્તૃત કરવામાં આવેલ સરસ્વતી સન્માન યોજનાના ફંડ એકત્રિત કરવાની તા. ૨૬-૧-૨૦૧૭ની જવાબદારી તેઓશ્રીને સુપરત કરવામાં આવેલ હતી.

**★ ગુરુવાર, તા. ૨૬-૧-૨૦૧૭**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો આજરોજ સાંજના મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી ખાતે ઉચ્ચ શિક્ષણ સરસ્વતી સન્માન, વિશિષ્ટ પ્રતિભા વિદ્યાર્થી સન્માન તથા ગુજરાતમાં પ્રથમ વખત હૃદય પ્રત્યારોપણ કરનાર સિમ્સ હોસ્પિટલના ડાયરેક્ટર અને મૂળ કચ્છના વતની એવા ડૉ. ધીરેન શાહના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. અંદાજે ૨૫૦ની સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી. સમારંભ પ્રમુખ તરીકે શ્રી હરીશભાઈ રંગવાલા, મુખ્ય મહેમાન તરીકે ડૉ. ધીરેન શાહ તથા અતિથિ વિશેષશ્રી તરીકે શ્રી શાંતિલાલભાઈ ગાલા, ડૉ. રાજેન્દ્ર ટોપરાની, શ્રી જેન્તીભાઈ પટેલ તથા શ્રી જયમીનભાઈ સોની ઉપસ્થિત રહેલ હતા. ધનસુખલાલ વીરજી સંઘવી ઉચ્ચ શિક્ષણ પ્રતિભા સન્માનમાં ૨૦ વિદ્યાર્થીઓનું સન્માન વિવિધ મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. જ્યારે મંજુલાબેન હરખચંદ સાવલા વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન તેમના વતી શ્રી અશ્વિનભાઈ સાવલાના વરદ્ હસ્તે ૬ વિશિષ્ટ વિદ્યાર્થીઓનું કરાવવામાં આવેલ હતું. ત્યારબાદ ડૉ. ધીરેન શાહે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ અંગે ૨૦ મિનિટનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરેલ હતું અને ઉપસ્થિત શ્રોતાઓના આ બાબતે ઉદ્‌ભવેલ પ્રશ્નોના જવાબ આપેલ હતા. મંચનું સંચાલન શ્રીમતી અલ્પા શાહે કરેલ હતું. ડૉ. ધીરેન શાહના અંગદાન અંગેના વક્તવ્ય દ્વારા ઉપસ્થિત જનસમુદાય ખૂબ જ અભિભૂત થયેલ હતું અને અંગદાન એક ખૂબ જ ઉત્તમ અને પવિત્ર પ્રવૃત્તિ છે કે જેને ભવિષ્યમાં હાથ પર લેવી જોઈએ તેવી સહુએ ભાવના વ્યક્ત કરેલ હતી. આ કાર્યક્રમમાં વિવિધ કચ્છી ઘટક સમાજના હોદ્દેદારો, વિશિષ્ટ મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ તેમજ અન્ય અનેક કચ્છી પરિવારો ઉપસ્થિત રહેલ હતા. સાંજના સમૂહ ભોજનની મજા માણી સહુ છૂટા પડ્યા હતા.

**★ શુક્રવાર, તા. ૨૭-૧-૨૦૧૭**

- આદરણિય શ્રી શરદભાઈ શિલ્પી સમાજની ઓફિસ પર આવેલ હતા અને વેલફેર ફંડમાં એકેક રૂપિયાના હિસાબે તેમના બે જણના એક વર્ષના રૂા. ૭૩૦/- જમા કરાવી ગયા હતા.
- ડૉ. ધીરેન શાહે ગઈકાલના સમારંભમાં કરેલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની બધી જ ક્લિપો સમાજની ઓફિસ પર મોકલી આપેલ હતી.

**★ શનિવાર, તા. ૨૮-૧-૨૦૧૭**

- અમદાવાદમાં ઓર્ગન ડોનેશન્સની ઝુંબેશ ઉપાડવા લગભગ ૨૦થી ૨૫ કાર્યકરોની જરૂરિયાત રહે. તેની સામે આજે ૧૦ નામ નોંધી લેવામાં આવેલ હતા.

**★ રવિવાર, તા. ૨૯-૧-૨૦૧૭**

- ભુજથી કુ. શિવાની ઝવેરીએ કચ્છનો સર્વાંગી ઇતિહાસના કેટલાક ગુજરાતી લેખો અને તેના અંગ્રેજીમાં અનુવાદ કરેલ લેખો મોકલી આપેલ હોવાથી અને કાઉન્સિલની ફાઈલમાં આવી ગયેલ લેખોની વિગતવાર માહિતી તૈયાર થઈ ગયેલ હોવાથી શ્રી અશોક મહેતા તથા શ્રી હંસરાજભાઈ કંસારાએ સાથે બેસીને વિહંગાવલોકન કરેલ હતું અને આગળની કાર્યવાહી માટે કયા લેખક સાથે શું વિગતે પત્ર વ્યવહાર કરવો તેની વિગતો તૈયાર કરી હતી.

**★ સોમવાર, તા. ૩૦-૧-૨૦૧૭**

- કચ્છના સર્વાંગી ઇતિહાસના અનુસંધાને ચર્ચા કરવામાં આવેલ વિગત પ્રમાણેના બધા પત્રો તૈયાર કરી તેને ટાઈપમાં મૂકવામાં આવ્યા.
- આદરણિય શ્રી પ્રભાકરભાઈ ધોળકિયાના કચ્છશ્રુતિના લવાજમ બાબતે આવેલ પત્રનો જવાબ તૈયાર કરી તેને ટાઇપિંગમાં મૂકેલ હતો.

**★ મંગળવાર, તા. ૩૧-૧-૨૦૧૭**

- તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમની કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવાની તસવીરી ઝલકના ફોટા તૈયાર કરવામાં આવ્યા.
- સન્માનિત કરવામાં આવેલ ૨૬ વિદ્યાર્થીઓના કચ્છશ્રુતિના ફેબ્રુઆરી-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવા માટેના ફોટા જે-તે વિદ્યાર્થીઓ પાસેથી મંગાવવાની શરૂઆત કરવામાં આવી. ■



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com



**INDOTEX PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh



**જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)**

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.



**H. Patel & Associates**
Chartered Accountant

*Contact:*
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584

80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982



**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

All Products ISI

**વિલમોર પ્લાય પ્રા.લિ.**
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦





**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com



**Available on HIRE**
- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com



MAHESHBHAI M. : 92272 11715

**SWASTIK**
GUM INDUSTRIES (INDIA)

MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits,*
*Powder & All Types of Textile Thickners,*
*Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*

328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ ● ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES ● SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES ● BALL BEARING CAGES
POLYAMIDE CAGES ● STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com
ISO/TS 16949:2002 CERTIFIED

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
શ્રી વિષ્ણુધારા @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો

ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663, e-mail : goorjar@yahoo.com
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઈમેલ : gurjarprakashan@gmail.com

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब 'मस्त है!

MICHI'S Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

The Name Says it all
|| Radha Vallabh Group

Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/-